દેશપાંડે પાં.ગ. ૭-૬-૬૩ 2

મહાત્મા ગાંધી

# ગ્રામ સ્વરાજ



Gandhi Heritage Portal

નવજીવન પ્રકાશન મંદિર : અમદાવાદ ૧૪

# ગાંધીજીનાં અન્ય પુસ્તકો

| | |
|---|---|
| અનાસક્તિયોગ | ૦.૫૦ |
| અનાસક્તિયોગ (ભગવદ્‌ગીતા સાથે) | ૧.૦૦ |
| અસ્પૃશ્યતા | ૦.૨૫ |
| અહિંસાનો પહેલો પ્રયોગ | ૧.૦૦ |
| આત્મકથા | ૨.૦૦ |
| આપણે સૌ એક પિતાનાં સંતાન | ૩.૦૦ |
| સંક્ષિપ્ત આત્મકથા | ૧.૦૦ |
| આરોગ્યની ચાવી | ૦.૪૫ |
| આશ્રમજીવન | ૦.૩૭ |
| કેળવણીનો કાયડો | ૨.૫૦ |
| ખરી કેળવણી | ૨.૫૦ |
| ખાદી શા માટે? | ૩.૦૦ |
| ગામડાંની પુનર્રચના | ૧.૨૫ |
| ગામડાંની વહારે | ૦.૨૫ |
| ગાંધી-સરકાર પત્રવ્યવહાર ૧૯૪૨-૪૪ | ૨.૫૦ |
| ગીતાપદાર્થકોશ | ૦.૫૦ |
| ગીતાબોધ | ૦.૩૦ |
| ગોસેવા | ૧.૫૦ |
| ત્યાગમૂર્તિ | ૨.૦૦ |
| દ. આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ | ૨.૦૦ |
| દિલ્હી ડાયરી | ૩.૦૦ |
| દેશી રાજ્યોનો પ્રશ્ન | ૧.૫૦ |
| ધર્મમંથન | ૨.૦૦ |
| ધર્માત્મા ગોખલે | ૦.૫૬ |
| નિત્ય મનન | ૧.૦૦ |
| ‘નીતિનાશને માર્ગે’ | ૦.૭૫ |
| પાયાની કેળવણી | ૧.૨૫ |
| પાંચમા પુત્રને બાપુના આશીર્વાદ | ૩.૦૦ |
| પ્રેમપન્થ – ૧ થી ૧૦ | ૩.૪૦ |
| બાપુના પત્રો ૧-૭ | ૧૪.૫૦ |
| બાળપોથી | ૦.૧૯ |
| ભાષાવાર રાજ્યરચના | ૦.૧૯ |
| મંગળપ્રભાત | ૦.૨૦ |
| મારો જેલનો અનુભવ | ૦.૬૦ |

[પાછલા ફ્લૅપ પર ચાલુ

Gandhi Heritage Portal

# ગ્રામ સ્વરાજ

ગાંધીજી

સંકલન
હરિપ્રસાદ વ્યાસ

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

Gandhi Heritage Portal

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૬૩

પહેલી આવૃત્તિ, પ્રત ૧૫,૦૦૦

બે રૂપિયા માર્ચ, ૧૯૬૩

Gandhi Heritage Portal

# પ્રકાશકનું નિવેદન

દેશમાં જુદાં જુદાં રાજ્યોમાં પંચાયતી રાજનો આરંભ થયો છે; ત્યારે ગ્રામપંચાયતો વિષે મહાત્મા ગાંધીએ અવારનવાર જે લેખો લખ્યા છે તેનો સંગ્રહ તૈયાર કરવામાં આવે તો તે ઉપયોગી થાય એ ખ્યાલથી 'ગ્રામ સ્વરાજ'ની અંગ્રેજી આવૃત્તિ ગયા ડિસેમ્બર માસમાં નવજીવન ટ્રસ્ટે પ્રગટ કરી હતી. આ તેની ગુજરાતી આવૃત્તિ છે. તેની હિંદી આવૃત્તિ આ પછી બહાર પડશે. સામાન્ય જનતા અને ગ્રામપંચાયતોને આ પુસ્તક ઉપયોગી થશે એવી આશા છે.

૨૩–૩–'૬૩



Gandhi Heritage Portal

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે, મને સર્વ કાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો, એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–’૩૩ **ગાંધીજી**



Gandhi Heritage Portal

# આમુખ

'ગ્રામ સ્વરાજ' વિષે મહાત્મા ગાંધીનાં લખાણોનો સંગ્રહ પુસ્તકાકારે નવજીવન ટ્રસ્ટ પ્રગટ કરે છે એ ખરેખર આનંદની વાત છે. આ પુસ્તકમાં ખેતી, ગ્રામોદ્યોગ, પશુપાલન, વાહનવહેવાર, પાયાની કેળવણી, આરોગ્ય અને સ્વચ્છતા વગેરે ગ્રામજીવનની વિવિધ બાબતો પર ગાંધીજીના વિચારોનો સમાવેશ થયો છે. આપણે રાજકીય અને આર્થિક સત્તાના વ્યાપક વિકેન્દ્રીકરણની ભૂમિકા પર ભારતમાં પંચાયતી રાજની સ્થાપના કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ ત્યારે આ પુસ્તક સંખ્યાબંધ સરકારી અને બિનસરકારી કાર્યકર્તાઓને અવશ્ય ઘણું મૂલ્યવાન થઈ પડશે. સામૂહિક વિકાસના આંદોલનને મોટે ભાગે પશ્ચિમનાં લોકશાહી રાષ્ટ્રોમાંથી દાખલ કરેલો કોઈક પ્રકારનો કાર્યક્રમ ન લેખવો જોઈએ. હિંદની પરિસ્થિતિ અને પરંપરાના પાયા પર તેનું આયોજન થાય એ જરૂરનું છે. તેથી આ આંદોલનમાં ભાગ લેવા માટે જે કાર્યકર્તાઓને તાલીમ આપવામાં આવે છે તે સૌએ ગ્રામપુનર્ઘટનાનાં વિવિધ પાસાંઓ પરત્વે ગાંધીજીના વિચારોનો વ્યાપક પરિચય કરવો એ ઘણી મહત્ત્વની વસ્તુ છે. ભારતીય આયોજનની બાબતમાં ગાંધીજીના અનુભવો અને આદર્શો પ્રત્યે આપણે દુર્લક્ષ સેવીએ અને ઉપેક્ષા કરીએ તો એથી સંગીન પાયા પર ઊભી થતી આપણી લોકશાહીના વિકાસને ભારે હાનિ પહોંચ્યા વગર ન રહે.

આધુનિક ઉદ્યોગીકરણ વિષે ગાંધીજી જૂનાપુરાણા વિચારો ધરાવતા હતા એમ માનવું ભૂલભરેલું છે. ખરી વાત એ છે કે, તેઓ યંત્ર તરીકે યંત્રની વિરુદ્ધ નહોતા; તેમનો જે પ્રખર વિરોધ હતો તે 'યંત્રોની ઘેલછા' સામે હતો. ગામડાંના લાખો કારીગરોને રોજગારી આપે એવાં નાનાં ઓજારોમાં હરકોઈ સુધારણા થાય તેને તેઓ આવકારતા હતા. મોટાં



Gandhi Heritage Portal

કારખાનાં મારફત થતા જથ્થાબંધ ઉત્પાદનને સ્થાને લોકો પોતે પોતાના ઘરમાં અને ઝૂંપડીઓમાં ઉત્પાદન કરે તેની તેઓ હિમાયત કરતા હતા. ભારતના એકેએક સશક્ત નાગરિકને પૂરી રોજગારી મળે એ માટે ગાંધીજી સૌથી અધિક ચિંતાતુર હતા; અને તેઓ કહેતા કે એ ધ્યેય ગ્રામપ્રદેશમાં કાર્યક્ષમ રીતે ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગો સંગઠિત કરીને જ સિદ્ધ કરી શકાય. ગ્રામવિસ્તારમાં નકામી પડેલી માનવશક્તિનો જેમાં પૂરેપૂરો ઉપયોગ થાય નહીં તેને સાચું કે બુદ્ધિપૂર્વકનું આયોજન કહેવાય નહીં. ગાંધાજીએ કહ્યું છે કે, "ભૂખેથી પીડાતા ધંધા વગરના લોકોનો પરમેશ્વર તો યોગ્ય ધંધો અને તેને પરિણામે મળતું અનાજ જ હોઈ શકે." ('સિલેક્શન્સ ફ્રૉમ ગાંધી – નિર્મલકુમાર બોઝ, પૃ. ૪૯') પૂરી રોજગારીના આ આદર્શનો પશ્ચિમના અર્થશાસ્ત્રીઓએ આયોજિત આર્થિક વિકાસના પાયા તરીકે સ્વીકાર કર્યો છે. વિશાળ અને વધતી જતી વસ્તીવાળા અણવિકસિત દેશોની બાબતમાં તો ખાસ કરીને તેનો સ્વીકાર કર્યો છે. પ્રો. ગાલ્બ્રેથ એ મતના છે કે, "ઉત્પાદનની માત્રા વધતી રહે અને તેની સાથે બેકારી પણ રહે તે સ્થિતિ કરતાં પૂરી રોજગારી આપી શકાય એ વધારે સારી વાત છે." ('ધી એફ્લ્યુઅન્ટ સોસાયટી,' પૃ. ૧૫૫)

મહાત્મા ગાંધી ગ્રામપંચાયતોની સ્થાપના દ્વારા આર્થિક અને રાજકીય સત્તાના વિકેન્દ્રીકરણની જોરદાર હિમાયત કરતા હતા. તેમનો નિશ્ચિત મત હતો કે, ભારતમાં પંચાયત પદ્ધતિનો વૈજ્ઞાનિક દૃષ્ટિથી અમલ કરવામાં આવે તો તેથી ગ્રામપ્રદેશોની સામાજિક અને આર્થિક શક્તિ દૃઢ થાય એટલું જ નહીં, પણ વિદેશી આક્રમણના જોખમ સામે રાષ્ટ્રીય સંરક્ષણની શક્તિ પણ મજબૂત બને. આચાર્ય વિનોબા ભાવે પણ ગ્રામદાન દ્વારા સહકારી સમૂહજીવનના ધોરણે હિંદનાં ગામડાંઓની રચના કરવાની તાકીદની જરૂરિયાત છે તે પર ઘણો ભાર મૂકે છે. વિકેન્દ્રિત લોકશાહી અથવા પંચાયતી રાજના આદર્શને મધ્યયુગીન વિચારો પર રચાયેલી ભાવનામય વસ્તુ લેખવી જોઈએ નહીં. પશ્ચિમના આધુનિક આર્થિક અને રાજકીય વિચારનું અધ્યયન કરીએ તો એ જોઈ શકાય છે કે સ્થાયી પાયા પર લોકશાહીની સ્થાપના કરવા માટે વિકેન્દ્રિત

Gandhi Heritage Portal

સંસ્થાઓને કસોટીરૂપ ગણવામાં આવે છે. પ્રો. જોડ કહે છે કે, "સામાજિક કાર્યમાં માણસની શ્રદ્ધા પુનર્જીવિત કરવી હોય તો રાજ્યના કટકા કરવા જોઈએ અને તેનાં કાર્યો વહેંચી નાખવાં જોઈએ. ('મૉડર્ન પોલિટિકલ થિયરી,' પૃ. ૧૨૦–૨૧) તેમના 'ફેબિયન સોશિયાલિઝમ' નામના પુસ્તકમાં પ્રો. કોલ ભારપૂર્વક કહે છે કે, સામૂહિક કાર્યની શક્તિનો સામાન્ય સ્ત્રીપુરુષોમાં વ્યાપક ફેલાવો કરવા માટે "આપણે નાની લોકશાહીઓ પર આપણા સમાજનું ઘડતર કરવા લાગી જવું જોઈએ." આ દૃષ્ટિએ હિંદમાં ગ્રામપ્રદેશમાં ઉત્સાહ અને પુરુષાર્થથી પંચાયત રાજનો જે પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે તે ગાંધીજીએ કલ્પેલા 'ગ્રામ સ્વરાજ'ના ધ્યેયની દિશામાં એક સાચું કદમ છે.

સૌ પ્રથમ આપણને આપણા મનમાં સ્પષ્ટતા હોવી જોઈએ કે, ગાંધીજી માત્ર ભૌતિક મૂલ્યો પર રચાયેલી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું સમર્થન કરતા નહોતા. તેમણે સાદું જીવન અને ઉચ્ચ વિચારના આદર્શને સદા માન્ય કર્યો છે અને ઊંચા જીવનધોરણ માટે જ નહીં પણ જીવનના ઉચ્ચ ધોરણ માટે તેઓ કામ કરતા રહ્યા. ગાંધીજીએ કહ્યું છે: "સાચા અર્થમાં સંસ્કૃતિ જરૂરિયાતો વધારવામાં નહીં પણ તેના સમજપૂર્વક અને ઐચ્છિક સંયમમાં રહી છે."

કમનસીબે આર્થિક જીવનની આ નૈતિક અને સદાચારની બાજુ પ્રત્યે અવગણના થઈ છે અને પરિણામે સાચા માનવ કલ્યાણને નુકસાન થયું છે. વિશાળ પાયા પર અને ઝડપથી આર્થિક વિકાસ સિદ્ધ કરવા માટે અર્વાચીન અર્થશાસ્ત્રીઓ હવે "માલમાં રોકાણ" કરવા ઉપરાંત "માણસમાં રોકાણ" કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. પ્રો. શુમ્પિટર સાચું વિધાન કરે છે કે, આર્થિક અને રાજકીય લોકશાહીની સફળતા માટે, "પૂરતી ક્ષમતા અને નૈતિક ચારિત્ર્યવાળી વ્યક્તિઓ પૂરતી સંખ્યામાં હોવી જોઈએ." ('કૅપિટેલિઝમ, સોશિયાલિઝમ ઍન્ડ ડેમોક્રસી') એ જ વિચાર મિ. ક્રોસલૅન્ડે જોરદાર ભાષામાં આ પ્રમાણે વ્યક્ત કર્યો છે: "વિપુલતા નિર્માણ કરવામાં વિપુલતાનો ઉપભોગ કેવી રીતે કરવો એ શીખવનારાં મૂલ્યો જ આપણે ખોઈ બેઠા હોઈએ એ સ્થિતિ જોવા માટે આપણે કાંઈ વિપુલતાના યુગમાં પ્રવેશ કરવા

Gandhi Heritage Portal

ઈચ્છતા નથી." ('ફ્યુચર ઑફ સોશિયાલિઝમ,' પૃ. ૫૨૯) તેથી ગાંધીજીના સ્વપ્નનું નવભારત નિર્માણ કરવાના ભગીરથ કાર્યમાં પડેલા સૌ કાર્યકરોએ, સરકારી તેમ જ બિનસરકારી અમલદારોએ આપણી આયોજનની આ માનવ અને નીતિને સ્પર્શતી બાજુઓ હૃદયમાં નિરંતર અંકિત કરી રાખવી જોઈએ.

નવી દિલ્હી, શ્રીમન્નારાયણ

૧૩-૧૧-૧૯૬૨

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

માનવ એકતાના આદર્શે આજે મુત્સદ્દી તથા સામાન્ય માનવીનું તેમ જ વિજ્ઞાની અને વિદ્વાનનું તીવ્રતાપૂર્વક એકસરખું ધ્યાન ખેંચ્યું છે. આ ઘટના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. શ્રી અરવિંદના શબ્દોમાં "માનવ એકતાનો આદર્શ, આપણી ચેતનાના મુખ-ભાગ પ્રત્યે વત્તેઓછે અંશે અસ્પષ્ટપણે આગળ માર્ગ કરતો રહ્યો છે. આ યુગના બૌદ્ધિક અને ભૌતિક સંજોગોએ, ખાસ કરીને વિજ્ઞાનની શોધોએ, જેમણે આ પૃથ્વી એટલી નાની કરી નાખી છે કે, તેના વિશાળમાં વિશાળ વિસ્તારવાળાં રાજ્યો પણ આજે એક જ દેશના પ્રાંતો જેવાં બની ગયાં છે, તેમણે આપણી ચેતનાને એને માટે તૈયાર કરી છે અને લગભગ એના પર એ લાદી છે."[૧] આર્નોલ્ડ ટૉયન્બી સાચું વિધાન કરે છે કે, "હુન્નરવિજ્ઞાનમાં પશ્ચિમની શક્તિએ, કાવ્યમય ભાષામાં કહીએ તો, 'અંતરનો અંત આણ્યો છે' અને સાથે સાથે ઈતિહાસમાં પહેલી વાર માનવીના હાથ એવાં શસ્ત્રોથી સજ્જ કર્યા છે જે માનવજાતિનું નિકંદન કાઢી શકે. . . . આપણે અત્યારે તાકીદે એકતા જોઈએ છે એનું રોમાંચક અને સાધારણ એવું બેવડું કારણ છે. 'કાં તો એક જગત, અથવા કોઈ નહીં.' આ સૂત્ર-વાકયમાં આ વિચાર વ્યક્ત કરવામાં આવ્યો છે. આજે જગતમાં રાજકીય પરિબળોથી પરિચિત દરેક સ્ત્રી કે પુરુષ સમજે છે કે, અણુ-યુગમાં આપણે જો યુદ્ધનો નાશ નહીં કરીએ તો યુદ્ધ આપણો નાશ કરશે."[૨] જગતને જે વિકટ સમસ્યા મૂંઝવી રહી છે તેનું બ્યાન પિટિરીમ સૉરોકીન પોતાની અનોખી ભાષામાં આ પ્રમાણે આપે છે: "યુદ્ધના જખમથી માનવજાત આજે લોહીલુહાણ થઈ છે; સંહારક અણુશક્તિના

---

૧ 'ધી આઈડિયલ ઑફ હ્યુમન યુનિટી'

૨ 'વન વર્લ્ડ ઍન્ડ ઈન્ડિયા'. ટૉયન્બીનાં બધાં અવતરણો આ પુસ્તકમાંથી લેવામાં આવ્યાં છે.



Gandhi Heritage Portal

ભસ્માસુરના ભયથી ડરી ગઈ છે; તે મૃત્યુજાળમાંથી મુક્ત થવાનો માર્ગ શોધવા માટે ફાંફાં મારે છે. તે બેહાલ મૃત્યુને બદલે જીવન ઝંખે છે, તે યુદ્ધને સ્થાને શાંતિ ચાહે છે. તે ઘૃણાની નહીં પણ પ્રેમની ભૂખી છે. અવ્યવસ્થાની જગ્યાએ તે વ્યવસ્થા સ્થાપવા અભીપ્સા સેવે છે. તે ઉચ્ચતર માનવતાનાં, અધિક ડહાપણનાં, તથા પોતાના દેહ પર યંત્રમાનવની સભ્યતાનાં લોહીથી ખરડાયેલાં ચીંથરાંને બદલે વધુ ઉદાત્ત, સંસ્કારી વસ્ત્ર પરિધાન કરવાનાં સ્વપ્ન સેવે છે. પોતાની જ મૂર્ખતાને કારણે તે મૃત્યુની જાળમાં ફસાઈ ગઈ છે અને 'હસ્તી-નાસ્તિ'નો કઠણ કોયડો તેની સામે આવીને ઊભો છે. તેથી પહેલાં કદી નહીં અનુભવેલી હતાશાથી જીવન અને અમરતાની સનાતન ખોજમાં નીકળવાની એને ફરજ પડી છે."*

મૃત્યુ નિપજાવનારાં સંહારક શસ્ત્રોએ માનવજાતને પડકાર ફેંક્યો છે ત્યારે જો આપણે વેળાસર ચેતીને ખરો માર્ગ ગ્રહણ કરવામાં ચૂકીશું તો સર્વનાશ જ સર્જાશે. વિશ્વ સરકારની સ્થાપના કરીને જ માનવજાત ઊગરી શકે એમ છે. યુદ્ધને નિર્મૂળ કરવું હોય તો એ વિના છૂટકો નથી. સાચી વિશ્વ-સરકારની સ્થાપનાની સાથે વર્તમાન રાજ્યોના રાષ્ટ્રીય સાર્વભૌમત્વના વિસર્જનનો સવાલ અનિવાર્યપણે સંકળાયેલો છે.

વિશ્વ-સરકારની સ્થાપના કેવી રીતે કરવી એ મહત્ત્વનો સવાલ છે. કેમ કે, રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું વિસર્જન કરવું સહેલું નથી. મહાત્મા ગાંધી જેવા ઘણા થોડા રાજદ્વારી પુરુષો હોય જેઓ કહે કે, "આપણા દેશના વતી કોઈ મહાન વસ્તુનો દાવો કરવા હું માગતો નથી. પણ સંપૂર્ણ સ્વતંત્રતા કરતાં અન્યોન્યાશ્રયી વિશ્વ-કુટુંબના કુટુંબી થવાની આપણી તૈયારી જાહેર કરવામાં મને તો મહાન અગર અશક્ય એવું કશું જ દેખાતું નથી.". . ."પોતાના સ્વાર્થનો ત્યાગ કરવાની ભાવનામાંથી એવું પરિણામ આવવું જોઈએ કે, વ્યક્તિ પોતાની કોમની સેવાને અર્થે સ્વાર્થત્યાગ કરે, કોમ જિલ્લાના હિતને અર્થે પોતાનો સ્વાર્થ છોડે, જિલ્લો પ્રાંતની સેવાને અર્થે પોતાનો સ્વાર્થ જતો કરે, અને પ્રાંત રાષ્ટ્રને અર્થે તથા રાષ્ટ્ર દુનિયાને માટે સ્વાર્થત્યાગ કરે."

---

* 'રિકન્સ્ટ્રક્શન ઑફ હ્યુમેનિટી'

Gandhi Heritage Portal

આર્નોલ્ડ ટૉયન્બી કહે છે: "અણુયુગમાં આપણા રાજ્યપુરુષોમાં અશોકે દર્શાવેલી (અહિંસાની) ભાવનાની જરૂર છે. આપણને એકતા વિના ચાલી શકે એમ નથી એ ખરું. પણ આ આવશ્યક ઉદ્દેશની સિદ્ધિ માટે બળના માર્ગોનો આશ્રય લેવાથી આપણું કામ ચાલે એમ નથી. માનવજાતની એકતા નિર્માણ કરવા માટે આજે આપણી સમક્ષ બળના પ્રયોગનો નહીં પણ હૃદયપરિવર્તનનો એકમાત્ર માર્ગ ખુલ્લો છે. અણુયુગમાં બળનો આશ્રય લેવામાં આવે તો તેનું પરિણામ એકતામાં નહીં પણ આત્મવિનાશમાં જ આવે. સમ્રાટ અશોકે પોતાના જમાનામાં માત્ર અંતરાત્માની પ્રેરણાથી જેનો સ્વીકાર કર્યો હતો તે નીતિનો આશ્રય લેવાની આ યુગમાં ભય તેમ જ અંતરાત્મા બંને ફરજ પાડે છે." આમ વિચારતાં એ સ્પષ્ટ થાય છે કે, હિંસાનો રસ્તો માનવજાત માટે સદાકાળ બંધ થયો છે. શ્રી ભારતન કુમારપ્પાના 'વિલેજિઝમ' નામના અંગ્રેજી પુસ્તકની પ્રસ્તાવનામાં મહાત્મા ગાંધીએ લખ્યું છે: "આપણી પેઢીનાં ગયાં બે યુદ્ધોએ આવી અર્થવ્યવસ્થાઓનું સમૂળું દેવાળું સાબિત કર્યું છે. સાથે સાથે યુદ્ધોએ યુદ્ધની જ નાદારી સિદ્ધ કરી છે એમ મને જણાય છે." શું આપણે એમ કહી શકીએ કે, હવે અહિંસાનો યુગ બેઠો છે? દુનિયાના ડહાપણડાહ્યા મુત્સદ્દીઓ આજ દિન લગી અહિંસાની હાંસી ઉડાવતા હતા. હવે આજે તેમને જ અહિંસાનો અખૂટ ખજાનો ખોજવાવારો આવ્યો છે! ગાંધીજી માનતા હતા કે, ભારતનું જગતમાં એક વિશિષ્ટ કાર્ય છે. તેમણે કહ્યું છે કે, "જાગ્રત અને સ્વતંત્ર ભારતે ત્રસ્ત જગતને શાંતિ અને શુભેચ્છાનો સંદેશ આપવાનો છે." બીજે પ્રસંગે તેમણે કહ્યું છે, "મને મારા અંતરમાં ઊંડે ઊંડે એવી પ્રતીતિ થાય છે કે... જગત યુદ્ધથી અતિશય ત્રાસી ગયું છે અને તેમાંથી નીકળવાનો માર્ગ શોધી રહ્યું છે. મને લાગે છે કે, શાંતિના ભૂખ્યા જગતને માર્ગ બતાવવાનું માન કદાચ હિંદ જેવા પ્રાચીન દેશને ફાળે જશે." આર્નોલ્ડ ટૉયન્બીના અભિપ્રાય પ્રમાણે "ભારતનો વિશિષ્ટ ફાળો તેની હૃદયની ઉદારતા અને મનની વિશાળતા હશે. સંયુક્ત માનવજાતને ભારતની આ લાક્ષણિક ભેટ મળી છે એમ પાછળથી ભાવિ પેઢીઓ સ્વીકારશે એમ હું માનું છું."

Gandhi Heritage Portal

જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય કલહોનું નિરાકરણ લાવવા માટે લશ્કરી બળનો આશ્રય લેવામાં આવશે, ત્યાં સુધી વિશ્વ-સરકાર દ્વારા શાંતિ સ્થાપવાની વાત હવામાં બાચકા ભરવા જેવી રહેશે. આપણે કાયમી શાંતિ સ્થાપવા ઈચ્છતા હોઈએ તો લશ્કરી બળનો ઉપયોગ તદ્દન રદબાતલ કરવો જોઈએ. નૈતિક તાકાતના પીઠબળવાળી વિશ્વ સરકાર જ કાયમી શાંતિની ખાતરી આપી શકે. નાનાં-મોટાં બધાં ઘટક એકમોની સમાનતા અને બંધુતાના પાયા પર વિશ્વ સમૂહતંત્ર રચાય એ વિશ્વશાંતિની દિશામાં મોટું મહત્ત્વનું ચરણ બને. પણ એટલા માત્રથી કાયમી શાંતિ સ્થપાઈ જશે એમ નથી. વિશ્વસરકાર એની બાંયધરી ન આપી શકે, કેમ કે યુદ્ધનાં મૂળ રાષ્ટ્રોની સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થામાં પડેલાં હોય છે. જ્યાં સુધી સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થામાં આમૂલાગ્ર ક્રાંતિ કરવામાં ન આવે ત્યાં સુધી વિશ્વશાંતિની આશા આકાશ-કુસુમવત્ રહે. તેથી વિશ્વસંસ્થાએ સાચી લોકશાહીનો અમલ સુરક્ષિત કરવો જોઈએ અને દરેક પ્રકારનું શોષણ નિર્મૂળ કરવું જોઈએ. નાનાં એકમો સાચી લોકશાહીના અમલ માટે અનુકૂળ છે તથા વ્યક્તિઓના પૂર્ણ વિકાસ માટે તે ક્ષેત્ર પૂરું પાડે છે. જેમ એકમો મોટાં, તેમ તેમાં વ્યક્તિઓની આપસૂઝ અને સ્વતંત્રતાને અવકાશ ઓછો. મોટી વ્યવસ્થાઓ અને રચનાઓનું વલણ હમેશાં વ્યક્તિઓને તથા નાના સમૂહોને કચડવા તરફ રહે છે. કારણ કે તેઓ નિયમના જડ પાલનનો આગ્રહ રાખે છે અને સૌને એક બીબામાં ઢાળવા ઈચ્છે છે. તેઓ અંતે વધુ ને વધુ નિષ્પ્રાણ, જડ અને જર્જરિત બને છે. તેથી સ્થાયી વિશ્વશાંતિ સ્થાપવા માટે વર્તમાન રાજકીય અને આર્થિક વ્યવસ્થાઓને બદલીને તેમને સ્થાને નાનાં વિકેન્દ્રિત એકમો નિર્માણ કરવાનું અનિવાર્ય બને છે. એમ ન બને તો વિશ્વશાંતિનો મૂળ ઉદ્દેશ જ છિન્નભિન્ન થઈ જાય અને વિશ્વસરકારની હસ્તી જોખમમાં આવી પડે અને પરિણામે મોટી વિકટ સમસ્યાઓ ઊભી થાય. આમ, વિકેન્દ્રિત રાજકીય અને આર્થિક એકમો ઉપર અનિવાર્યપણે પસંદગી ઊતરે છે.

માનવજાતનો અનુભવ સાક્ષી પૂરે છે કે, નાનાં એકમોમાં અને વધુ સાદાં સંગઠનોમાં સમૂહજીવન કેન્દ્રિત થયું હોય ત્યારે તે

Gandhi Heritage Portal

વધુ પ્રાણવાન, વૈવિધ્યશાળી અને ફળદાયી હોય છે. નાનાં એકમોમાં જ જીવનનો ધબકાર વરતાયો છે. મોટા વિસ્તારોમાં લોકજીવનની રચના થાય છે ત્યારે તેમાંથી અસ્મિતા અને સર્જકતા લોપ પામે છે.

પ્રાચીન ગ્રીસનાં નગરરાજ્યો અને ભારતનાં ગ્રામ પ્રજાસત્તાકો સમૃદ્ધ અને પ્રભાવશાળી જીવનના સર્વાંગી વિકાસનાં ઉદાહરણ છે.

પંડિત જવાહરલાલ નેહરુ લખે છે:

"ગ્રામ સ્વરાજ્યની આ પ્રથા આર્ય રાજકારણના પાયા સમાન હતી. એનાથી જ તેને બળ મળતું રહેતું. આ ગ્રામસભાઓ પોતાની સ્વતંત્રતા માટે એટલી બધી જાગૃતિ અને ચીવટ રાખતી હતી કે ખુદ રાજાની પરવાનગી વિના કોઈ પણ સૈનિક કોઈ પણ ગામમાં દાખલ ન થઈ શકે એવો નિયમ કરવામાં આવ્યો હતો. વળી 'નીતિસાર' કહે છે કે, કોઈ પ્રજાજન અમલદાર સામે ફરિયાદ કરે તો 'રાજાએ અમલદારનો નહીં, પણ પ્રજાજનનો પક્ષ લેવો જોઈએ.' અને જો કોઈ અમલદાર સામે ઘણા લોકો ફરિયાદ કરે તો તેને બરતરફ કરવો જોઈએ, કેમ કે 'નીતિસાર' કહે છે તેમ, 'અધિકારની મદિરા પીને કોને નશો નથી ચડતો?' આ ડહાપણ-ભર્યા શબ્દો છે. આ શબ્દો આપણા દેશમાં જે સંખ્યાબંધ અમલદારો આજે આપણી સાથે ગેરવર્તન ચલાવે છે અને ગેરવહીવટ કરે છે તેમને લાગુ પડતા હોય એમ લાગે છે."

* * *

"છેક ૧૮૩૦ની સાલમાં હિંદનો બ્રિટિશ ગવર્નર સર ચાર્લ્સ મૅટકાફ ગ્રામપંચાયતોનું આ પ્રમાણે વર્ણન કરે છે:

'ગ્રામપંચાયતો નાનાં નાનાં પ્રજાતંત્રો છે; પોતાને જરૂરી લગભગ બધી જ વસ્તુઓ તેમનામાં મોજૂદ છે અને બહારના સંબંધોથી તેઓ લગભગ સ્વતંત્ર છે. જ્યાં બીજી કોઈ વસ્તુ ટકી નથી ત્યાં એ (ગ્રામપંચાયતો) કાયમ ટકી રહેતી હોય એમ જણાય છે. જેમાં હરેક પંચાયત સ્વતઃ એક નાનકડા અલગ રાજ્ય સમાન છે, એવો ગ્રામપંચાયતોનો એ સંઘ તેમની સુખશાંતિ, સ્વાયત્તતા અને સ્વતંત્રતાના ઉપભોગ માટે ઘણે અંશે ઉપકારક છે.'

Gandhi Heritage Portal

"પ્રાચીન ગ્રામવ્યવસ્થાનું આ બ્યાન અતિશય પ્રશંસાભર્યું છે. આપણી આંખો આગળ લગભગ કાવ્યમય પરિસ્થિતિનું ચિત્ર ખડું થાય છે. ગામડાંઓને જેટલી સ્થાનિક સ્વતંત્રતા અને સ્વાયત્તતા હતાં, એ બહુ સારી વસ્તુ હતી, એમાં લેશમાત્ર પણ શંકા નથી. વળી એ ઉપરાંત, બીજી પણ સારી વસ્તુઓ એમાં હતી. . . . (ગ્રામ સ્વરાજ્યનાં) નવરચના અને નવસર્જન કરવાનું કામ આપણે માટે હજી બાકી જ છે."*

ગાંધીજીએ ગ્રામ સ્વરાજના ચિત્રની જે કલ્પના કરી છે તે પ્રાચીન ગ્રામપંચાયતોને પુનર્જીવિત કરવાની નહીં, પણ આધુનિક જગતના સંદર્ભમાં સ્વરાજનાં નાનાં નાનાં સ્વતંત્ર ગ્રામ એકમોના નવસર્જનની છે. ગ્રામ સ્વરાજ એ રાજકારણ, અર્થશાસ્ત્ર અને સમાજકારણનાં ક્ષેત્રોમાં અહિંસાનું પ્રગટ સ્વરૂપ છે.

ગાંધીજીના મત મુજબ આદર્શ સમાજ એ રાજ્યસત્તાવિહીન લોકતંત્ર છે, પ્રબુદ્ધ શાસનમુક્તિની સ્થિતિ છે, જેમાં સમાજજીવન એટલી પરિપૂર્ણતાએ પહોંચે છે કે, તે આત્મનિયંત્રિત હોય છે. "આદર્શ સ્થિતિમાં રાજકીય સત્તા જ નથી હોતી, કારણ કે ત્યાં રાજ્ય જ નથી હોતું." ગાંધીજી માનતા કે આદર્શની સંપૂર્ણ સિદ્ધિ અશકય છે. "યુક્લિડે વ્યાખ્યા કરી છે કે, જેને પહોળાઈ નથી, તે લીટી. પણ એ લીટી આજ સુધી કોઈ દોરી શકયું નથી, અને હવે પછી પણ કોઈ દોરી શકવાનું નથી. છતાં એવી લીટીનો આદર્શ ખ્યાલમાં રાખવાથી જ ભૂમિતિના જ્ઞાનમાં પ્રગતિ થઈ શકી છે. એ જ વાત દરેક આદર્શની બાબતમાં સાચી છે." રાજનીતિના ક્ષેત્રમાં તેમણે આપણને તેમની રાજ્યસત્તાવિહીન લોકશાહીના આદર્શની કલ્પના નજીક પહોંચતું ગ્રામ સ્વરાજ આપ્યું. જે ઓછામાં ઓછું શાસન કરે તે સર્વોત્તમ સરકાર એમ ગાંધીજી માનતા. સામ્યવાદી ફિલસૂફી પ્રમાણે આખરી અવસ્થા "રાજ્યનું વિલીનીકરણ" છે. પરંતુ રશિયાના આજના સર્વસત્તાધારી રાજ્ય તરફ જોઈએ છીએ ત્યારે ત્યાં તો આપણને રાજ્યમાં બધી સત્તા કેન્દ્રિત થયેલી દેખાય છે. ત્યાં કયારેય પણ રાજ્યસત્તા વિસર્જન પામશે એવું માનવું કઠણ

* 'જગતના ઈતિહાસનું રેખાદર્શન'

Gandhi Heritage Portal

પડે છે. મહાત્મા ગાંધી વ્યવહારુ આદર્શવાદી હતા તેથી તેમણે રાજ્યવિહીન લોકશાહીના આદર્શની ઉપયોગિતા સમજી લીધી અને આપણને 'ગ્રામ સ્વરાજ'ની કલ્પનાની ભેટ આપી, જે "રાજ્યનું વિલીનીકરણ" નથી, પણ "રાજ્યનું વિકેન્દ્રીકરણ" છે. આમ ગ્રામ સ્વરાજના રૂપમાં એ "રાજ્યના વિલીનીકરણ"ના દૂરના ધ્યેયને બદલે વ્યવહારુ ભૂમિકા ઉપર પ્રાપ્ય આદર્શને સિદ્ધ કરવાનો અમલી કાર્યક્રમ તેમણે આપ્યો છે.

આધુનિક લોકતંત્રો ચૂંટણી-કેન્દ્રી, પક્ષ-પ્રધાન, સત્તાલક્ષી, કેન્દ્રિત જટિલ તંત્રરચનાઓ છે. રાજ્યવ્યવસ્થા મૂડીવાદી, સમાજવાદી કે સામ્ય-વાદી હોય, પણ આ હરેક રાજકીય વ્યવસ્થા અતિશય મોટી અને ભારે મથાળાવાળી છે અને તેમાં સત્તાના કેન્દ્રીકરણનો દોષ ઘર કરી બેઠો છે. તેમાં વ્યક્તિઓની કશી ગણના હોતી નથી; ભલે મતદાતાઓ તરીકે તેમને માલિકનું નામ આપવામાં આવતું હોય. મતદારો મુદતે મુદતે થતી ચૂંટણી વખતે મતપત્રકમાં ચોકડી કરવા હાજર થાય છે અને પછી બીજી ચૂંટણી થતાં સુધી ઊંઘી રહે છે. અમુક ઠરાવેલી મુદતમાં વ્યક્તિએ જો કાંઈ રાજકીય કામ કરવાનું હોય તો તે ફક્ત આ મતપત્રકમાં ચોકડી કરવાનું હોય છે. તે પણ કેન્દ્રિત પક્ષ પદ્ધતિની સૂચના મુજબ અને કેન્દ્રિત આર્થિક સત્તાઓના મોટે ભાગે હાથારૂપ વર્તમાનપત્રોની દોરવણી પ્રમાણે તેની પાસે કરાવવામાં આવે છે. સરકારની નીતિ ઘડવામાં વ્યક્તિનો ભાગ્યે જ અવાજ હોય છે, બલકે બિલકુલ હોતો નથી. કલ્યાણરાજ્યમાં કે કુલ સરમુખત્યારશાહી શાસનમાં વ્યક્તિ બાપડી, મનુષ્ય રૂપમાં સારા હૃષ્ટપુષ્ટ, મૂક અને બીજો દોરે એમ દોરાતા પ્રાણી જેવી બની રહે છે.

ગાંધીજી ભારતમાં સાચી લોકશાહી સ્થપાય એમ ઈચ્છતા હતા. તેથી તેમણે કહ્યું, "સાચી લોકશાહી કેન્દ્રમાં બેઠે બેઠે રાજવહીવટ ચલાવનારા વીસ માણસો નથી ચલાવી શકતા. તે ઠેઠ નીચેથી હરેક ગામના લોકોએ ચલાવવી રહેશે." ગ્રામ સ્વરાજમાં દરેક ગામડું સર્વ અધિકાર ધરાવતું નાનું વિકેન્દ્રિત રાજકીય એકમ છે. તેથી એમાં પ્રત્યેક વ્યક્તિને હાથે પોતાની સરકારનું ઘડતર થાય છે. તે નિયમ પ્રમાણે નક્કી કરવામાં આવેલી ઓછા-માં ઓછી ચોક્કસ લાયકાતવાળાં ગામનાં પુખ્ત ઉંમરનાં સર્વ સ્ત્રી અને

Gandhi Heritage Portal

પુરુષો દર વર્ષે પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે બધાં જાહેર કાર્યો કરશે. આ પંચાયતને જરૂરની બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. તેમાં શિક્ષાની કોઈ પદ્ધતિનો અમલ નહીં હોય. તેથી તે પંચાયત જ પોતે ગામની ધારાસભા, ન્યાયાધીશી અને કારોબારી મંડળ બનશે.

આવી રાજ્યવ્યવસ્થામાં જે નાગરિકો હશે તે આત્મનિયંત્રિત હશે સત્તા-નિયંત્રિત નહીં હોય; દરેક વસ્તુ માટે લાચાર બનીને સરકાર સામે મીટ માંડીને બેસી રહેનારા તે નહીં હોય પણ પોતાની આપસૂઝથી કામ કરનારા અને નાગરિક તરીકેની જવાબદારીનું ઊંચું ભાન ધરાવનારા હશે.

સાચી રાજકીય વ્યવસ્થાનું જે અંતિમ ચાલક બળ વ્યક્તિ છે તેનાં પૂર્ણ સ્વાતંત્ર્ય અને વિકાસ માટે સાચી લોકશાહી હમેશાં કાર્યશીલ હોય છે.

ગાંધીજીની કલ્પનાનું ગ્રામ સ્વરાજ આમ સાચી અને શક્તિશાળી લોકશાહી છે, જેમાં આજની રાજકીય વ્યવસ્થાઓમાં જોવા મળે છે તે બધાં રાજકીય દૂષણોનો રામબાણ ઈલાજ રહેલો છે. આવી સાચી અને વિકેન્દ્રિત લોકશાહીમાં સમગ્ર માનવજાત માટે આશાનો સંદેશ પડેલો છે.

ગાંધીજીને મન રાજકીય સત્તા એ સાધ્ય નહીં, પણ સાધન માત્ર હતી. વિવિધ ક્ષેત્રોમાં લોકોની ઉન્નતિ સાધી શકાય એ માટે તેઓ સત્તાનો ઉપયોગ કરવા ઈચ્છતા હતા. તેથી તેમના છેલ્લા પ્રસિદ્ધ વસિયત-નામામાં તેમણે કહ્યું કે, હિંદે જોકે રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે, પણ તેણે "શહેરો તથા કસબાઓથી ભિન્ન એવાં તેનાં સાત લાખ ગામડાંઓની દૃષ્ટિથી હિંદની સામાજિક, નૈતિક અને આર્થિક સ્વતંત્રતા સિદ્ધ કરવાની હજી બાકી છે." તે વસિયતનામામાં તેમણે ગ્રામ સ્વરાજ અથવા પંચાયતરાજ એટલે કે સંપૂર્ણ રાજકીય સત્તા ધરાવતા અહિંસક સ્વાવલંબી આર્થિક એકમની રૂપરેખા અને તે સિદ્ધ કરવાનો કાર્યક્રમ આપ્યાં. ગાંધીજીની કલ્પનાનું ગ્રામ સ્વરાજ પશ્ચિમની જેમ સંપત્તિકેન્દ્રી અર્થરચના નથી, પણ માનવ-કેન્દ્રી અર્થવ્યવસ્થા છે. પશ્ચિમની વ્યવસ્થા જીવનને હણનારી છે, જ્યારે આ ગ્રામઅર્થવ્યવસ્થા જીવનને પોષનારી છે.

Gandhi Heritage Portal

ગાંધીજીના સ્વપ્નની ગ્રામવ્યવસ્થામાં સ્વાભાવિક રીતે જ ગ્રામસેવકનું સ્થાન ચાવીરૂપ છે. તેનાં કર્તવ્યોનું નિરૂપણ કરતાં તેઓ કહે છે કે, ગ્રામસેવક ખેતી તેમ જ ગૃહઉદ્યોગો દ્વારા ગામડાંઓ સ્વયંપૂર્ણ બને એ રીતે તેમને સંગઠિત કરશે, ગ્રામવાસીઓને સફાઈ તેમ જ આરોગ્યનું શિક્ષણ આપશે અને તેમનાં માંદગી અને રોગો અટકાવવાના બધા ઉપાયો લેશે અને નઈ તાલીમને ધોરણે જન્મથી મરણ પર્યંતની સઘળા ગ્રામવાસીઓની કેળવણીનો પ્રબંધ કરશે.

જગતના જે રાજનીતિજ્ઞો વિશ્વશાંતિ માટે ઉત્સુક હોય તેઓ ટોચથી તળિયે જવાની યોજના કરવાનો વિચાર કરે, જ્યારે ગાંધીજીએ પાયાથી શરૂ કરી તે ઉપર ચણતર કરવાનું ધાર્યું. તેથી તેમણે કહ્યું: "સ્વતંત્રતાની શરૂઆત પાયામાંથી થાય, એટલે કે હિંદુસ્તાનનું એકેએક ગામ રાજ્યઅમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય. એનો અર્થ એ થયો કે, દરેક ગામ પોતાની તાકાત પર નભતું હોય, પોતાનો કુલ વહેવાર ચલાવવાને અને જરૂર પડે તો આખી દુનિયાની સામે પોતાનું રક્ષણ કરી લેવાને સમર્થ હોય. બહારથી આવતા કોઈ પણ પ્રકારના હુમલાની સામે પોતાનું રક્ષણ કરવાની તેને કેળવણી મળી હોય અને તે રક્ષણના પ્રયાસમાં ખપી જવાની તેની તૈયારી હોય, આમ સરવાળે જુઓ, તો રાજ્યનો પાયાનો ઘટક વ્યક્તિ બને છે." ગાંધીજીને મન "સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુક્ત થવાનો સતત પ્રયાસ; પછી ભલે તે સરકાર પરદેશી હોય કે દેશની. જો લોકો જીવનની દરેક વિગતના નિયમન માટે સ્વરાજ સરકાર તરફ જોશે તો તે સ્વરાજમાં ઝાઝો સાર નહીં હોય." ગ્રામ સ્વરાજમાં અંતિમ સત્તા વ્યક્તિની હશે. તેણે 'ગ્રામ સ્વરાજ'નું સંપૂર્ણ ચિત્ર પ્રત્યક્ષ કરવું હશે તો તેણે પોતે પ્રથમ પોતાનામાં 'સ્વરાજ' પ્રાપ્ત કરવું જોઈશે. यथा पिंडे तथा ब्रह्मांडे, એ સનાતન સત્ય મુજબ ગ્રામ સ્વરાજમાં તેના ઘટક એવા પ્રજાજનો પોતાના નિત્યજીવનમાં સ્વરાજની ભાવનાનું આચરણ કરતા હશે તે જ પ્રગટ થશે. તેથી ગ્રામસેવકે ખરી કેળવણી ઉપર પોતાનું ધ્યાન એકત્રિત કરવું જોઈશે. ખરી કેળવણી એટલે મસ્તિષ્ક, હૃદય અને હાથની શક્તિઓનો સુસંવાદી વિકાસ. નઈ તાલીમ એ

Gandhi Heritage Portal

ગાંધીજીની તપસ્યાનું ફળ છે. ગાંધીજી મનુષ્યની પાયાની વિવિધ શક્તિઓના સુસંવાદી પૂર્ણ વિકાસની મૂર્તિ હતા; દેહધારી પૂર્ણચેતના હતા. પાયાની કેળવણી જે હાથઉદ્યોગ વાટે બાળકનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ સર્વાંગી વિકાસ કરવા ઇચ્છે છે તેની આખી યોજનામાં અહિંસાનો આત્મા ઓતપ્રોત થયેલો છે. આ યોજના પ્રમાણે જેમને કેળવણી મળી હોય એવા નાગરિકો ગ્રામ સ્વરાજ નિર્માણ કરવામાં મૂળ મૂડીનું કામ આપે.

'ગ્રામ સ્વરાજ' માનવકેન્દ્રી, શોષણમુક્ત, વિકેન્દ્રિત, સાદી અર્થવ્યવસ્થા છે. તેમાં દરેક નાગરિકને પૂરી રોજગારી આપવાનો પ્રબંધ હોય. તેનું કામ ઐચ્છિક સહકારની ભૂમિકા પર ચાલતું હોય. અન્નવસ્ત્ર અને બીજી પાયાની જરૂરિયાતોની બાબતમાં તે આત્મનિર્ભર થવા પ્રયત્નશીલ હોય.

આધુનિક અર્થવ્યવસ્થાઓ ભોગવિલાસ, ભૌતિક જરૂરિયાતની વૃદ્ધિ અને નીતિશાસ્ત્ર તથા અર્થકારણ વચ્ચેના વિચ્છેદના પાયા પર ઊભેલી હોવાથી તે મોટા પાયા પરનાં યાંત્રિક, કેન્દ્રિત અને જટિલ સંગઠનો બની બેઠી છે. બેકારી, અર્ધ-બેકારી, ગરીબાઈ, શોષણ, બજારો કબજે કરવાની તથા કાચા માલ માટે મુલકો જીતવાની ગાંડી હરીફાઈનાં દૂષણો એમને વળગેલાં છે. સ્પર્ધા, સંઘર્ષ અને વર્ગવિગ્રહથી સમાજનો જીવનતંતુ ખવાઈ જાય છે. તેમાં વ્યક્તિની ગુલામી રહી છે, માણસને યંત્રના મોંમાં કોળિયો મૂકનાર હાથ તરીકે લેખવામાં આવે છે. યંત્રનો જાણે કે એ માત્ર બહારનો ભાગ ન હોય એવો એને કરી મૂકે છે. આત્માને હણી નાખતા એકધારા કામને લીધે તેની સૂક્ષ્મ સંવેદનાઓ તે ખોઈ બેસે છે. પરિણામે કારખાનાના કંટાળાજનક કામના કષ્ટની તાણ હળવી કરવા માટે તે નીતિનાશક સિનેમાઘરો, દારૂની દુકાનો અને ગણિકાઘરો તરફ દોડે છે. સમાજ ગરીબ અને તવંગર, સુખસગવડ ભોગવનારા અને અગવડ વેઠનારા એવા બે ભાગમાં વહેંચાઈ જાય છે. આજે જોવા મળે છે એટલી માત્રામાં આર્થિક વિષમતા અગાઉ કદી નહોતી. આજે એક બાજુએ કરોડપતિ શ્રીમંતો મોજશોખ અને આનંદપ્રમોદ કરે છે અને હેતુવિહીન જીવન ગાળે છે, બીજી બાજુએ સખત મહેનત કરનાર મજૂરને હાડચામ

Gandhi Heritage Portal

ભેગાં રાખવા પેટપૂર ખાવા પણ ભાગ્યે મળે છે. હુન્નરકળાની દૃષ્ટિએ ઘણા આગળ વધેલા એવા ઈંગ્લૅન્ડ અને અમેરિકા જેવા દેશોને પણ હજુ બેકારીનો સવાલ ઉકેલવાનો બાકી છે. ભારતમાં તો આ સવાલની માત્રા અનેકગણી વધી જાય છે, કારણ કે અહીં અનાદિ કાળથી મુખ્યત્વે ખેતી પર જીવનારાં સાત લાખ છૂટાંછવાયાં ગામડાંમાં વિસ્તરેલી કરોડોની સંખ્યાની રોજગારીની સમસ્યા છે.

ગ્રામ સ્વરાજ એ ભારતની ભૂખથી પીડાતી કરોડોની જનતા સાથે હૃદયની એકતા સાધીને તેનાં સુખદુ:ખ સાથે એકરૂપ થવાની જીવન સાધનાના ફળરૂપે મહાત્મા ગાંધીને લાધેલી જડીબુટ્ટી છે. તેમાં ભારતના જ નહીં પણ સમગ્ર જગતના, જેના ઈતિહાસમાં ખેડૂતવર્ગનું હમેશાં સર્વત્ર શોષણ થયું છે અને તે હમેશાં ભૂખમરાનો ભોગ બનતો આવ્યો છે તેના રોગનું અચૂક ઔષધ સમાયું છે.

પંડિત નેહરુને તા. ૫–૧૦–'૪૫ને રોજ પત્રમાં ગાંધીજીએ લખ્યું હતું:

> "હું માનું છું કે હિંદુસ્તાને અને તેની મારફત દુનિયાએ પણ સાચી સ્વતંત્રતા મેળવવી હોય તો આજે નહીં તો કાલે ગામડાંમાં જ રહેવું પડશે; ઝૂંપડીમાં રહેવું પડશે, મહેલોમાં નહીં. અબજો માણસો શહેરોમાં અને મહેલોમાં સુખશાંતિથી કદી નહીં રહી શકે; ન એકબીજાનું ખૂન કરીને એટલે કે હિંસાથી, ન જૂઠથી એટલે કે અસત્યથી રહી શકે. એ જોડી (એટલે સત્ય અને અહિંસા) વિના માણસજાતનો વિનાશ જ છે એમાં મને લેશ પણ શંકા નથી. એ સત્ય અને અહિંસાનાં દર્શન આપણે ગામડાંની સાદાઈમાં જ કરી શકીએ છીએ. એ સાદાઈ રેંટિયામાં અને તેમાં જે જે વસ્તુ સમાઈ જાય છે તેમાં રહેલી છે. દુનિયા ઊલટી બાજુ જતી દેખાય છે એથી હું ડરતો નથી. એમ તો જ્યારે પતંગિયું પોતાના વિનાશ તરફ જાય છે ત્યારે સૌથી વધારે નાચે છે અને એમ કરતાં બળી જાય છે. એમ બને કે હિંદુસ્તાન એ પતંગનૃત્યમાંથી ન બચી શકે. મારો ધર્મ છેલ્લા શ્વાસ સુધી એને અને એની મારફત જગતને બચાવવાની કોશિશ કરવાનો છે.

Gandhi Heritage Portal

"મારા કહેવાનો સાર એ છે કે મનુષ્યના જીવન માટે જે આવશ્યક ચીજો છે એના પર એનો પોતાનો કાબૂ હોવો જ જોઈએ. ન હોય તો વ્યક્તિ બચી જ ન શકે. છેવટે તો જગત વ્યક્તિઓનું જ બનેલું છે. જો બિંદુ નથી, તો સાગર નથી. આ તો મેં દેખીતી વાત જ કહી, કંઈ નવું નથી કહ્યું."

આમ ગાંધીજી જીવનમાં સાદાઈ અને ઐચ્છિક ગરીબાઈનો આગ્રહ રાખતા. એનો અર્થ એ નથી કે, માણસને જીવનને જરૂરી સગવડો ન મળવી જોઈએ. તેમણે કહ્યું કે દરેક માણસને યુક્તાહાર, આવશ્યક વસ્ત્ર અને આશ્રય મળવાં જોઈએ. તેઓ માનતા કે દરેક જીવંત પ્રાણીને આજીવિકાનો અધિકાર છે. તેમણે એક જગ્યાએ કહ્યું છે: "હિંદની બલકે આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી કોઈને પણ અન્નવસ્ત્રનો અભાવ વેઠવો ન પડે, એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે અને આવી સ્થિતિ આખા જગતને માટે આપણે ઈચ્છતા હોઈએ તો અન્નવસ્ત્રાદિ પેદા કરવાનાં સાધનો દરેક માણસની પોતાની પાસે રહેવાં જોઈએ. તેમાંથી એકને ભોગે બીજાએ ધનસંપત્તિનો લોભ મુદ્દલ રાખવો ન જોઈએ. જેમ હવા અને પાણી ઉપર સૌને સરખો હક છે અથવા હોવો જોઈએ તેમ જ અન્નવસ્ત્રનું હોવું જોઈએ. તેનો ઈજારો કોઈ એક દેશ, પ્રજા અથવા પેઢીની પાસે હોય એ ન્યાય નહીં, અન્યાય છે. આ સરળ સિદ્ધાંતનો અમલ અને ઘણી વેળા વિચારમાંયે સ્વીકાર નથી થતો તેથી આ અભાગી દેશમાં અને જગતમાંના બીજા ભાગોમાં પણ ભૂખનું દુઃખ જોવા મળે છે."

જેમાં બધા નાગરિકોને પૂરી રોજગારી મળી રહે એવી અહિંસક અર્થરચના નિર્માણ કરવા માટે તેમણે ઉદ્યોગવાદ, કેન્દ્રિત ઉદ્યોગો અને અનાવશ્યક યંત્રોનો છેદ ઉડાડી દીધો. તેમનો મત હતો કે શહેરો માત્ર ગામડાંના લોકોનું લોહી ચૂસીને જીવનારાં છે. તેમણે શહેરોને દેશના સમાજદેહ પરનાં ગૂમડાં પણ કહ્યાં છે. તેમણે સૂચવ્યું છે કે, ભાવિ વિશ્વવ્યવસ્થાની આશા ગામડાં એટલે કે નાનાં શાંતિમય સહકારી એકમોમાં રહી છે; જ્યાં કશી જબરજસ્તી કે બળનો ઉપયોગ થતો નથી, પણ

Gandhi Heritage Portal

જ્યાં સઘળી પ્રવૃત્તિ ઐચ્છિક સહકારની ભૂમિકા પર ચાલે છે. ગ્રામ સ્વરાજની સમગ્ર ઈમારતમાં પ્રેમનું સામ્રાજ્ય હોય, તેથી તેમાં ન કોઈ ઊંચ હોય, ન કોઈ નીચ હોય, સૌ એકસરખા હોય. તેમાં ન હોય જ્ઞાતિઓના વાડા કે ન હોય વર્ગના ભાગલા; તેમાં ન હોય અસ્પૃશ્યતા કે ન હોય હિંદુ-મુસ્લિમના કલહો. તેમાં સૌ કોઈ પોતાની સ્વાભાવિક ઉચ્ચતા અને સ્થાન પર પહોંચ્યા હશે.

ગ્રામ સ્વરાજ જ્યારે સોળે કળાએ ખીલી ઊઠશે ત્યારે તેની સુવાસ જગતમાં ચોમેર ફેલાશે અને જગતને અનુકરણીય આદર્શ મળશે. ત્યારે જગતની સેવામાં ભારત પોતાની પુષ્પાંજલિ અર્પણ કરશે. તે વખતે જગતનાં સ્વશાસન કરતાં ગ્રામએકમો મળીને એક ઉચ્ચ સંસ્કાર-સંપન્ન, બુદ્ધિમાન અને પરાક્રમી સ્ત્રી અને પુરુષોનું ચૈતન્યપૂર્ણ ભ્રાતૃમંડળ બનશે. આવા સમાજમાં જીવવું એ પણ શિક્ષણ અને જીવનકૃતાર્થતા હશે. એમાં જીવન એટલે વ્યક્તિની બધી શક્તિઓની પૂર્ણ અભિવ્યક્તિ અને પરસ્પર આદરની અને પરસ્પર સેવાનાં કૃત્યો દ્વારા પ્રેમની ભાવનાનો વિનિમય હશે. સંસ્કૃતિ, કળા, કાવ્ય, ચિત્રકળા અને વિજ્ઞાન સૌ તેમાં પરિપૂર્ણતા પ્રાપ્ત કરશે. તે પૃથ્વી પર પ્રભુનું પ્રત્યક્ષ રાજ્ય હશે.

ગ્રામ સ્વરાજમાં બાપુએ આવું અદ્‌ભુત સ્વપ્ન નિહાળ્યું છે. તેમાં આવી ઊંચી શકયતા છૂપી પડી છે તેને બહાર લાવવાનું અને પ્રત્યક્ષ કરવાનું આપણું સૌનું કાર્ય છે. આપણે ભારતવાસીઓ જેઓ રાષ્ટ્રપિતાના વારસદારો છીએ, જેમણે તેમની પાસેથી સમૃદ્ધ અને અમર વારસો મેળવ્યો છે તેમણે રાષ્ટ્રપિતાનું આ સ્વપ્ન પરિપૂર્ણ કરવાનું રહે છે.

તેથી વર્તમાન રાજ્ય સરકારોએ વધુ સત્તાવાળી ગ્રામપંચાયતોની સ્થાપના કરતા કાયદાઓ ઘડયા છે એ યોગ્ય કદમ ભર્યું છે. આપણે આશા રાખીએ કે, ગ્રામપંચાયતો ગાંધીજીએ આલેખેલા ગ્રામ સ્વરાજના ચિત્રને પોતાની નજર સામે રાખશે અને તેમણે ચીંધેલા માર્ગે કામ કરશે.

ગાંધીજીએ જે ભાવનાથી ગ્રામ સ્વરાજની કલ્પના કરી છે તે ભાવના આચરણમાં ઉતારીને ગ્રામ સ્વરાજનો અમલ કરવો જોઈએ. ગ્રામપંચાયતોનો કારભાર કરવાની જવાબદારી જેમને વહન કરવાની આવશે તેમનામાં નિ:સ્વાર્થ સેવાવૃત્તિનો અને નાતજાત, ધર્મપંથ, પક્ષ-વિપક્ષની વાડોથી

Gandhi Heritage Portal

પર ઊઠનાર પ્રેમભાવનો અભાવ હશે તો ગ્રામસ્વરાજનાં મીઠાં ફળની ગાંધીજીએ જે અપેક્ષા રાખી છે તે અધૂરી રહેશે.

ગ્રામ વ્યવસ્થાઓ સંબંધમાં પંડિત નેહરુના શબ્દો યાદ કરી લેવા જરૂરી છે: "કોઈ એક વ્યક્તિ કે સમૂહ જેટલે અંશે પોતપોતાનામાં જ મશગૂલ રહે તેટલે અંશે તે સ્વરત, સ્વાર્થી અને સંકુચિત મનનો થવાનો સંભવ રહે છે."* આપણાં ગામડાંઓ અત્યારે સામાજિક ઝઘડા, ન્યાતજાતવાદ અને સંકુચિતતાના દોષોથી પીડાય છે. ગ્રામપંચાયતોને યશસ્વી બનાવવાનું કાર્ય સરળ નથી, પણ ઘણું વિકટ છે. ગ્રામપ્રદેશના અગ્રણીઓમાં તે માટે ખરો મિશનરી જુસ્સો જોઈશે. આ પ્રાચીન ભૂમિ અપેક્ષા પ્રમાણે ઊંચે ઊઠે, ભારતનું મિશન પરિપૂર્ણ કરે અને જગતની સેવા માટે કાર્ય કરીને ખરા યશની ભાગીદાર બને!

મહાત્મા ગાંધીએ 'નવજીવન', 'હરિજનબંધુ' ઈ૦ સાપ્તાહિકો અને પુસ્તકોમાં વખતોવખત જુદા જુદા વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેમાંથી 'ગ્રામ સ્વરાજ'ને લગતાં લખાણો એકત્રિત કરીને આ સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો છે. બને ત્યાં સુધી વિચારો એકબીજા સાથે સંકળાયેલા રહે એ રીતે ફકરાઓ ક્રમબદ્ધ કરવાની કોશિશ કરવામાં આવી છે. સામાન્ય વાચકને તથા ગ્રામપંચાયતોને આ પુસ્તક ઉપયોગી થશે એવી આશા છે.

શ્રી શ્રીમન્નારાયણે આ સંગ્રહનું આમુખ લખી આપ્યું છે તે માટે તેમનો આભાર માનું છું.

૨૧–૩–'૬૩ હરિપ્રસાદ વ્યાસ

---

* 'જગતના ઈતિહાસનું રેખાદર્શન'

Gandhi Heritage Portal

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | પ્રકાશકનું નિવેદન | | ૩ |
| | આમુખ | શ્રીમન્નારાયણ | ૫ |
| | પ્રસ્તાવના | | ૯ |
| ૧. | સ્વરાજનો અર્થ | | ૩ |
| ૨. | આદર્શ સમાજનું ચિત્ર | | ૯ |
| ૩. | શાંતિનો માર્ગ કયો? | | ૧૨ |
| ૪. | શહેરો અને ગામડાંઓ | | ૨૩ |
| ૫. | ગ્રામ સ્વરાજ | | ૩૧ |
| ૬. | ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતો | | ૩૫ |
| | ૧. માનવનું સૌથી અધિક મહત્ત્વ—પૂરી રોજગારી | | ૩૫ |
| | ૨. જાતમહેનત | | ૩૭ |
| | ૩. સમાનતા | | ૩૮ |
| | ૪. ટ્રસ્ટીપણું | | ૪૦ |
| | ૫. વિકેન્દ્રીકરણ | | ૪૧ |
| | ૬. સ્વદેશી | | ૪૧ |
| | ૭. સ્વાવલંબન | | ૪૨ |
| | ૮. સહકાર | | ૪૩ |
| | ૯. સત્યાગ્રહ | | ૪૩ |
| | ૧૦. સૌ ધર્મોનું સરખું સ્થાન | | ૪૩ |
| | ૧૧. પંચાયતરાજ | | ૪૩ |
| | ૧૨. પાયાની કેળવણી | | ૪૪ |
| ૭. | જાતમહેનત | | ૪૫ |
| ૮. | સમાનતા | | ૫૧ |
| ૯. | વાલીપણાનો સિદ્ધાંત | | ૫૩ |
| ૧૦. | સ્વદેશીભાવના | | ૫૬ |
| ૧૧. | સ્વાવલંબન અને સહકાર | | ૬૪ |




Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૧૨. | પંચાયતરાજ | ૬૯ |
| ૧૩. | પાયાની કેળવણી | ૭૭ |
| ૧૪. | ખેતી અને પશુપાલન — ૧ | ૯૩ |
| ૧૫. | ખેતી અને પશુપાલન — ૨ | ૯૮ |
| ૧૬. | ખેતી અને પશુપાલન — ૩ | ૧૦૫ |
| ૧૭. | ખેતી અને પશુપાલન — ૪ | ૧૦૯ |
| ૧૮. | ખેતી અને પશુપાલન — ૫ | ૧૨૩ |
| ૧૯. | ખાદી અને હાથકાંતણ | ૧૩૨ |
| ૨૦. | બીજા ગ્રામોદ્યોગો | ૧૫૧ |
| | દુગ્ધાલય | ૧૬૧ |
| | હાથે ખાંડેલા ચોખા અને હાથઘંટીનો લોટ | ૧૬૩ |
| | મિલનું તેલ અને ઘાણીનું તેલ | ૧૬૪ |
| | ગોળ અને ખાંડસારી | ૧૬૫ |
| | મધમાખીનો ઉછેર | ૧૬૭ |
| | ચર્માલય | ૧૬૭ |
| | સાબુ | ૧૭૧ |
| | હાથકાગળ | ૧૭૧ |
| | શાહી | ૧૭૨ |
| ૨૧. | ગામડાનો વાહનવહેવાર | ૧૭૪ |
| ૨૨. | નાણું, વિનિમય અને કર | ૧૮૦ |
| ૨૩. | ગ્રામસફાઈ | ૧૮૨ |
| ૨૪. | ગામડાનું આરોગ્ય | ૧૮૪ |
| ૨૫. | ખોરાક | ૨૦૧ |
| ૨૬. | ગ્રામસંરક્ષણ | ૨૦૯ |
| ૨૭. | ગ્રામસેવક | ૨૧૩ |
| ૨૮. | સરકાર અને ગામડાં | ૨૩૮ |
| ૨૯. | હિંદ અને દુનિયા | ૨૪૩ |
| | સંદર્ભ | ૨૪૮ |
| | સૂચિ | ૨૫૬ |


Gandhi Heritage Portal

# ગ્રામ સ્વરાજ

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ૧
# સ્વરાજનો અર્થ

સ્વરાજ એ પવિત્ર શબ્દ છે, વેદકાળ જેટલો પ્રાચીન છે, અને એનો અર્થ પોતાનું નિયમન, પોતાનો અંકુશ એવો છે. 'ઈન્ડિપેન્ડન્સ'નો અર્થ જેમ કેટલીક વાર સંપૂર્ણ નિરંકુશતા થાય એવું 'સ્વરાજ'નું નથી.[1]

જેમ દરેક દેશ ખાવાપીવાને અને શ્વાસ લેવાને લાયક છે તે જ પ્રમાણે દરેક રાષ્ટ્રને પોતાનો વહીવટ ચલાવવાનો અધિકાર છે, પછી ભલે તે ગમે એટલો ખરાબ વહીવટ ચલાવે.[2]

પોતાનાં નામો મતદાર તરીકે નોંધાવી આવવાની તસ્દી લેનાર તથા અંગમહેનત કરી રાજ્યને પોતાની સેવા આપનાર દરેક જણ, મરદ અથવા ઓરત, અસલ વતની અથવા હિંદુસ્તાનને પોતાનો દેશ કરી અહીં વસેલા, મોટી ઉંમરના વધારેમાં વધારે લોકોના મતો વડે મેળવેલી હિંદુસ્તાનની સંમતિથી થતું શાસન એટલે સ્વરાજ. . . . વળી કેટલાક લોકો અધિકારની લગામ મેળવી લે તેથી નહીં પણ બધા લોકો એ અધિકારના દુરુપયોગની સામે થવાની શક્તિ સમાનપણે મેળવ્યાથી જ ખરું સ્વરાજ મળવાનું છે. . . . બીજા શબ્દોમાં કહું તો સામાન્ય વર્ગને રાજ્યાધિકારીઓને મર્યાદામાં રાખવાની તથા તેમના ઉપર પોતાનો અંકુશ રાખવાની શક્તિનું પૂરેપૂરું ભાન કરાવવાથી સ્વરાજ મળી શકે તેમ છે.[3]

રાજપ્રકરણી આઝાદી એ પણ હિંદુસ્તાની હોય, એ યુરોપીય નમૂનો ન હોય, અંગ્રેજી પાર્લમેન્ટ કે સોવિયેટ રશિયા કે ઈટાલીનો નમૂનો હું કેમ લઉં? મારી રાજકીય આઝાદી આ જાતની ન હોય. એ તો હિંદુસ્તાનની ભૂમિને ભાવે એવી હશે. આપણે ત્યાં સ્ટેટ તો હશે પણ



Gandhi Heritage Portal

કારભાર કેવા પ્રકારનો હશે એ હું આજે ન બતાવી શકું. . . . મારી કલ્પના પ્રમાણે તો એમાં ઉમરાવ અને ગરીબ બંને એક ઝંડાની સલામી કરે છે. પંચ કહે તે પરમેશ્વર. એટલે આપણે ત્યાંના ભલા માણસ, હિંદુસ્તાનને જાણવાવાળા કરોડો માણસો જે માગે તેવું તંત્ર આપણને જોઈએ. એ રાજકીય આઝાદી. એમાં એક આદમીનું નહીં, પણ સૌનું રાજ્ય હશે.[૪]

સ્વરાજ માત્રનો આધાર સર્વાંશે આપણી પોતાની જ આંતરિક શક્તિ પર છે, ભારેમાં ભારે સંકટો સામે લડી પાર ઊતરવાની આપણી તાકાત પર છે. ખરું જોતાં જે સ્વરાજને મેળવવામાં અને ટકાવવામાં એવા પુરુષાર્થની જરૂર નથી તેને સ્વરાજ જ ન કહી શકાય. તેથી મેં વાણીથી તેમ જ કર્મથી બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે રાજકીય સ્વરાજ — એટલે કે સ્રીપુરુષોની મોટી સંખ્યાનું સ્વરાજ એ વ્યક્તિગત સ્વરાજ કરતાં જરાયે જુદી વસ્તુ નથી, અને તેથી વ્યક્તિગત સ્વરાજને માટે જે સાધનોની જરૂર છે તે જ સાધનોથી આ રાજકીય સ્વરાજ પણ મેળવવાનું છે.[૫]

સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુક્ત થવાનો સતત પ્રયાસ; પછી ભલે તે સરકાર પરદેશી હોય કે દેશની. જો લોકો જીવનની દરેક વિગતના નિયમન માટે સ્વરાજ સરકાર તરફ જોશે તો તે સ્વરાજમાં ઝાઝો સાર નહીં હોય.[૬]

મારું સ્વરાજ આપણી સંસ્કૃતિનો આત્મા અમર રાખવામાં રહેલું છે. હું અનેક નવી વસ્તુઓ લખવા માગું છું પણ તે હિંદી ધરતી ઉપર જ લખાવી જોઈશે. પશ્ચિમની પાસેથી લીધેલી વસ્તુ ઘટતા વ્યાજ સાથે હું પાછી વાળી શકીશ ત્યારે પશ્ચિમની પાસે કરજ લેતાં હું નહીં અચકાઉં.[૭]

સ્વરાજ ત્યાં જ જાળવી શકાય કે જ્યાં ઘણાં માણસો સાચાં ને સ્વદેશાભિમાની એટલે પ્રજાના હિતમાં પોતાનું હિત સમજનારાં હોય ને થોડાં જ લાલચુ, સ્વાર્થી ને અપ્રામાણિક હોય. સ્વરાજનો એક અર્થ તો

Gandhi Heritage Portal

એ છે જ કે 'ઘણાનું રાજ્ય'. એ ઘણા જો અનીતિમાન અથવા સ્વાર્થી હોય તો રાજ્યમાં અંધાધૂંધી જ હોય એ ચોખ્ખું છે.[૮]

મારા . . . આપણા સ્વપ્નના સ્વરાજમાં જાતિ કે ધર્મના ભેદભાવને સ્થાન નથી. તેમ જ તે ભણેલાનો કે ધનિકનો ઈજારો નહીં હોય. સ્વરાજ બધાને માટે હશે. બધામાં ખેડૂતોનો અને ખાસ કરીને લૂલાલંગડા, આંધળા, અને ભૂખે મરતા કરોડો મહેનતુ લોકોનો સમાવેશ થઈ જાય છે.[૯]

કહેવાય છે કે હિંદુસ્તાનમાં જ્યારે સ્વરાજ આવશે ત્યારે જે કોમની સંખ્યા મોટી હશે તે કોમનું રાજ થશે. આના કરતાં મોટી ભૂલ બીજી કઈ હોઈ શકે? જો આ વાત સાચી હોય તો આજે મારામાં એટલી શક્તિ છે કે હું એકલો એ રાજ્ય સામે લડું. એ રાજ્યને હું તો સ્વરાજ ન જ કહું. મારું હિંદ સ્વરાજ એટલે સૌનું રાજ્ય છે, ન્યાયનું રાજ્ય છે.[૧૦]

જો સ્વરાજ આપણી સભ્યતાને સ્વચ્છ અને સ્થાયી કરવાને માટે ન હોય તો તે નકામું છે. આપણી સભ્યતાનો અર્થ એ કે નીતિને વ્યવહારમાત્રમાં — ધર્મ, રાજ્ય, સમાજ, તમામ વ્યવહારમાં — સર્વોપરી સ્થાન આપવામાં આવે.[૧૧]

પૂર્ણ સ્વરાજ . . . 'પૂર્ણ' એટલા માટે કે જાતિ, ધર્મ કે દરજ્જાના કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર એ જેટલું રાજા માટે તેટલું જ ખેડૂત માટે, જેટલું ધનિક જમીનદાર માટે તેટલું જ ભૂમિહીન ખેડૂત માટે, જેટલું હિંદુ માટે, તેટલું જ મુસલમાન માટે, જેટલું પારસી અને જૈન માટે, તેટલું જ યહૂદી અને શીખ માટે છે.[૧૨]

સ્વરાજ શબ્દનો અર્થ પોતે તથા એને સિદ્ધ કરવા માટેનાં સાધનો — સત્ય અને અહિંસા — જેના પાલન માટે આપણે પ્રતિજ્ઞા-બદ્ધ છીએ તે બધું — સ્વરાજ કોઈને માટે ઓછું તો કોઈને માટે વધારે, અમુકને માટે લાભદાયી અને બીજાને માટે નુકસાનકારક હોવાની બધી શકયતાઓને અસંભવ બનાવી દે છે.[૧૩]

Gandhi Heritage Portal

મારા સ્વપ્નનું સ્વરાજ એ ગરીબનું સ્વરાજ છે. રાજા અને ધનિક વર્ગ જીવનની જે જરૂરિયાતોનો ઉપયોગ કરે છે, તે તમને પણ સુલભ હોવી જોઈએ. પણ એનો અર્થ એવો નથી કે તેઓની માફક તમારે પણ મહેલો હોવા જોઈએ. સુખને માટે તેની જરૂર નથી. તમે કે હું એમાં ભૂલા પડીએ. પણ તમને ધનિક ભોગવતો હોય એવી જીવનની બધી સામાન્ય સગવડો મળવી જોઈએ. એ બાબતમાં મને સહેજ પણ શંકા નથી કે જ્યાં સુધી સ્વરાજમાં આ સગવડોની ખાતરી આપવામાં નથી આવતી ત્યાં સુધી એ પૂર્ણ સ્વરાજ નથી.[૧૪]

મારી કલ્પનાનું પૂર્ણ સ્વરાજ એકલવાયું સ્વાતંત્ર્ય નથી પણ નીરોગી અને પ્રતિષ્ઠિત સ્વાતંત્ર્ય છે, મારો રાષ્ટ્રવાદ ઉગ્ર છે છતાં એકલપેટો નથી, કોઈ પણ પ્રજા કે વ્યક્તિને હાનિ કરવાનો તેનો ઉદ્દેશ નથી. કાયદાનાં સૂત્રો જેટલાં કાયદાનાં નથી તેટલાં સદાચારનાં સૂત્રો છે. 'તારા પડોશીની મિલકતને હાનિ ન પહોંચે એવી રીતે તારી મિલકત ભોગવ,' એ સૂત્રના સનાતન સત્ય પર મારો વિશ્વાસ છે.[૧૫]

સત્ય અને અહિંસા વડે સંપૂર્ણ સ્વતંત્રતાની સિદ્ધિ એટલે ન્યાતજાત, વર્ણ કે ધર્મના ભેદ વિના રાષ્ટ્રના એકેએક ઘટકની, અને તેમાંયે તેના રંકમાં રંક ઘટકની સ્વતંત્રતાની સિદ્ધિ. આવી સ્વતંત્રતામાંથી કોઈનેયે અળગા રાખવાપણું ન હોય. અને તેથી રાષ્ટ્રની બહાર બીજાં રાષ્ટ્રો સાથેના અને પ્રજાની અંદર તેના જુદા જુદા વર્ગોના પરસ્પરાવલંબન સાથે એ સ્વતંત્રતાનો પૂરેપૂરો મેળ હશે. અલબત્ત, જેમ આપણે દોરેલી કોઈ પણ લીટી યુક્લિડની તાત્ત્વિક વ્યાખ્યાની લીટીના કરતાં અધૂરી હોય તેમ તાત્ત્વિક સિદ્ધાન્તના કરતાં તેનો વહેવારમાં અમલ અધૂરો રહે છે. તેથી જેટલા પ્રમાણમાં આપણે સત્ય ને અહિંસાનો વહેવારમાં અમલ કરીશું તેટલા જ પ્રમાણમાં આપણે મેળવેલી સ્વતંત્રતા સંપૂર્ણ હશે.[૧૬]

એ બધાનો આધાર આપણે પૂર્ણ સ્વરાજનો શો અર્થ કરીએ છીએ અને તેની મારફત શું સિદ્ધ કરવા માગીએ છીએ તેના પર છે. આપણે જો પૂર્ણ સ્વરાજનો અર્થ આમજનતાની જાગૃતિ અને તેનામાં

Gandhi Heritage Portal

તેમના સાચા હિતની સમજ અને તે હિતને માટે આખી દુનિયા સામે ઊભા રહેવાની શક્તિ એવો કરતા હોઈએ તથા પૂર્ણ સ્વરાજ દ્વારા સંપ, અંદરના કે બહારના આક્રમણથી મુક્તિ, અને આમજનતાની આર્થિક હાલતમાં ઉત્તરોત્તર સુધારો ચાહતા હોઈએ, તો આપણે આપણું ધ્યેય રાજકીય સત્તા વગર અને ચાલુ સત્તા પર સીધો પ્રભાવ પાડીને હાંસલ કરી શકીએ.[૧૭]

સ્વરાજ, પૂર્ણ સ્વરાજ કે આઝાદી એટલે આપણા ઉપર કોઈ પરદેશી સલ્તનત રાજ ન કરે. એ આઝાદી ચારે બાજુની હોવી જોઈએ: ૧. એમાં અર્થસિદ્ધિ હોવી જોઈએ. ૨. બીજી રાજપ્રકરણી આઝાદી. ૩. સ્વરાજનો ત્રીજો ભાગ નૈતિક કે સામાજિક સ્વાતંત્ર્યનો છે. ૪. ચોથો ખૂણો ધર્મનો છે. તેમાં હિંદુ ધર્મ, ઈસ્લામ, ખ્રિસ્તી ધર્મ વગેરેનો સમાવેશ થાય છે. છતાં તે બધાથી શ્રેષ્ઠ છે. . . . આપણું સ્વરાજ ચતુષ્કોણ હોય. . . . ચારે ખૂણાને આપણે બરોબર સંભાળવાના છે. એને કોઈ કાનસ લગાવીને ઘસી નાખી નહીં શકે. એ તો સૌ ૯૦ અંશના કાટખૂણાઓ છે. એ ચાર ખૂણાઓનું બનેલું જે રાજ્ય તેને સ્વરાજ કહો; હું એને રામરાજ્ય કહું.[૧૮]

મારી કલ્પનાનું સ્વરાજ ત્યારે જ આવશે જ્યારે આપણે સૌ દૃઢપણે માનીશું કે એકમાત્ર સત્ય-અહિંસા થકી જ સ્વરાજ મેળવાય, ચલાવાય અને નભાવાય. ખરા આમવર્ગનું પ્રજાતંત્ર ખોટાં અને હિંસક સાધનોથી કદી ન મળે. કારણ તેમાં દબાવીને અગર તો મારી નાખીને બધા વિરોધીઓના નાશને સ્વાભાવિક પરિણામ તરીકે સ્વીકારવો પડે. એમાંથી વ્યક્તિની મુક્તિ ન જ ફળે. વ્યક્તિગત મુક્તિ નિર્ભેળ અહિંસામાંથી જ પરિણમે.[૧૯]

અહિંસક સ્વરાજમાં લોકોએ પોતાના હક જાળવવાપણું નથી હોતું. પણ પોતાના ધર્મ જાણવા પાળવાપણું અવશ્ય હોય છે. કોઈ ફરજ એવી નથી કે જેને છેડે કંઈક હક ન હોય. અને ખરા હક કે અધિકાર એ કે જે કેવળ પાળેલા ધર્મમાંથી ઉત્પન્ન થાય છે. જે સેવા-ધર્મ પાળે છે તેને જ શહેરીના ખરા હક મળે છે, ને તે જ તેને જીરવી

Gandhi Heritage Portal

શકે છે. જૂઠું બોલવાનો, મારપીટ કરવાનો અધિકાર તો સહુને છે, પણ તે અધિકારનો અમલ કરતાં અમલ કરનારને તેમ જ સમાજને નુકસાન થાય છે. પણ જે જૂઠું ન બોલવાનો એટલે સત્યનો ને મારપીટ ન કરવાનો એટલે અહિંસાનો ધર્મ પાળે છે તેને જે પ્રતિષ્ઠા મળે છે તે તેને ઘણા અધિકાર અપાવે છે. અને તેવા માણસ પોતાના અધિકારને પણ સેવા સારુ વાપરે છે, સ્વાર્થ સારુ કદી નહીં.

પ્રજાનું સ્વરાજ એટલે પ્રત્યેક વ્યક્તિના સ્વરાજમાંથી ઉત્પન્ન થયેલું પ્રજાસત્તાક રાજ્ય. આવું રાજ્ય એ કેવળ પ્રત્યેક વ્યક્તિના શહેરી તરીકેના ધર્મના પાલનમાંથી જ ઉત્પન્ન થાય છે. આ સ્વરાજમાં કોઈને પોતાના અધિકારનો ખ્યાલ સરખોય નથી હોતો. અધિકાર આવશ્યક હોય ત્યારે એની મેળે દોડી આવે છે.[૨૦]

અહિંસક સ્વરાજમાં કોઈ કોઈના દુશ્મન ન હોય. બધા પોતપોતાનો ફાળો ભરે. કોઈ નિરક્ષર ન હોય. ઉત્તરોત્તર તેનું જ્ઞાન વધતું જાય. આવી પ્રજામાં રોગ ઓછામાં ઓછા હોય. કંગાલ કોઈ હોય નહીં. મહેનત કરનારને મહેનત મળતી હોય. તેમાં જુગાર, મદ્યપાન, વ્યભિચાર ન હોય; વર્ગવિગ્રહ ન હોય. ધનિક પોતાનું ધન વિવેકસર વાપરે, ભોગવિલાસ વધારવામાં કે અતિશય રાખવામાં નહીં. મૂઠીભર ધનિક મીનાકારીના મહેલમાં રહે અને હજારો કે લાખો લોક હવા-અજવાળું ન હોય એવાં અંધારિયાંમાં રહે એમ ન હોય. . . . કોઈના વાજબી હક ઉપર અહિંસક સ્વરાજમાં કોઈ તરાપ ન મારી શકે. એથી ઊલટું કોઈ ગેરવાજબી હક પણ ન ભોગવી શકે. જ્યાં તંત્ર વ્યવસ્થિત છે ત્યાં ગેરવાજબી હક કોઈથી ભોગવી શકાતા નથી. ગેરવાજબી હક ભોગવનારની સામે હિંસાનો ઉપયોગ કરવાપણું નથી રહેતું.[૨૧]

Gandhi Heritage Portal

## ૨

# આદર્શ સમાજનું ચિત્ર

[નવી દિલ્હીમાં, ભંગી કૉલોનીમાં સાંજની પ્રાર્થનામાં એક દિવસે ગાવામાં આવેલા ભજનમાં ગાંધીજીએ તેમના આઝાદ હિંદનું ચિત્ર તેના મહત્ત્વના અંશોમાં મૂર્ત થતું ભાળ્યું. એ ચિત્ર તેમના ચિત્તમાં ચોંટી ગયું. તેમણે તેનો અનુવાદ અંગ્રેજીમાં કર્યો અને તે લૉર્ડ પેથિક લૉરેન્સને મોકલી આપ્યો. એ ભજન આ પ્રમાણે છે]

हम ऐसे देशके वासी हैं,
 जहाँ शोक नहीं और आह नहीं ।
जहाँ मोह नहीं और ताप नहीं ।
 जहाँ भरम नहीं और चाह नहीं ।।

जहाँ प्रेमकी गंगा बहती है ।
 सब सृष्टि आनन्दित रहती है ।
जो है याँ एक जहेती है,
 दिन रात नहीं सन माह नहीं ।।

सबको है सब कुछ मिला हुआ ।
 याँ सब सौदा है तुला हुआ ।
एक सांचमें सब ढला हुआ ।
 कुछ कमी नहीं परवाह नहीं ।।

जहाँ स्वारथके नाम रूप नहीं ।
 कोई खास नहीं कोई आम नहीं ।।
कोई करता और गुलाम नहीं ।
 जहाँ दीप्ति रहती पर दाह नहीं ।।



Gandhi Heritage Portal

तेरे अंतरमें वह है
वह स्वराज्य स्वदेश है ।।
तेरे अंतर माँह निलय
जय, जय, जय, जय, जय ।
चाहनेसे मिलता है ।।[१]

[જે ઉદ્‌ભવ્યું એ, તેમના સ્વપ્નના હિંદનું ચિત્ર હતું.]

એ જ્ઞાતિવિહીન અને વર્ગવિહીન સમાજનું, જેમાં ઊર્ધ્વગામી (વર્ટિકલ) વિભાગો બિલકુલ ન હોય, પણ સમાન્તર (હોરિઝોન્ટલ) વિભાગો હોય તથા જેમાં કોઈ ઊંચું કે કોઈ નીચું ન હોય, એવા સમાજનું ચિત્ર હતું. એમાં બધી સેવાઓનો દરજ્જો સમાન હશે. તથા તેને માટે એકસરખું વેતન મળતું હશે, જેમની પાસે વધારે હશે તેઓ પોતાના એ લાભનો ઉપયોગ પોતાને માટે નહીં કરે, પણ જેમની પાસે ઓછું હોય તેમની સેવા માટે ટ્રસ્ટ તરીકે કરશે. ધંધોરોજગાર પસંદ કરવા પાછળનો આશય, અંગત બઢતી નહીં પણ સમાજની સેવા દ્વારા આત્મ-અભિવ્યક્તિ અને આત્મસાક્ષાત્કાર હશે.

એવા સમાજમાં બધી સેવાઓનો દરજ્જો તથા તેને માટે મળતું વેતન સરખાં હશે. એટલે, વંશપરંપરાથી ઊતરી આવેલાં કળા કૌશલ્યનો, અંગત ફાયદાને લોભે ભોગ આપવાને બદલે તે પેઢી દર પેઢી સાચવી રાખવામાં આવશે તેમ જ વિકસાવવામાં આવશે. બેલગામ અને હૈયાસૂની હરીફાઈનું સ્થાન સમાજની સેવાનો સિદ્ધાંત લેશે. દરેક જણ મહેનત મજૂરી કરતો હશે, પરંતુ કેળવણી અને સંસ્કારિતા માટે તેને પૂરતી નવરાશ, તક અને સગવડો મળી રહેશે. ગૃહઉદ્યોગની તથા નાના પાયા પરની સઘન ખેતીની સહકારી મંડળીઓની એ અદ્‌ભુત દુનિયા હશે અને તેમાં કોમવાદ અથવા જ્ઞાતિઓને કશું પણ સ્થાન નહીં હોય. છેલ્લે, એ સ્વદેશીની દુનિયા હશે, જેમાં આર્થિક સીમાઓ બહુ નજીક નજીક આવેલી હશે, પરંતુ વ્યક્તિસ્વાતંત્ર્યના ક્ષેત્રની સીમા વધારેમાં વધારે વિસ્તારવામાં આવી હશે; પ્રત્યેક વ્યક્તિ પોતાની સાવ નજીકની વસ્તુસ્થિતિ માટે જવાબદાર હશે અને સઘળી વ્યક્તિઓ સમાજ માટે

Gandhi Heritage Portal

જવાબદાર હશે. હકો તથા ફરજોનું નિયમન પરસ્પરાવલંબન તથા અન્યોન્યાશ્રયના સિદ્ધાંત દ્વારા કરવામાં આવતું હશે. સમગ્ર વસ્તુ અને તેના અંગ વચ્ચે ઘર્ષણ નહીં હોય, રાષ્ટ્રવાદ સંકુચિત, સ્વાર્થી કે આક્રમણકારી થવાનો અથવા આંતરરાષ્ટ્રીયવાદ, જેના ગગનવિહારના ધૂમસમાં નક્કર વસ્તુ ખોવાઈ જાય, એવી કેવળ તાત્ત્વિક કલ્પના બની જવાનો કશો પણ ભય નહીં હોય.[૨]

તેમાં કોઈ ગરીબ નહીં હોય, ભિખારી નહીં હોય; કોઈ ઊંચો નહીં હોય ને કોઈ નીચો નહીં હોય; કોઈ તેમાં કારખાનાનો કરોડાધિપતિ માલિક નહીં હોય, ને કોઈ અર્ધે પેટે કામ કરનારો મજૂર નહીં હોય; નહીં તેમાં દારૂ જોવાને મળે, નહીં બીજી કેફી ચીજો જોવાની જડે; તેમાં સૌ રાજીખુશીથી અને અભિમાનથી પોતાનો રોટલો કમાવાને અંગમહેનત કરતાં હશે; એ સ્વર્ગમાં જેવો પુરુષોનો દરજ્જો હશે ને તેમનાં માનઆબરૂ હશે તેવાં જ સ્ત્રીઓનાં હશે; એમાં સ્ત્રી અને પુરુષ બન્નેની પવિત્રતાની પૂરતી સંભાળ રાખવામાં આવતી હશે. ઉંમર પ્રમાણે હરેક સ્ત્રીને એમાં વસતા હરેક ધર્મને અનુસરનારા પુરુષો પોતાની મા, બહેન અગર દીકરી ગણશે; એ દેશમાં અસ્પૃશ્યતા નહીં હોય ને સર્વ ધર્મોનો સરખો આદર રાખવામાં આવશે. જે કોઈ આ બધું સાંભળે અગર વાંચે તે સૌ સૂર્યના જીવનદાયી તડકામાં પડ્યો પડ્યો હું આ કાલ્પનિક ચિત્રના આનંદની લહેરમાં ઘસડાયો તે માટે મને માફ કરે.[૩]

Gandhi Heritage Portal

૩

# શાંતિનો માર્ગ કયો ?

**ઉદ્યોગવાદ**

મને બીક છે કે ઉદ્યોગવાદ માનવજાતિને શાપરૂપ નીવડવાનો છે, એક પ્રજા બીજી પ્રજાને લૂંટે એ હમેશને માટે ન ચાલી શકે. ઉદ્યોગવાદનો આધાર તમારી લૂંટવાની શક્તિ પર, પરદેશનાં બજારો તમારે માટે ખુલ્લાં થવા પર, અને હરીફોના અભાવ પર છે. આ વસ્તુઓ ઈંગ્લંડને માટે દહાડે દહાડે ઓછી થતી જાય છે તેથી દરરોજ એનાં બેકારોની સંખ્યા વધતી જાય છે. હિંદુસ્તાનનો બહિષ્કાર એ તો ફક્ત ચાંચડનો એક ચટકો હતો. અને જો ઈંગ્લંડની એ દશા હોય તો હિંદુસ્તાન જેવો વિશાળ દેશ મોટા પાયા પર ઉદ્યોગો દાખલ કરીને લાભ ખાટવાની આશા ન રાખી શકે. ખરું જોતાં હિંદુસ્તાન જ્યારે બીજી પ્રજાઓને લૂંટવા માંડશે — અને જો મોટા પાયા પર ઉદ્યોગો ચલાવે તો તેણે તેમ કર્યે જ છૂટકો — તો તે બીજી પ્રજાઓને શાપરૂપ અને જગતને ત્રાસરૂપ થઈ પડશે, અને બીજી પ્રજાઓને લૂંટવા માટે હિંદમાં મોટા ઉદ્યોગો દાખલ કરવાનો વિચાર હું શા માટે કરું? આજની દુ:ખદ સ્થિતિ તમે નથી જોતા? આપણે આપણા ત્રીસ કરોડ બેકારો માટે કામ શોધી શકીએ છીએ, પણ ઈંગ્લંડ તેના ત્રીસ લાખ માટે કશું કામ નથી શોધી શકતું અને તેની સામે જે સવાલ આવી પડ્યો છે તે ઈંગ્લંડના ભારેમાં ભારે બુદ્ધિશાળી લોકોને હંફાવી રહ્યો છે. ઉદ્યોગવાદનું ભાવિ કાળું છે. અમેરિકા, જાપાન, ફ્રાન્સ, જર્મની એ ફતેહમંદ હરીફો ઈંગ્લંડને મળ્યા છે. હિંદની મૂઠીભર મિલોની પણ તેની સામે હરીફાઈ છે. અને જેમ હિંદમાં જાગૃતિ થઈ છે તેમ દક્ષિણ આફ્રિકામાં પણ જાગૃતિ થશે. તેની પાસે તો અનેક ગણી વિશાળ સમૃદ્ધિ — કુદરતી ખાણોની, તેમ જ મનુષ્યની — પડેલી છે. કદાવર અંગ્રેજો આફ્રિકાની કદાવર કોમો આગળ સાવ વેંતિયા દેખાય છે. તમે કહેશો કે તેઓ કંઈ નહીં તો ખાનદાન



Gandhi Heritage Portal

જંગલીઓ છે. તેઓ ખાનદાન અવશ્ય છે, પણ જંગલી તો નથી. . . અને થોડાં જ વરસમાં પશ્ચિમની પ્રજાઓ જોશે કે તેમનો માલ . . . ઓછા ભાવે વેચવાનું દ્વાર બંધ થઈ ગયું છે. અને જો ઉદ્યોગવાદનું ભાવિ પશ્ચિમમાં કાળું હોય તો હિંદને માટે તો એથીયે કાળું ન નીવડે?[૧]

'આજની અંધાધૂંધીનું શું કારણ?' ચૂસણનીતિ. દુર્બળ રાષ્ટ્રોને શક્તિશાળી રાષ્ટ્રો ચૂસે છે તેની વાત હું નહીં કરું, પણ એક રાષ્ટ્ર પોતાના ભાઈબંધ બીજા રાષ્ટ્રને ચૂસે છે તેની વાત કરું છું. યંત્રોને લીધે જ એક રાષ્ટ્ર બીજાં રાષ્ટ્રોને ચૂસી શકે છે એ વસ્તુસ્થિતિને કારણે જ યંત્રો સામે મારો વિરોધ છે. એમ તો એ નિર્જીવ વસ્તુ છે અને એનો સારો અને ખોટો બંને ઉપયોગ થઈ શકે છે, પરંતુ આપણે જાણીએ છીએ કે એનો ખોટો ઉપયોગ સહેલાઈથી થઈ શકે છે.[૨]

ખરે આજે તો પશ્ચિમ ઉદ્યોગવાદથી અને શોષણવાદથી ઓચાઈ ગયું છે. જો પશ્ચિમને એ રોગોની દવા ન મળતી હોય તો પશ્ચિમની નિશાળે ભણનારા આપણે નવા નિશાળિયા એ રોગનું નિવારણ શી રીતે કરી શકીશું? એ આખો ઔદ્યોગિક સુધારો એક ભારે રોગ છે, કારણ એ અનિષ્ટમય છે, મોટાં મોટાં નામોથી આપણે રખે ઠગાતા! આગબોટ અને તારની સાથે મારે અદાવત નથી. ઉદ્યોગવાદ અને તેની સાથે જે અનિષ્ટપરંપરા લાગેલી છે તે બાદ રાખીને જો આગબોટ અને તાર રાખી શકાતાં હોય તો રાખીએ. એ કાંઈ સાધ્ય નથી. આગબોટ અને તારની ખાતર આપણે ચુસાવાનું કબૂલ ન કરી શકીએ. માનવજાતિના શાશ્વત કલ્યાણને માટે એ અનિવાર્ય વસ્તુઓ નથી. વરાળ અને વીજળીના ઉપયોગ આપણે જાણીએ છીએ એટલે યોગ્ય પ્રસંગે જ, અને ઉદ્યોગવાદમાં તણાયા વિના, તેનો ઉપયોગ આપણે કરી જાણવો જોઈએ. એટલે ઉદ્યોગવાદનો કોઈ પણ રીતે આપણે નાશ કરવો જ રહ્યો.[૩]

જેને એક છેડે ભૌતિક સમૃદ્ધિ માટેની અતૃપ્ત મહત્ત્વાકાંક્ષા છે અને બીજે છેડે તેમાંથી પરિણમતું યુદ્ધ છે એવી આ સંસ્કૃતિ તરફ શંકાની નજરે જોતો અને ઉત્તરોત્તર વધતો જતો એવો એક જાગ્રત વર્ગ છે.

Gandhi Heritage Portal

પણ એ સંસ્કૃતિ સારી હોય કે ખોટી, હિંદનું ઉદ્યોગીકરણ પશ્ચિમની રીતે શા માટે કરવું જોઈએ? પશ્ચિમની સંસ્કૃતિ શહેરી છે. ઇંગ્લંડ કે ઇટાલી જેવા નાના દેશો તેમની પદ્ધતિઓને શહેરી બનાવે તે પરવડે. આછી વસ્તીવાળા અમેરિકા જેવા મોટા દેશને પણ એમ જ કરવું પડે. પણ ગીચ વસ્તીવાળા વિશાળ દેશને, જેની પ્રાચીન પ્રણાલિકાઓ ગ્રામીણ છે અને જે તેને આજ સુધી ઉપયોગી થતી આવી છે, તે દેશે પશ્ચિમના નમૂનાનું અનુકરણ કરવાની જરૂર નથી, ન કરવું જોઈએ. એક સ્થિતિમાં રહેલા દેશ માટે જે સારું છે તે બીજી સ્થિતિમાં આવેલા દેશ માટે સારું હોય જ એમ નથી. એકનો ખોરાક તે બીજા માટે ઝેર હોઈ શકે. દેશની ભૌગોલિક સ્થિતિ તેની સંસ્કૃતિ ઘડવામાં ઘણો મોટો ભાગ ભજવે છે. ધ્રુવ પ્રદેશોમાં રહેનાર માટે રુવાંટીનો ડગલો (ફર-કોટ) જરૂરી થઈ પડે; પણ વિષુવવૃત્તના પ્રદેશમાં રહેનારને તે ગૂંગળાવી નાખે.[૪]

હાલની દુ:ખદાયક દશા અસહ્ય તો છે જ. ગરીબીનો નાશ થવો જ જોઈએ. પણ ઉદ્યોગવાદ એનો ઉપાય નથી. આપણે બળદગાડાં વાપરીએ છીએ તેમાં દોષ નથી રહ્યો, દોષ તો આપણી સ્વાર્થી વૃત્તિ, અને આપણા પડોશીઓના સ્વાર્થ પ્રત્યેના દુર્લક્ષમાં રહ્યો છે. જો આપણને આપણા પડોશીને વિષે પ્રેમ ન હોય તો ગમે તેવું જબરદસ્ત પરિવર્તન પણ આપણને લાભ કરી શકે એમ નથી.[૫]

મારી પાસે તાકાત હોય તો આજે જ હું આવા આ તંત્રને મિટાવું અને તેમ કરવામાં જીવલેણમાં જીવલેણ હથિયારો વાપરતાં આંચકો ન ખાઉં, — જો તેનાથી તેનો નાશ થવા વિષે મને ખાતરી હોય. તેવાં સાધનોનો ઉપયોગ હું એટલા સારુ કરતો નથી કે એવું સાધન એ તંત્રના અત્યારના સંચાલકોનો નાશ કરે તોપણ તંત્રને તો કાયમ જ કરે. જે લોકો માણસોની બૂરાઈનો નાશ કરવાને બદલે તેવાં માણસોનો જ નાશ કરવા માગે છે તેઓ પોતે જ પેલાઓની બૂરાઈઓ અખત્યાર કરે છે અને માણસોને મારવાથી તેમનામાંની બૂરાઈઓ મરશે એવી ભ્રમણામાં તેઓ જેમનો નાશ કરે છે તેમને વટાળે એવા પંડે બની બેસે છે. બૂરાઈનાં મૂળ ક્યાં છે એ વાતની એમને સમજ નથી હોતી.[૬]

Gandhi Heritage Portal

વિશાળ ઉદ્યોગોની સાથે હરીફાઈ અને ખપતના પ્રશ્નો આવશે, એટલે ગ્રામવાસીઓનું સીધું કે આડકતરું શોષણ થયા વિના નહીં જ રહેવાનું. તેથી આપણે ગામડાંને સ્વાવલંબી, સ્વયંપૂર્ણ બનાવવામાં બધી શક્તિ વાપરવાની છે, ને મોટે ભાગે જે ચીજો વાપરવાની હોય તે જ બનાવવાની છે. ગ્રામોદ્યોગનું આ રૂપ જળવાઈ રહે તો ગ્રામવાસીઓ પોતે બનાવીને વાપરી શકે એવાં આધુનિક યંત્રો અને ઓજારો વાપરે એમાં કશો વાંધો નથી. માત્ર એ બીજાને ચૂસવાનાં સાધન તરીકે ન વાપરવાં જોઈએ.[૭]

કોઈ પણ દેશને કોઈ પણ પ્રસંગે યંત્રોદ્યોગો ખીલવવાની જરૂર હોય, એમ હું માનતો નથી. હિંદને તો આ વસ્તુ વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે. ખરેખર, ગૃહઉદ્યોગો દ્વારા પોતાનાં લાખ્ખો ઝૂંપડાંઓની ખિલવણી કરી, સાદું પણ ઉમદા જીવન અપનાવીને તથા દુનિયા જોડે સુલેહશાંતિથી રહીને જ સ્વતંત્ર હિંદ ત્રાહિ ત્રાહિ પોકારી રહેલી દુનિયા પ્રત્યેની પોતાની ફરજ અદા કરી શકશે, એમ હું માનું છું. લક્ષ્મીની પૂજાએ આપણા પર લાદેલી અતિશય વેગીલી યંત્રશક્તિ પર રચાયેલા એવા જટિલ ભૌતિક જીવન સાથે ઉચ્ચ વિચારસરણીનો મેળ નથી. આપણે ઉમદા જીવન જીવવાની કળા શીખીએ, તો જ જીવનનું સઘળું માધુર્ય પ્રગટાવી શકીશું.

ઠીસી ઠીસીને સશસ્ત્ર બનેલી દુનિયા તથા તેના ઠાઠમાઠ અને આડંબર સામે વિસ્તાર અને વસ્તીમાં ચાહે એટલા મોટા પણ એકલ-દોકલ રાષ્ટ્રને માટે આવું સાદું જીવન શક્ય છે કે નથી, એ અશ્રાદ્ધાળુ-ના મનમાં શંકા ઉપજાવે, એવો સવાલ છે. એનો જવાબ સીધો અને સરળ છે. સાદાઈનું જીવન જો જીવવા જેવું હોય, તો એ પ્રયત્ન કરવા જેવો છે; પછી એવો પ્રયાસ કરનાર ભલેને એક જ વ્યક્તિ કે ગણીગાંઠી વ્યક્તિઓનું એક નાનકડું જૂથ હોય.[૮]

યુરોપનો સુધારો યુરોપિયનોને માટે જરૂર અનુકૂળ છે, પણ જો આપણે એની નકલ કરવા જઈશું તો તેમાં હિંદુસ્તાનની પાયમાલી થશે. આમ કહેવાનો અર્થ એ નથી કે આપણે એમાં જે સારું અને ગ્રાહ્ય

Gandhi Heritage Portal

હોય તેનું ગ્રહણ ન કરવું, તેમ એનો અર્થ એ પણ નથી કે એમાં જે ખરાબ વસ્તુ ઘૂસી ગઈ હશે તે યુરોપિયનોને પણ નહીં છોડવી પડે. શારીરિક ભોગોની અવિરત શોધ અને તેનો વધારો એ એવી એક ખરાબ વસ્તુ છે; અને હું હિંમતભેર કહું છું કે જે ભોગોના તેઓ ગુલામ બની રહ્યા છે તેના વજન તળે દબાઈને તેમને પાયમાલ થવું ન હોય તો તેમને પોતાને પણ તેમની જીવનદૃષ્ટિને નવું રૂપ આપવું પડશે. મારો અભિપ્રાય ખોટો હોય એમ બને, પણ એટલું તો હું જાણું છું કે હિંદને માટે સુવર્ણમૃગ પાછળ દોડવું એ અચૂક મોત વહોરવા બરોબર છે. 'સાદી રહેણી અને ઊંચા વિચાર' એ એક પશ્ચિમના ફિલસૂફનું સૂત્ર આપણે આપણાં હૃદય પર કોતરી રાખીએ. આજે એટલું તો ચોક્કસ છે કે કરોડોને ઊંચી રહેણી મળવી અસંભવિત છે, અને આપણે મૂઠીભર માણસો — જેઓ આમવર્ગને માટે વિચાર કરવાનો દાવો કરીએ છીએ તેઓ — ઊંચી રહેણીની મિથ્યા શોધમાં ઊંચા વિચારને ખોઈ બેસવાનું જોખમ ખેડી રહ્યા છીએ.[૯]

આપણા ઘણા દેશવાસીઓને મેં એમ કહેતા સાંભળ્યા છે કે આપણે અમેરિકાની જેટલી સમૃદ્ધિ મેળવીશું પણ તેની કાર્યપદ્ધતિઓ આપણે ટાળીશું. હું કહેવાની હિંમત કરું છું કે, એવો પ્રયાસ જો કરવામાં આવશે તો તે ખચીત નિષ્ફળ નીવડવાનો છે. આપણે એક ક્ષણમાં 'શાણા, મર્યાદાશીલ અને ઉશ્કેરાયેલા' બની શકીએ નહીં. . . . જે દેશને મિલોનાં ભૂંગળાંમાંથી નીકળતા ધુમાડાએ અને કારખાનાંના ઘોંઘાટે કદરૂપો બનાવી મૂક્યો છે, તથા પોતે શું કરી રહ્યા છે તેની મોટે ભાગે જેમને કશી ગતાગમ હોતી નથી એવા, તેમ જ ઘણી વાર શૂન્યમનસ્ક હોય એવા, માણસોથી ખીચોખીચ ભરેલા સંખ્યાબંધ ડબ્બાઓ જેના રસ્તાઓ પરથી ઍંજિન ઘસડી લઈ જતાં હોય એવા દેશમાં દેવો વસતા હોય એવી કલ્પના કરવાનું શકય નથી. એ રીતે ઘેટાંબકરાંની જેમ ઠાંસી ઠાંસીને ભરવામાં આવેલાં માણસો એકબીજાથી સાવ અપરિચિત હોય છે અને ભારે અગવડ ભોગવતાં હોવાને કારણે, બની શકે તો સૌ એકબીજાને તેમાંથી ધકેલી કાઢવાને તાકતાં હોય છે. આ બધી વસ્તુઓનો ઉલ્લેખ હું એટલા માટે કરું છું કે, તેમને ભૌતિક પ્રગતિની નિશાની રૂપ લેખવામાં

Gandhi Heritage Portal

આવે છે. પરંતુ તેનાથી આપણા સુખમાં રતીભાર પણ વધારો થતો નથી.[૧૦]

પંડિત નેહરુને વિશાળ યાંત્રિક ઉદ્યોગો જોઈએ છે, કેમ કે તે માને છે કે એ ઉદ્યોગો પર જો રાજ્યની માલિકી સ્થાપવામાં આવે તો તે મૂડીવાદનાં અનિષ્ટોથી મુક્ત રહેવા પામે. મારો પોતાનો મત એવો છે કે એ અનિષ્ટો વિશાળ યંત્રોદ્યોગો જોડે સ્વભાવત: જડાયેલાં છે, ને રાજ્યની માલિકી કરો તોયે તે નાબૂદ થઈ શકે એમ નથી.[૧૧]

આજે રશિયામાં મોટા યંત્રોદ્યોગો પરાકાષ્ઠાએ પહોંચેલા છે એમ કહી શકાય. એ રશિયા સામે નજર નાખું છું તો ત્યાંનું જીવન મને આકર્ષક લાગતું નથી. બાઈબલની ભાષામાં કહું તો 'માણસ આખું જગત જીતે પણ જો પોતાનો આત્મા ગુમાવે તો એથી એનું શું શ્રેય થવાનું હતું?' આધુનિક ભાષામાં કહીએ તો માણસ પોતાનું વ્યક્તિત્વ ગુમાવે અને યંત્રના એક જડ ખીલા જેવો બની જાય તો એના મનુષ્ય તરીકેના ગૌરવને એબ લાગે. દરેક વ્યક્તિ સમાજનો પૂર્ણ સંસ્કારી, પૂરો વિકાસ પામેલો અંશ બને તેમ હું તો ઈચ્છું છું. ગામડાંઓએ સ્વાશ્રયી, સ્વયંપૂર્ણ બનવું જ જોઈએ. અહિંસાને રસ્તે કામ લેવું હોય તો એથી બીજો ઉકેલ હું જોતો જ નથી. મારા મનમાં તો એ વિષે લવલેશ શંકા નથી.[૧૨]

ઈશ્વર હિંદુસ્તાનને યંત્રયુગથી અને સંસારને યંત્રમય હિંદુસ્તાનથી બચાવો. આજે એક મૂઠી જેટલી કોમ (ઈંગ્લંડ) આર્થિક લૂંટને પંથે ચડી આખા જગતની જંગલી અભણ ગણાતી કોમોના પેટ ઉપર પગ મૂકીને બેઠેલી છે. જો તેત્રીસ કરોડ લોકોની પ્રજા આ માર્ગે ચડે તો આખા સંસારને વેરાન કરી નાખે.[૧૩]

હિંદુસ્તાનનું ભાવિ પશ્ચિમના રક્તમલિન પંથે નથી — પશ્ચિમ જ એથી કંટાળ્યું છે — પણ સાદા અને પવિત્ર જીવનથી જે શાંતિ મળે છે તે શાંતિવાળા રક્તરહિત પંથે છે. હિંદુસ્તાન આજે પોતાનો આત્મા ખોવાના જોખમમાં છે. એ આત્મા ખોઈને એ જીવી ન શકે. એટલે


Gandhi Heritage Portal

'પશ્ચિમના હુમલાના સામે અમારાથી ન ટકી શકાય' એમ પ્રમાદથી અને લાચારીથી કહેવાને બદલે આપણે પોતાની અને જગતની ખાતર તેની સામે અટકાવ કરવાને કમર કસવી જોઈએ.[૧૪]

### યંત્ર

'આદર્શ તરીકે આપ સંચાનો સદંતર ત્યાગ ન ઇચ્છો?'

આદર્શ તરીકે તો હું કબૂલ કરું કે સંચાનો સર્વથા ત્યાગ હોવો જોઈએ, જેમ આદર્શ તરીકે શરીરનોયે સર્વથા ત્યાગ આવશ્યક છે. કારણ શરીર મોક્ષમાં અંતરાયરૂપ નીવડે તો તે ત્યાજ્ય જ છે અને એ વિચારે તો સાદામાં સાદા સંચાનો—હળ અને સોય જેવાનો પણ હું ત્યાગ કરું. પણ એ વસ્તુઓ રહેવાની—જેમ શરીર રહે છે—એક અનિવાર્ય અનિષ્ટ તરીકે એ વસ્તુઓ રહેવાની.[૧૫]

યંત્રોને માટે સ્થાન છે, તે કાયમ થઈ ગયાં છે. પણ તેમને માનવીના આવશ્યક પરિશ્રમનું સ્થાન લેવા દેવું જોઈએ નહીં. સુધારવામાં આવેલું હળ સારી વસ્તુ છે. પરંતુ કોઈ માણસ પોતાની કોઈક અણધારી યાંત્રિક શોધ દ્વારા હિંદની બધી જમીન ખેડી શકે અને ખેતીની સઘળી પેદાશ પર પોતાનો કાબૂ જમાવે તથા કરોડો લોકોને માટે બીજો કશો રોજગાર રહે નહીં તો તેઓ ભૂખે મરશે અને આળસુ રહેવાને કારણે ઠોઠ થઈ જશે. કેટલાક તો આજેયે એવા થઈ જ ગયા છે. પણ એ સ્થિતિમાં બીજા અનેક લોકો એવી દુર્દશામાં મુકાઈ જવાનું હરપળે જોખમ રહે છે.

ઘરગતુ યંત્રમાં હરેક પ્રકારના સુધારાને હું વધાવી લઉં, પરંતુ એની સાથે સાથે જ આપણે કરોડો ખેડૂતોને તેમને ઘરઆંગણે બીજો કંઈ રોજગાર આપવાને તૈયાર હોઈએ તે સિવાય નૈસર્ગિક શક્તિથી ચાલતી ત્રાકો દાખલ કરીને હાથના પરિશ્રમને સ્થાનભ્રષ્ટ કરવો એ ગુનો છે એમ હું સમજું છું.[૧૬]

જે યંત્ર સૌના હિતમાં ઉપયોગી થાય એમ હોય તેનો જ ઉપયોગ વાજબી ગણાય.[૧૭]

Gandhi Heritage Portal

એથી જો હિંદનું દારિદ્ય અને તેમાંથી પેદા થતું આળસ ટાળી શકાતું હોય તો હું ચાહે તેટલા અટપટા યંત્રના ઉપયોગની તરફેણ કરું. મેં રેંટિયો ગરીબાઈ દૂર કરવાના તથા કામ અને સંપત્તિના દુકાળને અશક્ય કરી મૂકવાના એકમાત્ર ઉપલબ્ધ સાધન તરીકે સૂચવ્યો છે, ખુદ રેંટિયો પણ કીમતી યંત્ર છે. અને હિંદની વિશિષ્ટ પરિસ્થિતિને અનુકૂળ હોય એવા સુધારાઓ તેમાં કરવાનો મેં મારી રીતે યત્કિંચિત્ પ્રયાસ કર્યો છે.[૧૮]

'તમે યંત્રોની વિરુદ્ધ છો?'

ઉત્તરમાં હું ઘસીને 'ના' કહું છું. પણ યંત્રો વિચાર વિના વધાર્યે જવાની હું વિરુદ્ધ છું, અને યંત્રોની દેખીતી સફળતાથી હું અંજાવાને તૈયાર નથી. વળી દરેક હિંસક યંત્રની સામે મારો હડહડતો વિરોધ છે. પણ વ્યક્તિની મહેનત બચાવે, અને કરોડો ઝૂંપડાંવાસી ગામડિયાઓનો બોજો હલકો કરે એવાં સાદાં હથિયાર અને સાધનોને હું જરૂર વધાવી લઉં.[૧૯]

મારો ઝઘડો યંત્રોની ઘેલછા સામે છે, યંત્રોની સામે નથી. પરિશ્રમનો બચાવ કરનારાં કહેવાતાં યંત્રોની ઘેલછા સામે મારો ઝઘડો છે. પરિશ્રમ એટલે દરજ્જે બચાવ્યા જાય છે કે આખરે હજારો અને લાખોને બિચારાઓને ભૂખે ટળવળવું પડે છે, અને અંગ ઢાંકવાનું પણ કશું મળતું નથી. મારે સમય અને પરિશ્રમનો બચાવ જરૂર કરવો છે, પણ તે ખોબા જેટલા માણસોને માટે નહીં, પણ સમસ્ત માનવજાતિ માટે; સમય અને પરિશ્રમનો બચાવ થઈ ખોબા જેટલા લોક ધનાઢ્ય થઈને બેસે એ મને અસહ્ય છે — હું તો સૌનો પરિશ્રમ અને સમય બચે એ ઇચ્છું, સૌ કોઈ ખાઈ શકે, અને પહેરી ઓઢી શકે એ ઇચ્છું, સર્વોદય ઇચ્છું. આજે યંત્રોને પરિણામે લાખોની પીઠ ઉપર ખોબા જેટલા લોક સવાર થઈને બેઠા છે અને તેમને રગડે છે, કારણ એ યંત્રો ચલાવવા પાછળ લોભ રહેલો છે, ધનતૃષ્ણા રહેલી છે, જનકલ્યાણ નથી રહેલું.

'ત્યારે આપ યંત્રોના દુરુપયોગ વિરુદ્ધ છો, સદુપયોગ વિરુદ્ધ નહીં.'

Gandhi Heritage Portal

હા, પણ એને ઠીક સમજી લો. વિજ્ઞાનની શોધો એ ધનપ્રાપ્તિનાં સાધન પહેલાં મટવાં જોઈશે. એ ધનપ્રાપ્તિનાં સાધન મટશે ત્યારે જ યંત્રોનો સદુપયોગ થશે. ત્યારે જ કારીગરોને અસહ્ય કામનો બોજો ન રહે, ત્યારે કારીગરો કામદારો મટી માણસ બનશે. યંત્રો કલ્યાણસાધક હોય તો ભલે હો. એટલે યંત્રોનો સદંતર નાશ નહીં, પણ એની મર્યાદા બંધાય એમ હું ઈચ્છું છું.

'તો છેવટે પછી યંત્રમાત્ર અનિષ્ટ છે એમ નહીં કહેવું પડે?

કદાચ કહેવું પડે. પણ યંત્રો જ્યાં સુધી માણસના ઉપર હુમલો નથી કરતું ત્યાં સુધી સહ્ય છે, તે માણસને અપંગ નથી કરી મૂકતું ત્યાં સુધી સહ્ય છે. એટલે કેટલાંક યંત્ર તો ઉપયોગી રહેવાનાં જ. સિંગરનો સીવવાનો સંચો લો. એ અતિશય ઉપકારક વસ્તુઓમાંની એક છે અને એની શોધની આસપાસ કેવી પ્રેમશૌર્યની કથા રહેલી છે. સિંગરે પોતાની સ્ત્રીને કપડાં ઉપર વાંકી વળી આખો દિવસ ધીમે ધીમે આંખ તાણતી, ટાંકા મારતી, સીવીને થાકીને લોથ થતી જોઈ. તે તેને સાલ્યાં કીધું. અને આખરે તેણે પોતાના અતિશય પ્રેમના બળે કરીને સીવવાનો સંચો ઉત્પન્ન કર્યો. તેમ કરીને તેણે કેવળ પોતાની સ્ત્રીની જ મહેનત બચાવી એટલું જ નહીં પણ દરેક જણની બચાવી.

'પણ એવા સંચાને આપણે સ્વીકારીએ તો પછી એવા સંચા બનાવવાનાં કારખાનાંને પણ સ્વીકારવાં પડે ના?'

હા, પણ આવાં કારખાનાં તો કોઈ ખાનગી શખસોની માલિકીનાં ન હોય, પણ સરકારની જ માલિકીનાં હોય એટલું કહેવા જેટલો 'સોશિયાલિસ્ટ' હું છું જ. તો જ એ વ્યાપારને અર્થે ઉત્પન્ન થતાં થાય. એટલે જ હું કહું છું ના કે યંત્રો ભલે હોય, પણ તે તો નવા જ સમાજ બંધારણમાં હોઈ શકે, કેવળ લોકકલ્યાણ અર્થે ચાલતાં હશે એટલે તેમાં મજૂરનું કલ્યાણ પણ લક્ષમાં રાખવામાં આવતું હશે જ. જેને મજૂરી કરવાની હશે, જેને તે સંચા ચલાવવાના હશે, તે તો આદર્શ અને મનમોહક સ્થિતિમાં કામ કરતા હશે.

સિંગરનો સંચો તો કેવળ એક જ દાખલો લીધો. બીજા પણ એવા અનેક દાખલા લેવાય. દાખલા તરીકે ત્રાક અનેક વાર ઠરડાય છે,

Gandhi Heritage Portal

ઘણા કાંતનારાને એ ભારે મૂંઝવણ થઈ પડે છે. તેને સીધી કરતાં ખૂબ વખત જાય છે. એ ત્રાકને તુરત સીધી કરનારું કોઈ યંત્ર હોય તો એ હું જરૂર સ્વીકારું. ત્રાક બનાવનારા તો લુહારો જ રહે—લુહારોની રોજી તૂટી જાય એમ નહીં, પણ દરેક કાંતનારાની પાસે જ આવી ત્રાકની ઠરડ મટાડનારું યંત્ર હોય તો તે બહુ ઉપયોગી થઈ પડે.[૨૦]

'ત્યારે તો આપ આ યંત્રયુગની જ સામે છો!'

એ તો તમે મારા વિચારને વિકૃત રૂપ આપ્યું. મને યંત્ર સામે વિરોધ નથી, પણ યંત્ર જ્યારે આપણું શેઠ થઈ બેસે ત્યારે તેની સામે મારો પૂરેપૂરો વિરોધ છે.

'આપ હિંદુસ્તાનને ઉદ્યોગપ્રધાન નથી બનાવવા માગતા?'

બનાવવું છે, પણ તે મારી ઢબે. જૂનાં ગામડાંનાં મહાજનો જે નાશ પામ્યાં છે તેને સજીવન કરવાં જોઈએ. હિંદુસ્તાનનાં ગામડાં દેશનાં કસબા ને શહેરોને જોઈએ એટલો બધો માલ પેદા કરીને પૂરો પાડતાં. અમારાં શહેરો જ્યારે પરદેશોના માલનાં હાટ થઈ પડયાં ને પરદેશથી સસ્તી ને ભમરાળી ચીજો લાવીને ગામડાંમાં ઝીંકવા માંડી ને એ વાટે ગામડાંનું ધન શોષવા માંડયું ત્યારથી હિંદુસ્તાન ધનહીન ને દરિદ્ર બન્યું.

'ત્યારે આપ કુદરતી અર્થવ્યવસ્થા પર પાછા જવા માગો છો?'

હા, નહીં તો મારે શહેરમાં પાછા જવું જોઈએ. મોટું વેપારનું કે ઉદ્યોગનું સાહસ ખેડવાની શક્તિ મારામાં પૂરેપૂરી છે, પણ એ લાલસા મેં જાણીબૂજીને જતી કરી છે. એ જતી કરી છે તે ત્યાગની ભાવનાથી નહીં, પણ મારા હૃદયે જ એની સામે બળવો ઉઠાવ્યો તેથી. કેમ કે પ્રજાની જે લૂંટ રોજરોજ ચાલી રહી છે તેમાં મારાથી ભાગ લઈ શકાય એમ હતું જ નહીં. હું ગામડાંમાં ઉદ્યોગોનો બહોળો ફેલાવો કરવા માગું છું, પણ તે જુદી રીતે.[૨૧]

ક્ષણભર માની લો કે મનુષ્યની જેટલી હાજતો છે તે બધી યંત્રો વાટે પૂરી પડે છે. છતાં યંત્રોથી થતી પેદાશ તો અમુક પ્રદેશોમાં જ થઈ શકે, અને તેથી તમારે એ માલની વહેંચણી માટે અટપટો રસ્તો લેવો જ

Gandhi Heritage Portal

પડે. પણ જો માલ જે જગ્યાએ જોઈએ ત્યાં જ પેદા થાય ને ત્યાં જ વહેંચાય તો દગાને માટે ઓછો અવકાશ રહે. અને સટ્ટો તો કોઈ કરી જ ન શકે. . . . જે જગ્યાએ માલ પેદા થાય ત્યાં જ વપરાય એવી સ્થિતિ આવશે ત્યારે ઉત્પત્તિનો વેગ અમર્યાદપણે અને ગમે તે ભોગે વધારવાની લાલચ નહીં રહે. આજની આપણી આર્થિક વ્યવસ્થાને લીધે જે પાર વિનાની મુસીબતો ને ગૂંચવાડા ઊભા થાય છે તે પણ પછી તો ટળી જશે. . . . મોટા પ્રમાણમાં ઉત્પાદન તો જરૂર જોઈએ. . . . રેંટિયાનો સંદેશો એ જ છે. એમાં પણ મોટા પ્રમાણમાં ઉત્પાદન છે પણ તે લોકોનાં ઘરમાં થાય છે. એક માણસ જે માલ પેદા કરે છે તેને તમે દસ લાખથી ગુણો તો એ પ્રચંડ ઉત્પાદન ન થયું? . . . પણ તમે “મોટા પ્રમાણમાં ઉત્પાદન” એ શબ્દો વાપરો છો તે એના રૂઢ અર્થમાં, એ અર્થ એ છે કે “અતિશય અટપટાં યંત્રોની મદદથી બને એટલા ઓછામાં ઓછા માણસોએ કરેલું ઉત્પાદન. . . .” મારું યંત્ર તો એવું હોવું જોઈએ કે જે સાદામાં સાદું હોય અને કરોડો ઘરોમાં રાખી શકાય એવું હોય.[૨૨]

એક સામાન્ય બુદ્ધિના માણસ તરીકે, હું જાણું છું કે, માણસ ઉદ્યોગો વિના જીવી શકે નહીં. એથી કરીને, હું ઉદ્યોગીકરણનો વિરોધ ન કરી શકું. પણ યંત્રોદ્યોગો દાખલ કરવાની બાબતમાં મને ભારે ચિંતા થાય છે. યંત્રો વધારેપડતી ઝડપથી ઉત્પાદન કરે છે અને સાથે સાથે એક એવી અર્થવ્યવસ્થા નિર્માણ કરે છે જે હું સમજી શકતો નથી. જેના ફાયદા કરતાં જેની બૂરી અસર વધારે પ્રમાણમાં હોય એવી કોઈ પણ વસ્તુ સ્વીકારવા હું માગું નહીં. આપણા દેશની કરોડોની મૂક આમજનતા તંદુરસ્ત અને સુખી બને તથા આધ્યાત્મિક દૃષ્ટિએ તેની પ્રગતિ થાય એ હું માગું છું. અને એ હેતુ પાર પાડવા માટે આપણને યંત્રોની જરૂર નથી. અસંખ્ય લોકોને કામ મળતું નથી, તેઓ બેકાર છે. પણ આપણી સમજ વધતાં આપણને યંત્રોની જરૂર લાગે, તો જરૂર આપણે તે અપનાવીશું. આપણને ઉદ્યોગ જોઈએ છે, આપણે ઉદ્યોગી બનીએ. આપણે વધારે સ્વાશ્રયી બનીએ તો પછી આપણે બીજા લોકોથી આટલા બધા દોરવાઈશું નહીં. આપણને જ્યારે પણ

Gandhi Heritage Portal

યંત્રોની જરૂર લાગશે ત્યારે આપણે તે દાખલ કરીશું. એક વાર આપણે અહિંસા પ્રમાણે આપણું જીવન ઘડીએ પછી યંત્રોને કેવી રીતે નિયમનમાં રાખવાં એની આપણને જાણ થશે.[૨૩]

## ૪

## શહેરો અને ગામડાંઓ

દુનિયામાં બે વિચારધારા મોજૂદ છે. એક વિચારધારા જગતને શહેરોમાં વહેંચવા ઇચ્છે છે, બીજી ગામડાંમાં વહેંચવા ઇચ્છે છે. ગ્રામ-સંસ્કૃતિ અને નગરસંસ્કૃતિ તદ્દન ભિન્ન વસ્તુઓ છે. એક યંત્ર અને ઉદ્યોગીકરણ પર આધાર રાખે છે, બીજી હાથઉદ્યોગો પર. આપણે બીજી પસંદ કરી છે.

આમ તો ઉદ્યોગીકરણ અને મોટા પાયાનું ઉત્પાદન એ હજુ તાજેતરની પેદાશ છે. આપણા સુખમાં તેણે કેટલો વધારો કર્યો છે એ આપણે જાણતા નથી. પણ આપણે એટલું જાણીએ છીએ કે એની પાછળ છેલ્લાં બે વિશ્વયુદ્ધો આવ્યાં. બીજું વિશ્વયુદ્ધ તો હજુ પૂરું નથી થયું, અને પૂરું થાય તોપણ આપણે ત્રીજા વિશ્વયુદ્ધની વાત સાંભળવા લાગ્યા છીએ.

આપણો દેશ આજે જેટલો દુ:ખી અને કફોડી હાલતમાં છે તેટલો ક્યારેયે નહોતો. શહેરોના લોકોને મોટા નફા અને સારા પગાર મળતા હશે. પણ એ બધું ગામડાંનું લોહી ચૂસીને થઈ શક્યું છે. આપણે લાખો અને કરોડો ભેગા કરવા નથી. આપણે આપણા કામ માટે આપણું જીવન હોમવા તૈયાર હોઈશું તો પૈસાની વાત કંઈ જ નથી. આપણને શ્રદ્ધા હોવી જોઈએ અને આપણે આપણી જાતને વફાદાર રહેવું જોઈએ. આપણી પાસે આટલી વસ્તુઓ હોય તો ત્રીસ લાખની આપણી મૂડી ગામડાંમાં વિકેન્દ્રિત કરીને આપણે ત્રણસો કરોડની રાષ્ટ્રીય સંપત્તિ નિર્માણ કરવાને શક્તિમાન થઈશું. એ મુખ્ય વસ્તુ કરવા માટે જે જરૂરી છે તે એ કે ગામડાંને સ્વાવલંબી અને સ્વાશ્રયી કરવાં. પણ યાદ રાખજો કે,

Gandhi Heritage Portal

સ્વાવલંબનની મારી કલ્પના સંકુચિત નથી. મારા સ્વાવલંબનમાં સ્વાર્થ અને અભિમાનને અવકાશ નથી.[1]

હિંદુસ્તાનનાં શહેરોમાં જે સંપત્તિ જોવામાં આવે છે તેથી આપણે છેતરાઈએ નહીં. તે ઇંગ્લંડ કે અમેરિકાથી આવતી નથી. તે અત્યંત ગરીબ લોકોના લોહીમાંથી આવે છે. હિંદુસ્તાનમાં સાત લાખ ગામડાં છે એમ કહેવામાં આવે છે. તેમાંનાં કેટલાંકનું તો નામનિશાન પણ રહ્યું નથી. બંગાળ, કર્ણાટક અને બીજી જગ્યાએ ભૂખમરો અને રોગને કારણે હજારો મરી ગયા છે તેની તો ક્યાંય કશી નોંધ નથી. ગામડાંના લોકો કેવી હાલતમાં દિવસો કાઢી રહ્યા છે તેનો કશો ખ્યાલ સરકારી દફતરો આપી શકે એમ નથી. પણ હું જાતે ગામડાંમાં રહેનારો રહ્યો એટલે હું ગામડાંની હાલતથી વાકેફ છું. હું ગામડાંનું અર્થશાસ્ત્ર જાણું છું. હું તમને કહું છું કે, ઉપરનું દબાણ તળિયાના લોકોને કચડી નાખે છે.

જે જરૂર છે તે એ કે તેમની પીઠ ઉપરથી ઊતરી જવું.[2]

મુંબઈની મિલોમાં જે મજૂરો કામ કરે છે તે ગુલામ બન્યા છે. જે બૈરાંઓ તેમાં કામ કરે છે તેમની દશા જોઈ હરકોઈને કમકમાટી આવશે. મિલોનો વરસાદ નહોતો વરસ્યો ત્યારે કંઈ તે ઓરતો ભૂખે નહોતી મરતી. આ સંચાનો વાયરો વધે તો હિંદુસ્તાનની બહુ દુ:ખી દશા થશે. મારી વાત ભારે પડતી જણાશે, પણ મારે કહેવું જોઈએ કે આપણે હિંદુસ્તાનમાં મિલો કરીએ તેના કરતાં હજુ માન્ચેસ્ટરમાં પૈસા મોકલી તેનું સડેલું કાપડ વાપરવું એ ભલું છે, કેમ કે તેનું કાપડ વાપરવાથી આપણો પૈસો જ જશે. આપણે હિંદુસ્તાનમાં માન્ચેસ્ટર સ્થાપવાથી આપણો પૈસો હિંદુસ્તાનમાં રહેશે, પણ તે પૈસો આપણું લોહી લેશે, કેમ કે આપણી નીતિ લઈ જશે. જેઓ મિલોમાં કામ કરે છે તેમની નીતિ કેવી છે તે તેઓને પૂછવું. તેઓમાંથી જેઓએ પૈસો એકઠો કર્યો છે તેઓની નીતિ બીજા પૈસાદાર કરતાં સરસ હોવાનો સંભવ નથી. અમેરિકાના રૉકફેલર કરતાં હિંદના રૉકફેલર કંઈ ઊતરે એમ માનવું એ તો અજ્ઞાન જ ગણાય. ગરીબ હિંદુસ્તાન છૂટી શકશે, પણ અનીતિથી થયેલું પૈસાદાર હિંદુસ્તાન છૂટનાર જ નથી.

Gandhi Heritage Portal

મને તો લાગે છે કે આપણે કબૂલ કરવું પડશે કે અંગ્રેજી રાજ્યને નિભાવી રાખનાર તે પૈસાદાર માણસો છે. તેઓનો સ્વાર્થ તેવી સ્થિતિમાં રહેલ છે. પૈસો માણસને રાંક બનાવે છે. એવી બીજી વસ્તુ તો દુનિયામાં વિષય છે. એ બંને વિષય વિષમય છે. તેનો દંશ સર્પના દંશ કરતાં ભૂંડો છે. સર્પ કરડે ત્યારે દેહ લઈને છૂટકો કરે છે. પૈસો અથવા વિષય કરડે છે ત્યારે દેહ, જીવ, મન, બધું લેતાં પણ છુટકારો થતો નથી. એટલે આપણા દેશમાં મિલો થાય તેથી ખાસ રાજી થવા જેવું રહેતું નથી.[૩]

ગરીબ ગામડિયાઓને પરદેશી સરકાર ને તેમના પોતાના દેશબાંધવો, એટલે કે શહેરોના રહેનારાઓ, બંને ચૂસે છે. ગામડિયાઓ અનાજ પકવે છે ને જાતે ભૂખ્યા રહે છે. તેઓ ઢોરની સાથે ઢોર જેવા થઈ દૂધ મેળવે છે જેમાંનું ટીપું તેમનાં છોકરાં જોવા પામતાં નથી. આ નામોશીનો કંઈ પાર નથી. હરેક માણસને પૂરતો પોષણવાળો આહાર, રહેવાનું સુઘડ ઘર, પોતાનાં બાળકોની કેળવણી માટે સગવડ અને માંદગી વખતે પૂરતી તબીબી રાહત, એ બધું મળવું જોઈએ.[૪]

આપણાં આજનાં દસપાંચ શહેરો તો આપણા પ્રજાશરીર પર બાઝેલો મેલનો પોપડો છે અને આપણાં ગામડાંનો જીવનરસ ચુસવાનું પાપકાર્ય જ કરી રહ્યાં છે. . . . અત્યારે તો અનેક લોહી ઉકાળનારા જુલમોથી સસડતાં શહેરો ગામડાંની પ્રજાના જીવન અને સ્વાતંત્ર્યને રાતદિવસ ભયરૂપ છે.[૫]

દુનિયાભરમાં યુદ્ધને માટે ગામડાનો માણસ હરગિજ જવાબદાર નથી પણ શહેરનો માણસ જવાબદાર છે.[૬]

મારી દૃષ્ટિથી શહેરો વધ્યાં છે, તે બૂરું થયું છે. એ માનવજાતની અને દુનિયાની કમનસીબી છે; ઈંગ્લંડની કમનસીબી છે અને હિંદુસ્તાનની કમનસીબી તો છે જ છે. એનું કારણ એ કે, ઈંગ્લંડે હિંદુસ્તાનને તેનાં શહેરો મારફતે જ ચૂસ્યું છે, અને શહેરોએ ગામડાંઓને ચૂસ્યાં છે. ગામડાંના લોહીની સિમેન્ટ વડે જ શહેરોની મોટી મોટી મહોલાતો બંધાઈ છે.

Gandhi Heritage Portal

મારી એવી ઉમેદ છે કે, જે લોહીથી શહેરોની નાડીઓ ફૂલી ગઈ છે, તેને પાછું ગામડાંની નાડીઓમાં વહેવડાવવું.[૭]

'શહેરોને આપે સમાજશરીર પરના ફોલ્લા કે ગૂમડાં તરીકે વર્ણવ્યાં છે. એ ફોલ્લાઓ યા ગૂમડાંનું શું કરવું?'

તમે દાક્તરને પૂછો, તો તે કહેશે કે ફોલ્લા યા ગૂમડાંનું શું કરવું. એમને કાપીને કે એના પર મલમપટ્ટી કે પોટીસ લગાવીને મટાડવાં જોઈએ. એડવર્ડ કોર્પેન્ટરે સુધારાને વ્યાધિ તરીકે વર્ણવ્યો છે અને ઉપાય કરીને તેને સાજો કરવા જણાવ્યું છે. મોટાં મોટાં શહેરો ઊભાં થવાં, એ એ રોગની નિશાની છે. કુદરતી ઉપચારવાળો હોઈને સ્વાભાવિક રીતે હું આખી વ્યવસ્થાને શુદ્ધ કરી, તેને કુદરતી રીતે સુધારવાના પક્ષનો છું. શહેરવાસીઓનાં હૃદયનાં મૂળ ગામડાંઓમાં રહેલાં હોઈ, જો તેઓ ખરેખર ગ્રામવૃત્તિવાળા બને, તો બીજી બધી વસ્તુ તો આપમેળે થઈ રહેશે અને ફોલ્લો કે ગૂમડું તરત જ બેસી જશે.[૮]

હું માનું છું ને મેં અસંખ્ય વાર કહ્યું છે કે હિંદુસ્તાન એનાં ગણ્યાં-ગાંઠયાં શહેરોમાં નહીં પણ સાત લાખ ગામડાંમાં વસે છે. પણ આપણે અહીં ભેગા થયા છીએ તે ગ્રામવાસીઓ નથી પણ શહેરવાસીઓ છીએ. આપણે શહેરોમાં વસનારાઓએ માની લીધું છે કે હિંદુસ્તાન એનાં શહેરો-માં વસે છે અને ગામડાં તો આપણી હાજતો પૂરી પાડવાને સરજાયેલાં છે. આપણે કદી એમ પૂછવા નથી બેઠા કે એ ગરીબ લોકોને પૂરતાં અન્નવસ્ત્ર મળે છે કે નહીં અને એમને તડકો ને વરસાદથી રક્ષણ કરવા છાપરું છે કે નહીં.[૯]

મેં જોયું છે કે શહેરવાસીઓએ સામાન્ય રીતે ગ્રામવાસીઓને લૂંટયા છે; વસ્તુતઃ તેઓ ગરીબ ગ્રામવાસીઓની મહેનત પર, તેમની સંપત્તિ પર જીવે છે. ઘણા અંગ્રેજ અમલદારોએ હિંદુસ્તાનના લોકોની સ્થિતિ વિષે લખ્યું છે. પણ મારી જાણ પ્રમાણે કોઈએ એમ નથી કહ્યું કે હિંદુસ્તાનનાં ગામડાંના લોકોને પેટ-પૂરતું ખાવા મળે છે. ઊલટું એમણે

Gandhi Heritage Portal

કબૂલ કર્યું છે કે ગામડાંની વસ્તીનો મોટો ભાગ ભૂખમરા જેવી સ્થિતિ ભોગવે છે અને દશ ટકા અડધે પેટે રહે છે, અને કરોડોને ચપટી ગંદું મીઠું, મરચાં ને ચાવલ કે સત્તુ ખાઈને સંતોષ માનવો પડે છે.

તમે ખાતરી રાખજો કે આપણને કોઈને એવા ખોરાક પર રહેવાનું કહેવામાં આવે તો આપણે એક મહિનાથી વધારે જીવવાની આશા ન રાખીએ અથવા તો આપણી મગજશક્તિ મારી જશે એવો ડર આપણને લાગે અને છતાં આપણાં ગામડાંના લોકો દરરોજ એવી સ્થિતિમાં રહે છે.[૧૦]

પંચોતેર ટકા વસ્તી ખેડૂતોની છે. પણ જો આપણે તેમની પાસેથી તેમની મહેનતનું લગભગ પૂરું ફળ લઈ લઈએ અથવા બીજાઓને લઈ લેવા દઈએ તો આપણામાં સ્વરાજની ભાવના છે એમ ન કહેવાય.[૧૧]

શહેરો પોતાની સંભાળ રાખવા શક્તિશાળી છે. આપણે તો ગામડાંઓ તરફ વળવાનું છે. આપણે તેમને તેમના પૂર્વગ્રહો, વહેમો અને સંકુચિત દૃષ્ટિમાંથી મુક્ત કરવાના છે. આ બધું આપણે તેમની વચ્ચે વસીને, એમના સુખદુ:ખમાં ભાગ લઈને અને તેમનામાં કેળવણી અને ઉપયોગી માહિતીનો ફેલાવો કરીને જ કરી શકીએ, બીજી કોઈ રીતે નહીં.[૧૨]

આપણે આદર્શ ગ્રામવાસી બનવાનું છે. સામાન્ય ગ્રામવાસીઓને તો આજે સફાઈ વિષે વિચિત્ર ખ્યાલ છે, અથવા કહો કે બિલકુલ ખ્યાલ નથી. તેઓ શું ખાય છે ને શી રીતે ખાય છે એનો તેઓ વિચાર જ કરતા નથી. એવા આપણે થવાનું નથી. તેઓ જેમ ગમે તેમ રાંધે છે, ગમે તેમ ખાય છે, ગમે તેમ રહે છે, એવું આપણે કરવાનું નથી. આપણે એમને આદર્શ ખોરાક બતાવવો જોઈએ. આપણે જે ગમે તે કર્યું, ન ગમે તે છોડી દીધું, એમ આપણે ન ચલાવવું જોઈએ, પણ ઊંડા ઊતરીને એ રુચિઅરુચિનાં કારણો તપાસવાં જોઈએ.[૧૩]

સૂરજના પ્રખર તાપમાં કેડે વળીને કાળી મજૂરી કરતા ગ્રામવાસીઓ સાથે આપણે તાદાત્મ્ય અનુભવવું જોઈએ અને જે ખાબોચિયામાં તેઓ

Gandhi Heritage Portal

નહાય છે, તેમનાં કપડાં-વાસણો ધુએ છે તથા જેમાં તેમનાં ઢોર પાણી પીએ છે અને આળોટે છે તે ખાબોચિયામાંથી પાણી પીવું આપણને કેવું લાગે તેનો પણ આપણે વિચાર કરવો જોઈએ. એમ કરીશું ત્યારે જ આપણે આમજનતાના સાચા પ્રતિનિધિ ગણાઈશું અને ત્યારે આપણી દરેક હાકલનો તેઓ જરૂર જવાબ વાળશે.[૧૪]

એમને આપણે બતાવવું જોઈએ કે તેઓ કેમ પોતાની જરૂર જોગાં શાકભાજી, ઝાઝા ખર્ચ વિના ઉગાડી શકે ને એ ખાઈને તંદુરસ્તી જાળવી શકે. આપણે એમને એ પણ બતાવવું જોઈએ કે તેઓ લીલી શાકભાજીને રાંધે છે એટલે તેમાંનાં વિટામિન ઊડી જાય છે.[૧૫]

સમય, આરોગ્ય ને ધનનો બચાવ કેમ થઈ શકે એ આપણે એમને શીખવવાનું છે. લાયોનલ કર્ટિસે કહેલું કે હિંદુસ્તાનનાં ગામડાં એ તો ઉકરડા છે અને આપણે નમૂનેદાર ગામડાં બનાવવાનાં છે. આપણાં ગામડાંની આસપાસ તાજી હવાની કંઈ ખોટ છે? છતાં ગામડાંના લોકોને તાજી હવા મળતી નથી. એમની આસપાસ તાજામાં તાજી વનસ્પતિના ભંડાર ભર્યા છે, છતાં તેમને તાજી શાકભાજી મળતી નથી. આ ખોરાકની બાબતમાં હું મિશનરીની પેઠે બોલું છું, કેમ કે ગામડાંને સુંદરતાના નમૂના બનાવવા એ મારું ધ્યેય છે, મારું જીવનકાર્ય છે.[૧૬]

ભારતવર્ષનાં ગામડાંની આવી દુર્દશા હમેશાં હતી કે કેમ એ શોધી કાઢવાથી કશો લાભ નથી. જો આથી સારી એમની દશા કદી ન હોય તો આપણે આપણી જે પ્રાચીન સંસ્કૃતિને માટે અભિમાન રાખીએ છીએ તેની એ એબ ગણાય. પણ જો એમની દશા આથી સારી કદી ન હતી, તો આપણે સૈકાંઓથી જે પડતી અને વિનાશ આપણી આસપાસ જોઈ રહ્યા છીએ . . . તેની સામે એ ગામડાં ઝીક ઝીલીને જીવતાં શી રીતે રહી શકયાં છે?

દરેક સ્વદેશપ્રેમીની સામે કામ એ છે કે આ પડતી શી રીતે અટકાવવી, અથવા બીજા શબ્દોમાં કહીએ તો ભારતવર્ષનાં ગામડાંની નવેસર રચના એવી રીતે કેમ કરવી જેથી શહેરમાં રહેવામાં જેવી સુખસગવડ મનાય છે તેવી જ ગામડાંમાં રહેવામાં લાગે. દરેક દેશદાઝવાળા

Gandhi Heritage Portal

માણસની સામે આજે એ એક જ કામ છે. કદાચ એવો સંભવ હોય કે આ ગામડાંનો ઉદ્ધાર થવો શક્ય જ ન હોય, ગામડાંની સંસ્કૃતિનો જમાનો આથમી ગયો હોય, અને સાત લાખ ગામડાં નાશ પામીને તેની જગાએ ત્રીસ કરોડ નહીં પણ ત્રણ કરોડની વસ્તીને પોષતાં સાતસો સુવ્યવસ્થિત શહેરો સ્થપાય એવું બનવાનું હોય. ભારતવર્ષને નસીબે એમ થવાનું હશે તોયે તે એક દિવસમાં નહીં બને. ઘણાં ગામડાં અને ગ્રામવાસીઓને ભૂંસાઈ જવાને અને બાકીનાનું શહેરો અને શહેરીઓમાં રૂપાંતર થવાને વખત લાગશે જ.[૧૭]

ગામડાંની હિલચાલ એ જેટલી ગ્રામવાસીઓની તેટલી જ શહેર-વાસીઓની કેળવણીને માટે છે. શહેરમાંથી આવતા સેવકોએ ગામડાનું માનસ કેળવવું રહ્યું છે અને ગ્રામવાસીઓની ઢબે રહેવાની કળા શીખી લેવી રહી છે. આનો અર્થ એવો નથી કે તેમણે ગામડાંના લોકોની પેઠે ભૂખે મરવું. પણ એનો અર્થ એવો તો અવશ્ય છે કે જૂની રહેણીમાં ધરમૂળથી પલટો થવો જોઈએ.[૧૮]

એક જ માર્ગ આપણે માટે છે: એમની વચ્ચે વાસ કરી ધામા નાખવા; એમના ભંગી, એમના નર્સ, એમના નોકર — એમના શુભેચ્છુ નહીં — એવા બનીને અડગ શ્રદ્ધા રાખી, આપણા ગમા-અણગમા ભૂલી જઈ, કામ કૂટયે જવું. એક વાર તો સ્વરાજની વાત પણ આપણે જાણે ભૂલી જઈએ; અને ડગલે ને પગલે જેમની હાજરી આપણને નડે છે એવા માલદાર વર્ગોને જરૂર વિસારી દઈએ, તેઓ તો જ્યાં છે ત્યાં છે. આ મોટા પ્રશ્નોની પંચાત કરનારાં તો ઘણાં પડેલાં છે. આપણે તો નાનુંસરખું ગામડાનું કામ ઉકેલવા લાગીએ, કેમ કે એ આજ જરૂરનું છે અને આપણા ધ્યેયને પહોંચ્યા પછી પણ જરૂરનું રહેવાનું છે. ખરેખર, આ ગ્રામસેવાનું કામ જ્યારે સફળ થશે ત્યારે તે જ આપણને આપણા ધ્યેય નજીક લઈ જવાનું છે.[૧૯]

જૂનાં ગામડાંનાં મહાજનો જે નાશ પામ્યાં છે તેને સજીવન કરવાં જોઈએ. હિંદુસ્તાનનાં ગામડાં દેશનાં કસબા ને શહેરોને જોઈએ એટલો બધો માલ પેદા કરીને પૂરો પાડતાં. આપણાં શહેરો જ્યારે પરદેશોના

Gandhi Heritage Portal

માલનાં હાટ થઈ પડયાં ને પરદેશથી સસ્તી ને ભમરાળી ચીજો લાવીને ગામડાંમાં ઝીંકવા માંડી ને એ વાટે ગામડાંનું ધન શોષવા માંડયું ત્યારથી હિંદુસ્તાન ધનહીન ને દરિદ્ર બન્યું.[૨૦]

શહેરો ગામડાં પર નિર્ભર રહે, પોતાના બળનું સિંચન ગામડાંમાંથી કરે, એટલે કે ગામડાંઓને વટાવવાને બદલે પોતે ગામડાંને ખાતર વટાવાય તો અર્થ સિદ્ધ થાય ને અર્થશાસ્ત્ર નૈતિક બને. આવા શુદ્ધ અર્થની સિદ્ધિને સારુ શહેરોનાં બાળકોના ઉદ્યોગને ગામડાંના ઉદ્યોગો સાથે સીધો સંબંધ હોવો જોઈએ.[૨૧]

આપણે એક પ્રાચીન ગ્રામ સભ્યતાના વારસ છીએ, આપણા દેશનો વિસ્તાર, જનસંખ્યા, ભૌગોલિક સ્થિતિ અને આબોહવા ઉપરથી તે ખાસ ગ્રામ સભ્યતાને માટે જ વિધાતાએ નિર્મેલો લાગે છે. આ સભ્યતાને અંગે દોષો પેદા નથી થયા એમ કહેવા હું નથી માગતો પણ આ દોષો સહેજે મટાડી શકાય તેવા છે. આપણી પ્રાચીન ગ્રામ સભ્યતાને મૂળથી ઉખેડી તેની જગ્યાએ શહેરી સભ્યતા સ્થાપવી એ મને તદ્દન અશકય લાગે છે. વિનાશક ઉપાયોથી હિંદુસ્તાનની ત્રીસ કરોડની જનસંખ્યા ઘટાડી ત્રીસ કે ત્રણ લાખ જેટલી કરી નાખવા માટે આપણે તૈયાર હોઈએ તો તે એક જુદી વાત છે. એટલે હું મારી બધી સૂચનાઓ કરતી વખતે એ માની જ લઉં છું કે આપણે આપણી પ્રાચીન સભ્યતાનો આશ્રય કોઈ દિવસ છોડવાના નથી, અને તેમાંના દોષો દૂર કરવાના પૂરેપૂરા પ્રયત્ન કરવાના છીએ.[૨૨]

Gandhi Heritage Portal

# ૫

# ગ્રામ સ્વરાજ

## ગામડાંનું સ્થાન

ગામડાંની સેવા કરવી એટલે સ્વરાજની સ્થાપના કરવી. બીજું બધું મિથ્યા છે.[૧]

હું કહેતો આવ્યો છું કે ગામડાનો નાશ થશે તો હિંદુસ્તાનનો પણ નાશ થશે. પછી એ હિંદુસ્તાન નહીં રહે. જગતમાં એનું જે વિશિષ્ટ કાર્ય છે તે લુપ્ત થઈ જશે.[૨]

આપણે ગામડાંમાં વસતું હિંદ જે ભારતવર્ષના જેટલું જ પ્રાચીન છે તેની વચ્ચે અને શહેરો કે જે વિદેશી સત્તાએ ઊભી કરેલી સૃષ્ટિ છે તેની વચ્ચે પસંદગી કરવી રહી છે. આજે શહેરો ગામડાં પર સત્તા ચલાવી રહ્યાં છે અને તેને ચૂસી રહ્યાં છે. પરિણામે ગામડાં નાશ પામતાં જાય છે. મારું ખાદીમાનસ મને એમ સૂચવે છે કે, એ વિદેશી સત્તાના અસ્ત સાથે શહેરોએ પણ હિંદનાં ગામડાંની સેવાના વાહનરૂપ બનવું પડશે. ગામડાંની ચૂસ એ જ મોટી સંગઠિત હિંસા છે. જો આપણે અહિંસાની ભૂમિકા ઉપર સ્વરાજની રચના કરવી હોય તો આપણે ગામડાંઓને તેમનું યોગ્ય સ્થાન પાછું આપ્યે જ છૂટકો છે.[૩]

હું માનું છું કે હિંદુસ્તાને અને તેની મારફત દુનિયાએ પણ સાચી સ્વતંત્રતા મેળવવી હોય તો આજે નહીં તો કાલે ગામડાંમાં જ રહેવું પડશે; ઝૂંપડીમાં રહેવું પડશે, મહેલોમાં નહીં. અબજો માણસો શહેરોમાં અને મહેલોમાં સુખશાંતિથી કદી નહીં રહી શકે; ન એકબીજાનું ખૂન કરીને એટલે કે હિંસાથી, ન જૂઠથી એટલે કે અસત્યથી રહી શકે. એ જોડી (એટલે સત્ય અને અહિંસા) વિના માણસજાતનો વિનાશ જ છે એમાં મને લેશ પણ શંકા નથી. એ સત્ય અને અહિંસાનાં દર્શન આપણે ગામડાંની સાદાઈમાં જ કરી શકીએ છીએ. એ સાદાઈ રેંટિયામાં



Gandhi Heritage Portal

અને તેમાં જે જે વસ્તુ સમાઈ જાય છે તેમાં રહેલી છે. દુનિયા ઊલટી બાજુ જતી દેખાય છે એથી હું ડરતો નથી. એમ તો જ્યારે પતંગિયું પોતાના વિનાશ તરફ જાય છે ત્યારે સૌથી વધારે નાચે છે અને એમ કરતાં બળી જાય છે. એમ બને કે હિંદુસ્તાન એ પતંગનૃત્યમાંથી ન બચી શકે. મારો ધર્મ છેલ્લા શ્વાસ સુધી એને અને એની મારફત જગતને બચાવવાની કોશિશ કરવાનો છે.[૪]

## ગ્રામ સ્વરાજ

ગ્રામ સ્વરાજનો મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ. પોતાના જીવનની અત્યંત મહત્ત્વની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશીઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતોમાં સહકાર્ય અનિવાર્ય હશે તે બધાં કાર્યોમાં પાડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે. એ મુજબ પોતાની જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની તેની પહેલી ફરજ ગણાશે. પોતાનાં ઢોરને ચરવાને માટે તેમ જ બાળકોની રમતગમતો અને મોટેરાંઓના આમોદપ્રમોદને સારુ તે જમીન અલગ રાખશે. તે પછી જો ગામ પાસે જમીન ફાજલ રહેશે તો તેમાં ઉપયોગી, બજારમાં વેચી શકાય એવા પાકો લેવાશે—ઉપયોગી એટલે કે, તેમાં ગાંજો, તમાકુ, અફીણ વગેરે જેવા પાકો નહીં આવે. દરેક ગામ પોતાનું એક નાટકઘર, પોતાની નિશાળ અને સભાગૃહ નભાવશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એવી જોગવાઈ કરવામાં આવશે. પૂરતી દેખરેખ નીચે નભાવવામાં આવતા કૂવાઓ અથવા તળાવોથી આ કાર્ય પાર પડી શકશે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજિયાત હશે. બની શકે ત્યાં સુધી દરેકેદરેક પ્રવૃત્તિ સહકારી પદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે ચાલશે. આજે છે તેવી અસ્પૃશ્યતાની ચડતી ઊતરતી શ્રેણીઓવાળી જ્ઞાતિવ્યવસ્થા ત્યાં નહીં હોય. દરેક ગ્રામસમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારની પદ્ધતિવાળી અહિંસા હશે. ગામે રાખવામાં આવતી યાદીમાંથી ગામની ફરજિયાત ચોકી માટે વારા પ્રમાણે ચોકિયાતો પસંદ કરવામાં આવશે. નિયમ પ્રમાણેની નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી

Gandhi Heritage Portal

ચોક્કસ લાયકાતવાળાં ગામનાં પુખ્ત ઉંમરનાં સર્વ સ્ત્રી અને પુરુષો દર વર્ષે પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે ગામનાં બધાં જાહેરકાર્યો કરશે. આ પંચાયતને જરૂરની બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. હાલના માન્ય અર્થમાં શિક્ષાની કોઈ પદ્ધતિનો અમલ નહીં હોય, એટલે આ પંચાયત પોતાના અમલના એક વર્ષને માટે ગામની ધારાસભા, ન્યાયાધીશી અને કાર્યવાહક મંડળ બનશે. કોઈ પણ ગામ આજે જ આવું પ્રજાસત્તાક બની શકે અને તેમાં હાલની સરકાર — જેનો ગામ સાથેનો એકમાત્ર સક્રિય સંબંધ જમીનની મહેસૂલ ઉઘરાવીને ખેંચી જવા પૂરતો જ છે — પણ બહુ અંતરાય નહીં નાખે. પડોશનાં ગામો સાથેના અને જે હોય તે કેન્દ્ર સાથેના સંબંધનો વિચાર મેં અહીં નથી કર્યો. મારો હેતુ તો ગ્રામ સ્વરાજ અથવા ગ્રામ સરકારની રૂપરેખા રજૂ કરવાનો જ છે. દરેક વ્યક્તિની સ્વતંત્રતાના પાયા ઉપર રચાયેલી આ વ્યવસ્થામાં સંપૂર્ણ લોકશાહી રહેલી છે. એમાં પ્રત્યેક વ્યક્તિને હાથે પોતાની સરકારનું ઘડતર થાય છે. તે અને તેની સરકાર અહિંસાના નિયમને વશ છે. તે અને તેનું ગામ આખી દુનિયાના બળનો સામનો કરી શકે છે, કેમ કે પોતાના ગામના અને તેની આબરૂના રક્ષણને સારુ દરેક ગ્રામવાસી મરણને ભેટવા તૈયાર હોય એ નિયમથી બધાં ગ્રામવાસીઓ બંધાયેલાં હશે.

પણ અહીં જે ચિત્ર દોરેલું છે તેમાં સ્વભાવત: એવું કશું નથી, કે જેથી તેની સિદ્ધિ અશકય બને. આવા પ્રકારના ગામના આદર્શ નમૂનાને પહોંચતાં કદાચ આખી જિંદગી કાર્ય કરવું પડે. સાચી લોકશાહી અને ગ્રામ જીવનનો આશક જો એકાદ ગામ પકડીને તેના જ ઘડતરને પોતાની સર્વ સૃષ્ટિ અને સમગ્ર કાર્ય ગણીને બેસી જાય તો તે સારાં પરિણામો મેળવી શકશે. તેણે શરૂઆત ગામના ભંગી, કાંતણ-શિક્ષક, ચોકિયાત, વૈદ અને શાળા-શિક્ષક એ બધાનાં કાર્યો એકીસાથે આરંભીને કરવી જોઈએ. એની સાથે તરત કોઈ ન જોડાય તો ગામનું ભંગીકામ અને કાંતણ કરતા રહીને તે સંતોષ મેળવશે.[૫]



Gandhi Heritage Portal

## આદર્શ ગામડું

ભારતવર્ષના આદર્શ ગામડાની રચના એવી હશે કે સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની અનુકૂળતા રહે. તેમાં પૂરતા હવાઅજવાળાવાળી ઝૂંપડીઓ હશે, ને તે આસપાસના પાંચ માઈલના ઘેરાવામાંથી મળતી સાધનસામગ્રીથી બનેલી હશે. ઝૂંપડીઓને વાડા રાખેલા હશે જેથી તેમાં વસનાર માણસો તેમના ઘરના ઉપયોગ પૂરતાં શાકભાજી ઉગાડી શકે ને ઢોર રાખી શકે. ગામડાનાં રસ્તા ને શેરીઓ જેટલાં ધૂળ વિનાનાં બનાવી શકાય એટલાં બનાવાશે. ગામમાં ગામની જરૂરિયાત પૂરતા કૂવા હશે ને તેમાંથી પાણી ભરવાની સૌને છૂટ હશે. સૌને માટે ઉપાસનાનાં સ્થાનો હશે, એક સાર્વજનિક સભાસ્થાન હશે, ઢોરને ચરવા માટે ગોચર હશે, સહકારી પદ્ધતિએ ચાલતું દુગ્ધાલય, ઔદ્યોગિક શિક્ષણને કેન્દ્રમાં રાખીને ચાલતી પ્રાથમિક ને માધ્યમિક શાળાઓ, અને ઝઘડા પતાવવા માટે પંચાયતો એ ગામડામાં હશે. ગામડું પોતાના ખપ પૂરતાં અનાજ, શાકભાજી ને ફળ પકવી લેશે, ને પોતાના વાપર પૂરતી ખાદી પેદા કરી લેશે. આદર્શ ગામડા વિષેની મારી કલ્પનાની આ રૂપરેખા છે. . . . મારી પાકી ખાતરી છે કે જો એમને બુદ્ધિપૂર્વક દોરનાર કોઈ હોય તો તેઓ વ્યક્તિઓની આવકથી ભિન્ન એવી આખા ગામડાની આવક બમણી તો કરી જ શકે. આપણાં ગામડાંમાં સાધનસામગ્રીનો અખૂટ ભંડાર પડેલો છે. બધાનો વેપારી દૃષ્ટિએ ઉપયોગ ન થઈ શકે; પણ સ્થાનિક ને ઘરગથ્થુ ઉપયોગ તો લગભગ એમાંથી એકેએક ચીજનો થઈ શકે. સૌથી મોટી દુ:ખની વાત તો એ છે કે ગામડાંના લોકો એમની સ્થિતિ સુધારવાને જરાયે રાજી જ હોતા નથી.

ગ્રામસેવક સૌથી પહેલાં સફાઈના પ્રશ્નનો નિકાલ કરશે. ગ્રામસેવકને હંફાવી રહેલી ને લોકોનાં શરીરની પાયમાલી કરીને રોગનાં ઘર ઘાલનારી અનેક વસ્તુઓમાં સૌથી વધારે ઉપેક્ષા આની થઈ છે. ગ્રામસેવક જો સ્વેચ્છાએ ભંગી બને તો તે ગામના મળ ઉઠાવી તેનું ખાતર બનાવવાના ને ગામની શેરીઓ વાળવાના કામથી આરંભ કરશે. શૌચાદિક માટે ક્યાં જવું ને એ ક્રિયાઓ કેવી રીતે કરવી એ તે લોકોને કહેશે, અને સફાઈની ઉપયોગિતા સમજાવી એ વિષે બેદરકારી રાખવાથી થતા

Gandhi Heritage Portal

ભારે નુકસાનનો ચિતાર તેમને આપશે. ગ્રામવાસીઓ પોતાનું કહેવું સાંભળે કે ન સાંભળે તોયે ગ્રામસેવક પોતાનું કાર્ય કર્યે જશે.[૬]

મારી કલ્પનાના ગામમાં વસતો માણસ જડ નહીં હોય — શુદ્ધ ચૈતન્ય હશે. તે ગંદકીમાં, અંધારા ઓરડામાં જાનવરની જેમ જિંદગી ગુજારતો નહીં હોય. સ્ત્રી અને પુરુષ બન્ને સ્વતંત્રપણે જીવન જીવશે અને આખા જગતની સાથે ટક્કર લેવાને તૈયાર હશે. ત્યાં નહીં કૉલેરા હોય, નહીં મરકી હોય, નહીં શીતળા હોય. કોઈ આળસુ થઈને પડી રહી નહીં શકે, ન કોઈ એશઆરામમાં રહેશે. બધાને શરીરશ્રમ કરવો પડશે. કદાચ રેલવે પણ હશે, ટપાલ પણ હશે.[૭]

# ૬

# ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતો

## ૧. માનવનું સૌથી અધિક મહત્ત્વ — પૂરી રોજગારી

આપણે જે કાંઈ કરીએ તેમાં પ્રધાન વિચાર માનવહિતનો હોવો જોઈએ.[૧]

ધ્યેય તો માણસોનું સુખ અને સાથે સાથે તેમનો સંપૂર્ણ માનસિક ને નૈતિક વિકાસ સાધવાનું છે. 'નૈતિક' શબ્દ હું 'આધ્યાત્મિક'ના પર્યાયરૂપે વાપરું છું. આ ધ્યેય તો જ સધાય જો આ યોજનાની વ્યવસ્થા ગામડાંમાં કામ કરનારાઓના હાથમાં રહે. એક હાથમાં કે ઘણા થોડા હાથમાં અધિકાર કે વ્યવસ્થાનાં સૂત્રો રહે એ વસ્તુનો સમાજની અહિંસક રચના સાથે મેળ ખાય એમ નથી.[૨]

આ દેશની અને આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી એક પણ પ્રાણી અન્નવસ્ત્રના અભાવથી પીડાય નહીં, એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે. અને જો આવી સ્થિતિ આખા જગતને વિષે આપણે ઇચ્છતા હોઈએ તો

Gandhi Heritage Portal

અન્નવસ્ત્રાદિ પેદા કરવાનાં સાધનો દરેક મનુષ્યને પોતાની પાસે રહેવાં જોઈએ. તેમાંથી એકને ભોગે બીજાએ ધનસંપત્તિનો લોભ મુદ્દલ રાખવો ન જોઈએ. જેમ હવા અને પાણી ઉપર સૌને સરખો હક છે અથવા હોવો જોઈએ તેમ જ અન્નવસ્ત્રનું હોવું જોઈએ. તેનો ઈજારો કોઈ એક દેશ, પ્રજા અથવા પેઢીની પાસે હોય એ ન્યાય નહીં પણ અન્યાય છે. આ મહાન સિદ્ધાંતનો અમલમાં અને ઘણી વેળા વિચારમાંયે સ્વીકાર નથી થતો તેથી જ આ દેશમાં અને જગતમાંના બીજા ભાગમાં પણ ભૂખનું દુઃખ વર્ત્યા કરે છે.[3]

નૈતિક આંકને કોરે મૂકે છે અગર તેની ઉપેક્ષા કરે છે તે અર્થશાસ્ત્ર ખોટું છે. અર્થશાસ્ત્રના પ્રદેશમાં અહિંસાનિયમનો વિસ્તાર કરીએ તો એનો અર્થ ચોખ્ખો છે કે આંતરરાષ્ટ્રીય વેપારવણજના નિયમનમાં પણ નૈતિક આંકનો ભાવ પુછાય.[4]

દરેક માણસને જીવવાનો અધિકાર છે; અને તેથી તે પોતે અન્ન, અને જ્યાં જરૂર હોય ત્યાં વસ્ત્ર તથા આશ્રય મેળવી શકે એ માટે જરૂરી ધંધો મેળવવાનો એને અધિકાર છે.[5]

'આવતી કાલની ચિંતા ન કરો' એ આદેશનો પડઘો આપણને દુનિયાનાં લગભગ બધાં ધર્મશાસ્ત્રોમાંથી સાંભળવા મળે છે. સુવ્યવસ્થિત સમાજમાં પોતાના નિર્વાહ માટે રોજી મેળવવાનું દુનિયામાં સહેલામાં સહેલું હોવું જોઈએ, અને એમ જાણવા મળે છે પણ ખરું. સાચે જ, દેશની સુવ્યવસ્થાની કસોટી તેમાં કેટલા કરોડપતિઓ છે એ નહીં પણ તેની આમજનતામાં ભૂખમરો ન હોય એ છે.[6]

જે યોજનામાં દેશના માણસોની હકીકતમાં વધારે સમર્થ શક્તિને અવગણીને કેવળ દેશના કાચા માલનો વધારેમાં વધારે ઉપયોગ કરી લેવાનો આશય રાખવામાં આવ્યો હશે તે એકાંગી હશે એટલે કે તેમાં એક જ બાજુનો વિચાર થયો હશે અને તેનાથી માણસોમાં સમાનતા આવવાની નથી. . . .

Gandhi Heritage Portal

તેથી હિંદુસ્તાનમાં વસતાં કોટયવધિ માણસોની સમગ્ર શક્તિને એકત્રિત કરી તેનો સારામાં સારો ઉપયોગ કરવામાં . . . સાચું આર્થિક નિયોજન સમાયેલું છે.[7]

એક પણ સશક્ત પુરુષ અથવા સ્ત્રી કામ અગર ખોરાક વગરનાં રહે ત્યાં સુધી આરામ કરવાની અથવા પેટ ભરીને જમવાની આપણને શરમ આવવી જોઈએ.[8]

જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો સરખો હક જેટલો પશુ-પંખીને છે તેટલો જ સરખો હક દરેક મનુષ્યને છે. અને દરેક હકની સાથે તેને લગતી ફરજ અને હક પર હુમલો થાય તો તેની સામેનો ઈલાજ જાણી લેવાના જ હોય છે; તેથી આ પ્રાથમિક, પાયારૂપ સમાનતાને સાચવવાને સારુ તેને લગતી ફરજો અને ઈલાજો શોધી કાઢવાનાં જ રહ્યાં. મારાં અંગો વડે શ્રમ કરવો એ હકને લગતી ફરજ છે, અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે અસહકાર કરવો એ હક સાચવવાનો ઈલાજ છે.[9]

## ૨. જાતમહેનત

મજૂરી ન કરે તેને ખાવાનો શો અધિકાર હોય?[10]

'તારો રોટલો પરસેવો પાડી મહેનત કરીને કમાજે,' એમ બાઈબલ કહે છે. યજ્ઞો ઘણા પ્રકારના હોઈ શકે. તેમાંનો એક સહેજે રોટલો કમાવાની મજૂરી હોઈ શકે. સૌ કોઈ પોતાનો રોટલો મેળવવા પૂરતી જ મજૂરી કરે ને તેથી વધારે ન કરે તો સૌ કોઈને પૂરતો ખોરાક અને પૂરતી નવરાશ મળે. પછી વધારેપડતી વસ્તીની બૂમ નહીં રહે, રોગ ને બીમારી નહીં રહે, અને આજે ચારે કોર જોવામાં આવે છે તેવું દુ:ખ પણ નહીં રહે. આવી મજૂરી ઉત્તમ પ્રકારનો યજ્ઞ બને. પોતાના શરીર મારફતે અગર મન મારફતે માણસો બેશક બીજાં ઘણાં કામો કરતાં રહેશે, પણ એ બધી સર્વના ભલાને માટે પ્રેમથી કરેલી મજૂરી અથવા સેવા હશે. પછી કોઈ તવંગર ને કોઈ ગરીબ, કોઈ ઊંચા ને કોઈ નીચા, કોઈ સ્પર્શ્ય ને કોઈ અસ્પર્શ્ય જોવાના નહીં મળે.[11]

Gandhi Heritage Portal

દુઃખથી રિબાતાં હિંદનાં કરોડો બાળક એક જ કાવ્યની આશા રાખે છે—સત્ત્વ આપનારા અનાજની. એ અનાજની ભેટ થઈ શકે તેમ નથી. તેઓએ તો કમાવું જોઈએ. અને તે કમાવા પૂરતી મજૂરી જ તેઓ માગે છે.[૧૨]

'ગામડાંમાં પાછા જાઓ'નો અર્થ છે: રોટી-મજૂરી અને તેમાં જે જે અર્થ સમાયેલો હોય તે બધાનો સ્પષ્ટ અને સ્વેચ્છાપૂર્વકનો સ્વીકાર.[૧૩]

બુદ્ધિનું કામ શરીરની મજૂરીના કામ જેટલું જ મહત્ત્વનું ને જરૂરી છે અને જીવનની સળંગ યોજનામાં બેશક તેનું સ્થાન છે. પણ મારો આગ્રહ હરેક માણસે પોતાના શરીર વડે મજૂરી કરવી જોઈએ એવો છે. મારો દાવો છે કે કોઈ પણ માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્ત ન હોય.[૧૪]

ઈશ્વરે માણસને પોતાના પેટને સારુ મજૂરી કરવા પેદા કર્યો છે, અને તેણે કહ્યું છે કે, જેઓ મજૂરી કર્યા વિના ખાય છે તે ચોર છે.[૧૫]

## ૩. સમાનતા

જેમ બધું સાચું નીતિશાસ્ત્ર, તેના નામ પ્રમાણે, સારું અર્થશાસ્ત્ર પણ હોવું જોઈએ તેમ સાચું અર્થશાસ્ત્ર ઊંચામાં ઊંચા નૈતિક ધોરણને વિરોધી ન હોય. જે અર્થશાસ્ત્ર ધનપૂજાનો ઉપદેશ કર્યા કરે છે અને નબળાઓને ભોગે જબરાઓને ધનસંચય કરવા દે છે તે ખોટું શાસ્ત્ર છે. એ ઘાતક છે. બીજી બાજુ સાચું અર્થશાસ્ત્ર સામાજિક ન્યાયને માટે ખડું છે, તે નબળામાં નબળા સહિત સૌનું ભલું કરવાનો પ્રયત્ન કરે છે તેમ જ સભ્ય જીવન માટે તે અનિવાર્ય છે.[૧૬]

મારે તો સૌનો દરજ્જો સમાન બનાવવો છે.[૧૭]

મારો આદર્શ તો સમાન વહેંચણીનો જ છે પણ હું જોઈ શકું

Gandhi Heritage Portal

છું ત્યાં સુધી એની પ્રાપ્તિ સંભવિત નથી. તેથી હું ન્યાય્ય વહેંચણીના ધોરણ પર કામ લઉં છું.[૧૮]

આર્થિક સમાનતાનો મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે. આર્થિક સમાનતાને માટે કાર્ય કરવું એટલે મૂડી ને મજૂરી વચ્ચેના કાયમના ઝઘડાને મિટાવવો. એનો અર્થ એવો થાય છે કે એક બાજુથી જે થોડા પૈસાવાળા લોકોના હાથમાં રાષ્ટ્રની સંપત્તિનો મુખ્ય ભાગ એકઠો થયો છે તેમની સંપત્તિ કમી કરવી અને બીજી બાજુથી અર્ધાં ભૂખ્યાં ને નાગાં રહેતાં કરોડોની સંપત્તિ વધારવી. જ્યાં લગી ખોબા જેટલા પૈસાવાળા ને ભૂખ્યાં રહેતાં કરોડો વચ્ચેનું બહોળું અંતર ચાલુ રહે ત્યાં લગી અહિંસાના પાયા પર ચાલતો રાજ્યવહીવટ સંભવિત નથી. જે સ્વતંત્ર હિંદુસ્તાનમાં દેશના સૌથી તવંગર માણસો જેટલી સત્તા ભોગવતા હશે તેટલી જ ગરીબોની હશે. તેમાં નવી દિલ્હીના મહેલો ને તેમની પડખે જ આવેલાં ગરીબ મજૂર વસ્તીનાં કંગાળ ધોલકાંઓ વચ્ચે જે કારમો તફાવત આજે દેખાય છે તે એક દિવસભર પણ નહીં નભે. પૈસાવાળાઓ પોતાનો પૈસો અને તેને લીધે મળતી સત્તા એ બન્ને આપમેળે રાજીખુશીથી છોડી દઈ સર્વના કલ્યાણને માટે બધાંની સાથે મળીને વાપરવાને તૈયાર નહીં થાય તો હિંસક તેમ જ ખૂનખાર ક્રાંતિ અહીં થયા વિના રહેવાની નથી એમ ચોક્કસ સમજવું.

ટ્રસ્ટીપણાના મારા સિદ્ધાન્તને ઘણો હસી કાઢવામાં આવ્યો છે છતાં હું હજી તેને વળગી રહું છું. તેને પહોંચવાનું એટલે કે તેનો પૂરેપૂરો અમલ કરવાનું કામ કપરું છે એ વાત સાચી છે. અહિંસાનું એવું નથી? પણ ૧૯૨૦ની સાલમાં એ સીધું ચઢાણ ચઢવાનો આપણે સંકલ્પ કર્યો.[૧૯]

આર્થિક સમાનતા એટલે જગતના બધા મનુષ્યો પાસે એકસરખી સંપત્તિ હોવાપણું, એટલે કે સહુની પાસે પોતાની કુદરતી આવશ્યકતા પૂરતી સંપત્તિનું હોવું. કુદરતે જ એક માણસને નાજુક હોજરી આપી હોય ને તે પાંચ તોલા આટો જ ખાઈ શકે અને બીજાને વીસ તોલા જોઈએ, તો બંનેને પોતપોતાની હોજરી પ્રમાણે આટો મળવો જોઈએ,

Gandhi Heritage Portal

બધા સમાજનું ઘડતર આ આદર્શને અવલંબીને થવું જોઈએ, અહિંસક સમાજને બીજો આદર્શ ન પાલવે. છેક આદર્શને આપણે કદી નહીં પહોંચીએ. પણ એને નજરમાં રાખીને આપણે બંધારણો રચીએ ને વ્યવસ્થા કરીએ. જેટલે અંશે આપણે આદર્શને પહોંચીએ એટલે જ અંશે આપણે સુખ અને સંતોષ પામીએ, એટલે જ અંશે આપણે સામાજિક અહિંસા સિદ્ધ કરી કહેવાય.[૨૦]

## ૪. ટ્રસ્ટીપણું

આર્થિક સમાનતાની જડમાં ધનિકનું ટ્રસ્ટીપણું રહ્યું છે. એ આદર્શ પ્રમાણે ધનિકને પોતાના પડોશી કરતાં એક કોડી પણ વધારે રાખવાનો અધિકાર નથી. ત્યારે શું વધારાનું એની પાસેથી છીનવી લેવું? એમ કરતાં હિંસાનો આશ્રય લેવો પડે. અને હિંસા વડે એમ કરવું સંભવે તોય સમાજને તેથી ફાયદો ન થાય. કેમ કે દ્રવ્ય એકઠું કરવાની શક્તિ ધરાવનાર એક માણસની શક્તિને સમાજ ખોઈ બેસે. એટલે અહિંસક માર્ગ એ થયો કે માન્ય થઈ શકે એટલી તેની હાજત પૂરી પાડી બાકીનાનો તે પ્રજાની વતી ટ્રસ્ટી બને. જો પ્રામાણિકપણે સંરક્ષક બને તો જે દ્રવ્ય તે ઉત્પન્ન કરશે તેનો સદ્વ્યય પણ કરશે. વળી જ્યારે મનુષ્ય પોતાને સમાજનો સેવક માને, સમાજને અર્થે ધન કમાય, સમાજના કલ્યાણને અર્થે તે વાપરે ત્યારે તેની કમાણીમાં શુદ્ધતા આવશે, તેના સાહસમાં પણ અહિંસા હશે. આ પ્રમાણે જો કાર્યપ્રણાલી ગોઠવાય તો સમાજમાં વગર ઘર્ષણે મૂક ક્રાન્તિ પેદા થાય.

પણ ઘણા પ્રયત્ન છતાં જો ધનિક લોકો ખરા સંરક્ષક ન બને અને અહિંસાને નામે ભૂખે મરતાં કરોડો વધારે ને વધારે કચરાતાં જાય તો શું કરવું? એ કોયડાનો ઉકેલ શોધતાં જ અહિંસક અસહકાર અને અહિંસક કાનૂનભંગ સાંપડયા. કોઈ ધનવાન સમાજના ગરીબોના સહકાર વિના ધન નથી કમાઈ શકતો. મનુષ્યને પોતાની હિંસક શક્તિનું ભાન છે, કેમ કે તે તો તેને લાખો વર્ષ પૂર્વે વારસામાં ઊતરી. તેના ચાર પગ મટીને જ્યારે તેના બે પગને હાથનો આકાર મળ્યો ત્યારે તેનામાં અહિંસાની શક્તિ પણ આવી. હિંસાશક્તિનું તો તેને મૂળથી ભાન હતું.

Gandhi Heritage Portal

પણ અહિંસાનું ભાન ધીમે ધીમે પણ અચૂક રોજ વધવા લાગ્યું. એ ભાન ગરીબોમાં પ્રસરે એટલે તે બળિયા થાય ને જે આર્થિક અસમાનતાના તેઓ ભોગ થયા છે તેને અહિંસક માર્ગે દૂર કરતાં શીખે.[૨૧]

## ૫. વિકેન્દ્રીકરણ

જો હિંદે અહિંસક ધોરણે પોતાનો અભ્યુદય સાધવો હોય તો હું કહું છું કે એણે ઘણી બાબતોમાં કેન્દ્રીકરણ નહીં પણ વિસ્તૃતીકરણ કરવું પડશે. કેન્દ્રીકરણને પૂરતા પ્રમાણમાં બળનો ઉપયોગ કર્યા વગર નભાવી કે બચાવી શકાય નહીં. સાદાં ઘર અને કુટુંબો જેમની પાસેથી લૂંટી લઈ જવા જેવું કશું જ ખાસ ન હોય તેની રક્ષાને સારુ પોલીસની જરૂર ન પડે. ધનિકોની મહેલાતો ધાડલૂંટથી સાચવવા મજબૂત ચોકિયાતો રાખવા પડે. તેવું ગંજાવર કારખાનાં વિષે. લશ્કરી, દરિયાઈ તેમ જ હવાઈ બળોથી શહેરી ધોરણે સંગઠિત થયેલા હિંદના કરતાં ગ્રામરચનાને ધોરણે સંગઠિત થયેલા હિંદને વિદેશી હુમલાનું જોખમ ઓછું નડશે.[૨૨]

તમે અહિંસાની રચના મિલોની સંસ્કૃતિ પર કરી શકવાના નથી, પણ એ સ્વાશ્રયી ગામડાં પર રચી શકાશે. . . . મેં કલ્પેલી છે તેવી ગામઠી અર્થવ્યવસ્થામાં શોષણનો પૂરેપૂરો છેદ ઉડાવી દીધેલો છે. શોષણ આવ્યું કે હિંસા આવી જ.[૨૩]

## ૬. સ્વદેશી

સ્વદેશી આપણામાં રહેલી તે ભાવના છે કે જે આપણને આપણી પાસેની પરિસ્થિતિનો ઉપયોગ કરવા અને તેની સેવા કરવા તથા દૂરની પરિસ્થિતિનો ત્યાગ કરવા પ્રેરે છે.

આપણે સ્વદેશી સિદ્ધાંતનું પાલન કરતા હોઈએ, તો તમારી અને મારી આ ફરજ છે કે, આપણી જરૂરિયાતો પૂરી પાડી શકે એવા પડોશીઓ શોધી કાઢવા જોઈએ. તથા જેઓને તે કામ કરતાં નથી આવડતું તેઓને તે શિખવાડવું જોઈએ. આમ કહેવા ટાણે, હું એમ માની લઉં છું કે, આપણા કેટલાક એવા પડોશીઓ છે કે જેઓ ઉપયોગી ધંધાની શોધમાં છે. આમ થશે ત્યારે જ હિંદનું દરેક

Gandhi Heritage Portal

ગામડું પોષણ અને રક્ષણ માટે પોતા ઉપર જ આધાર રાખતું બનશે, અને જે વસ્તુની સ્થાનિક પેદાશ નહીં જ હોય તેવી જ જાણસોની આયાત તથા નિકાસ કરશે. આ બધામાં તમને ઘેલછા જણાશે. ગમે તેમ હો, પણ હિંદ તો ઘેલો દેશ છે. કોઈ માયાળુ મુસલમાન પીવા માટે ચોખ્ખું પાણી આપવા તૈયાર હોય, તોયે તે ન લેતાં તરસ વેઠી પોતાનું ગળું સૂકવી નાખવું, એ ગાંડાઈ છે. છતાં હજારો હિંદુઓ મુસલમાનોનાં ઘરનું પાણી પીવા કરતાં તરસથી મરી જવું પસંદ કરે છે. આ જ ઘેલા માણસોને જો એક વખત એવી ખાતરી થઈ જાય કે, તેઓનો ધર્મ માત્ર હિંદમાં જ બનેલાં કપડાં પહેરવાનો અને હિંદમાં જ ઉત્પન્ન થયેલો ખોરાક લેવાનો છે, તો પછી તેઓ બીજાં કોઈ કપડાં પહેરવાને અથવા બીજો કોઈ ખોરાક લેવાને લલચાશે નહીં.[૨૪]

સ્વદેશી ધર્મ જાણનાર પોતાના કૂવામાં ડૂબી નહીં જાય. જે વસ્તુ સ્વદેશમાં ન બને અથવા મહાકષ્ટથી જ બની શકે તે પરદેશના દ્વેષને લીધે પોતાના દેશમાં બનાવવા બેસી જાય તેમાં સ્વદેશી ધર્મ નથી. સ્વદેશી ધર્મ પાળનાર પરદેશીનો કદી દ્વેષ કરશે જ નહીં, એટલે પૂર્ણ સ્વદેશીમાં કોઈનો દ્વેષ નથી. એ સાંકડો ધર્મ નથી. એ પ્રેમમાંથી, અહિંસામાંથી ઉત્પન્ન થયેલો સુંદર ધર્મ છે.[૨૫]

## ૭. સ્વાવલંબન

સમાજનું એકમ એક કાલ્પનિક ગામ યા જૂથ હોવું જોઈએ. તે એકમ સ્વાવલંબી રહી શકે અને જૂથની અંદર પરસ્પરાવલંબન તો રહેવું જ જોઈએ.[૨૬]

પોતાની જરૂરિયાતો જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની દરેક ગામની પહેલી ફરજ ગણાશે.[૨૭]

ખાદીનું મૂળ તત્ત્વ જ એ છે કે દરેક ગામને અન્ન અને વસ્ત્રના સંબંધમાં સ્વાશ્રયી બનાવી દેવું.[૨૮]

કાંતનારાઓ પોતે કપાસ ઉગાડતા ન થઈ જાય અથવા તો દરેક

Gandhi Heritage Portal

ગામમાં કપાસનું વાવેતર ન હોય તો એ સ્વાવલંબી ખાદી સફળ નથી થવાની. એટલે સ્વાવલંબી ખાદીની દૃષ્ટિએ તો દરેક ઠેકાણે કપાસની ખેતી થવી જ જોઈશે.[૨૯]

દરેક ગામ પોતાની તાકાત પર નભતું હોય, પોતાનો કુલ વહેવાર ચલાવવાને અને જરૂર પડે તો આખી દુનિયાની સામે પોતાનું રક્ષણ કરી લેવાને સમર્થ હોય.[૩૦]

## ૮. સહકાર

બની શકે ત્યાં સુધી દરેકે દરેક પ્રવૃત્તિ સહકારી પદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે ચાલશે.[૩૧]

ખેડૂતોને માટે સહકારી પદ્ધતિની ઘણી વધારે જરૂર છે. હું ચોક્કસ માનું છું કે જમીનની માલકી રાજ્યની હોય. એટલે તેના પર સહકારી પદ્ધતિથી ખેતી કરવામાં આવે તો જ વધારેમાં વધારે નીપજ થાય.

વળી એ પણ યાદ રાખવું જોઈએ કે સહકારી પદ્ધતિ ચુસ્ત અહિંસાના પાયા પર જ રચવી જોઈએ.[૩૨]

## ૯. સત્યાગ્રહ

દરેક ગ્રામસમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારની પદ્ધતિવાળી અહિંસા હશે.[૩૩]

## ૧૦. સૌ ધર્મોનું સરખું સ્થાન

દરેક ધર્મનું સરખા દરજ્જાનું તેમ જ ઘટતું સ્થાન રહેશે. આપણે સૌ એક ભવ્ય તરુવરનાં પાંદડાં જેવાં છીએ અને તેનાં મૂળ પાતાળમાં પૃથ્વીના હૃદય સુધી પહોંચેલાં હોવાથી, તેના થડને હલાવવાને કોઈ સમર્થ નથી. ગમે તેવા જોરાવર, તોફાની પવનથી તે હાલે તેમ નથી.[૩૪]

## ૧૧. પંચાયતરાજ

નિયમ પ્રમાણેની નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી ચોક્કસ લાયકાતવાળાં ગામનાં પુખ્ત ઉંમરનાં સર્વ સ્ત્રી અને પુરુષો દર વર્ષે

Gandhi Heritage Portal

પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે ગામનાં બધાં જાહેર કાર્યો કરશે.[૩૫]

આ પંચાયતને જરૂરી બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. હાલના માન્ય અર્થમાં શિક્ષાની કોઈ પદ્ધતિનો અમલ નહીં હોય, એટલે આ પંચાયત પોતાના અમલના એક વર્ષને માટે ગામની ધારાસભા, ન્યાયાધીશી, અને કાર્યવાહક મંડળ બનશે.[૩૬]

ગ્રામવાસી હોય એવાં અથવા ગ્રામવાસીના માનસવાળાં પુખ્ત-વયનાં પાંચ સ્ત્રી-પુરુષોની બનેલી પ્રત્યેક પંચાયત એક ઘટક બનશે.

પાસે પાસેની આવી પ્રત્યેક બે પંચાયતોની તેમનામાંથી ચૂંટી કાઢેલા એક નેતાની દોરવણી નીચે કાર્ય કરનારી મંડળી બને.

આવી સો પંચાયતો બને ત્યારે પ્રથમ કક્ષાના પચાસ નેતાઓ પોતાનામાંથી એક બીજી કક્ષાનો નેતા ચૂંટે અને એ રીતે પહેલી કક્ષાના આગેવાનો બીજી કક્ષાના આગેવાનની દોરવણી નીચે કાર્ય કરે. આખું હિંદ આવરી લેવામાં આવે ત્યાં સુધી બસો પંચાયતોનાં આવાં જોડકાં રચ્યે જવામાં આવે અને પછી રચાતું પંચાયતોનું પ્રત્યેક જૂથ પહેલાની જેમ બીજી કક્ષાનો નેતા ચૂંટયે જાય. બીજી કક્ષાના નેતાઓ સમગ્ર હિંદને માટે એકત્ર રીતે કામ કરે અને પોતપોતાના પ્રદેશોમાં અલગ અલગ કાર્ય કરે. તેમને જ્યારે પણ જરૂર લાગે ત્યારે બીજી કક્ષાના નેતાઓ પોતાનામાંથી એક વડો ચૂંટી કાઢે. તે તેને ચૂંટનારાઓ ઇચ્છે ત્યાં સુધી બધાં જૂથોને વ્યવસ્થિત કરે તેમ જ તેમને દોરવણી આપે.[૩૭]

## ૧૨. પાયાની કેળવણી

કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી તેમ તેનો આરંભ પણ નથી. એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાનાં અનેકમાંનું એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઈ કેળવણી નથી. એટલે હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈક ઉપયોગી હાથઉદ્યોગ

Gandhi Heritage Portal

શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણેથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું. આ રીતે દરેક નિશાળ સ્વાવલંબી થઈ શકે. માત્ર શરત એ છે કે એ નિશાળોએ તૈયાર કરેલી ચીજો રાજ્યે ખરીદી લેવી જોઈએ.[૩૮]

૭

## જાતમહેનત

કુદરત ઈચ્છે છે કે આપણે પસીનો પાડીને રોટી કમાઈએ, તેથી એક મિનિટ પણ આળસમાં ગુમાવનાર માણસ તેટલા પ્રમાણમાં પોતાના પડોશી ઉપર બોજારૂપ થાય છે, અને તેમ કરવું એ અહિંસાના પહેલા જ પાઠના ભંગ સમાન છે. . . . જો અહિંસામાં પોતાના પડોશીનો વિચાર કરવાપણું ન હોય તો અહિંસાનો કશો અર્થ નથી, અને આળસુ માણસમાં એ મૂળ વિચારનો અભાવ હોય છે.[૧]

રોટીને સારુ પ્રત્યેક મનુષ્યે મજૂરી કરવી જોઈએ. શરીર વાંકું વાળવું જોઈએ એ ઈશ્વરી નિયમ છે, એ મૂળ શોધ ટૉલ્સ્ટૉયની નથી, પણ તેના કરતાં બહુ અપરિચિત લેખક બૉન્ડારેફની છે. તેને ટૉલ્સ્ટૉયે પ્રસિદ્ધિ આપીને અપનાવી. આની ઝાંખી મારી આંખ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં કરે છે. યજ્ઞ કર્યા વિના જે ખાય છે તે ચોરીનું અન્ન ખાય છે એવો કઠિન શાપ અયજ્ઞને છે. અહીં યજ્ઞનો અર્થ જાતમહેનત અથવા રોટીમજૂરી જ શોભે છે ને મારા મત પ્રમાણે સંભવે છે. એ ગમે તેમ હો, આપણા આ વ્રતની એ ઉત્પત્તિ છે.

બુદ્ધિ પણ એ વસ્તુ ભણી આપણને લઈ જાય છે. મજૂરી ન કરે તેને ખાવાનો શો અધિકાર હોય? બાઈબલ કહે છે: 'તારી રોટી તું તારો પસીનો રેડીને કમાજે ને ખાજે.' કરોડપતિ પણ જો પોતાને ખાટલે આળોટયા કરે ને તેના મોંમાં કોઈ ખાવાનું મૂકે ત્યારે ખાય તો તે લાંબો વખત ખાઈ નહીં શકે, તેને તેમાં રસ પણ નહીં રહે. તેથી તે વ્યાયામાદિ કરીને ભૂખ નિપજાવે છે, ને ખાય છે તો પોતાનાં જ હાથમાં

Gandhi Heritage Portal

હલાવીને. જો આમ કોઈક રીતે અંગકસરત રાય-રંક બધાને કરવી જ પડે છે તો રોટી પેદા કરવાની જ કસરત સહુ કાં ન કરે, એ પ્રશ્ન સહેજે પેદા થાય છે. ખેડૂતને હવા લેવાનું કે કસરત કરવાનું કોઈ કહેતું નથી. અને દુનિયાના નેવું ટકા કરતાં પણ વધારે માણસોનો નિર્વાહ ખેતીથી ચાલે છે. આનું અનુકરણ બાકીના દસ ટકા કરે તો જગતમાં કેટલું સુખ, કેટલી શાંતિ ને કેટલું આરોગ્ય ફેલાય! અને ખેતીની સાથે બુદ્ધિ ભળે એટલે ખેતીને અંગે રહેલી ઘણી હાડમારીઓ સહેજે દૂર થાય. વળી જાતમહેનતના આ નિરપવાદ કાયદાને જો સહુ માન આપે તો ઊંચનીચનો ભેદ ટળી જાય. અત્યારે તો જ્યાં ઊંચનીચની ગંધ પણ નહોતી ત્યાં, એટલે વર્ણવ્યવસ્થામાંયે, તે પેસી ગઈ છે.

માલિક-મજૂરનો ભેદ સર્વવ્યાપક થઈ પડયો છે ને ગરીબ ધનિકની અદેખાઈ કરે છે. જો સહુ રોટી પૂરતી મજૂરી કરે તો ઊંચનીચનો ભેદ નીકળી જાય, ને પછી પણ ધનિક વર્ગ રહેશે તે પોતાને માલિક નહીં માને પણ પોતાને તે ધનના કેવળ રખેવાળ કે ટ્રસ્ટી માનશે, ને તેનો મુખ્યપણે ઉપયોગ કેવળ લોકસેવા અર્થે કરશે.

જેને અહિંસાનું પાલન કરવું છે, સત્યની આરાધના કરવી છે, બ્રહ્મચર્યને સ્વાભાવિક બનાવવું છે તેને તો જાતમહેનત રામબાણરૂપ થઈ પડે છે. આ મહેનત ખરું જોતાં તો ખેતી જ છે. પણ સહુ તે નથી કરી શકતા એવી અત્યારે તો સ્થિતિ છે જ. એટલે ખેતીના આદર્શને ધ્યાનમાં રાખીને ખેતીની અવેજીમાં માણસ ભલે બીજી મજૂરી કરશે એટલે કે કાંતવાની, વણવાની, સુતારની, લુહારની ઈત્યાદિ ઈત્યાદિ. સહુએ પોતપોતાના ભંગી તો થવું જ જોઈએ. ખાય છે તેને મળત્યાગ તો કરવાનો જ છે. મળત્યાગ કરે તે જ પોતાના મળને દાટે એ ઉત્તમ વસ્તુ છે. એ ન જ બની શકે તો સહુ કુટુંબ પોતાનું કર્તવ્ય કરે.

જ્યાં ભંગીનો નોખો ધંધો કલ્પ્યો છે ત્યાં કંઈક મહાદોષ પેસી ગયો છે એમ મને તો વર્ષો થયાં લાગ્યું છે. આ આવશ્યક, આરોગ્ય-પોષક કાર્યને હલકામાં હલકું પ્રથમ કોણે ગણ્યું હશે તેનો ઈતિહાસ આપણી પાસે નથી. જેણે ગણ્યું તેણે આપણી ઉપર ઉપકાર તો નથી જ કર્યો. આપણે બધા ભંગી છીએ એ ભાવના આપણા મનમાં બચપણથી જ

Gandhi Heritage Portal

ઠસવી જોઈએ, અને એ ઠસાવવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે જે સમજ્યાં છે તે જાતમહેનતનો આરંભ પાયખાનાં સાફ કરવાથી કરે. આમ જ્ઞાનપૂર્વક કરશે તે તે જ ક્ષણથી ધર્મને જુદી ને ખરી રીતે સમજતો થશે.[૨]

હકનું સાચું મૂળ કર્તવ્યપાલનમાં રહેલું છે. જો આપણે બધાં આપણી ફરજો બરાબર બજાવીએ તો આપણે હકો શોધવા બહુ દૂર નહીં જવું પડે. જો આપણી ફરજો બજાવ્યા વગર આપણે હક પાછળ દોડીએ તો તે મૃગજળની માફક છટકી જશે. અને તેની પાછળ જેટલાં વધારે પડીશું તેટલા તે આપણાથી દૂર ને દૂર રહેશે. શ્રીકૃષ્ણે આ જ ઉપદેશ નીચેના અમર શબ્દોમાં આપ્યો છે:

'તારો અધિકાર કેવળ કર્મનો છે, ફળનો નહીં,'* અહીં કર્મ એટલે ફરજ; ફળ એટલે હક.[૩]

જીવનની મુખ્ય જરૂરિયાતો મેળવવાનો સરખો હક જેટલો પશુ-પંખીને છે તેટલો જ સરખો હક દરેક મનુષ્યને છે. અને દરેક હકની સાથે તેને લગતી ફરજ અને હક પર હુમલો થાય તો તેની સામેના ઈલાજ જાણી લેવાના જ હોય છે; તેથી આ પ્રાથમિક, પાયારૂપ સમાનતા-ને સાચવવાને સારુ તેને લગતી ફરજો અને ઈલાજો શોધી કાઢવાના જ રહ્યા. મારાં અંગો વડે શ્રમ કરવો એ હકને લગતી ફરજ છે, અને એ શ્રમનું ફળ મારી પાસેથી પડાવી લેનાર જોડે અસહકાર કરવો એ હક સાચવવાનો ઈલાજ છે.[૪]

સૌ પોતપોતાની રોટી માટે શરીરશ્રમ કરે તો સૌને પૂરતો ખોરાક અને પૂરતી ફુરસદ મળી રહે. પછી વધારે પડતી વસ્તીની બૂમ નહીં હોય, રોગ નહીં હોય અને આજે ચારે બાજુ નજરે પડતાં દુ:ખો નહીં હોય. આ મજૂરી યજ્ઞનું ઊંચામાં ઊંચું સ્વરૂપ હશે. અલબત્ત, માણસ તેના શરીર દ્વારા કે બુદ્ધિ દ્વારા બીજી અનેક વસ્તુઓ કરશે. પણ તે બધી સાર્વજનિક લાભને માટે કરેલી મહેનત હશે. પછી કોઈ તવંગર

* कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । ગીતા અ. ૨–૪૭

Gandhi Heritage Portal

નહીં હોય ને કોઈ ગરીબ નહીં હોય; કોઈ ઊંચ ને કોઈ નીચ નહીં હોય; કોઈ સ્પૃશ્ય ને કોઈ અસ્પૃશ્ય નહીં હોય.

આ આદર્શને પહોંચવું કદાચ શક્ય ન હોય. પણ તેથી આપણે તેને માટે મથતા અટકવું ન જોઈએ. યજ્ઞના નિયમનો એટલે કે માનવ-જીવનના નિયમનો સંપૂર્ણ અમલ ન કરી શકીએ, પણ આપણી રોજેરોજ-ની રોટી માટે પૂરતો શરીરશ્રમ કરીએ તોયે આ આદર્શની ઘણા નજીક પહોંચી જઈએ.

આમ કરીએ તો આપણી જરૂરિયાતો ઘણી ઓછી થઈ જશે. આપણો ખોરાક સાદો થશે. પછી આપણે જીવવા માટે ખાઈશું, ખાવા માટે નહીં જીવીએ. આ સિદ્ધાંતની સચ્ચાઈ વિશે જેને શંકા હોય તે પોતાના ગુજરાન માટે પરસેવો પાડી જુએ. શરીરશ્રમ કરીને કમાયેલો રોટલો તેને મીઠો લાગશે, તેની તબિયત સુધરશે અને તેને ખાતરી થશે કે જે અનેક ચીજો તે ખાતો હતો તેમાંની ઘણી ખરેખર બિનજરૂરી હતી.[૫]

બુદ્ધિપૂર્વક કરેલી 'બ્રેડ લેબર' એ ઊંચામાં ઊંચા પ્રકારની સમાજસેવા છે.

'શ્રમ'ની આગળ 'બુદ્ધિપૂર્વક કરેલો' એ વિશેષણ લગાડયું છે તે એમ બતાવવાને માટે કે શ્રમ એ સમાજસેવામાં ત્યારે જ ખપી શકે જ્યારે એની પાછળ સેવાનો નિશ્ચિત હેતુ રહેલો હોય. નહીં તો દરેક મજૂર સમાજસેવા કરે છે એમ કહેવાય. એક રીતે તો એ સમાજ-ની સેવા કરે જ છે, પણ જે સેવાની અહીંયાં વાત છે તે ઘણા ઊંચા પ્રકારની છે. જે માણસ સર્વના હિતને અર્થે શ્રમ કરે છે તે સમાજની સેવા કરે છે, અને તેને તેનું પેટ ભરાય એટલું મેળવવાનો હક છે. તેથી એવા પ્રકારની 'બ્રેડ લેબર' સમાજસેવાથી ભિન્ન નથી.[૬]

માણસ બૌદ્ધિક શ્રમ કરીને રોટલો ન કમાઈ શકે? ના. શરીરની જરૂરિયાત શરીર દ્વારા જ પૂરી પાડવી જોઈએ. 'રાજાનું હોય તે રાજાને સોંપો,' એ કહેવત કદાચ અહીં બરાબર બંધ બેસે છે.

કેવળ માનસિક, એટલે કે બૌદ્ધિક શ્રમ આત્માને માટે છે અને

Gandhi Heritage Portal

તે શ્રમ કરતાં થતો સંતોષ તે જ તેનો બદલો છે. બીજા બદલાની અપેક્ષા રાખવાની ન હોય. આદર્શ રાજ્યમાં દાક્તરો, વકીલો વગેરે કેવળ સમાજના લાભ માટે જ કામ કરશે, સ્વાર્થ માટે નહીં. રોટી-મજૂરીના નિયમનું પાલન કરવાથી સમાજના બંધારણમાં મૂક ક્રાંતિ થઈ જશે. જીવનસંગ્રામને બદલે પરસ્પરની સેવા માટે મથવામાં માણસની ફતેહ ગણાશે. પશુના કાયદાનું સ્થાન મનુષ્યનો કાયદો લેશે.

'ગામડામાં પાછા જાઓ'નો અર્થ છે: રોટી-મજૂરી અને તેમાં જે જે અર્થ સમાયેલો હોય તે બધાનો સ્પષ્ટ અને સ્વેચ્છાપૂર્વકનો સ્વીકાર. પણ ટીકાકાર કહે છે: "ભારતનાં કરોડો સંતાનો આજે ગામડામાં જ રહે છે. તેમ છતાં તેઓ અર્ધ ભૂખમરો વેઠે છે." આ વાત તદ્દન સાચી છે, એ દુઃખની વાત છે. સદ્‌ભાગ્યે આપણે એટલું જાણીએ છીએ કે તેઓ સ્વેચ્છાએ ત્યાં રહેતા નથી. તેમનું ચાલે તો તેઓ મજૂરી કરવાનું છોડી દઈને નજીકના શહેરમાં સગવડ મળે તો ત્યાં દોડી જાય. માલિકનો હુકમ ફરજિયાત ઉઠાવવો પડે એ ગુલામીની દશા છે; પિતાની આજ્ઞાનું રાજીખુશીથી પાલન કરવું એ પુત્રત્વનું ગૌરવ છે. તે જ રીતે રોટી-મજૂરીના કાયદાનું ફરજિયાત પાલન ગરીબાઈ, રોગ અને અસંતોષ પેદા કરે છે. એ ગુલામીની સ્થિતિ છે. તે જ કાયદાનું સ્વેચ્છાપૂર્વક પાલન કરવામાં આવે તો તે સંતોષ અને તંદુરસ્તી આપે. અને તંદુરસ્તી એ જ ખરી દોલત છે; સોનારૂપાનાં ચકરડાં નહીં.[૭]

## ભિક્ષાવૃત્તિ

પોતાના ભોજન માટે જેણે પ્રામાણિકપણે શ્રમ નથી કર્યો તેને મફત ખવડાવવાનો વિચાર મારી અહિંસામાં બેસતો નથી. મારી પાસે સત્તા હોય તો હું બધાં સદાવ્રત બંધ કરાવી દઉં. સદાવ્રતોએ પ્રજાની અધોગતિ કરી છે અને સુસ્તી, આળસ, દંભ તથા ગુનાખોરીને પણ ઉત્તેજન આપ્યું છે. આવાં અપાત્ર દાનથી દેશની ભૌતિક કે આધ્યાત્મિક સંપત્તિમાં કશો વધારો થતો નથી અને દાન દેનારાઓને પુણ્ય કર્યાનો ભ્રમ થાય છે. દાતાઓ પરિશ્રમાલયો ખોલે જ્યાં ભોજન માટે કામ કરવા ઇચ્છતાં સ્ત્રીપુરુષોને આરોગ્યપ્રદ અને સ્વચ્છ વાતાવરણમાં કામ આપીને



Gandhi Heritage Portal

ભોજન આપે તો કેવું સરસ અને ડહાપણભર્યું કહેવાય! અંગત રીતે હું માનું છું કે પરિશ્રમાલયમાં ચલાવવા માટે રેંટિયો અથવા કપાસ લોઢવાથી માંડીને ખાદી વણવા સુધીની કોઈ પણ ક્રિયા આદર્શ ઉદ્યોગ ગણાય. પણ આ તેમને પસંદ ન હોય તો બીજું કોઈ પણ કામ કરાવી શકાય. શરતમાત્ર એટલી કે, 'મજૂરી ન કરે તેને ભોજન નહીં મળે.'

જેને માટે ધનિક લોકો જવાબદાર છે એવો ભિખારીઓનો મુશ્કેલ સવાલ દરેક શહેર સમક્ષ પડેલો છે. હું જાણું છું કે આળસુ માણસને મફત ટુકડો ફેંકવો તે સહેલું છે, પણ જ્યાં ભોજન મળે તે પહેલાં પ્રામાણિક મજૂરી કરવાની હોય એવી સંસ્થા – પરિશ્રમાલય – ચલાવવી એ અઘરું કામ છે. આર્થિક દૃષ્ટિએ જોતાં, શરૂઆતમાં તો, આજે ચાલતાં અન્નક્ષેત્રો કરતાં લોકો પાસેથી કામ લઈને તેમને ભોજન આપવાનું ઘણું મોંઘું પડશે. પણ મને ખાતરી છે કે આ દેશમાં ઝડપથી ફેલાઈ રહેલી રખડુઓની જમાતને ભૌમિતિક ગતિએ વધવા દેવી ન હોય તો લાંબે ગાળે એ જ સસ્તું પડશે.[૮]

મને લાગે જ છે કે ભીખને ઉત્તેજન આપવું ખોટું છે, છતાં હું ભિખારીને કામ અને અન્ન આપવાની તૈયારી બતાવ્યા વિના ન જવા દઉં. એ જો કામ ન કરે તો એને હું ભૂખ્યો જવા દઉં. જે અપંગ છે, લૂલાંપાંગળાં છે, આંધળાં છે તેમને સરકારે પોષવાં જોઈએ. પણ અંધાપાના ઢોંગને નામે કે ખરા અંધાપાને નામે ઘણો દગો ચાલે છે. કેટલાયે આંધળા લોકો અયોગ્ય રીતે મેળવેલા પૈસાથી તવંગર થઈ ગયા છે. એમને આ લાલચમાં પાડવા એના કરતાં એમને ક્યાંક અનાથાશ્રમમાં લઈ જવા એ સારું છે.[૯]

Gandhi Heritage Portal

## ૮

# સમાનતા

સમાજની મારી કલ્પના એ છે કે આપણે બધા સરખા જન્મેલા છીએ, એટલે કે આપણને સરખી તક મેળવવાનો અધિકાર છે, છતાં સૌની શક્તિ સરખી નથી. એ વસ્તુ સ્વભાવતઃ જ અશક્ય છે. દાખલા તરીકે સૌની ઊંચાઈ, રંગ કે બુદ્ધિ સરખી ન હોઈ શકે. એટલે કુદરતી રીતે કેટલાકની શક્તિ વધારે કમાવાની હશે અને કેટલાકની ઓછું કમાવા-ની. બુદ્ધિશાળી માણસોની શક્તિ વધારે હશે, અને તેઓ પોતાની બુદ્ધિનો એ માટે ઉપયોગ કરશે. તેઓ જો રહેમ રાખીને બુદ્ધિ વાપરશે તો તેઓ રાષ્ટ્રની સેવા કરશે. એવા લોકો રક્ષક તરીકે જ રહી શકે, બીજી કોઈ રીતે નહીં. હું બુદ્ધિશાળી માણસને વધારે કમાવા દઉં. હું તેની બુદ્ધિના વિકાસને રોકું નહીં. પણ જેમ બાપના બધા કમાતા દીકરાની આવક કુટુંબના સહિયારા ખાતામાં જમા થાય છે તેમ એમની વધારે કમાણીનો મોટો ભાગ રાષ્ટ્રના હિત માટે વપરાવો જોઈએ. તેઓ પોતાની કમાણી રક્ષક તરીકે જ રાખી શકે.[1]

આર્થિક સમાનતા એટલે જગતના બધા મનુષ્યો પાસે એકસરખી સંપત્તિ હોવાપણું, એટલે કે સહુની પાસે પોતાની કુદરતી આવશ્યકતા પૂરતી સંપત્તિનું હોવું. કુદરતે જ એક માણસને નાજુક હોજરી આપી હોય ને તે પાંચ તોલા આટો જ ખાઈ શકે અને બીજાને વીસ તોલા જોઈએ, તો બંનેને પોતપોતાની હોજરી પ્રમાણે આટો મળવો જોઈએ. બધા સમાજનું ઘડતર આ આદર્શને અવલંબીને થવું જોઈએ. અહિંસક સમાજને બીજો આદર્શ ન પાલવે. છેક આદર્શને આપણે કદી નહીં પહોંચીએ. પણ એને નજરમાં રાખીને આપણે બંધારણો રચીએ ને વ્યવસ્થા કરીએ. જેટલે અંશે આપણે આદર્શને પહોંચીએ એટલે જ



Gandhi Heritage Portal

અંશે આપણે સુખ અને સંતોષ પામીએ, એટલે જ અંશે આપણે સામાજિક અહિંસા સિદ્ધ કરી કહેવાય.[૨]

## આવકની સમાનતા

તમારી બુદ્ધિને પૈસામાં વટાવવાને બદલે તેને દેશસેવામાં વાપરો. તમે ડૉક્ટર હો તો તમારી બધી ડૉક્ટરી આવડત ખપી જાય એટલા રોગો હિંદુસ્તાનમાં ભરેલા છે. તમે વકીલ હો તો હિંદુસ્તાનમાં રગડા-ઝઘડા ઓછા નથી. એમાં ઘી હોમવાને બદલે તમે એ ઝઘડા સાંધો અને લોકોને અદાલતમાં જતા રોકો. તમે ઈજનેર હો તો આપણા લોકોની સંપત્તિ અને હાજતોને બંધબેસતાં અને છતાં આરોગ્યદાયી અને સ્વચ્છ હવાવાળાં નમૂનેદાર ઘરો બાંધો. તમે શીખ્યા હો એવી કોઈ વસ્તુ નથી જેનો ઉપયોગ દેશસેવામાં ન થઈ શકે. (જે મિત્રે આ સવાલ પૂછેલો તેઓ હિસાબનીસ હતા.) મહાસભા અને તેના સહાયક મંડળોના હિસાબો તપાસવાને ઠેરઠેર હિસાબનીસોની અતિશય જરૂર છે. હિંદુસ્તાન આવો, હું તમને પૂરતું કામ આપીશ, અને રોજનું ચાર આનાનું મહેનતાણું પણ આપીશ. હિંદુસ્તાનમાં કરોડો લોકોને મળે છે તેના કરતાં આ રોજી ઘણી વધારે છે.[૩]

વકીલાત કરવાનો અર્થ, ગામડાનો સુતાર કે એવો કારીગર પોતાના મહેનતાણા દાખલ જે રોજી લે તેના કરતાં વધુ કમાણી કરવાનો ન જ હોવો જોઈએ.[૪]

હિંદુસ્તાનને બીજા લોકોને ધડો લેવા જેવું ને દુનિયાને આરત થાય એવું સ્વતંત્રતાનું આદર્શ જીવન ગાળવું હશે તો બધા ભંગીઓને, દાક્તરોને, વકીલોને, શિક્ષકોને, વેપારીઓને અને બીજાઓને એક દિવસની પ્રામાણિક મજૂરીના બદલામાં સરખો પગાર, વેતન અથવા મજૂરી મળવી જોઈશે. એ વિષે મારા મનમાં રજભાર શંકા નથી. હિંદી સમાજ એ ધ્યેયને પૂરેપૂરું સિદ્ધ ન કરી શકે એમ બને. પણ હિંદુસ્તાનને સુખની ભૂમિ બનાવવી હોય તો સૌ કોઈએ બીજા કોઈ નહીં પણ એ જ એક ધ્યેય તરફ નજર રાખીને કૂચ કરવી જોઈશે.[૫]

Gandhi Heritage Portal

૯

# વાલીપણાનો સિદ્ધાંત

ધારો કે વારસામાં, અથવા તો વેપાર ઉદ્યોગ વાટે મને ઠીક ઠીક ધન મળ્યું છે. મારે જાણવું જોઈએ કે એ બધા ધનનો હું માલિક નથી, મારો અધિકાર તો આજીવિકા મળી રહે એટલું લેવાનો જ છે, અને એ આજીવિકા પણ બીજાં કરોડો માણસને મળી રહી છે એના કરતાં વધારે ન હોવી જોઈએ. મારી બાકીની સંપત્તિ પર માલિકી સમાજની છે, ને તેનો ઉપયોગ સમાજના કલ્યાણને સારુ થવો જોઈએ. જમીનદારો અને રાજાઓ જે સંપત્તિનો કબજો ભોગવે છે એને વિષે સમાજવાદી સિદ્ધાંત દેશની આગળ મૂકવામાં આવ્યો ત્યારે મેં આ ટ્રસ્ટીપણાના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. સમાજવાદીઓને તો આ ખાસ હકો ને સુખસગવડો ભોગવનારા વર્ગો નાબૂદ કરવા છે. હું એ વર્ગો પાસે એવી અપેક્ષા રાખું છું કે તેઓ તેમનાં લોભ અને માલિકીની ભાવના છોડે, અને પોતે ધનિક હોવા છતાં શ્રમજીવી વર્ગોની હારમાં આવીને બેસે. મજૂરે એમ સમજવું રહ્યું છે કે મજૂર તેની પોતાની સંપત્તિ એટલે કે શ્રમ કરવાની શક્તિનો જેટલો માલિક છે તેના કરતાં ધનિક માણસ એના ધનનો ઓછો માલિક છે.

આ વ્યાખ્યા પ્રમાણેના ખરા ટ્રસ્ટી કેટલા માણસ બની શકે એ સવાલ અસ્થાને છે. આ સિદ્ધાંત જો સાચો હોય તો એનો અમલ ઘણા કરે છે કે ફક્ત એક જણ કરે છે એ નજીવી વસ્તુ છે. સવાલ તો અંતરની આસ્થાનો છે. તમે જો અહિંસાનો સિદ્ધાંત સ્વીકારતા હો તો તમારે એનું પાલન કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ—પછી ભલે તમે એમાં સફળ નીવડો કે ન નીવડો. આ સિદ્ધાંતમાં બુદ્ધિને અગમ્ય



Gandhi Heritage Portal

એવું કંઈ જ નથી. હા, એનું આચરણ કરવું કઠણ છે એમ તમે કહી શકો છો.[1]

તમે કહી શકો છો કે ટ્રસ્ટીશિપ કાયદાશાસ્ત્રની એક કલ્પનામાત્ર છે. પણ જો લોકો એને વિશે સતત વિચાર કરે અને તેનો અમલ કરવાનો પ્રયાસ કરે તો જીવનમાં પ્રેમની આણ વર્તશે. સંપૂર્ણ ટ્રસ્ટીશિપ યુક્લિડના બિંદુની વ્યાખ્યા જેવી કલ્પના છે અને તેના જેટલી જ અપ્રાપ્ય છે. પરંતુ આપણે કોશિશ કરીએ તો દુનિયામાં સમાનતા આણવા માટે બીજી કોઈ પણ પદ્ધતિ કરતાં આ રીતે આગળ જઈ શકીશું. મારી પાકી ખાતરી છે કે જો રાજ્ય મૂડીવાદને હિંસાથી દાબી દેશે તો રાજ્ય પોતે હિંસાના વમળમાં ફસાઈ જશે અને અહિંસાનો વિકાસ કરવામાં કયારેય સફળ નહીં થાય. રાજ્ય હિંસાને કેન્દ્રિત અને સંગઠિત રૂપમાં રજૂ કરે છે. વ્યક્તિને આત્મા છે, પણ રાજ્ય એક આત્મહીન યંત્ર છે એટલે તેની પાસે હિંસા છોડાવી શકાય નહીં, કારણ તેનું અસ્તિત્વ જ તેને આધારે ટકેલું છે. તેથી હું ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત પસંદ કરું છું. રાજ્ય પોતાની સાથે મતભેદ રાખનાર સામે વધારેપડતી હિંસા વાપરે એવી બીક હમેશાં રહે છે. આ પ્રશ્ન સાથે સંબંધ ધરાવતા લોકો ટ્રસ્ટી તરીકે વર્તશે તો હું ઘણો રાજી થઈશ; પણ તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો હું માનું છું કે આપણે રાજ્ય મારફત ઓછામાં ઓછી હિંસા કરીને તેમની સંપત્તિ પડાવી લેવી પડશે. . . . (તેથી જ મેં ગોળમેજી પરિષદમાં કહ્યું હતું કે દરેક સ્થાપિત હિતની તપાસ થવી જોઈએ અને આવશ્યક હોય ત્યાં . . . જ્યાં જેવી જરૂર હોય તે રીતે, બદલો આપીને કે આપ્યા વગર, રાજ્યે તે જપ્ત કરવાનો હુકમ કરવો જોઈએ.) અંગત રીતે, રાજ્યના હાથમાં સત્તા આવે તે કરતાં ટ્રસ્ટીશિપની ભાવનાનો વિકાસ થાય તે મને ગમે. કારણ કે મારા અભિપ્રાય મુજબ રાજ્યની હિંસા કરતાં ખાનગી માલિકીની હિંસા ઓછી નુકસાનકારક છે. છતાં રાજ્યની માલિકી અનિવાર્ય જ હોય તો હું તે બને તેટલી ઓછી રાખવાના મતને ટેકો આપું.[2]

સમાજનું સંગઠન અહિંસાની પદ્ધતિથી ન થઈ શકે એમ કહેવાની

Gandhi Heritage Portal

આજકાલ ફૅશન થઈ પડી છે. હું તેમાં સંમત થતો નથી. કુટુંબમાં પિતા જ્યારે પોતાના અપરાધી પુત્રને તમાચો મારે છે ત્યારે પુત્ર તેનું વેર લેવાનો વિચાર નથી કરતો. તે તેના પિતાની આજ્ઞા પાળે છે તે પોતાને પડેલા તમાચાને કારણે ફરીથી અપરાધ કરતાં ડરે છે એટલા માટે નહીં, પણ તે પોતાના પિતાના પ્રેમને લાગેલો આઘાત જુએ છે તેથી. મારા અભિપ્રાય મુજબ સમાજની વ્યવસ્થા આ રીતે ચાલે છે, અથવા ચાલવી જોઈએ. ઉપરનો દાખલો એ તેનું નાનું સ્વરૂપ છે. કુટુંબ માટે જે સાચું છે તે સમાજ માટે પણ સાચું હોવું જોઈએ; કારણ કે સમાજ એ વિશાળ કુટુંબ જ છે.[૩]

અહિંસા એ કેવળ વ્યક્તિગત સદ્‌ગુણ છે એવું હું માનતો નથી. એ સામાજિક સદ્‌ગુણ પણ છે ને બીજા સદ્‌ગુણોની માફક એને પણ પ્રયત્નપૂર્વક કેળવવો પડે છે. બેશક સમાજના માંહોમાંહેના વ્યવહારમાં મોટે ભાગે અહિંસાથી જ કામ ચાલે છે. એ અહિંસાનો વિસ્તાર કરીને તેનો વિશાળ, એટલે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ પ્રયોગ કરવો જોઈએ એટલી જ મારી માગણી છે.[૪]

મારો ‘વાલીપણા’નો સિદ્ધાંત કામચલાઉ ઉકેલ નથી. ધોખાની ટટ્ટી તો નથી જ નથી. મારો તો વિશ્વાસ છે કે બીજા બધા ઉકેલોથી એ વધુ ચિરંજીવ નીવડશે. એની પાછળ તત્ત્વજ્ઞાન અને ધર્મની પ્રતિષ્ઠા રહેલી છે. ધનિકોએ એ સિદ્ધાંતને અપનાવ્યો નથી કે એનો અમલ નથી કર્યો એ બીના એની વ્યર્થતા સિદ્ધ નથી કરતી. એ તો ધનિકોની નબળાઈ માત્ર સિદ્ધ કરે છે. બીજા એકે સિદ્ધાંતનો અહિંસા જોડે મેળ બેસે એમ નથી. અહિંસાની રીતમાં બૂરાઈ કરનાર જો કરેલી બૂરાઈનું ક્ષાલન કરતો નથી તો પોતાને જ હાથે પોતાનો અંત સાધે છે. કારણ કે કાં તો અહિંસક અસહકારને પરિણામે એને એની ભૂલ જોવાની ફરજ પડે છે, નહીં તો એના તમામ સંબંધો છૂટી જઈને એ સાવ એકલો અટૂલો થઈ પડે છે.[૫]

સામાન્ય રીતે શ્રીમંત માણસો પોતે શી રીતે ધન કમાય છે તે

Gandhi Heritage Portal

બાબતમાં સારાનરસાનો કશો નિયમ નથી પાળતા, એ વિધાનને ટેકો આપતાં મને સંકોચ નથી લાગતો. પણ અહિંસક પદ્ધતિને લાગુ પાડવામાં એમ માનીને ચાલવાનું હોય છે કે ગમે તેવા અધોગતિને પામેલા માણસને પણ પ્રેમળ અને કુશળ ઉપાયો વડે સુધારી શકાય. સારું પરિણામ આવશે જ એવી આશા રાખી મનુષ્યમાં રહેલા સદ્ અંશને આપણે જગાડ્યા કરવો ઘટે. દરેક માણસ પોતાનું બધું બુદ્ધિકૌશલ્ય પોતાનો જ સ્વાર્થ સિદ્ધ કરવા નહીં, પણ સાર્વજનિક હિત માટે વાપરે, તેમાં સમાજનું ભલું જ થાય એમાં શંકા નથી. હું એવા પ્રકારની જડ સમાનતા પેદા કરવા નથી ઈચ્છતો જેમાં દરેક માણસ પોતાની શક્તિઓનો પૂરેપૂરો ઉપયોગ કરવા અસમર્થ થાય અથવા તેવો તેને બનાવવામાં આવે. એવો સમાજ છેવટે નાશ જ પામે. તેથી હું સૂચવું છું કે મેં ધનિકોને જે સલાહ આપી છે કે તેઓ ભલે કરોડો કમાય (અલબત્ત, પ્રામાણિકપણે) પણ તે જગતને અર્પણ કરે, તે સાચી જ છે. . . . तेन त्यक्तेन भुंजीथाःનો મંત્ર અસામાન્ય જ્ઞાનમાંથી સ્ફુરેલો છે. આજની સમાજરચનામાં દરેક માણસ પોતાના પડોશીનું શું થાય છે તેનો જરાયે ખ્યાલ કર્યા વિના પોતાનાં જ સુખ અને સ્વાર્થ માટે જીવે છે. તેની જગ્યાએ સર્વોદય સાધનાર સમાજરચના સ્થાપવી હોય તો તેને માટે આ જ નિશ્ચિત રીત છે.[૬]

## ૧૦

## સ્વદેશીભાવના

સ્વદેશી આપણામાં રહેલી તે ભાવના છે કે જે આપણને આપણી પાસેની પરિસ્થિતિનો ઉપયોગ કરવા અને તેની સેવા કરવા તથા દૂરની પરિસ્થિતિનો ત્યાગ કરવા પ્રેરે છે. દાખલા તરીકે, મારામાં સ્વદેશીભાવના હોય તો ધર્મના વિષયમાં, મારે મારા બાપદાદાના ધર્મને જ વળગી રહેવું જોઈએ. તેમ કરવાથી હું મારી નિકટની ધાર્મિક પરિસ્થિતિનો ઉપયોગ કરું છું. જો મને તેમાં ખામી જણાય, તો તે દૂર કરીને મારે તેની સેવા કરવી જોઈએ. રાજકીય વિષયમાં મારે દેશી સંસ્થાઓનો જ

Gandhi Heritage Portal

ઉપયોગ લેવો જોઈએ, અને તેની પુરવાર થયેલી ખામીઓ કાઢી નાખીને મારે તેની સેવા કરવી જોઈએ. આર્થિક વિષયમાં મારે મારી પાસે વસનારાઓએ ઉત્પન્ન કરેલી વસ્તુઓનો જ ઉપયોગ કરવો જોઈએ, અને જે ઉદ્યોગમાં ન્યૂનતા જણાય તે દૂર કરી તેને પગભર કરી મારે તેની સેવા કરવી જોઈએ. એમ કહેવામાં આવ્યું છે કે, જો સ્વદેશીભાવના અનુસાર આચરણ કરવામાં આવે, તો સત્યયુગ જલદી આવે. . . .

સ્વદેશીના ઉપર વર્ણવેલાં ત્રણ ક્ષેત્રોનો આપણે ટૂંકમાં વિચાર કરીશું. હિંદુ ધર્મ પરંપરાને જાળવી રાખે છે, તેથી કરી તે જબરદસ્ત સત્તાવાળો થયો છે. આમ થવાનું કારણ એ છે કે તેના મૂળમાં સ્વદેશીભાવના રહેલી છે. તે અત્યંત સહિષ્ણુ છે, કારણ કે તે કોઈ પાસે ધર્મની ફેરબદલી કરાવતો નથી, અને જેમ તેનો વિકાસ ભૂતકાળમાં થતો જણાયો છે તેમ આજે પણ થઈ શકે છે. કેટલાક ખોટી રીતે માને છે તેમ, હિંદુ ધર્મે બૌદ્ધ ધર્મને હાંકી કાઢ્યો નથી, પરંતુ તેણે તે ધર્મને પોતામાં જ મેળવી દીધો છે. સ્વદેશીભાવનાને લઈને હિંદુ પોતાનો ધર્મ બદલવા ના પાડે છે. તેમ કરવામાં તેની એવી કંઈ ખાસ માન્યતા હોતી નથી કે હિંદુ ધર્મ સર્વોત્તમ ધર્મ છે: પરંતુ, તે જાણે છે કે તે પોતે તેમાં સુધારા દાખલ કરીને તેને ન્યૂનતારહિત બનાવી શકે છે. આ જે મેં હિંદુ ધર્મ વિષે કહ્યું છે તે, હું માનું છું કે, જગતના બીજા મોટા ધર્મોને પણ લાગુ પડે છે. છતાં, એટલું તો ખરું કે, હિંદુ ધર્મની બાબતમાં આમ ખાસ કરીને છે. જે કહેવાને હું મથી રહ્યો છું તે હવે હું જણાવી શકીશ. હિંદમાંની મોટી ધર્મપ્રચારક સંસ્થાઓએ હિંદ માટે જે કંઈ કર્યું છે અને કરે છે તે વાસ્તે હિંદ તેનો બહુ ઋણી છે. પરંતુ, જે મેં કહ્યું છે તેમાં કંઈ સાર હોય તો, આ સંસ્થાઓ ધર્માંતર કરાવવાની પ્રવૃત્તિ છોડી દઈ માત્ર પરોપકારી કાર્યો ચાલુ રાખે, તો શું તેઓ વધારે ભલું ન કરી શકે અને ખ્રિસ્તી ધર્મનાં મૂળ તત્ત્વની સેવા વધારે સારી રીતે ન કરી શકે? . . .

સ્વદેશીભાવનાનું પાલન કરતો હોવાથી હું દેશી સંસ્થાઓ ઉપર મારું લક્ષ આપું છું; એટલે હું ગ્રામપંચાયતોને જ વળગી રહું છું. હિંદ ખરેખર એક પ્રજાસત્તાક દેશ છે, અને તેને લઈને જ તે અત્યાર

Gandhi Heritage Portal

સુધી તેના પર કરવામાં આવેલ દરેક પ્રહાર સામે ટકી શક્યું છે. રાજા અને અમીરો, પછી તેઓ હિંદી હો કે પરદેશી હો, તેઓ માત્ર કર ઉઘરાવવાના પ્રસંગ ઉપર વિશાળ જનસમૂહના સંબંધમાં આવતા; અન્યથા તેવું ભાગ્યે જ બનતું. પ્રજા પણ રાજાને રાજાનો ભાગ આપી છૂટતી, અને પછી પોતાની રુચિમાં આવે તેવું ઘણુંયે કરતી. જ્ઞાતિનું વિસ્તૃત બંધારણ પ્રજાની ધાર્મિક જરૂરિયાતો પૂરી પાડતું એટલું જ નહીં, પરંતુ તેની રાજકીય આવશ્યકતાને પણ પહોંચી વળતું. ગ્રામજનો ગ્રામવ્યવહાર જ્ઞાતિબંધારણ દ્વારા ચલાવતા; અને તેનાથી જ તેઓ રાજ્યસત્તાના જુલમની સામે થતા. જે પ્રજા જ્ઞાતિવ્યવસ્થા ઉત્પન્ન કરવા સમર્થ થઈ છે તેમાં વ્યવસ્થા કરવાની અદ્ભુત શક્તિ નથી એમ કહેવું અઘટિત છે. ગયે વર્ષે હરદ્વારમાં ભરાયેલા મોટા કુંભમેળામાં કોઈ ગયું હતે તો તેને જણાતે કે જે વ્યવસ્થાને લીધે દશ લાખ કરતાં પણ વધારે યાત્રાળુ-ઓને, કોઈ પણ દેખીતા પ્રયત્ન વિના, ખોરાક પૂરો પાડવાનું કામ બની શક્યું હતું, તેવી વ્યવસ્થા રચવામાં કેટલી બધી ચતુરાઈ વાપરવામાં આવી હશે. છતાં અમારામાં વ્યવસ્થા કરવાની શક્તિ નથી એમ કહેવાની પ્રથા પડી છે. જેઓને નવા પ્રકારની કેળવણી મળી છે, તેઓ માટે આમ કહેવું, મને લાગે છે કે, અમુક અંશે વાજબી છે.

સ્વદેશીભાવનાના ત્યાગથી અમને બહુ હાનિ પહોંચી છે; તેને લઈને અમારે ભારે મુશ્કેલી વચ્ચે કામ કરવું પડયું છે. અમે કેળવાયેલા વર્ગે અમારું શિક્ષણ વિદેશી ભાષા મારફત લીધું છે. પરિણામે અમારા જનસમૂહ ઉપર અસર કરી શક્યા નથી. અમે જનસમૂહના પ્રતિનિધિ થવા ઈચ્છીએ છીએ, પરંતુ તેમાં અમે નિષ્ફળ નીવડીએ છીએ. લોકો અંગ્રેજી અમલદારોની જેટલી કદર કરે છે તેના કરતાં અમારી કદર વધારે કરતા નથી. આ બેમાંથી એકે વર્ગ તેઓના અંતરપટ ઉપર સંસ્કાર પાડી શકતો નથી. તેઓની અભિલાષાઓ અમારી અભિલાષા નથી. એટલે અમારી વચ્ચે અંતરાય પડયો છે. ખરી રીતે જોતાં તમને જણાશે કે, અમારામાં વ્યવસ્થા કરવાની શક્તિ નથી એમ નથી. પરંતુ પ્રતિનિધિ-ઓ અને જેઓના અમે પ્રતિનિધિ થવા ઈચ્છીએ છીએ તેઓ બંને વચ્ચે સંબંધ નથી. છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન અમને અમારી માતૃભાષામાં

Gandhi Heritage Portal

શિક્ષણ આપવામાં આવ્યું હોત, તો અમારા વડીલોને, અમારા નોકર-ચાકરોને, અમારા પાડોશીઓને અમારા જ્ઞાનનો લાભ મળ્યો હોત. બોઝ (જગદીશચંદ્ર) અને રાય (પ્રફુલ્લચંદ્ર) જેવાની શોધો રામાયણ અને મહાભારતની પેઠે ઘરઘરનો ખજાનો થઈ પડી હોત. અત્યારે તો, તે શોધો પરદેશીઓએ કરેલી શોધો જેટલી જ લોકોને અજાણી છે. વિષય-માત્રનું શિક્ષણ માતૃભાષા દ્વારા આપવામાં આવ્યું હોત, તો હું એમ કહેવા હિંમત કરું છું કે, તેનો વિકાસ આશ્ચર્યકારક રીતે થયો હોત: ગ્રામસુખાકારી અને એવા બીજા પ્રશ્નનો નિવેડો ક્યારનો આવી ગયો હોત; ગ્રામપંચાયતો અત્યારે વિશેષ રીતે જીવંત સંસ્થાઓ બની હોત; અને હિંદ અત્યારે પોતાની પરિસ્થિતિને અનુકૂળ એવું સ્વરાજ ભોગવી રહ્યું હોત, અથવા તો ભોગવવાની તૈયારીમાં હોત; અને તેની પવિત્ર ભૂમિ ઉપર યોજનાપૂર્વક થતી ખુનામરકી જોવાનો શરમાવનાર પ્રસંગ આવ્યો ન હોત. ભૂલ સુધારવા માટે હજી પણ મોડું થયું નથી.

હવે હું સ્વદેશીનો છેલ્લો ભાગ હાથ ધરું છું. આર્થિક અને ઔદ્યોગિક જીવનમાં સ્વદેશીનો ત્યાગ કરવાથી દેશને હાનિ પહોંચી છે. લોકોની અત્યંત ગરીબાઈ તેને આભારી છે. હિંદની બહારની એક પણ જણસ વ્યાપાર અર્થે અહીં લાવવામાં આવી ન હોત, તો હિંદ આજે દહીં-દૂધથી છલકાતી ભૂમિ થઈ રહી હોત. પરંતુ તેવું ભાગ્ય જ ન હતું; આપણે લોભી બન્યા હતા. ઇંગ્લંડનું પણ તેમ જ હતું. ઇંગ્લંડે હિંદ સાથે સંબંધ દેખીતી રીતે કુદૃષ્ટિથી બાંધ્યો હતો; પરંતુ હવે સંબંધ ચાલુ રાખવામાં તેની દૃષ્ટિ તેવી નથી રહી. તેણે પોતાની નીતિ જાહેર કરી છે કે, હિંદીઓના હિત માટે જ તે હિંદને સંભાળે છે. જો આ ખરું હોય, તો લૅંકેશાયરે વચ્ચે આવવું નહીં જોઈએ. અને જો સ્વદેશી સિદ્ધાંત સંગીન હોય, તો લૅંકેશાયરને વચ્ચેથી ખસી જવામાં કંઈ નુકસાન નહીં થાય, જોકે ક્ષણભર તો તેને ધક્કો પહોંચવા જેવું લાગશે. વેર લેવાના ભાવથી ઉપાડવામાં આવેલી બૉયકોટની ચળવળ જેવી સ્વદેશીની ચળવળ હું લેખતો નથી. હું તો તેને સૌ કોઈને પાળવાના ધાર્મિક નિયમ તરીકે માનું છું. હું અર્થશાસ્ત્રી નથી; પણ મેં એવા કેટલાક ગ્રંથો વાંચ્યા છે, કે જેના ઉપરથી મને જણાય છે કે, ઇંગ્લંડ પોતાને જોઈતી બધી

Gandhi Heritage Portal

વસ્તુ ઉપજાવીને પોતાનું પોષણ કરી શકે એમ છે. આ વાત સાવ હસી કાઢવા જેવી લાગશે. અને તેમાં સત્ય ન હોઈ શકે એનો સૌથી સરસ પુરાવો આ આપવામાં આવશે કે, દુનિયાના સૌથી મોટા આયાત કરનારા દેશો માંહેનો તે એક છે. પરંતુ હિંદ પોતાનો નિભાવ ન કરી શકે ત્યાં સુધી તેને માટે લૅંકેશાયર કે પછી બીજા કોઈ દેશની ઉપાધિ કરવી શક્ય નથી. અને પોતાની હદમાં જ પોતાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જોઈતી દરેક વસ્તુ તે પેદા કરે, અને તેમ કરવામાં આવે તેને મદદ કરવામાં આવે, તો જ હિંદ પોતાનો નિભાવ કરી શકે. ગાંડી અને નાશકારક હરીફાઈ, જે અંદર અંદર લડાવી મારે છે, જે ખાર અને બીજા અનેક દોષોને પોષે છે, તેના વમળમાં હિંદને પડવાની જરૂર નથી, હિંદે પડવું નહીં જોઈએ. પરંતુ, તેના મોટા કરોડાધિપતિઓને દુનિયાની સાથે હરીફાઈમાં ઊતરતાં કોણ રોકી શકશે? ખચીત કાયદાથી તેમ થઈ શકશે નહીં. છતાં પ્રજામતનું દબાણ અને યોગ્ય શિક્ષણ મનમાનતું ઘણુંયે કરી શકે એમ છે. સાળનો ઉદ્યોગ મરવા પડ્યો છે. ગયે વર્ષે મારી મુસાફરી દરમ્યાન જેટલા બને તેટલા વણકરોને મળવા મેં ખાસ પ્રયત્ન કર્યો હતો. તેઓની સંખ્યામાં ઘટાડો થતો જોઈ તથા એક પછી એક કુટુંબને એક વખત આબાદી ભોગવતા આબરૂદાર ધંધામાંથી ફારગ થતા જોઈ, મારું હૈયું પીડાયું હતું.

આપણે સ્વદેશી સિદ્ધાંતોનું પાલન કરતા હોઈએ, તો તમારી અને મારી આ ફરજ છે કે, આપણી જરૂરિયાતો પૂરી પાડી શકે એવા પાડોશીઓ શોધી કાઢવા જોઈએ, તથા જેઓને તે કામ કરતાં નથી આવડતું તેઓને તે શિખવાડવું જોઈએ. આમ કહેવા ટાણે, હું એમ માની લઉં છું કે, આપણા કેટલાક એવા પાડોશીઓ છે કે જેઓ ઉપયોગી ધંધાની શોધમાં છે. આમ થશે ત્યારે જ હિંદનું દરેક ગામડું પોષણ અને રક્ષણ માટે પોતા ઉપર જ આધાર રાખતું બનશે, અને જે વસ્તુની સ્થાનિક પેદાશ નહીં જ હોય તેવી જ જણસોની આયાત તથા નિકાસ કરશે. આ બધામાં તમને ઘેલછા જણાશે. ગમે તે હો, પણ હિંદ તો ઘેલો દેશ છે. કોઈ માયાળુ મુસલમાન પીવા માટે ચોખ્ખું પાણી આપવા તૈયાર હોય, તોયે તે ન લેતાં તરસ વેઠી પોતાનું ગળું સૂકવી નાખવું,

Gandhi Heritage Portal

એ ગાંડાઈ છે. છતાં હજારો હિંદુઓ મુસલમાનના ઘરનું પાણી પીવા કરતાં તરસથી મરી જવું પસંદ કરે છે. આ જ ઘેલા માણસને જો એક વખત એવી ખાતરી થઈ જાય કે, તેઓનો ધર્મ માત્ર હિંદમાં જ બનેલાં કપડાં પહેરવાનો અને હિંદમાં જ ઉત્પન્ન થયેલો ખોરાક લેવાનો છે, તો પછી તેઓ બીજાં કોઈ કપડાં પહેરવાને અથવા બીજો કોઈ ખોરાક લેવાને લલચાશે નહીં.

ભગવદ્‌ગીતામાં એક એવો શ્લોક છે કે, જેનું તાત્પર્ય આ છે, કે લોકો શિષ્ટોને પગલે ચાલે છે. પ્રજાનો વિચારશીલ વર્ગ સ્વદેશીવ્રત અંગીકાર કરે, — જોકે તેમ કરવા જતાં તેને થોડોક વખત ઘણી અગવડ વેઠવી પડે એમ છે, — તો આ દોષ દૂર કરવો સહેલો છે. જીવનની કોઈ પણ પ્રવૃત્તિમાં કાયદો વચ્ચે પડે એ મને ઈષ્ટ નથી. કાયદો ગમે તેવો હોય, તોપણ તે એક પ્રકારનું અનિષ્ટ જ છે. તેમ છતાં, પરદેશી માલ ઉપર કડક આયાતવેરો નાખવામાં આવે, તો હું તેને ચલાવી લઈશ, બલકે વધાવી લઈશ, તેનો બચાવ કરીશ. નાતાલના બ્રિટિશ સંસ્થાને, મોરિશિયસ નામના બીજા બ્રિટિશ સંસ્થાનમાંથી આવતી ખાંડ ઉપર જકાત નાખી પોતાના ખાંડના ઉદ્યોગનું રક્ષણ કર્યું હતું. હિંદનો વ્યાપાર હિંદની મરજી ઉપરાંત અરક્ષિત રાખી ઇંગ્લંડે હિંદના સંબંધમાં પાપ કર્યું છે. તેમ કરવામાં વખતે તેને અમૃત મળ્યું હશે, પરંતુ આ દેશને તો તે ઝેરરૂપ થઈ પડયું છે.

ઘણી વાર એમ કહેવામાં આવ્યું છે કે, આર્થિક જીવનમાં તો હિંદ સ્વદેશીનો સ્વીકાર કરી શકે એમ નથી. જેઓ તરફથી આ વાંધો રજૂ કરવામાં આવે છે, તેઓ સ્વદેશીને જીવનના એક નિયમ તરીકે નથી ગણતા. તેઓની નજરે આ કેવળ દેશાભિમાનથી પ્રેરાયેલો પ્રયત્ન છે, અને તેમાં કોઈ પણ જાતનો આત્મત્યાગ કરવો પડે, તો તે છોડી દેવા જેવો છે. આગળ આપવામાં આવેલાં લક્ષણ પ્રમાણે, સ્વદેશી એક ધાર્મિક નિયમ છે, અને કદી કોઈ વ્યક્તિને શારીરિક અગવડ વેઠવી પડે, તોપણ તેનો વિચાર કર્યા વિના તેનું પાલન કરવાનું છે. અને તેમ કરવા જતાં, એક સોય કે ટાંકણી વાપરવી છોડી દેવી પડે, — કારણ કે આ વસ્તુઓ હિંદમાં નથી બનતી, — તો તેથી આપણને મૂંઝવણ થવી

Gandhi Heritage Portal

ન જોઈએ. સ્વદેશી વ્રત પાળનાર સેંકડો જણસો, જે આજે તેને જરૂરની જણાય છે, તે વિના ચલાવી લેતાં શીખે છે. વળી, સ્વદેશી ધર્મ પાળવો શકય નથી એવી દલીલ કરી જેઓ સ્વદેશી છોડી દે છે તેઓ ભૂલી જાય છે કે, સ્વદેશી તો એક લક્ષ્ય છે જેની પ્રાપ્તિ માટે એકસરખો પ્રયત્ન કરવાનો છે. આપણા દેશમાં મળી શકતી ન હોય એવી વસ્તુઓ માટે હાલ તુરત તો છૂટ મૂકી, અમુક નક્કી કરેલી વસ્તુઓના સંબંધમાં આપણે સ્વદેશીનું પાલન કરીશું, તોપણ આપણે આપણા લક્ષ્ય ભણી જતાં થઈશું.

સ્વદેશી સામે રજૂ કરવામાં આવતા વાંધાઓમાં હવે એક જ વાંધાનો વિચાર કરવો બાકી છે. વિરોધીઓ તેને એક અતિ સ્વાર્થી નિયમ તરીકે ગણે છે, અને કહે છે કે, તેને માટે ચડિયાતા નીતિશાસ્ત્રમાં પ્રમાણ નથી. તેઓના મતે તો, સ્વદેશીનું પાલન કરવું એ જંગલી દશા પાછી સ્વીકારવા સમાન છે. હું આ દલીલનું વિસ્તારથી પૃથક્કરણ કરવા નથી ઈચ્છતો. છતાં હું એટલું જણાવીશ કે, સ્વદેશી એ એક જ એવો સિદ્ધાંત છે કે, જે નમ્રતા અને પ્રેમને અનુકૂળ છે. હું મારા કુટુંબની ભાગ્યે જ સેવા કરી શકતો હોઉં, તેવે વખતે આખા હિંદની સેવા કરવા બહાર પડવા વિચાર કરવો એ મદ જ કહેવાય. હું મારા કુટુંબને જ મારા પ્રયત્નનું લક્ષ્ય બનાવું, અને તેમ કરીને હું એમ માનું કે હું આખા રાષ્ટ્રની સેવા કરું છું, બલકે આખી માણસજાતની સેવા કરું છું, તો તે વધારે સારું કહેવાય. આમાં જ નમ્રતા છે, આમાં જ પ્રેમ છે. કર્મના સારાસારનો નિર્ણય વૃત્તિ ઉપરથી કરાય છે. બીજાઓને હું પીડા કરતો હોઉં છતાં, તે ઉપર ધ્યાન આપ્યા વિના, મારા કુટુંબની સેવા કરવી મારે માટે શકય છે. જેમ કે, હું એક એવું કામ લઉં કે જેને લઈ હું લોકો પાસેથી પૈસા કઢાવી શકું, અને તેમ કરી હું પૈસાદાર બનું અને પછી કુટુંબની ઘણીયે અઘટતી ઈચ્છાઓ પૂરી પાડું. આમ કરવાથી હું નથી સેવા કરતો કુટુંબની કે નથી કરતો રાજ્યની. અથવા, હું એમ માનું કે મારા તથા જેઓ મારા ઉપર આધાર રાખે છે તેઓના ભરણપોષણ માટે કામ કરવા વાસ્તે જ ઈશ્વરે મને હાથપગ આપ્યા છે, તો પછી હું મારું તથા જેઓ ઉપર હું સીધી અસર કરી શકું તેઓનું

Gandhi Heritage Portal

જીવન એકદમ સાદું કરી નાખું. આમ કરવાથી બીજા કોઈને હાનિ કર્યા વિના હું મારા કુટુંબની સેવા કરું છું. દરેક જણ આવા પ્રકારનું જીવન અંગીકાર કરે, તો આપણું રાજ્ય તરત જ આદર્શરૂપ બને. બધા આ સ્થિતિએ એક વખતે જ નહીં પહોંચી શકે. પરંતુ આપણામાંથી જેઓને એમાં સત્ય જણાય છે અને જેઓ તેને અમલમાં મૂકે છે, તેઓ તે પુણ્યશાળી દિવસ ક્યારે આવશે તેનો ખ્યાલ અચૂક રીતે કરી શકશે તથા તે જલદીથી આવે એમ કરશે. જીવનરેખા આ પ્રમાણે દોરવાથી, બીજા બધા દેશોને બાતલ કરી હિંદની સેવા કરતો જણાવા છતાં, હું બીજા કોઈ દેશને નુકસાન પહોંચાડતો નથી. મારું દેશાભિમાન વ્યાવર્તક તેમ અભિવ્યાપક છે. મારી જન્મભૂમિની સેવામાં હું મારું ચિત્ત પૂર્ણ નમ્રતાથી પરોવું છું: એટલે તે વ્યાવર્તક છે. પરંતુ મારી સેવા સ્પર્ધા કે વિરોધ—રૂપે નથી; એટલે તે અભિવ્યાપક છે. 'તમારી પ્રવૃત્તિ એવી રીતે ગોઠવો કે જેથી તમારા પડોશીને ખલેલ ન પહોંચે.' આ સૂત્ર કેવળ કાયદાનું જ નથી, પરંતુ એ તો જીવનનો એક મહાન નિયમ છે. અહિંસા અથવા પ્રેમનાં યોગ્ય પાલનની એ કૂંચી છે.[૧]

સ્વદેશી ધર્મ જાણનાર પોતાના કૂવામાં ડૂબી નહીં જાય. જે વસ્તુ સ્વદેશમાં ન બને અથવા મહાકષ્ટથી જ બની શકે તે પરદેશના દ્વેષને લીધે પોતાના દેશમાં બનાવવા બેસી જાય તેમાં સ્વદેશી ધર્મ નથી. સ્વદેશીના ધર્મ પાળનાર પરદેશીનો કદી દ્વેષ કરશે જ નહીં. એટલે પૂર્ણ સ્વદેશીમાં કોઈનો દ્વેષ નથી. એ સાંકડો ધર્મ નથી. એ પ્રેમમાંથી, અહિંસામાંથી ઉત્પન્ન થયેલો સુંદર ધર્મ છે.[૨]

Gandhi Heritage Portal

## ૧૧

# સ્વાવલંબન અને સહકાર

સત્ય અને અહિંસા મારી વિચાર મુજબની વ્યવસ્થાના પાયારૂપ છે. આપણી પહેલી ફરજ એ છે કે આપણે સમાજને ભારરૂપ ન થવું જોઈએ. એટલે કે આપણે સ્વાવલંબી બનવું જોઈએ. આ દૃષ્ટિએ સ્વાવલંબન એ જ એક પ્રકારની સેવા છે. સ્વાવલંબી બન્યા પછી આપણે આપણો ફુરસદનો સમય બીજાની સેવામાં ગાળી શકીએ. જો બધા જ સ્વાવલંબી બને તો કોઈને મુશ્કેલી નહીં રહે. એ સ્થિતિમાં કોઈની પણ સેવા કરવાની જરૂર નહીં રહે. પરંતુ આપણે હજી એ સ્થિતિએ પહોંચ્યા નથી અને તેથી આપણે સમાજસેવાનો વિચાર કરવાનો રહે છે. આપણે સંપૂર્ણ સ્વાવલંબી થઈ શકીએ તોપણ મનુષ્ય સામાજિક પ્રાણી છે તેથી, કોઈ ને કોઈ રૂપમાં આપણે સેવા સ્વીકારવી જ પડશે. એટલે કે માણસ જેટલો સ્વાવલંબી છે તેટલો જ પરસ્પરાવલંબી પણ છે. સમાજની વ્યવસ્થા સારી રીતે જાળવવા માટે જ્યારે અવલંબન જરૂરી બને છે ત્યારે તે અવલંબન નથી રહેતું પણ એ સહકાર બને છે.

સહકારમાં મધુરતા છે; જેઓ સહકાર કરે છે તેમાં કોઈ સબળું કે કોઈ નબળું નથી, બધાં સરખાં છે. અવલંબનમાં લાચારીનો ભાવ હોય છે. કુટુંબના સભ્યો જેટલા સ્વાવલંબી છે તેટલા જ પરસ્પરાવલંબી છે. મારા-તારાની ભાવના ત્યાં હોતી નથી. બધા એકબીજા સાથે સહકાર કરનારા હોય છે. તેવી જ રીતે આપણે સમાજને, રાષ્ટ્રને અથવા આખી માનવજાતને કુટુંબ ગણીએ તો બધા માણસો સહકાર્યકર બને છે. જો આપણે આવા સહકારના ચિત્રની કલ્પના કરીએ તો આપણે જોઈશું કે નિર્જીવ યંત્રની મદદની આપણને જરૂર નહીં રહે. યંત્રોનો વધારેમાં વધારે ઉપયોગ કરવાને બદલે આપણે એનો ઓછામાં ઓછો ઉપયોગ



Gandhi Heritage Portal

કરીશું અને એમાં જ સમાજની સાચી સલામતી અને આત્મરક્ષા રહેલાં છે.[૧]

મારી કલ્પના એટલી જ છે કે વસ્ત્ર, અનાજ, વગેરે પાયાની આવશ્યકતાઓને ગામલોકો પોતાને ત્યાં જ પેદા કરી લે. આને જ આપણે સ્વાવલંબી (Self-sufficient) કહીશું. પણ આનો પણ અનર્થ થવાનો સંભવ છે, એટલા માટે આ વસ્તુને સારી રીતે સમજી લેવી જરૂરી છે. Self-sufficiency (સ્વાવલંબન)નો અર્થ કૂપમંડૂકતા નથી. કોઈ પણ સ્થિતિમાં આપણે બધી ચીજો પેદા કરી શકીએ નહીં અને આપણે કરવી પણ નથી. આપણે તો પૂર્ણ સ્વાવલંબનની નજદીક પહોંચવું છે. જે વસ્તુઓ આપણે પેદા ન કરી શકીએ એના બદલામાં આપવા માટે આપણે આપણી આવશ્યકતાથી વધારે પેદા કરવું જ પડશે.[૨]

આદર્શ સ્થિતિ તો એ જ છે કે દરેક કુટુંબ જેમ પોતાની જમીન ખેડી, અન્ન ઉપજાવી, પોતાની ઘંટી ઉપર તેને દળી પોતે જ તેના રોટલા ઘડી લે, તેમ પોતાને સારુ પોતે જ રૂ ઉગાડી પોતે તે કાંતે અને પોતે જ તે સૂતરને વણી કપડું પણ તૈયાર કરી લે.[૩]

આપણે ત્યાં પૂરતી ફળદ્રુપ જમીન છે, પાણીની પણ કંઈ ખોટ નથી અને માણસોની વસ્તીનો પાર નથી એ સંજોગો છતાં આપણે ત્યાં અનાજની તંગી કેવી? પરંતુ આપણે જનતાને સ્વાશ્રયી બનવાની કેળવણી આપવી જોઈએ. પ્રજાને એક વાર ભાન થાય કે આપણે બીજા કોઈના પર આધાર રાખવાનો નથી, આપણા પોતાના જોર પર જ કૂદવાનું છે તો વાતાવરણમાં જાણે કે વીજળીનો સંચાર થશે. પોતાની જરૂરના કરતાં હિંદ વધારે કપાસ પેદા કરે છે. એ કપાસમાંથી લોકોએ પોતે સૂતર કાંતી કાપડ વણી લેવું જોઈએ. . . . ગમે તે કારણે લોકો પોતાનાં અન્નવસ્ત્ર જાતે પેદા કરી લેવા માંડશે એટલે તેમની આખી દૃષ્ટિમાં પલટો આવશે.[૪]

સ્વયંપૂર્ણતા એ મોટો શબ્દ છે. . . . ગામડાં જો તેમની



Gandhi Heritage Portal

પ્રાથમિક જરૂરિયાતોને વિષે સ્વયંપૂર્ણ ન થાય, અને કજિયાકંકાસ ને રોગચાળાથી થતા આંતરિક ઘસારા સામે તથા ચોરડાકુના બાહ્ય ભય સામે રક્ષણની બાબતમાં સ્વાશ્રયી ન બને તો તેઓ ઘસડાઈ જશે. એટલે સ્વયંપૂર્ણતાનો અર્થ એ છે કે રૂ પરની બધી ક્રિયાઓ કરવી અને મોસમી પાક તથા ઢોરને માટે ઘાસચારા ઉગાડવા. આટલું ન કરવામાં આવે તો ભૂખમરો થવાનો. અને સ્વાશ્રયનો અર્થ એ છે કે સામુદાયિક સંગઠન કરવું. ગામડાના શાણા માણસોની લવાદી દ્વારા માંહોમાંહેના કજિયાનો તેમની પાસે નિકાલ કરાવવો, અને સફાઈ તથા સામાન્ય રોગો તરફ સામુદાયિક ધ્યાન આપીને ગામની સ્વચ્છતા જાળવવી. આને માટે કેવળ વ્યક્તિગત પ્રયત્નથી ચાલવાનું નથી. અને એ બધા ઉપરાંત ગ્રામવાસીઓ પાસે તેમનાં ગામડાં ચોરડાકુ સામે સુરક્ષિત બનાવવાના સંયુક્ત પ્રયત્ન કરાવીને તેમને પોતાનું બળ ઓળખતાં શીખવવું જોઈએ. આ વસ્તુ સારામાં સારી સામુદાયિક અહિંસા વડે બની શકે. પણ જો અહિંસાનો રસ્તો કાર્યકર્તાઓને સ્પષ્ટ ન દેખાતો હોય તો તેઓ હિંસા વડે સામુદાયિક બચાવ કરવા માટે જરૂરી સંગઠન કરતાં આંચકો ન ખાય.[૫]

કાંતનારાઓ પોતે કપાસ ઉગાડતા ન થઈ જાય અથવા તો દરેક ગામમાં કપાસનું વાવેતર ન હોય તો એ સ્વાવલંબી ખાદી સફળ નથી થવાની. એટલે સ્વાવલંબી ખાદીની દૃષ્ટિએ તો દરેક ઠેકાણે કપાસની ખેતી થવી જ જોઈશે. આને સારુ જે ગામડામાં કામ ચાલતું હોય એનું વસ્તીપત્રક બનાવવું જોઈશે. કારણ કે કંઈ દરેક કાંતનાર કે વણનાર પાસે કપાસ વાવી શકાય એવો સોગંદ ખાવાનો પણ જમીનનો ટુકડો નથી હોતો. ખાદીની સ્વાવલંબન પદ્ધતિ એ વિશાળ પ્રશ્ન છે. કેવળ એટલા પ્રશ્નના ઉકેલ માટે જ ચરખા સંઘની હસ્તી યોગ્ય ગણાય. આજ સુધી એ દિશામાં ચરખા સંઘે કહેવા જેવા પ્રયત્ન કર્યા નથી.[૬]

ઈશ્વરની સૃષ્ટિનો જે ભાગ આપણી નજીકમાં નજીક હોય ને જેને આપણે સૌથી વધારે જાણતા હોઈએ તેની જ સેવા આપણે કરી શકીએ. આપણે આપણા સાખપડોશીથી શરૂઆત કરીએ. આપણે આપણું

Gandhi Heritage Portal

આંગણું સાફ કરીને જ સંતોષ ન માનવો જોઈએ, પણ આપણા પડોશીનું આંગણું સાફ થાય એની પણ ભાળ રાખવી જોઈએ. આપણે આપણા કુટુંબની સેવા કરીએ, પણ કુટુંબને ખાતર ગામને નુકસાન ન પહોંચવા દઈએ. આપણા ગામનું માન સચવાય તેમાં જ આપણું માન રહેલું છે. પણ આપણે દરેક જણે આપણી મર્યાદા સમજવી જોઈએ. જે જગતમાં આપણે રહીએ છીએ તેને વિષેના આપણા જ્ઞાનથી આપણી સેવાશક્તિની મર્યાદા આપોઆપ બંધાઈ જાય છે. પણ આ વાત હું સાદામાં સાદી ભાષામાં મૂકું. આપણે આપણા સાખપડોશીના કરતાં આપણો પોતાનો વિચાર ઓછો કરીએ. આપણા આંગણાનો કચરો પડોશીના આંગણામાં ઠાલવવો એ માનવજાતિની સેવા નથી પણ અસેવા છે. આપણા પડોશીઓની સેવાથી આપણે આરંભ કરવો જોઈએ.[૭]

ખેતીમાં આજે કેવળ અરાજકતા છે. બધી જમીનના ટુકડા થઈ રહ્યા છે. ભાઈ-ભાઈ અલગ થાય છે અને ખેતરોના ટુકડા થતા જાય છે. . . . આ ટુકડા પાડવાની નીતિથી તો આપણે મરી જઈશું. ગામડાંમાં લોકોએ મળી સમજીને ખેતી કરવાનો સિદ્ધાંત અપનાવવો જોઈશે. ગ્રામસેવક પોતાને ત્યાંની પરિસ્થિતિની પૂરી તપાસ કરશે અને લોકોને સહકારી ખેતી કરવા સમજાવશે.[૮]

ગામડું પોતાને માટેનો કપાસ સહકાર કરી ઉગાડી શકે. જો આમ થાય તો એટલું તો સહેજે સમજાઈ જાય કે આવી રીતે ગામડાંમાં જ તૈયાર થયેલા કાપડને વિદેશથી આવેલું કોઈ પણ કાપડ કિંમત કે ટકાઉપણામાં આંટી ન શકે. આ ક્રિયામાં શક્તિનો વધારેમાં વધારે સંચય થાય છે.[૯]

માણસની સામાજિક પ્રકૃતિ તેને પશુસૃષ્ટિથી જુદો પાડે છે, એ આપણે ભૂલીએ નહીં. સ્વતંત્ર થવાનો તેનો જો વિશેષ હક છે, તો પરસ્પરાવલંબી થવાની પણ તેની એટલી જ ફરજ છે. કેવળ અભિમાની માણસ જ અન્ય સૌથી સ્વતંત્ર અને સ્વયંપૂર્ણ હોવાનો દાવો કરી શકે. . . . ગામડાં અલગ અલગ નહીં પણ અમુક ગામડાં મળીને તેમની

Gandhi Heritage Portal

કાપડની જરૂરિયાત પૂરતાં સ્વયંપૂર્ણ થઈ શકે એ રીતે આપણાં ગામડાંની પુનર્ઘટના કરવાનું શકય છે.[૧૦]

ગયે વર્ષે [ ૧૯૨૫માં ] મદ્રાસમાં એક સહકારી મંડળી સાથે વાત કરતાં મેં કહ્યું હતું કે હાથકાંતણ દ્વારા હું દુનિયામાં મોટામાં મોટી સહકારી મંડળી સ્થાપવાનો પ્રયત્ન કરી રહ્યો છું. આ દાવો ખોટો નથી. એ મોટી વાત હોય એમ બને, પણ એ ખોટી વાત નથી. કારણ કે લાખો લોકો કાંતણમાં સાચો સહકાર કરે નહીં તો હાથકાંતણનો ખરો ઉદ્દેશ બર આવે નહીં. સહકાર તો શરૂઆતથી જ હોવો જોઈએ.

એક સામાન્ય કેન્દ્રની કાર્યપદ્ધતિ લઈએ. કેન્દ્રીય કાર્યાલયમાં કાંતનારાઓ માટે કપાસ ભેગો કરવામાં આવે છે. કદાચ કેન્દ્રમાં જ કપાસ લોઢનારા તે લોઢે છે. પછી એ પીંજારાઓને વહેંચી દેવામાં આવે છે જેઓ એમાંથી પૂણી બનાવે છે. પછી તે કાંતનારીઓને આપવામાં આવે છે જેઓ દર અઠવાડિયે તેમનું સૂતર લઈ આવે છે અને બદલામાં નવી પૂણી તેમ જ તેમની મજૂરી લઈ જાય છે. આવી રીતે મેળવાયેલું સૂતર વણકરોને વણવા આપવામાં આવે છે અને તે ખાદીના રૂપમાં વેચવા માટે પાછું આવે છે. આ ખાદી હવે પહેરનારાઓને — સામાન્ય જનતાને વેચવામાં આવે છે. આવી રીતે કેન્દ્રીય કાર્યાલયને જાતિ, રંગ કે ધર્મનો ભેદ રાખ્યા વગર ખૂબ બહોળા માનવ સમુદાયના સતત સજીવ સંપર્કમાં રહેવું પડે છે. કારણ કે કેન્દ્રને ન તો નફો કરવાનો હોય છે કે ન તો ગરીબો સિવાય કોઈની ચિંતા કરવાની હોય છે. કેન્દ્રે ઉપયોગી બનવું હોય તો દરેક અર્થમાં શુદ્ધ રહેવું જોઈએ. કેન્દ્ર અને આ વિશાળ સંગઠનનાં અંગો વચ્ચે શુદ્ધ આધ્યાત્મિક અને નૈતિક સંબંધ હોય છે. કાંતણ કેન્દ્ર એ આવી રીતે સહકારી મંડળી છે જેના સભ્યો લોઢનારા, પીંજનારા, કાંતનારા, વણનારા અને ખરીદનારાઓ છે — જેઓ બધા પરસ્પર સદ્ભાવ અને સેવાના બંધને બંધાયેલા છે.[૧૧]

સહકારી મંડળીઓને સફળ બનાવવાની ખૂબી એ છે કે, તેના સભ્યો પ્રામાણિક હોવા જોઈએ; તેમને સહકારમાં રહેલા ગુણની જાણ હોવી જોઈએ; અને તેમની સામે એક નિશ્ચિત પ્રગતિનું ધ્યેય હોવું

Gandhi Heritage Portal

જોઈએ. વધારે પૈસા કરવા સારુ ભારે વ્યાજનો દર આકારીને સહકારી મંડળી કાઢી પૈસાની રકમ રોકવી, એને હું ખોટો આદર્શ ગણું છું. પણ સાથે મળીને જમીન ખેડવી કે ગોશાળા ચલાવવી, એ નિ:સંશય સારો આદર્શ છે અને રાષ્ટ્રને માટે હિતકર છે. આવાં ઉદાહરણો ઘણાં આપી શકાય. . . . સહકારી સંસ્થાઓ કેવી હશે, તે હું જાણતો નથી. પોતાનું કામ બરાબર સમજીને કરે, એવા તપાસણીદારો તેમાં છે ખરા? એટલું કહેવું જરૂરી છે કે, આવી સંસ્થાઓની વ્યવસ્થા અપ્રામાણિક લોકોના હાથમાં હોય, ને તેનો આદર્શ શંકાસ્પદ હોય, ત્યારે તેનું પરિણામ ઘણે ભાગે હાનિકર નીવડયું છે.[૧૨]

# ૧૨

# પંચાયતરાજ

## આઝાદી પહેલાંની પંચાયતો

પંચાયત એ આપણો એક પ્રાચીન શબ્દ છે; એની સાથે અનેક મધુર સ્મૃતિઓ સંકળાયેલી છે. એનો શબ્દાર્થ છે: ગામડાંના લોકો દ્વારા ચૂંટાયેલી પાંચ વ્યક્તિઓની સભા. આવાં પંચ કે પંચાયતો દ્વારા હિંદુસ્તાનનાં અસંખ્ય ગ્રામ-પ્રજાસત્તાકોનો કારભાર ચાલતો હતો, પરંતુ બ્રિટિશ સરકારે, મહેસૂલ વસૂલ કરવાની એની કઠોર પદ્ધતિથી આ પ્રાચીન ગ્રામ-પ્રજાસત્તાકોનો લગભગ નાશ કરી નાખ્યો; મહેસૂલ વસૂલાતની એ પદ્ધતિનો આઘાત ગ્રામ-પ્રજાસત્તાકોથી સહી શકાયો નહીં. હવે મહાસભાવાદીઓ ગામડાના આગેવાનોને દીવાની અને ફોજદારી અધિકાર આપીને, પંચાયત પદ્ધતિને સજીવન કરવાનો અધકચરો પ્રયત્ન કરી રહ્યા છે. આ પ્રયત્ન સૌથી પહેલાં તો સને ૧૯૨૧માં કરવામાં આવેલો પરંતુ તે અસફળ નીવડયો હતો. ફરી એ પ્રયત્ન કરવામાં આવે છે; પરંતુ જો તે વ્યવસ્થિત અને સારી રીતે—‘વૈજ્ઞાનિક રીતે’ નહીં કહું—નહીં કરવામાં આવે તો નિષ્ફળ નીવડશે.

Gandhi Heritage Portal

નૈનીતાલમાં મને કહેવામાં આવ્યું હતું કે સંયુક્ત પ્રાંતમાં કેટલીક જગ્યાએ બળાત્કાર જેવા ફોજદારી મુકદ્દમા પણ કહેવાતી પંચાયતો ચલાવે છે. અજ્ઞાન અને હિત ધરાવતી અથવા પક્ષપાતી પંચાયતોએ આપેલા કેટલાક વિચિત્ર અને તરંગી ચુકાદાઓ વિષે પણ મેં સાંભળ્યું. જો આ બધું સાચું હોય તો ખરાબ કહેવાય. આવી અનિયમિત અને નિયમવિરુદ્ધ કામ કરનારી પંચાયતો તો પોતાના જ વધારેપડતા બોજા નીચે કચડાઈને ખતમ થઈ જશે. તેથી હું ગ્રામસેવકોના માર્ગદર્શન સારુ, નીચેના નિયમો સૂચવું છું:

૧. પ્રાંતિક કૉંગ્રેસ સમિતિની લેખિત પરવાનગી વિના કોઈ પણ પંચાયતની રચના કરવી ન જોઈએ.

૨. સૌથી પહેલાં, દાંડી પીટીને ખાસ બોલાવવામાં આવેલી જાહેર સભામાં પંચાયતની ચૂંટણી કરવી જોઈએ.

૩. આવી પંચાયત માટે તહેસીલ સમિતિએ ભલામણ કરવી જોઈએ.

૪. આવી પંચાયતોને ફોજદારી મુકદ્દમા ચલાવવાનો અધિકાર ન હોવો જોઈએ.

૫. જો પક્ષો સંમત થઈને પંચાયત સમક્ષ દીવાની મુકદ્દમાઓ રજૂ કરે તો જ પંચાયત તેવા મુકદ્દમા ચલાવી શકશે.

૬. કોઈને, પંચાયત સમક્ષ કોઈ પણ બાબત રજૂ કરવાની ફરજ પાડી શકાશે નહીં.

૭. કોઈ પણ પંચાયતને દંડ કરવાનો અધિકાર ન હોવો જોઈએ. દીવાની મુકદ્દમાઓના ચુકાદાઓનો અમલ કરાવવા માટેનું એકમાત્ર બળ તે તેનો નૈતિક અધિકાર, અણિશુદ્ધ નિષ્પક્ષપાત અને લાગતાવળગતા પક્ષોનું સ્વેચ્છાપૂર્વકનું આજ્ઞાપાલન હશે.

૮. હાલતુરત કોઈનો સામાજિક કે બીજા કોઈ પણ પ્રકારનો બહિષ્કાર ન કરવો જોઈએ.

૯. દરેક પંચાયત નીચેની બાબતો પર ધ્યાન આપે એવી અપેક્ષા રાખવામાં આવશે:

Gandhi Heritage Portal

(અ) પોતાના ગામનાં છોકરા-છોકરીઓની કેળવણી;
(બ) ગામની સ્વચ્છતા ને આરોગ્ય;
(ક) ગામની દવાદારૂની જરૂરિયાત;
(ડ) ગામના કૂવાઓ અથવા તળાવોની સારસંભાળ અને સાફસૂફી;
(ઈ) કહેવાતા અસ્પૃશ્યોની ઉન્નતિ અને રોજબરોજની જરૂરિયાતો.

૧૦. જો કોઈ પંચાયત, પોતે ચૂંટાઈને આવે તેના છ મહિનાની અંદર, કોઈ પણ વાજબી કારણ વિના, નિયમ ૯માં દર્શાવેલી જરૂરિયાતો પ્રત્યે ધ્યાન આપવામાં નિષ્ફળ નીવડે અથવા બીજી કોઈ રીતે ગામલોકોનો સદ્‌ભાવ ગુમાવે અથવા તો પ્રાંતિક કૉંગ્રેસ સમિતિને પૂરતું લાગે એવા કોઈ કારણસર નિંદાપાત્ર ઠરે તો તેને વિખેરી નાખવામાં આવે અને તેની જગ્યાએ બીજી પંચાયત ચૂંટવામાં આવે.

શરૂઆતના તબક્કાઓમાં પંચાયતોને દંડ કરવાનો કે કોઈનો સામાજિક બહિષ્કાર કરવાનો અધિકાર આપવામાં ન આવે તે જરૂરનું છે. ગામડાંમાં અજ્ઞાન અને સિદ્ધાંત વિનાના લોકોના હાથમાં સામાજિક બહિષ્કારનું શસ્ત્ર એક ખતરનાક હથિયાર બની જતું જણાયું છે. દંડ કરવાનો અધિકાર પણ હાનિકારક નીવડે અને એના મૂળ ઉદ્દેશને જ મારી નાખે. જ્યાં પંચાયત ખરેખર લોકપ્રિય હશે અને નિયમ ૯માં બતાવેલાં રચનાત્મક કાર્યોને લીધે પોતાની લોકપ્રિયતા વધારતી હશે ત્યાં તેની નૈતિક પ્રતિષ્ઠાને લીધે લોકો તેના ચુકાદા અને અધિકારોને માન આપશે. અને આ જ ખરેખર સૌથી મોટું બળ છે જે કોઈ પણ ધારણ કરી શકે છે અને જે કોઈ પાસેથી ઝૂટવી શકાતું નથી.[૧]

## સ્વતંત્ર હિંદુસ્તાનમાં પંચાયતો

સ્વતંત્રતાનો અર્થ હિંદુસ્તાનના લોકોની સ્વતંત્રતા હોય, તેમના પર આજે જેમનો અમલ ચાલે છે, તેમની સ્વતંત્રતા ન હોય. શાસકોની એડી તળે કચરાતા લોકોની ઇચ્છા કે મરજી પર શાસકો પોતાની હસ્તી માટે આધાર રાખે. આમ, શાસકો લોકોની મરજી પ્રમાણે ચાલવાને તત્પર, એવા એમના સેવકો બની રહે.

Gandhi Heritage Portal

સ્વતંત્રતાની શરૂઆત પાયામાંથી થાય, એટલે કે હિંદુસ્તાનનું એકેએક ગામ રાજ્યઅમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય. એનો અર્થ એ થયો કે, દરેક ગામ પોતાની તાકાત પર નભતું હોય, પોતાનો કુલ વહેવાર ચલાવવાને અને જરૂર પડે તો, આખી દુનિયાની સામે પોતાનું રક્ષણ કરી લેવાને સમર્થ હોય. બહારથી આવતા કોઈ પણ પ્રકારના હુમલાની સામે પોતાનું રક્ષણ કરવાની તેને કેળવણી મળી હોય, અને તે રક્ષણના પ્રયાસમાં ખપી જવાની તેની તૈયારી હોય. આમ સરવાળે જુઓ, તો રાજ્યનો પાયાનો ઘટક વ્યક્તિ બને છે. પડોશીઓ અથવા બહારની દુનિયા પર આધાર રાખવાની અથવા તેમની રાજીખુશીથી જે મદદ આપે, તે લેવાની વાત આમાં સમાઈ જાય છે. આ સ્થિતિ સ્વેચ્છાએ પરસ્પર સહાય કરનારાં બળોની એકબીજા પરની અસરનું ફળ હશે. એ અનિવાર્ય છે કે, આવી જાતનો સમાજ ખૂબ સંસ્કારી હોય અને તેમાં દરેક સ્ત્રી કે પુરુષ પોતાને શું જોઈએ છે, તે વિષે ખબરદાર હોય, અને સૌથી વિશેષ તો એવી સમજવાળાં હોય કે, એક જ જાતની મજૂરીથી જે બીજાને ન મળી શકે, તે આપણને પણ ન મળે.

આ સમાજની રચના સ્વાભાવિક રીતે જ સત્ય અને અહિંસાના પાયા પર થાય અને મારો એવો અભિપ્રાય છે કે, ઈશ્વર એટલે કે, દુનિયાએ જાણેલાં સર્વ પ્રકારનાં બળોમાં જે વસે છે, પોતાની શક્તિ વડે જ જેની હસ્તી છે, જે વસ્તુમાત્રનું જ્ઞાન ધરાવે છે, જે કોઈના પર આધાર રાખતી નથી, અને જે બીજાં બળોનો કલ્પી શકાય તેવો નાશ થયા પછી, અથવા તેમની અસર જણાતી અટકી જશે, ત્યાર પછી પણ પોતાનું કાર્ય કરતી હશે, તે જીવંત શક્તિ પર સમજપૂર્વક શ્રદ્ધા રાખ્યા વિના એ સત્ય ને અહિંસા સંભવિત નથી. સર્વને પોતાના તેજથી પ્રકાશિત કરતી, સર્વવ્યાપી ચેતનમયી શક્તિ વિષેની શ્રદ્ધા વિના હું મારી પોતાની હસ્તીનું કારણ આપી શકતો નથી.

અસંખ્ય ગામડાંઓની બનેલી આ સમાજરચનાની આકૃતિ એક-એકથી ઊંચે જતાં વર્તુળોની નહીં, પણ એકબીજાથી વિશાળ થતાં જતાં અને નાનાને મોટામાં સમાવી લેતાં વર્તુળોની હશે. જીવનનો ઘાટ, જ્યાં

Gandhi Heritage Portal

ટોચ પાયાને કચડીને ઊંચી રહે છે તેવા પિરામિડનો નહીં હોય. તેનો ઘાટ સમુદ્રનાં અનંત સીમા સુધી વિસ્તરતાં જતાં મોજાંઓનાં વર્તુળનો હશે, જેના કેન્દ્રમાં પોતાના ગામને સારુ ખપી જવાને હરહમેશ તત્પર એવી વ્યક્તિ હશે, અને ગામ વળી બીજાં ગામોના બનેલા પોતાના વર્તુળને માટે ખપી જવાને તત્પર રહેશે, અને આખરે આ રચનામાં સર્વ વર્તુળો મળીને એક જ પ્રાણવાળું એક શરીર બનશે. એ રચનામાં જે વ્યક્તિઓનો સમાવેશ થશે, તે પોતાના અહંકાર અથવા ઘમંડમાં કોઈ બીજાના પર આક્રમણ નહીં કરે, હમેશ નમ્ર રહેશે અને સમુદ્રના વિશાળ વર્તુળમાં સમાયેલા સમસ્ત જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવી, તે વર્તુળના અંગરૂપ ઘટક બની રહેશે.

તેથી, આ વર્તુળાત્મક રચનામાં બહારની સીમા પર આવેલું સૌથી મોટું વર્તુળ પોતાની અંદર સમાતાં વર્તુળને કચડી નાખવાને પોતાનું સામર્થ્ય નહીં વાપરે, પણ અંદરના સર્વને બળ આપશે અને પોતાનું સામર્થ્ય પણ કેન્દ્રમાં રહેલી વ્યક્તિઓમાંથી મેળવશે. કોઈ એવો ટોણો મારશે કે, આ તો આદર્શ થયો, સંપૂર્ણતાનું તરંગી ચિત્ર થયું, અને તેને વિષે વિચાર કરી નાહક વખત બગાડવાની જરૂર નથી. યુક્લિડની વ્યાખ્યાનું બિંદુ દોરી બતાવવાને માણસ સમર્થ નથી, છતાં, તેનું કદી ઘટે નહીં તેવું મૂલ્ય છે. તેવી રીતે માણસજાતને જીવવું હોય, તો મારા આદર્શ ચિત્રની પણ કદી ઓછી ન થાય તેવી કિંમત છે. એ સાચા ચિત્રની અણિશુદ્ધ સંપૂર્ણ સિદ્ધિ કદી ન થવાની હોય, તોપણ હિંદુસ્તાન તેને માટે જીવે. આપણને જે કંઈ જોઈતું હોય, તેના જેવું કંઈકેય મેળવી શકીએ તે પહેલાં આપણી પાસે તેનો સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ. હિંદુસ્તાનમાં એકેએક ગામનું પ્રજાસત્તાક સ્થાપવાની વાત સ્વીકારો, તો જ્યાં છેલ્લે આવનારો પહેલાના જેવો હોય, અથવા બીજા શબ્દોમાં કહીએ તો, જેમાં કોઈ પહેલો નથી ને કોઈ છેલ્લો નથી, તે મારું ચિત્ર વાસ્તવિક અને સત્ય છે, એવો હું દાવો કરું છું.

આ ચિત્રમાં દરેક ધર્મનું સરખા દરજ્જાનું તેમ જ ઘટતું સ્થાન રહેશે. આપણે સૌ એક ભવ્ય તરુવરનાં પાંદડાં જેવા છીએ અને તેનાં મૂળ પાતાળમાં પૃથ્વીના હૃદય સુધી પહોંચેલાં હોવાથી, તેના થડને

Gandhi Heritage Portal

હલાવવાને કોઈ સમર્થ નથી. ગમે તેવા જોરદાર, તોફાની પવનથી તે હાલે તેમ નથી.

માણસની મજૂરીની જગ્યા લઈ લઈ તેને નકામી બનાવે, અને સત્તાને થોડા લોકોના હાથમાં એકઠી કરી આપે, તેવાં યંત્રોને આ ચિત્રમાં સ્થાન નથી. સુસંસ્કૃત માનવી સમાજકુટુંબમાં મજૂરીનું સ્થાન અનન્ય છે. જે યંત્ર હરેક વ્યક્તિને સહાયરૂપ થાય, તેને અહીં સ્થાન છે. પણ, મારે કબૂલ કરવું જોઈએ કે, આવું યંત્ર કેવું હોય, અથવા હોવું જોઈએ, તેનો વ્યવસ્થિત વિચાર કરવા હું કદી બેઠો નથી. સિંગરના સીવવાના સંચાનો વિચાર મેં કર્યો છે, પરંતુ તે પણ ઉપરચોટિયો અથવા કામચલાઉ કે તૂટક જ કહેવાય. મારું ચિત્ર પૂરું કરવાને હમણાં જ એ વિચાર કરવા બેસવાની જરૂર નથી.[૨]

જો આપણે પંચાયતરાજ ઈચ્છતા હોઈએ, લોકશાહી તંત્ર સ્થાપવા મથતા હોઈએ તો નાનામાં નાનો હિંદી એ મોટામાં મોટા હિંદી જેટલો જ હિંદનો રાજા છે. એટલા સારુ એ શુદ્ધ હોવો જોઈએ, ન હોય તો થવો જોઈએ. જેવો શુદ્ધ તેવો શાણો હોય. તેથી તે જાતિભેદ, વર્ણભેદ નહીં ગણે, બધાને પોતાના સરખા ગણે, બીજાઓને પોતાના પ્રેમપાશમાં બાંધે. એને મન કોઈ અસ્પૃશ્ય નહીં. તેમ એને મન મજૂર અને મહાજન એકસરખા હોય. તેથી એ કરોડો મજૂરોની જેમ પરસેવાનો રોટલો કમાઈ જાણશે અને કલમ અને કડછી સરખાં ગણશે. એ શુભ અવસરને નજીક લાવવા સારુ પોતે ભંગી થઈ બેસશે. શાણો હોય એટલે અફીણ કે શરાબને અડે જ કેમ? સહેજે સ્વદેશી વ્રત પાળે. પોતાની પત્ની ન હોય એ બધી જ સ્ત્રીઓને વય પ્રમાણે માતા બહેન કે દીકરી સમાન ગણે. કોઈની ઉપર કુદૃષ્ટિ ન કરે. મનમાંયે બીજી ભાવના ન સેવે. જે હક પોતાના તે સ્ત્રીના સમજે. વખત આવ્યે પોતે મરશે, બીજાને કદી નહીં મારે. અને બહાદુર એવો હશે કે ગુરુઓના શીખ જેવો એકલો સવા લાખની સામે ઊભો રહેશે અને એક ડગલુંય હઠશે નહીં. એવો હિંદી પૂછશે નહીં કે આ યત્નમાં મારે શો ભાગ ભજવવો.[૩]

Gandhi Heritage Portal

## પંચાયતની ફરજ

પ્રાચીન જમાનામાં યુનાનથી, ચીનથી અને બીજા દૂર દૂરના મુલકોમાંથી નામાંકિત મુસાફરો અહીં આવતા હતા. ઘણી મુશ્કેલીઓ વેઠી અહીંથી જ્ઞાન મેળવવાને તે આપણા મુલકમાં આવતા. તેમણે લખ્યું છે કે હિંદ એક એવો મુલક છે જ્યાં કોઈ ચોરી કરતું નથી, કોઈ પોતાની ચીજોને તાળામાં રાખતું નથી ને સૌ પ્રામાણિકપણે રહે છે. આ વાતો લગભગ બે હજાર વર્ષ જેટલી પુરાણી છે. તે જમાનામાં ફક્ત ચાર વર્ગો હતા. આજે તો એટલા બધા થઈ ગયા છે કે ન પૂછો વાત. પંચાયતઘર બાંધીને તમે તમારે માથે મોટી જવાબદારી લીધી છે. તમે તમારી એ પંચાયતને શોભાવજો. અહીં તમારી અંદર અંદર તકરાર કે ટંટો તો હોય જ નહીં. અને ધારો કે થયો તો પંચ મારફતે તેનો નિકાલ કરાવજો. એક વરસ પછી હું તમને પૂછીશ કે તમારે ત્યાંથી કોઈ કોર્ટમાં ગયા હતા? અને ધારો કે એવા કોઈ ગયા હશે તો માની લેવું પડશે કે પંચાયતે પોતાનું કામ બરાબર બજાવ્યું નથી. પંચ ત્યાં પરમેશ્વર એવી એક ગુજરાતી કહેતી છે. એટલે કે પંચ પરમેશ્વરનું કામ કરે છે. તમારે માટે તો એક જ અદાલત હોય ને તે તમારી પંચાયત. એમાં ન્યાય મેળવવામાં કોડીનું ખર્ચ નહીં ને કામનો નિકાલ ઝટ. એવું થાય તો પછી ન પોલીસની જરૂર ન લશ્કરની.[૪]

વળી, તમારાં જાનવરોને પૂરું ખાવાનું મળે છે કે નહીં એ પણ તમારે જોવું રહેશે. આપણી ગાયો આજે પૂરું દૂધ નથી આપતી કારણ તેમને પૂરું ખાવાનું મળતું નથી. અસલમાં વિચાર કરો તો ખાટકીનું કામ હિંદુઓ કરે છે, મુસલમાનો કે બીજા કોઈ નથી કરતા. હિંદુઓ ગાયને સારી રીતે રાખતા નથી, તેની જોઈએ તેવી ચાકરી કરતા નથી અને એ રીતે તેને રિબાવી રિબાવીને મારે છે. આ તો એકે ઝાટકે કાપી નાખવા કરતાંયે બૂરી વાત થઈ. ગાયને હિંદુસ્તાનમાં જેવી વિટંબણા વેઠવી પડે છે તેવી બીજા કોઈ મુલકમાં વેઠવી પડતી નથી. આજે એક ગાય દિવસના બે ટંક મળીને માંડ ત્રણ શેર દૂધ આપતી હશે. પણ એક વરસ પછી તમારે ત્યાંની ગાયો રોજનું છ શેર આપતી થાય તો મારે કહેવું પડે કે ના, તમે લોકોએ તમારું કામ બજાવ્યું ખરું.

Gandhi Heritage Portal

એવી જ રીતે જમીનમાં આજે જેટલું અનાજ પેદા થાય છે તેથી બમણું આવતી સાલ કાઢો. એ કેમ થાય તે મીરાંબહેને બતાવ્યું છે. દિલ્હીમાં મળેલી એક કૉન્ફરન્સમાં માણસ ને જાનવરનાં મળમૂત્ર અને કચરાના મિશ્રાણમાંથી સોના જેવું કીમતી ખાતર કેમ બનાવી શકાય તે બતાવવામાં આવ્યું હતું. એવા ખાતરથી જમીનની ઊપજ કેવી રીતે વધે છે તે પણ કૉન્ફરન્સમાં દર્શાવવામાં આવ્યું હતું.

ત્રીજો વિચાર તમારે એ કરવાનો છે કે આપણે ત્યાંના બધાયે લોકોની તંદુરસ્તી સારી રહે છે કે નહીં? તેઓ બહારથી સ્વસ્થ દેખાય પણ અંતરથીયે સ્વસ્થ રહે છે કે નહીં? વળી અહીંના રસ્તાઓ પર ધૂળ, છાણ કે કચરો કશું રહેવું ન જોઈએ. આ બધા કામમાં ઝાઝો ખર્ચ નથી થતો.

ઉપરાંત, હું આશા રાખું છું કે અહીં સિનેમાઘર નહીં નીકળે. સિનેમામાંથી આપણે અનેક બૂરી બાબતો શીખીએ છીએ. મને કહેવામાં આવે છે કે સિનેમા કેળવણીનું મોટું સાધન બની શકે. એ તો જ્યારે બનવાનું હશે ત્યારે બનશે પણ આજે તો તેમાંથી એકલી બૂરાઈ લોકો શીખે છે. હું આશા રાખું છું કે તમારે ત્યાં દારૂ, ગાંજો વગેરે અમલની કેફી ચીજો પણ નહીં હોય. તમારું ગામ એવું નમૂનેદાર બનાવો કે તેને જોવાને (બહારથી) લોકો દોડયા આવે. ને એવું કહેતા થાય કે ચાલો આવું સાદું સરળ જીવન જીવવાનું મળે છે તો અહીં આપણે પણ આવીને રહીએ. આ ગામમાંથી સ્પર્શાસ્પર્શનું ભૂત તો તમે હાંકી જ કાઢશો એની મને ખાતરી છે. વળી, અહીં હિંદુ, મુસલમાન, શીખ, ખ્રિસ્તી સૌ ભાઈ-ભાઈની જેમ રહેશે. આ બધું તમે કરી શકશો તો સાચી સ્વતંત્રતાનો સાચો અર્થ કરી તેનો અમલ તમે કર્યો ગણાશે. પછી હિંદભરમાંથી લોકો તમારું ગામ જોવા આવશે.[૫]

Gandhi Heritage Portal

## ૧૩

# પાયાની કેળવણી

### ૧

બુનિયાદી કેળવણીનો સામાન્યપણે એવો અર્થ કરવામાં આવે છે કે હાથકામના કોઈક હુન્નર મારફતે કેળવણી આપવી. પણ એ તો એનો અમુક અંશ પૂરતો જ અર્થ થયો. નઈ તાલીમનાં મૂળ એથીયે વધારે ઊંડાં જાય છે. એનો પાયો છે સત્ય અને અહિંસા. વ્યક્તિગત સામાજિક બંને જીવનનો પણ એ જ પાયો છે. મુક્તિ આપે તે જ ખરી વિદ્યા — सा विद्या या विमुक्तये । જૂઠ અને હિંસા માણસને બંધનમાં જકડે છે. એ બંનેને કેળવણીમાં કોઈ સ્થાન ન હોય. કોઈ ધર્મ એવું નથી શીખવતો કે બચ્ચાંને જૂઠાણાની અને હિંસાની કેળવણી આપો. વળી, સાચી કેળવણી હરેકને સુલભ હોય. થોડા લાખ શહેરીઓને માટે નહીં, ગામડાંના કરોડો રહેવાસીઓ માટે તે ઉપયોગી હોવી જોઈએ. એવી કેળવણી ચોપડીઓનાં ખાલી થોથાંમાંથી થોડી જ મળે છે? વળી, વાડાબંધી કરનારા સંપ્રદાયો સાથે પણ એને કોઈ સંબંધ નથી. નવી તાલીમ ધર્મના તે વિશ્વવ્યાપી અને વિશ્વમાન્ય સિદ્ધાંતોની કેળવણી આપે છે જેમાંથી બધાયે સાંપ્રદાયિક ધર્મો નીકળ્યા છે. આવી કેળવણી જીવનના ગ્રંથમાંથી જ મળે. એને સારુ કોઈ ખર્ચ કરવાનો નથી હોતો અને કોઈ શક્તિ એને છીનવી લઈ શકતી નથી.[૧]

બુદ્ધિનો ખરો વિકાસ હાથ પગ કાન ઇત્યાદિ અવયવોના સદુપયોગથી જ થઈ શકે. એટલે કે, શરીરનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરતાં બુદ્ધિનો વિકાસ સારામાં સારી રીતે ને વહેલામાં વહેલો થાય. આમાંય જો પારમાર્થિક વૃત્તિ ન ભળે તોય શરીર ને બુદ્ધિનો વિકાસ એકતરફી થાય છે. પારમાર્થિક વૃત્તિ એ હૃદયનું એટલે આત્માનું ક્ષેત્ર છે.



Gandhi Heritage Portal

તેથી એમ કહી શકાય કે બુદ્ધિના શુદ્ધ વિકાસને સારુ આત્માનો અને શરીરનો વિકાસ સાથે સાથે ને એકસરખી ગતિએ ચાલવો જોઈએ. એટલે કોઈ કહે કે આ વિકાસો એક પછી એક થઈ શકે, તો તે ઉપરની વિચારશ્રેણી પ્રમાણે બરોબર ન હોવું જોઈએ.

હૃદય, બુદ્ધિ અને શરીર વચ્ચે મેળ ન હોવાથી જે દુઃસહ પરિણામ આવ્યું છે તે પ્રસિદ્ધ છે. છતાં અવળા સહવાસને લીધે આપણે તે જોઈ નથી શકતા. ગામડાંના લોકો પશુઓમાં ઊછરી માત્ર શરીરનો ઉપયોગ યંત્રવત્ થઈ કરે છે; બુદ્ધિનો ઉપયોગ કરતા જ નથી, કરવો પડતો નથી. હૃદયની કેળવણી નહીં જેવી છે; એટલે નહીં તાંબિયાના, નહીં ત્રણના, નહીં તેરના, ને નહીં છપ્પનના મેળના, એવું તેઓનું જીવન વહે છે. બીજી તરફથી આધુનિક કૉલેજ લગીની કેળવણી જોઈએ તો ત્યાં બુદ્ધિના વિલાસને વિકાસને નામે ઓળખાવવામાં આવે છે. બુદ્ધિના વિકાસની સાથે શરીરને કંઈ મેળ નથી એમ ગણાય છે. પણ શરીરને કસરત તો જોઈએ જ, તેથી ઉપયોગ વિનાની કસરતોથી તેને નિભાવવાનો મિથ્યા પ્રયોગ થાય છે. પણ ચોમેરથી મને પુરાવો મળ્યા જ કરે છે કે, નિશાળોમાંથી પસાર થયેલાઓ મજૂરોની બરોબરી કરી શકતા નથી, જરા મહેનત કરે તો માથું દુખે છે, ને તડકામાં રખડવું પડે તો ચક્કર આવે છે. આ સ્થિતિ સ્વાભાવિક મનાવવામાં આવે છે. હૃદયની વૃત્તિઓ, વણખેડાયેલા ખેતરમાં જેમ ઘાસ ઊગે છે તેમ, એની મેળે ઊગ્યા ને કરમાયા કરે છે. ને આ સ્થિતિ દયાજનક ગણાવાને બદલે સ્તુતિપાત્ર ગણાય છે.

આથી ઊલટું, જો બચપણથી બાળકોનાં હૃદયની વૃત્તિઓને જોઈતું વલણ મળે, તેઓને ખેતી રેંટિયા ઈ૦ ઉપયોગી કામમાં રોકવામાં આવે, અને જે ઉદ્યોગ વડે તેમનાં શરીર કસાય તે ઉદ્યોગની ઉપયોગિતા ને તેને અંગે વપરાતાં ઓજારો વગેરેની બનાવટ વગેરેનું જ્ઞાન આપવામાં આવે, તો બુદ્ધિનો વિકાસ સહેજે સધાય ને નિત્ય તેની કસોટી થાય. આમ કરતાં જે ગણિતશાસ્ત્ર ઈત્યાદિના જ્ઞાનની આવશ્યકતા હોય તે અપાતું જાય ને વિનોદાર્થે સાહિત્યાદિનું જ્ઞાન અપાતું હોય, તો ત્રણે વસ્તુની સમતોલતા સધાય ને અંગ વિકાસ વિનાનું ન રહે. મનુષ્ય

Gandhi Heritage Portal

માત્ર બુદ્ધિ નથી, માત્ર શરીર નથી, માત્ર હૃદય કે આત્મા નથી. ત્રણેના એકસરખા વિકાસમાં મનુષ્યનું મનુષ્યત્વ સધાય. આમાં ખરું અર્થશાસ્ત્ર છે.[૨]

આપણે જો ગામડાંને અનુકૂળ અને લાભદાયી એવી કેળવણી આપવી હોય, તો વિદ્યાપીઠને ગામડાંમાં લઈ જવી જોઈએ. આપણે એને એવા અધ્યાપનમંદિરનું રૂપ આપવું જોઈએ કે જેમાં આપણે શિક્ષકોને ગ્રામવાસીઓની હાજતોને અનુકૂળ એવું શિક્ષણ આપવાની તાલીમ આપી શકીએ. શહેરમાં અધ્યાપનમંદિર રાખીને ગામડાંમાં ગામડાંને અનુકૂળ એવી ઢબે શિક્ષણ આપનારા શિક્ષકો તૈયાર ન કરી શકાય. શહેરમાં રહેનારા માણસોને ગામડાંના પ્રશ્નોમાં રસ લેતા ને ગામડાંમાં રહેતા કરવા એ કંઈ સહેલું કામ નથી. આનો પુરાવો મને સેગાંવમાં રોજ મળ્યાં કરે છે. અમે સેગાંવમાં એક વરસ રહ્યા એથી ગ્રામવાસી બની ગયા છીએ કે ગામડાંના લોકો સાથે સાર્વજનિક હિતની બાબતોમાં તાદાત્મ્ય સાધી શક્યા છીએ, એમ હું ખાતરીપૂર્વક તમારી આગળ કહી શકતો નથી.

પછી પ્રાથમિક શિક્ષણની વાત. મારો તો દૃઢ અભિપ્રાય છે કે, કક્કા અને વાચનલેખનથી બાળકના શિક્ષણનો આરંભ કરવાથી તેની બુદ્ધિનો વિકાસ કુંઠિત થાય છે. બાળકોને ઈતિહાસ, ભૂગોળ, લેખાં ને કાંઈક કળા( દા. ત. કાંતવાની)નાં મૂળતત્ત્વો ન આવડે ત્યાં લગી હું એમને કક્કો ન શીખવું. આ ત્રણ વસ્તુઓ મારફતે હું એમની બુદ્ધિનો વિકાસ સાધું. તકલી કે રેંટિયા વાટે એમની બુદ્ધિનો વિકાસ શી રીતે થઈ શકે, એ પ્રશ્ન કદાચ પુછાય. કાંતવાનું જો જડ યંત્રવત્ ન શીખવવામાં આવે, તો એ વાટે તો બુદ્ધિનો અદ્‌ભુત વિકાસ થઈ શકે. દરેક ક્રિયા કેમ ને શા માટે થાય છે એ બાળકને સમજાવતા જાઓ, તકલી કે રેંટિયાની રચના સમજાવો, રૂનો અને સંસ્કૃતિ સાથેના એના સંબંધનો ઈતિહાસ એને સંભળાવો, કપાસ જ્યાં ઊગતો હોય એ ખેતરમાં એને લઈ જાઓ, એ કાંતે એ તાર ગણતાં શીખવો, તો તમે એને એમાં રસના ઘૂંટડા આપી શકો ને મનને કેળવણી પણ આપી શકો.

Gandhi Heritage Portal

આ પ્રારંભિક શિક્ષણને માટે હું છ મહિના આપું. તે પછી બાળક કદાચ વાંચવા ને કક્કો શીખવા તૈયાર થઈ રહે. એને ઝપાટાબંધ વાંચતાં આવડે એટલે તે સાદાં ચિત્રો દોરવાનું શીખવા તૈયાર થાય. ભૂમિતિની આકૃતિઓ ને પંખી વગેરેનાં ચિત્રો દોરતાં આવડે એટલે પછી એ જે મૂળાક્ષરો શીખશે તે ભૂંડા ભૂખ જેવા નહીં કાઢે, પણ સુંદર ચિત્રની પેઠે દોરશે. મને બચપણમાં કક્કો શીખવવામાં આવેલો એ દિવસો મને યાદ છે. એ શીખતાં મને કેટલી મુસીબત પડેલી એ હું જાણું છું. મારી બુદ્ધિ કેમ કટાઈ જતી હતી એ સમજવાની કોઈને પરવા નહોતી. હું માનું છું કે લેખન એ એક સુંદર કળા છે. આપણે નાનાં બાળકોને પરાણે કક્કો શીખવીને અને એનાથી જ શિક્ષણનો આરંભ કરીને એ કળાનો ઘાત કરીએ છીએ. આમ આપણે જ્યારે બાળકને કવેળાએ કક્કો શીખવવા મથીએ છીએ, ત્યારે લેખનકળાને હણીએ છીએ અને બાળકનો વિકાસ થતો રોકીએ છીએ.[3]

ગામડાંના ઉદ્યોગોને શિક્ષણના મધ્યબિંદુ તરીકે ગણવા જોઈએ, એ વિષે મને તો લવલેશ શંકા નથી. હિંદુસ્તાનની નિશાળોમાં જે પદ્ધતિ ચાલે છે તેને હું કેળવણી — એટલે કે મનુષ્યમાં રહેલું હીર બહાર લાવવું — કહેતો નથી; એ તો બુદ્ધિનો વ્યભિચાર છે. બાળકોનાં મગજમાં ગમે તેમ હકીકતો ઠાંસવામાં આવે છે. જ્યારે આરંભથી ગ્રામઉદ્યોગ કેન્દ્રમાં રાખીને મનને કેળવવાની પદ્ધતિ મનનો સીધો અને વ્યવસ્થિત વિકાસ સાધે છે, અને તેની બુદ્ધિશક્તિ તેમ જ પરોક્ષ રીતે આત્મશક્તિ પણ એળે જતી અટકાવે છે ને એ શક્તિમાં વધારો કરે છે.[4]

મારી કલ્પના પ્રમાણેની નિશાળમાં બાળકોને જે હાથઉદ્યોગ શીખવવામાં આવે તેની મારફતે તેમને દરેક પ્રકારનું શિક્ષણ મળશે! એમાં અક્ષરજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. મારી યોજના અનુસાર હાથ ચિત્ર પાડે કે અક્ષર લખે તે પહેલાં તે ઓજાર વાપરવા લાગશે. આંખ જેમ જગતની બીજી વસ્તુઓને જુએ છે, તેમ અક્ષરો અને શબ્દોનાં ચિત્રો વાંચશે. કાન ચીજો અને વાકયોનાં નામ અને અર્થો ઝીલી લેશે. આ આખી શિક્ષણપ્રગતિ સ્વાભાવિક હશે, બાળકને રસ પમાડે એવી હશે, ને તેથી

Gandhi Heritage Portal

દેશમાં ચાલતી બધી પદ્ધતિઓના કરતાં એ વધારે વેગવાળી ને સસ્તી હશે. એટલે મારી નિશાળનાં બાળકો જેટલી ઝડપથી લખશે એના કરતાં ઘણી વધારે ઝડપથી વાંચશે. અને તેઓ લખશે ત્યારે હું અત્યારે પણ (મારા શિક્ષકોને પ્રતાપે) બિલાડાં ચીતરું છું તેમ તેઓ નહીં ચીતરે, પણ તેઓ જેમ પોતે જોયેલી ચીજોનાં યથાર્થ ચિત્રો દોરશે તેમ શુદ્ધ ને સુરેખ અક્ષરો પણ ચીતરશે. મારી કલ્પના પ્રમાણેની નિશાળો કદી પણ અસ્તિત્વમાં આવે તો હું કહેવાની હામ કરું છું કે, તેઓ વાચનની બાબતમાં સૌથી આગળ વધેલી નિશાળોની સાથે હરીફાઈ કરી શકશે: અને જો લેખન આજે ઘણીખરી જગાએ થાય છે તેમ અશુદ્ધ નહીં પણ શુદ્ધ હોવું જોઈએ એમ સૌ સ્વીકારે, તો મારી નિશાળો લેખનની બાબતમાં સુધ્ધાં કોઈ પણ નિશાળની બરોબરી કરી શકશે.[૫]

પ્રાથમિક શિક્ષણનો ક્રમ વધારીને ઓછામાં ઓછાં સાત વરસનો કરવો જોઈએ; મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ અને ઠીક ઠીક ઉદ્યોગ-શિક્ષણ ઉમેરીએ એટલું સામાન્યજ્ઞાન એટલા વખતમાં અપાવું જોઈએ.

બાળકો અને બાળાઓના સર્વાંગી વિકાસને સારુ સર્વ શિક્ષણ, બની શકે ત્યાં લગી, કંઈક લાભદાયક ઉદ્યોગો દ્વારા અપાવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, ઉદ્યોગો બેવડી ગરજ સારે — એક તો વિદ્યાર્થી પોતાના પરિશ્રમના ફળ દ્વારા પોતાના શિક્ષણનું ખરચ આપી શકે; અને બીજું સાથે સાથે નિશાળમાં શીખેલા ઉદ્યોગથી તેનામાં રહેલું પુરુષત્વ કે સ્ત્રીત્વનો સર્વાંગી વિકાસ થાય.

જમીન, મકાનો અને સાધનસામગ્રીની કિંમત વિદ્યાર્થીની મહેનતની કમાણીમાંથી નીકળે એવો ઈરાદો રાખેલો નથી.

રૂ, ઊન અને રેશમની બધી ક્રિયાઓ — વીણવું, સાફ કરવું, (કપાસને લોઢવો), પીંજવું, કાંતવું, રંગવું, કાંજી પાવી, તાણી કરવી; ભરત, સીવણ, કાગળની બનાવટ, ચોપડીઓ બાંધવી, સુતારી, રમકડાંની બનાવટ, ગોળની બનાવટ વગેરે અવશ્ય એવા ઉદ્યોગ છે જે ઝાઝી મૂડીના રોકાણ વિના સહેલાઈથી શીખી ને ચલાવી શકાય.

છોકરાછોકરીઓ જે ઉદ્યોગો શીખે તેમાં તેમને કામ આપવાની


Gandhi Heritage Portal

બાંયધરી રાજ્ય આપે, કે રાજ્યે ઠરાવેલી કિંમતે એમણે બનાવેલો માલ ખરીદી લે, તો આ પ્રાથમિક કેળવણી એ છોકરાછોકરીઓને આજીવિકા કમાઈ લેવા જેટલું શિક્ષણ જરૂર આપે.[૬]

પણ આપણે પ્રજા તરીકે કેળવણીમાં એટલા પછાત છીએ કે, એ વિષયના કાર્યક્રમનો આધાર જો પૈસા પર રહેવાનો હોય તો આપણે એ બાબતમાં પ્રજા પ્રત્યેના આપણા કર્તવ્યનું પાલન કરવાની આશા કદી ન રાખી શકીએ. એટલે, મેં મારી રચનાકાર્ય કરવાની શક્તિ વિષેની સઘળી પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામ કરી છે કે, કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ. કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી તેમ તેનો આરંભ પણ નથી. એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાનાં અનેકમાંનું એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઈ કેળવણી નથી. એટલે, હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈક ઉપયોગી હાથઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું. આ રીતે દરેક નિશાળ સ્વાવલંબી થઈ શકે. માત્ર શરત એ છે કે, નિશાળોએ તૈયાર કરેલી ચીજો રાજ્યે ખરીદી લેવી જોઈએ. હું માનું છું કે, આ શિક્ષણપદ્ધતિમાં મન અને આત્માનો ઊંચામાં ઊંચો વિકાસ સાધવો શક્ય છે. માત્ર દરેક હાથઉદ્યોગ આજે શીખવાય છે તેમ જડ યંત્રવત્ નહીં પણ શાસ્ત્રીય રીતે શીખવાવો જોઈએ. એટલે કે, બાળકને દરેક ક્રિયા શા માટે કરવામાં આવે છે તે સમજાવવું જોઈએ. આ હું કંઈક આત્મવિશ્વાસપૂર્વક લખું છું કેમ કે એની પાછળ મારો અનુભવ પડેલો છે. જ્યાં જ્યાં મજૂરોને રેંટિયા પર કાંતતાં શીખવવામાં આવે ત્યાં બધે આ પદ્ધતિ ઓછીવત્તી દાખલ કરવામાં આવી છે. મેં જાતે એ પદ્ધતિએ ચંપલ સીવતાં ને કાંતતાં પણ શીખવ્યું છે, ને તેનાં સારાં પરિણામ મેળવ્યાં છે. આ પદ્ધતિમાં ઈતિહાસ ભૂગોળના જ્ઞાનનો બહિષ્કાર નથી. પણ હું જોઉં છું કે, એ વિષયો મોઢામોઢ સામાન્ય માહિતી આપવાથી જ સારામાં સારી રીતે શીખવી શકાય છે. વાચન લેખનના કરતાં આ

Gandhi Heritage Portal

શ્રૌત પદ્ધતિથી દસ ગણું જ્ઞાન આપી શકાય છે. બાળક કે બાળા જ્યારે સારાસારનો ભેદ પાડતાં શીખે ને તેની અભિરુચિનો કંઈક વિકાસ થાય પછી તેને કક્કો શીખવવો જોઈએ. આ સૂચના આજની શિક્ષણપદ્ધતિમાં ક્રાંતિ કરવાનું સૂચવનારી છે. પણ એથી પાર વિનાની મહેનત બચી જાય છે, અને વિદ્યાર્થીને જે વસ્તુ શીખતાં ઘણો વધારે વખત લાગે તે આ રીતે એક વરસમાં શીખી શકે છે. આને પરિણામે બધી રીતની બચત થાય છે. બેશક વિદ્યાર્થી હાથઉદ્યોગ શીખતો જાય તેની સાથે સાથે ગણિતનું જ્ઞાન તો મેળવે જ.

પ્રાથમિક શિક્ષણને હું સૌથી વધારે સ્થાન આપું છું. મારી કલ્પના પ્રમાણે, એ શિક્ષણ અત્યારના મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ એના જેટલું હોવું જોઈએ. બધા કૉલેજિયનો એકાએક એમનું ભણતર ભૂલી જાય તો, થોડાક લાખ કૉલેજિયનોની સ્મૃતિ આમ એકાએક ભૂંસાઈ જવાને લીધે જે નુકસાન થાય તે એક બાજુ મૂકો, ને બીજી બાજુ પાંત્રીસ કરોડ માણસોની આસપાસ જે અંધકારનો સાગર ઘેરાઈ વળેલો છે તે મૂકો; તો પહેલું નુકસાન બીજાની આગળ કશી વિસાતમાં નથી. દેશમાં જે નિરક્ષરતા વર્તે છે તેના આંકડા પરથી લાખો ગામડાંમાં પ્રવર્તી રહેલા ઘોર અજ્ઞાનનો પૂરતો ખ્યાલ આવી શકે એમ નથી.

હું તો કૉલેજની કેળવણીમાં ધરમૂળથી પલટો કરું ને એનો દેશની જરૂરિયાતોની સાથે મેળ સાધું. યંત્રશાસ્ત્રના ને બીજા ઈજનેરોને માટે પદવીઓ રખાય. એમને જુદા જુદા ઉદ્યોગોની જોડે જોડી દીધેલા હોય, ને એ ઉદ્યોગોને જે ગ્રૅજ્યુએટો જોઈએ તેમને તાલીમ આપવાનું ખરચ એ ચલાવનારા જ આપે. દાખલા તરીકે, ટાટા કંપનીની પાસે એવી અપેક્ષા રખાય કે, તેમને જે ઈજનેરો જોઈએ તેમને કેળવવાને માટે તે રાજ્યની દેખરેખ નીચે એક કૉલેજ ચલાવે. તે જ પ્રમાણે મિલમાલિકોનાં મંડળ મળીને પોતાને જોઈતા ગ્રૅજ્યુએટો કેળવવાની કૉલેજ ચલાવે. એવું જ બીજા અનેક ઉદ્યોગોને વિષે. વેપારને માટે પણ કૉલેજ હોય. પછી 'આર્ટ્સ,' ડૉકટરી ને ખેતીવાડી રહ્યાં. આજે કેટલીયે ખાનગી 'આર્ટ્સ' કૉલેજો સ્વાવલંબનપૂર્વક ચાલી રહેલી છે. એટલે રાજ્ય પોતાની આર્ટ્સ કૉલેજો ચલાવવી બંધ કરે. ડૉકટરી કૉલેજો પ્રમાણપત્રવાળાં

Gandhi Heritage Portal

ઇસ્પિતાલોની સાથે જોડેલી હોય. એ કૉલેજો ધનિકોમાં લોકપ્રિય છે એટલે તેઓ એ કૉલેજોને નભાવવા માટે સ્વેચ્છાએ પૈસા આપે એવી અપેક્ષા રખાય. અને ખેતીવાડીની કૉલેજો સ્વાવલંબી હોય તો જ એનું નામ સાર્થક થાય. મને કેટલાક ખેતીવાડીના ગ્રૅજ્યુએટોનો કડવો અનુભવ થયેલો છે. એમનું જ્ઞાન છીછરું હોય છે. એમને વહેવારુ અનુભવ હોતો નથી. પણ જો તેમને સ્વાવલંબી ને દેશની જરૂરિયાતો પૂરી પાડનારી વાડીઓમાં ઉમેદવારી કરવી પડી હોય, તો તેમને પદવી મેળવ્યા પછી ને જેની નોકરી કરતા હોય તેને ખરચે અનુભવ મેળવવાની જરૂર ન રહે.[૭]

યોગ્ય પ્રકારના શિક્ષકો મળી રહે તો આપણાં બાળકોને શરીરશ્રમમાં રહેલું ગૌરવ શીખવવામાં આવશે, તેઓ શરીરશ્રમને બુદ્ધિના વિકાસનું એક અવિભાજ્ય અંગ અને એક સાધન માનતાં શીખશે, અને સમજતાં થશે કે, પોતે જાતે મહેનત કરીને પોતાના શિક્ષણની કિંમત આપવી એમાં દેશની સેવા રહેલી છે. મારી સૂચનાના સારરૂપ વાત એ છે કે, બાળકોને હાથઉદ્યોગ શીખવવાના છે તે કેવળ એમની પાસે કંઈક ઉત્પાદક કામ કરાવવાને સારુ નહીં, પણ એમની બુદ્ધિનો વિકાસ સાધવા માટે. બેશક, જો રાજ્ય સાત અને ચૌદ વરસની વચ્ચેનાં બાળકોને પોતાના હાથમાં લે, અને ઉત્પાદક શ્રમ દ્વારા એમનાં શરીર અને મનને કેળવે, તો નિશાળો સ્વાવલંબી થવી જ જોઈએ; ન થઈ શકે તો એ નિશાળો ધતિંગ હોવી જોઈએ ને શિક્ષકો બેવકૂફ હોવા જોઈએ.[૮]

અત્યાર સુધી આપણે છોકરાંનાં મગજમાં બધી જાતની માહિતી ઠાંસી ઠાંસીને ભરવાનો જ પ્રયત્ન કર્યા કર્યો છે, ને એમનાં મગજ જાગ્રત થાય ને એનો વિકાસ કેમ થાય એનો વિચાર કદી કર્યો જ નથી. હવે આપણે 'રુક જાઓ'નો પોકાર કરીએ અને શારીરિક કામ દ્વારા બાળકને યોગ્ય કેળવણી આપવા પર આપણી બધી શક્તિ વાપરીએ. શારીરિક કામ એ ગૌણ પ્રવૃત્તિ ન હોય, પણ બૌદ્ધિક શિક્ષણનું મુખ્ય સાધન હોય.[૯]

હું જે જાતની નિશાળોની હિમાયત કરું છું તેમાં તો, છોકરાઓ

Gandhi Heritage Portal

હાઈસ્કૂલમાં અંગ્રેજી બાદ કરતાં જેટલું શીખે છે તે, અને તે ઉપરાંત કવાયત, સંગીત, આલેખન અને બેઠક, એકાદ ઉદ્યોગ એટલું શીખશે.[૧૦]

હું માનું છું કે, કેળવણી ફરજિયાત અને મફત હોવી જ જોઈએ. પણ બાળકોને ઉપયોગી ઉદ્યોગ આપી તે મારફતે જ તેમનાં મન ને શરીર કેળવાવાં જોઈએ. હું અહીં પણ પૈસાની ગણતરી કરું છું તે અસ્થાને ન સમજવી જોઈએ. અર્થશાસ્ત્ર નૈતિક અને અનૈતિક હોય છે. નૈતિક અર્થશાસ્ત્રમાં બંને પાસાં સરખાં જ હોય. અનૈતિકમાં બળિયાના બે ભાગ તો હોય જ. એનું પ્રમાણ તેના બળ ઉપર આધાર રાખે છે. અનૈતિક અર્થશાસ્ત્ર જેમ ઘાતક છે તેમ જ નૈતિક આવશ્યક છે. તે વિના ધર્મની ઓળખ ને તેનું પાલન હું અસંભવિત માનું છું.[૧૧]

પ્રશ્ન એક રહે છે. કયા ઉદ્યોગ શહેરોમાં સગવડપૂર્વક શીખવી શકાય? મારી પાસે તો ઉત્તર તૈયાર જ છે. હું જે ઈચ્છું છું તે ગામડાંઓનું બળ. આજ ગામડાં શહેરો સારુ નભે છે, તેની ઉપર નિર્ભર છે. આ અનર્થ છે. શહેરો ગામડાં ઉપર નિર્ભર રહે, પોતાના બળનું સિંચન ગામડાંમાંથી કરે, એટલે કે ગામડાંઓને વટાવવાને બદલે પોતે ગામડાંને ખાતર વટાવાય તો અર્થ સિદ્ધ થાય ને અર્થશાસ્ત્ર નૈતિક બને. આવા શુદ્ધ અર્થની સિદ્ધિને સારુ શહેરોનાં બાળકોના ઉપયોગને ગામડાંના ઉદ્યોગો સાથે સીધો સંબંધ હોવો જોઈએ. આમ થવાને સારુ મને જે અત્યારે સૂઝે છે એ તો પીંજણથી માંડીને કાંતણ સુધીના ઉદ્યોગો છે. આજે પણ એવું તો કંઈક થાય જ છે. ગામડાં કપાસ પૂરો પાડે છે અને મિલો તેમાંથી કાપડ વણે છે. આમાં આરંભથી અંત લગી અર્થનો નાશ કરવામાં આવે છે. કપાસ જેમ તેમ વવાય છે, જેમ તેમ વિણાય છે, ને જેમ તેમ સાફ થાય છે. એ કપાસને ખેડૂત ઘણી વાર ખોટ ખાઈને રાક્ષસી જિનોમાં વેચે છે. ત્યાં તે બીજથી છૂટો પડી, કચરાઈ, અધમૂઓ થઈ મિલોમાં ગાંસડીબંધ જાય છે. ત્યાં તે વીંખાય છે, કંતાય છે, વણાય છે. આ બધી ક્રિયાઓ એવી રીતે બને છે કે કપાસના હીરને બાળે છે ને તેને નિર્જીવ કરે છે. મારી ભાષાનો કોઈ દ્વેષ ન કરે. કપાસમાં તો

Gandhi Heritage Portal

જીવ છે જ. એ જીવના પ્રત્યે કાં તો માણસ કોમળતાથી વર્તે, અથવા તો રાક્ષસની જેમ. અત્યારના વ્યવહારને હું રાક્ષસી વ્યવહાર ગણું છું.

કપાસની કેટલીક ક્રિયાઓ ગામોમાં તેમ જ શહેરોમાં થઈ શકે. આમ થતાં શહેર-ગ્રામનો સંબંધ નૈતિક ને શુદ્ધ થાય. બંનેની વૃદ્ધિ થાય ને આજનાં અવ્યવસ્થા, ભય, શંકા, દ્વેષ નિર્મૂળ થાય અથવા મોળાં પડે. ગામડાંઓનો પુનરુદ્ધાર થાય. આ કલ્પનાનો અમલ કરતાં જૂજ દ્રવ્યની જરૂર રહે છે. તે સહેજે સાધી શકાય છે. પરદેશી બુદ્ધિ કે પરદેશી યંત્રોની જરૂર નથી રહેતી. દેશની પણ અલૌકિક બુદ્ધિની ગરજ નથી પડતી. એક છેડે ભૂખમરો ને બીજે છેડે જે તવંગરી ચાલી રહ્યાં છે તે મટી બંનેનો મેળ સધાય. ને વિગ્રહ તથા ખુનામરકીનો જે ભય આપણને સદાય થથરાવી રહ્યો છે તે દૂર થાય. પણ બિલાડીને ગળે ટોકરી કોણ બાંધી શકે? શહેરસુધરાઈનાં હૃદય મારી કલ્પના ભણી કઈ રીતે વળે? એનો જવાબ હું સેગાંવમાં બેઠો આપી શકું તેના કરતાં વધારે સારી રીતે તો શહેરના વિદ્યારસિક નાગરિક જ આપી શકે.[૧૨]

આવી કેળવણી અપાય તો તેનું સીધું પરિણામ એ આવે કે, તે સ્વાવલંબી બને. પણ એની સફળતાની કસોટી એ નથી કે તે સ્વાવલંબી બને; પણ શાસ્ત્રીય રીતે હાથઉદ્યોગનું શિક્ષણ આપતાં આપતાં બાળકની અંદર રહેલો સર્વાંગી મનુષ્ય બહાર આણેલો હોય, એ એની સફળતાની કસોટી છે. વસ્તુતઃ, જે શિક્ષક એને ગમે તેમ કરીને સ્વાવલંબી બનાવવાનું વચન આપે, તેને તો હું રાખું જ નહીં. શિક્ષણ સ્વાવલંબી નીવડે એ તો વિદ્યાર્થી પોતાની દરેક શક્તિનો ઉપયોગ કરતાં શીખ્યો હોય તેમાંથી ગૌણ રૂપે ફલિત થાય. જે છોકરો રોજના ત્રણ કલાક હાથઉદ્યોગનું કામ કરે, તે જો પોતાની આજીવિકા જેટલું કમાઈ શકે, તો જે છોકરો કામની સાથે સાથે મન અને આત્માનો વિકાસ પણ સાધે, તે તો કેટલું વધારે મેળવે![૧૩]

પાયાની કેળવણીની ઉત્પત્તિ આ મુલકના વાતાવરણમાંથી થઈ છે, તેથી તેને પહોંચી વળવા સારુ થઈ છે. આ વાતાવરણ હિંદનાં સાત

Gandhi Heritage Portal

લાખ ગામડાં ને તેમાં વસનારા કરોડો ગામડિયામાં છવાયું છે. તેને ભૂલો એટલે ભીંત ભૂલ્યા. હિંદ તેનાં શહેરોમાં નથી, તેનાં ગામડાંમાં છે.

પાયાની કેળવણીના પાયા વિચારી જઈએ:

(૧) બધી કેળવણી સ્વાશ્રયી હોવી જોઈએ, એટલે કે સરવાળે મૂડી બાદ કરતાં બધું ખર્ચ પોતે ઉપાડે.

(૨) એ કેળવણીમાં છેવટ લગી હાથનો પૂરો ઉપયોગ થતો હોય, એટલે કે હાથ વડે કંઈક ઉદ્યમ છેવટ લગી થતો હોય.

(૩) કેળવણીમાત્ર પોતાના પ્રાંતની ભાષામાં અપાવી જોઈએ.

(૪) આમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન નથી. સાર્વજનિક નીતિને પૂરું સ્થાન હોય.

(૫) આ કેળવણી એવી છે કે જેને બાળક કે બીજા શીખે એટલે તે વિદ્યાર્થીના ઘરમાં ને ગામમાં પ્રવેશ કરે.

(૬) વળી, આ કેળવણી લેતા કરોડો વિદ્યાર્થીઓ પોતાને હિંદુસ્તાનનું અવિભાજ્ય અંગ ગણશે. તેથી બધા પ્રાંતના વિદ્યાર્થી સમજી શકે એવી એક ભાષા હોવી જોઈશે. આ ભાષા બંને લિપિ – નાગરી અને ઉર્દૂમાં લખાતી હિંદુસ્તાની જ હોઈ શકે.[૧૪]

## ૨

બધા શિક્ષણનો કોઈક પાયાના ઉદ્યોગ સાથે સંબંધ સાધવો જોઈએ એમ મેં કહ્યું છે એ સાચું છે. તમે જ્યારે કોઈ ઉદ્યોગ વાટે સાત કે દસ વરસના બાળકને જ્ઞાન આપતા હો ત્યારે, શરૂઆતમાં, એ વિષયની સાથે જેનું અનુસંધાન ન સાધી શકાય એવા બધા વિષયો તમારે છોડી દેવા જોઈએ. એમ રોજેરોજ કરવાથી, તમે શરૂઆતમાં છોડી દીધેલી એવી ઘણી વસ્તુઓનું અનુસંધાન ઉદ્યોગ જોડે સાધવાના રસ્તા તમે શોધી કાઢશો. આવી રીતે તમે શરૂઆતમાં કામ લેશો તો તમે તમારી પોતાની ને વિદ્યાર્થીઓની શક્તિ બચાવી શકશો. આજે તો આપણી પાસે જેનો આધાર લઈ શકાય એવાં પુસ્તકો નથી, આપણને રસ્તો બતાવે એવાં અગાઉનાં દૃષ્ટાંતો નથી. તેથી આપણે આસ્તે આસ્તે ચાલવું રહ્યું છે. મુખ્ય વસ્તુ એ છે કે, શિક્ષકે પોતાના મનની તાજગી સાચવી રાખવી જોઈએ. જેનું ઉદ્યોગની સાથે અનુસંધાન ન કરી શકાય એવો

Gandhi Heritage Portal

કોઈ વિષય તમારી આગળ આવે તો તમે એથી ખિજાશો કે નિરાશ થશો નહીં, એને છોડી દેજો ને જે વિષયોનું અનુસંધાન સાધી શકો તે આગળ ચલાવજો. સંભવ છે કે, બીજો કોઈ શિક્ષક ખરો રસ્તો શોધી કાઢશે ને એ વિષયનું ઉદ્યોગની સાથે અનુસંધાન કેમ કરી શકાય એ બતાવશે. અને તમે ઘણાના અનુભવનો સંગ્રહ કરશો પછી તમને રસ્તો બતાવવાને પુસ્તકો પણ મળી રહેશે, જેથી તમારી પછી આવનારાઓનું કામ વધારે સરળ થઈ પડશે.

તમે પૂછશો કે, જે વિષયોનું અનુસંધાન ન સાધી શકાય તે ટાળી મૂકવાની ક્રિયા અમારે કેટલો વખત ચલાવવી? તો હું કહું કે જિંદગી-ભર. અંતે તમે જોશો કે, ઘણી ચીજો જે તમે પહેલાં શિક્ષણક્રમમાંથી બાતલ રાખેલી તેનો તમે સમાવેશ કર્યો હશે, જેટલી વસ્તુઓ સમાવેશ કરવા યોગ્ય હતી તે બધીનો સમાવેશ થઈ ચૂક્યો હશે, અને તમે આખર સુધી જે બાતલ રાખી હશે તે બહુ નિર્જીવ ને તેથી બાતલ રાખવા લાયક જ હશે. આ મારો જિંદગીનો અનુભવ છે. મેં ઘણી ચીજો બાતલ ન રાખી હોત તો હું જે ઘણી વસ્તુઓ કરી શક્યો છું તે ન કરી શક્યો હોત.

આપણી કેળવણીમાં ધરમૂળનું પરિવર્તન થવું જ જોઈએ. મગજને હાથ વાટે કેળવણી અપાવી જોઈએ. હું કવિ હોત તો હાથની પાંચ આંગળીઓમાં રહેલી અદ્‌ભુત શક્તિ વિષે કવિતા લખી શકત. મગજ એ સર્વસ્વ અને હાથપગ કંઈ નથી એવું તમે શા સારુ માનો છો? જેઓ પોતાના હાથને કેળવતા નથી, જેઓ કેળવણીની સામાન્ય 'ઘરેડ'-માં થઈને પસાર થાય છે, તેમનું જીવન સંગીતશૂન્ય રહે છે, તેમની બધી શક્તિઓ કેળવાતી નથી. કેવળ પુસ્તકિયા જ્ઞાનમાં બાળકને એટલો રસ નથી પડતો કે એનું બધું ધ્યાન એમાં રોકાઈ રહે. મગજ ખાલી શબ્દોથી થાકી જાય છે, અને બાળકનું મન બીજે ભમવા માંડે છે. હાથ ન કરવાનું કરે છે, આંખ ન જોવાનું જુએ છે, કાન ન સાંભળવાનું સાંભળે છે; અને તેઓ અનુક્રમે જે કરવું, જોવું ને સાંભળવું જોઈએ તે કરતાં, જોતાં ને સાંભળતાં નથી. તેમને સાચી પસંદગી કરતાં શીખ-વવામાં આવતું નથી, અને તેથી તેમની કેળવણી ઘણી વાર તેમનો

Gandhi Heritage Portal

વિનાશ કરનારી નીવડે છે. જે કેળવણી આપણને સારાનરસાનો ભેદ કરતાં, સારું ગ્રહણ કરતાં ને નરસું તજતાં શીખવતી નથી તે ખરી કેળવણી જ નથી.

નિશાળમાં ચાલતા સામાન્ય અભ્યાસક્રમમાં એકાદ હાથઉદ્યોગ ઉમેરી દેવો એ જૂની કલ્પના હતી. એટલે કે, હાથઉદ્યોગને કેળવણીથી છેક જ અલગ રાખીને શીખવવાનો હતો. મને એ ગંભીર ભૂલ લાગે છે. શિક્ષકે ઉદ્યોગ શીખી લેવો જોઈએ અને પોતાના જ્ઞાનનું અનુસંધાન એ ઉદ્યોગ જોડે કરવું જોઈએ, જેથી તે પોતે પસંદ કરેલા ઉદ્યોગ દ્વારા એ બધું જ્ઞાન પોતાના વિદ્યાર્થીઓને આપી શકે.

કાંતણનો દાખલો લો. મને ગણિત ન આવડે ત્યાં સુધી મેં તકલી પર કેટલા વાર સૂતર કાંત્યું, અથવા એના કેટલા તાર થશે, અથવા મેં કાંતેલા સૂતરનો આંક કેટલો છે, તે હું કહી ન શકું. એ કરવા માટે મારે આંકડા શીખવા જોઈએ, અને સરવાળા, બાદબાકી, ગુણાકાર ને ભાગાકાર પણ શીખવા જોઈએ. અટપટા દાખલા ગણવામાં મારે અક્ષરો વાપરવા પડશે, એટલે એમાંથી હું અક્ષરગણિત શીખીશ. એમાં પણ હું રોમન અક્ષરોને બદલે હિંદુસ્તાની અક્ષરોના વાપરનો આગ્રહ રાખીશ.

પછી ભૂમિતિ લો. તકલીના ચકતા કરતાં વર્તુળનું વધારે સારું પ્રદર્શન શું હોઈ શકે? એ રીતે હું યુક્લિડનું નામ પણ દીધા વિના વિદ્યાર્થીને વર્તુળ વિષે બધું શીખવી શકું.

વળી તમે કદાચ પૂછશો કે, કાંતણ મારફતે બાળકને ઈતિહાસ ભૂગોળ કેવી રીતે શીખવી શકાય? થોડાક વખત પર 'કપાસ — મનુષ્યનો ઈતિહાસ' (Cotton – The Story of Mankind) એ જાતનું એક પુસ્તક મારા જોવામાં આવ્યું હતું. એ વાંચતાં મને બહુ જ રસ પડયો. એ નવલકથા જેવું લાગ્યું. એની શરૂઆતમાં પ્રાચીનકાળનો ઈતિહાસ આપેલો હતો; અને પછી કપાસ પહેલો કેવી રીતે ને કયારે વવાયો, એનો વિકાસ કેવી રાતે થયો, જુદા જુદા દેશો વચ્ચે રૂનો વેપાર કેવો ચાલે છે, વગેરે વસ્તુઓ વર્ણવેલી હતી. જુદા જુદા દેશોનાં નામ હું બાળકને સંભળાવું તેની સાથે સ્વાભાવિક રીતે એ દેશોનાં ઈતિહાસ-ભૂગોળ વિષે પણ કંઈક કહેતો જાઉં. જુદા જુદા કાળમાં જુદી જુદી

Gandhi Heritage Portal

વેપારની સંધિઓ કોના અમલમાં થઈ? કેટલાક દેશોમાં બહારથી રૂ મંગાવવું પડે છે ને કેટલાકમાં કાપડ મંગાવવું પડે છે એનું કારણ શું? દરેક દેશ પોતપોતાની જરૂર પૂરતું રૂ કેમ ઉગાડી ન શકે? આ ચર્ચા મને અર્થશાસ્ત્ર અને કૃષિશાસ્ત્રનાં મૂળતત્ત્વો પર લઈ જશે. કપાસની કઈ જુદી જુદી જાતો છે, તે કેવી જાતની જમીનમાં ઊગે છે, તેને કેમ ઉગાડાય, તે ક્યાંથી મેળવાય, વગેરે માહિતી હું વિદ્યાર્થીને આપીશ. આમ તકલીકાંતણ પરથી હું ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આખા ઈતિહાસ પર ઊતરું છું. એ કંપની અહીં કેમ આવી, તેણે આપણા કાંતણના ઉદ્યોગ-નો નાશ કેવી રીતે કર્યો, તેઓ આર્થિક ઉદ્દેશથી હિંદુસ્તાનમાં આવ્યા ને તેમાંથી રાજકીય સત્તા જમાવવાની આકાંક્ષા કેમ સેવતા થયા, એ વસ્તુ મોગલ અને મરાઠાની પડતીમાં, અંગ્રેજી રાજ્યની સ્થાપનામાં, અને પછી પાછા આપણા જમાનામાં જનસમૂહના ઉત્થાનમાં કારણરૂપ કેમ નીવડી છે, એ બધું પણ મારે વર્ણવવું પડશે. એમ આ નવી યોજનામાં શિક્ષણ આપવાનો અપાર અવકાશ પડેલો છે. અને બાળક એ બધું એનાં મગજ અને સ્મરણશક્તિ પર અનાવશ્યક બોજો પડયા વિના કેટલું વધારે જલદી શીખશે!

એ કલ્પના વધારે વિસ્તારથી વર્ણવી બતાવું. જેમ કોઈ પ્રાણી-શાસ્ત્રીએ સારા પ્રાણીશાસ્ત્રી થવા માટે પ્રાણીશાસ્ત્ર ઉપરાંત બીજાં ઘણાં શાસ્ત્રો શીખવાં જોઈએ, તે જ પ્રમાણે પાયાની કેળવણીને જો એક શાસ્ત્ર માનવામાં આવે તો તે આપણને જ્ઞાનની અનંત શાખાઓમાં લઈ જાય છે. તકલીનો જ દાખલો વિસ્તારીને કહીએ તો, જે વિદ્યાર્થી શિક્ષક કેવળ કાંતણની યાંત્રિક ક્રિયા પર જ પોતાનું લક્ષ એકાગ્ર નહીં કરે (એ ક્રિયામાં તો બેશક એણે નિષ્ણાત થવું રહ્યું જ છે), પણ એ વસ્તુનું હાર્દ ગ્રહણ કરવા મથશે, તે તકલી અને તેનાં અંગઉપાંગોનો અભ્યાસ કરશે. તકલીનું ચકતું પીતળનું અને ત્રાક લોખંડની કેમ હોય છે એ પ્રશ્ન તે પોતાના મનને પૂછશે. અસલ જે તકલી હતી તેનું ચકતું ગમે તેવું બનાવાતું. એથી પણ પહેલાંની પ્રાચીન તકલીમાં વાંસની સળીની ત્રાક અને સ્લેટનું કે માટીનું ચકતું વપરાતાં. હવે તકલીનો શાસ્ત્રીય ઢબે વિકાસ થયો છે, અને ચકતું પીતળનું ને ત્રાક લોખંડની બનાવાય છે તે સકારણ છે. એ

Gandhi Heritage Portal

કારણ વિદ્યાર્થીઓએ શોધી કાઢવું જોઈએ. તે પછી વિદ્યાર્થીએ એ પણ તપાસ કરવી જોઈએ કે, એ ચકતાનો અમુક જ વ્યાસ કેમ રખાય છે ને ઓછોવત્તો કેમ રખાતો નથી. આ પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ આણે ને પછી એ વસ્તુનું ગણિત જાણે એટલે તમારો વિદ્યાર્થી સારો ઇજનેર બને છે. તકલી એની કામધેનુ બને છે. એની વાટે પાર વિનાનું જ્ઞાન આપી શકાય એમ છે. તમે જેટલી શક્તિ ને શ્રદ્ધાથી કામ કરશો તેટલું જ્ઞાન એ વાટે આપી શકશો. તમે અહીંયાં ત્રણ અઠવાડિયાં રહ્યા છો. આ યોજના પાછળ મરી ફીટવા સુધીની તમારી તૈયારી થવા લગી તમારામાં એ યોજના વિષે આસ્થા આ નિવાસ દરમ્યાન આવી હોય તો તમારું અહીં રહ્યું સફળ ગણાશે.

મેં કાંતણનો દાખલો વિસ્તારથી સમજાવ્યો છે એનું કારણ એ છે કે મને એનું જ્ઞાન છે. હું સુથાર હોઉં તો મારા બાળકને આ બધી વસ્તુઓ સુથારી મારફતે શીખવું, અથવા કાર્ડબોર્ડનું કામ કરનાર હોઉં તો એ કામ મારફતે શીખવું.

આપણને ખરી જરૂર તો એવા કેળવણીકારોની છે જેમનામાં નવું નવું સર્જવાની ને વિચારવાની શક્તિ હોય, સાચાં ઉત્સાહ અને ધગશ હોય, અને જેઓ રોજ રોજ વિદ્યાર્થીને શું શીખવવું એ વિચારી કાઢે એવા હોય. શિક્ષકને એ જ્ઞાન જૂનાં થોથાંમાંથી નહીં મળે. તેણે પોતાની નિરીક્ષણની ને વિચાર કરવાની શક્તિનો ઉપયોગ કરવાનો છે, અને હાથઉદ્યોગની મદદ વડે જીભ મારફતે બાળકને જ્ઞાન આપવાનું છે. આનો અર્થ એ છે કે, શિક્ષણપદ્ધતિમાં ક્રાંતિ થવી જોઈએ, શિક્ષકની દૃષ્ટિમાં ક્રાંતિ થવી જોઈએ. અત્યાર સુધી તમે નિરીક્ષકો (ઈન્સ્પેકટરો)ના રિપોર્ટોથી દોરવાતા આવ્યા છો. નિરીક્ષકને ગમે એવું કરવાની ઈચ્છા તમે રાખી છે, જેથી તમારી સંસ્થા માટે તમને વધારે પૈસા મળે અથવા તો તમને પોતાને પગારમાં વધારો મળે. પણ નવો શિક્ષક એ બધાની પરવા નહીં કરે. તે તો કહેશે, 'હું જો મારા વિદ્યાર્થીને વધારે સારો માણસ બનાવું ને તેમ કરવામાં મારી સર્વ શક્તિ વાપરી નાખું તો મેં મારું કર્તવ્ય કર્યું ગણાશે. મારે માટે એટલું બસ છે.'[૧૫]

Gandhi Heritage Portal

## ૩

ગામડાંનાં બાળકોને ઘડીને નમૂનેદાર ગામવાસીઓ બનાવવાનો આ કેળવણીનો આશય છે. તેની યોજના મુખ્યત્વે તેમનો ખ્યાલ રાખીને કરવામાં આવી છે. એ યોજનાની મૂળ પ્રેરણા પણ ગામડાંઓમાંથી આવી છે. જે મહાસભાવાદીઓ સ્વરાજની ઈમારતનું ઠેઠ પાયામાંથી ચણતર કરવા માગે છે તેમને દેશનાં બાળકોની ઉપેક્ષા કરવી પરવડે તેવી નથી. પરદેશી અમલ ચલાવનારા લોકોએ, અજાણપણે ભલે હોય, કેળવણીના ક્ષેત્રમાં પોતાના કાર્યની શરૂઆત અચૂકપણે ઠેઠ નાનાં છોકરાંઓથી કરી છે. આપણે ત્યાં પ્રાથમિક કેળવણીને નામે જે નમૂનો ઓળખાય છે તે એક ફારસ છે; ગામડાંઓમાં જે હિંદુસ્તાન વસે છે તેની જરૂરિયાતો કે માગણીઓનો જરાયે વિચાર કર્યા વિના તેની યોજના થઈ છે; અને આમ જુઓ તો શહેરોનો પણ તેમાં કશો વિચાર થયેલો નથી. પાયાની કેળવણી ગામડાંમાં શું કે શહેરોમાં શું, હિંદુસ્તાનનાં બધાંયે બાળકોને હિંદનાં જે કંઈ ઉત્તમ તેમ જ કાયમનાં તત્ત્વો છે, તેમની સાથે સાંકળી દે છે. એ કેળવણી બાળકનાં મન તેમ જ શરીર બંનેનો વિકાસ કરે છે; બાળકને પોતાની ભૂમિ સાથે જડી રાખે છે; તેને પોતાના તથા પોતાના મુલકના ભાવિનું ગૌરવભર્યું ચિત્ર બતાવે છે; અને તે ચિત્રમાં જોયેલું ભાવિ હિંદ રચવાના કાર્યમાં દરેક છોકરો કે છોકરી પોતે નિશાળે જતાં થાય તે દિવસથી જ પોતાનો ફાળો આપે એવી ગોઠવણ કરે છે.[૧૬]

Gandhi Heritage Portal

## ૧૪

# ખેતી અને પશુપાલન–૧

### કિસાન

ગામડાંના લોકોનું ગુજરાન ખેતી પર ચાલે છે અને ખેતીનું ગાય પર. હું આ વિષયમાં આંધળા જેવો છું. જાતઅનુભવ મને નથી. પરંતુ એવું એક પણ ગામ નથી જ્યાં ખેતી નથી અને ગાય નથી. ભેંસો છે પણ તે કોંકણ વગેરે સિવાય ખેતીને માટે વધારે ઉપયોગી નથી. છતાં ભેંસોનો આપણે બહિષ્કાર કર્યો છે એવું નથી. એટલા માટે ગામડાના પશુધનનો, ખાસ કરીને પોતાના ગામનાં ઢોરોનો આપણા કાર્યકર્તાએ પૂરો ખ્યાલ આપવો પડશે. આ ઘણા મુશ્કેલ સવાલને જો આપણે હલ નહીં કરી શકીએ તો હિંદુસ્તાનની બરબાદી થવાની છે. અને સાથે સાથે આપણી પણ, કારણ કે એવી સ્થિતિમાં આપણે માટે આ પશુઓ આર્થિક દૃષ્ટિએ બોજારૂપ બનતાં હોઈ, તેમની પશ્ચિમના દેશોની જેમ કતલ કર્યા સિવાય બીજો ઉપાય નહીં રહે.[1]

મને પહેલેથી જ શ્રદ્ધા છે કે આ દેશના વાસીઓને માટે ખેતી જ એકમાત્ર અતૂટ અને અટલ સહારો છે. એની પણ ખોજ કરીશું અને જોઈશું કે એને સહારે ક્યાં સુધી જઈ શકાય છે. જો આપણા લોકો ખાદીને બદલે ખેતીમાં પારંગત થઈને લોકોની સેવા કરશે તો મને અફસોસ નહીં થાય. હવે ખેતી તરફ ધ્યાન આપવાનો સમય આવી ગયો છે. આજ સુધી હું માનતો હતો કે જ્યાં સુધી સરકારી તંત્ર આપણા હાથમાં આવે નહીં ત્યાં સુધી દેશની ખેતીમાં સુધારો કરવો શક્ય નથી. હવે મારા એ વિચારોમાં કાંઈક પરિવર્તન થઈ રહ્યું છે. હું જોઈ શક્યો છું કે વર્તમાન પરિસ્થિતિમાં પણ આપણે અમુક હદ સુધી સુધારો કરી શકીશું. એમ થાય તો ખેડૂત મહેસૂલ વગેરે આપીને પણ જમીનની મદદથી



Gandhi Heritage Portal

પોતાને માટે કંઈક બચાવી શકશે. જવાહરલાલ કહે છે કે ખેતી સુધારશો તોપણ જ્યાં સુધી વિદેશી સરકાર આપણા પર છે ત્યાં સુધી તે ગમે તે બહાને ખેડૂતની કમાઈ લૂંટવાની. હવે હું વિચાર કરું છું કે એટલા ખાતર શું ખેતી વિશેના જ્ઞાન અને માહિતીનો પ્રચાર કરતા અટકી જઈશું? સરકાર ભલે આપણું કર્યું કારવ્યું લૂંટી લે. લૂંટશે તો આપણે લડીશું. લોકોને લડવા કહીશું, શીખવશું, સરકારને જણાવી દઈશું કે તમે આવી રીતે નહીં લૂંટી શકો. એટલે હવે આપણે એવા કાર્યકર્તા શોધવા છે કે જેને ખેતીમાં રસ હોય.[૨]

ગામડાંના લોકોની સ્થિતિ સુધારવા માટે ખેતી, ગોપાલન અને બીજા ઉદ્યોગો ગામડાંમાં કેવી રીતે બેઠા થાય તેનો વિચાર કરું છું. બે ચાર ગામોમાં પણ સફળ થાઉં તો તો મારી સમસ્યાનો ઉકેલ મળી જશે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે.'[૩]

જેને અહિંસાનું પાલન કરવું છે, સત્યની આરાધના કરવી છે, બ્રહ્મચર્યને સ્વાભાવિક બનાવવું છે તેને તો જાતમહેનત રામબાણરૂપ થઈ પડે છે. આ મહેનત ખરું જોતાં તો ખેતી જ છે. પણ સહુ તે નથી કરી શકતા તેવી અત્યારે તો સ્થિતિ છે જ. એટલે ખેતીના આદર્શને ધ્યાનમાં રાખીને ખેતીની અવેજીમાં માણસ ભલે બીજી મજૂરી કરે — એટલે કે કાંતવાની, વણવાની, સુથારની, લુહારની ઈત્યાદિ ઈત્યાદિ.[૪]

ઘણાં વરસો પર મેં એક કવિતા વાંચી હતી, જેમાં ખેડૂતને જગતના તાત તરીકે વર્ણવવામાં આવ્યો છે. ઈશ્વર જો આપનાર છે, તો ખેડૂત તેના હાથ છે. તેનું ઋણ ચૂકવવા માટે આપણે શું કરીશું? આજ સુધી આપણે એની મજૂરીના પરસેવા પર જીવ્યા. આપણે ખેતીથી આરંભ કરવો જોઈતો હતો, પણ તે ન કરી શકયા. એ માટે, કંઈક અંશે હું દોષિત છું.

કેટલાક લોકો કહે છે કે, રાજકીય સત્તા હાથમાં આવ્યા વિના ખેતીમાં મૂળભૂત સુધારો કરવો શકય નથી. વરાળ અને વીજળીનો મોટા પાયા પર ઉપયોગ કરીને મોટા ઉદ્યોગોના સ્વરૂપની ખેતીનાં સ્વપ્નાં આ

Gandhi Heritage Portal

લોકો સેવે છે. એકદમ લાભ લૂંટવાને લોભે જમીનની રસાળતાને વેચવામાં આવશે, તો છેવટે ભારે આપત્તિ આવી પડશે અને એ નીતિ ટૂંકી દૃષ્ટિની પુરવાર થશે. એને પરિણામે જમીનનો રસકસ ખૂટી જશે. ખોરાક પકવવા માટે જમીનમાં પરસેવાનું ખાતર પૂરવાની જરૂર રહે છે.

આ દૃષ્ટિની લોકો કદાચ ટીકા કરશે અને કહેશે કે, એ પ્રગતિવિરોધી છે અને એથી કામ બહુ મંદ ગતિથી થશે. એમાંથી કંઈક આંજી નાખે એવું પરિણામ આવવાની આશા નથી. આમ છતાંયે, એમાં ભૂમિની તેમ જ તેના પર વસતા લોકોની સમૃદ્ધિની ચાવી રહેલી છે. આરોગ્યદાયી તથા પોષક ખોરાક, એ ગામડાંની અર્થવ્યવસ્થાનો પાયો છે. ખેડૂતની આવકનો મોટો ભાગ પોતાના અને પોતાના કુટુંબના ઉદરનિર્વાહમાં વપરાય છે. બીજી વસ્તુઓ એ પછી આવે છે. ખેડૂતને ધરાઈને ખાવા મળવું જોઈએ, તેને પૂરતા પ્રમાણમાં તાજું સ્વચ્છ દૂધ, ઘી તથા તેલ મળવાં જોઈએ અને તે માંસાહારી હોય, તો મચ્છી, ઈંડાં, અને માંસ મળવું જોઈએ. દાખલા તરીકે, પેટ ભરીને અને પૂરેપૂરો પોષક ખોરાક ન મળતો હોય, તો સારાં સારાં કપડાં તેને શા ખપનાં? પીવાના પાણીની જોગવાઈ અને બીજી વસ્તુઓ એ પછી આવે. આ પ્રશ્નોનો વિચાર કરતાં સ્વાભાવિક રીતે જ એ મુદ્દો ઊભો થશે કે, ટ્રૅક્ટરથી જમીન ખેડવાને તેમ જ ખેતીને માટે મશીનથી પાણી પૂરું પાડવાને મુકાબલે ખેતીના બળદનું ને હળનું સ્થાન શું છે? અને એ રીતે એક એક વસ્તુનો વિચાર કરતાં કરતાં ગામડાંની અર્થવ્યવસ્થાનું આખું ચિત્ર તમારી સમક્ષ ખડું થશે. એ ચિત્રમાં શહેરો તેના સ્વાભાવિક સ્થાને હશે — આજની પેઠે સમાજશરીર પર થયેલા ફોલ્લા કે ગૂમડાં જેવાં અસ્વાભાવિક નહીં લાગે. આજે તો આપણે આપણા હાથનો ઉપયોગ ભૂલી જવાની જોખમકારક સ્થિતિમાં આવી પડ્યા છીએ. જમીન કેમ ખોદવી તથા તેની બરદાસ કેવી રીતે કરવી એ ભૂલી જવું, એ આપણી જાતને ભૂલી જવા બરાબર છે. કેવળ શહેરોની સેવા કરી એટલે પ્રધાનનો હોદ્દો ધરાવ્યાનું કારગત થયું, એમ માનવું, એ સાચું હિંદ તેનાં સાત લાખ ગામડાંઓમાં વસે છે, એ વાતને વીસરવા સમાન છે. આત્મા ખોઈને માણસ આખી પૃથ્વી મેળવે, તો એ સોદામાં તે શું કમાયો?[૫]

Gandhi Heritage Portal

ભારતના ખેડૂતોની જોડે વાત કરો ને તેઓ બોલવા માંડે તે ક્ષણે તમે જોશો કે એમની જીભમાંથી જ્ઞાન ઝરે છે. બહારનો અણઘડપણાનો દેખાવ છે તેની પાછળ આધ્યાત્મિક વૃત્તિનો ઊંડો ઝરો પડેલો છે. એને હું સંસ્કારિતા કહું છું. એવી વસ્તુ તમને પશ્ચિમમાં નહીં જોવા મળે. યુરોપના કોઈ ખેડૂતની જોડે તમે વાત કરી જુઓ તો તમને દેખાશે કે એને ઈશ્વર કે આત્માની વાતમાં કશો રસ નહીં હોય.[૬]

હિંદી ગામડિયામાં તો અણઘડપણાના પોપડાની નીચે જુગજૂની સંસ્કારિતા છુપાયેલી પડી છે. એ પોપડો ઉખાડી નાખો, એ ગ્રામવાસીનાં દારિદ્ર્ય ને નિરક્ષરતા દૂર કરો તો શિષ્ટ, સંસ્કારી, સ્વતંત્ર નાગરિક કેવો હોવો જોઈએ એનો સુંદરમાં સુંદર નમૂનો તમને જોવા મળશે.[૭]

સમય, આરોગ્ય ને ધનનો બચાવ કેમ થઈ શકે એ આપણે એમને શીખવવાનું છે. . . . લાયોનલ કર્ટિસે કહેલું કે હિંદુસ્તાનનાં ગામડાં એ તો ઉકરડા છે. એને આપણે નમૂનેદાર ગામડાં બનાવવાનાં છે. આપણાં ગામડાંની આસપાસ તાજી હવાની કંઈ ખોટ છે? છતાં ગામડાં-ના લોકોને તાજી હવા મળતી નથી. એમની આસપાસ તાજામાં તાજી વનસ્પતિના ભંડાર ભર્યા છે, છતાં તેમને તાજી શાકભાજી મળતી નથી. આ ખોરાકની બાબતમાં હું મિશનરીની પેઠે બોલું છું, કેમ કે ગામડાંને સુંદરતાના નમૂના બનાવવા એ મારું ધ્યેય છે, મારું જીવનકાર્ય છે.[૮]

આપણી સામે ગામડાંને પોતાના જડબામાં જકડી રાખનાર આ ત્રિમૂર્તિ રાક્ષસ છે: (૧) સામુદાયિક સ્વચ્છતાનો અભાવ; (૨) ઓછો ખોરાક; (૩) આળસ ને જડતા. . . .

પોતાના જ ભલામાં એમને રસ નથી. આધુનિક સ્વચ્છતાના માર્ગોની એમને કદર નથી. કરતા આવ્યા છે એ જાતની મજૂરી ને જમીન ખેડી ખાવા ઉપરાંત શરીર તોડવા તે તૈયાર નથી. અને આ મુશ્કેલીઓ મોટી છે ને સાચી છે. પણ એનાથી આપણે પાછા પડવાનું નથી. આપણા કર્તવ્યમાં આપણે અખૂટ શ્રદ્ધા રાખવાની છે; ધીરજથી લોકો જોડે વર્તવાનું છે. અને આપણે પણ ગ્રામસેવાના કાર્યમાં નવા

Gandhi Heritage Portal

બિનઅનુભવી છીએ. ઘર કરી બેઠેલા રોગની દવા આપણે કરવાની છે. આપણી પાસે જો ખંત અને ધૈર્ય હશે તો મોટા વિઘ્નદુર્ગો પણ તૂટી જશે. રોગીને અસાધ્ય રોગ છે, માટે નર્સ શું એને છોડી જશે? આપણું કામ પણ આવા નર્સ જેવું છે.[૯]

ગામડાંમાં તો મોટામાં મોટું શિક્ષણ એમાં રહેલું છે કે ગ્રામવાસીઓને આખું વરસ કાં તો ખેતીમાં, કાં તો ગામડાંને લગતા ઉદ્યોગોમાં લાભ મળે એવી રીતે આખું વરસ કામ કરવાનું શીખવવું જોઈએ. ને તેમ કરવા તેમને સમજાવવા જોઈએ.[૧૦]

હું હામ કરીને એટલું કહું છું કે ગ્રામવાસીઓમાં જે અણઘડપણું દેખાય છે તે છતાં, એક વર્ગ તરીકે વિચાર કરતાં, મનુષ્યસ્વભાવનો જે સારો અંશ છે તેની બાબતમાં તેઓ જગતના કોઈ પણ દેશના ગ્રામવાસીઓને મુકાબલે કંઈક ચડે એવા જ છે. હ્યુએનસંગના કાળથી અત્યાર લગી જે પ્રવાસીઓએ પોતાના અનુભવ નોંધ્યા છે તેમાંના મોટા ભાગનાં લખાણ આ પુરાવાને ટેકો આપે છે. ભારતવર્ષનાં ગામડાં જે સ્વભાવસિદ્ધ સંસ્કારિતા બતાવે છે, ગરીબોનાં ઘરમાં જે કળાનું દર્શન થાય છે, ગ્રામવાસીઓ જે સંયમથી વર્તે છે, તે બધાનો યશ એમને અનાદિ કાળથી એક ગ્રંથિ વડે બાંધી રાખનાર ધર્મને જ છે.[૧૧]

ખેડૂત પોતે ભૂમિહીન હોય કે જાતે મજૂરી કરનારો જમીનમાલિક હોય, તેનું સ્થાન સૌથી મોખરે છે. તે ધરતીનું નૂર છે અને જમીન તેની છે અથવા હોવી જોઈએ — ઘેર બેસીને ખેતી કરાવનાર માલિક કે જમીનદારની નહીં. પણ અહિંસક પદ્ધતિમાં મજૂર જમીનદારને બળજબરીથી કાઢી મૂકી નહીં શકે. પણ તેણે એવી રીતે કામ કરવું જોઈએ કે જેથી જમીનદાર તેનું શોષણ કરી જ ન શકે. ખેડૂતો વચ્ચે ગાઢ સહકાર હોવો જરૂરી છે. એ ઉદ્દેશ પાર પાડવા માટે ખેડૂતોનું સંગઠન કરનારાં ખાસ મંડળો કે સમિતિઓ ન હોય ત્યાં રચવી જોઈએ અને હોય ત્યાં તેમાં સુધારો કરવાની જરૂર હોય તો કરવો જોઈએ. ખેડૂતો મોટે ભાગે નિરક્ષર છે. પ્રૌઢ તથા શાળામાં જવાની ઉંમરનાં બાળકોને કેળવણી આપવી જોઈએ — આમાં સ્ત્રીપુરુષ બન્ને આવી જાય. ભૂમિહીન


Gandhi Heritage Portal

ખેતમજૂરોના મજૂરીના દર એટલા વધારવા જોઈએ કે જેથી તેઓ સારી રીતે જીવન ગાળી શકે એટલે કે તેમને યુક્તાહાર મળે અને તંદુરસ્તીની દૃષ્ટિએ સંતોષકારક ઘર અને વસ્ત્ર મળી રહે.[૧૨]

મારું ચાલે તો આપણો વડો હાકેમ ગવર્નર જનરલ પણ ખેડૂત હોય, આપણો વડો પ્રધાન ખેડૂત હોય, બધા જ ખેડૂત હોય. આનું કારણ એ કે અહીંનો, આ મુલકનો રાજા ખેડૂત છે. મને બચપણમાં એક કવિતા ભણાવવામાં આવી હતી કે "હે ખેડૂત તું બાદશાહ છે." ખેડૂત જમીનમાંથી પેદા ન કરે તો આપણે ખાઈશું શું? હિંદુસ્તાનનો સાચો રાજા ખેડૂત છે. પણ આજે આપણે તેને ગુલામ બનાવીને બેઠા છીએ. આજે ખેડૂત શું કરે? બી. એ. બને? એવું થાય એટલે તે ખેડૂત મટયો. પછી તે કોદાળી નહીં ઊંચકે. જે આદમી પોતાની જમીનમાંથી પેદા કરીને ખાતો હોય તે જનરલ બને, પ્રધાન બને, તો હિંદની સૂરત પલટાઈ જાય. આજે જે સડો છે તે બધો નાબૂદ થાય.[૧૩]

# ૧૫

# ખેતી અને પશુપાલન – ૨

## જમીનનો સવાલ

### જમીનની માલિકી

ખેડૂત ધરતીનું નૂર છે અને જમીન તેની છે અથવા હોવી જોઈએ — ઘેર બેસીને ખેતી કરાવનાર માલિક કે જમીનદારની નહીં.[૧]

જમીન અને બીજી બધી સંપત્તિ જે તેને માટે કામ કરે તેની છે. કમનસીબે મજૂરો આ સાદી વાતથી અજ્ઞાત છે અથવા તેમને અજ્ઞાત રાખવામાં આવ્યા છે.[૨]

હું તો માનું છું કે જે જમીન તમે ખેડો છો તે તમારી માલિકીની હોવી જોઈએ. પણ ઘડીવારમાં એ ન બને. જમીનદારો પાસેથી તમે તે

Gandhi Heritage Portal

ખૂંચવી પણ ન શકો. અહિંસા અને તમારી પોતાની શક્તિ વિષેનું આત્મભાન એ જ એકમાત્ર રસ્તો છે.[૩]

ભલીભાંતે જીવવા રહેવા જોઈએ તે કરતાં વધુ જમીન કોઈ માણસ પાસે ન હોવી જોઈએ. આપણી આમપ્રજાનું દારુણ દારિદ્ર્ય તેમની પાસે પોતાની કહી શકાય એવી કશી જમીન ન હોવાને કારણે જ છે એ વાતની કોનાથી ના પડાય એમ છે?

પણ એ સુધારો એમ ઝટપટ કરાવી લેવાય તેવો નથી એ પણ સમજવું જરૂરી છે. જો એને અહિંસક માર્ગે કરાવવો હોય તો માલદાર તેમ જ મુફલિસ બેઉની કેળવણીથી જ એ સાધી શકાય. માલદારોને અભયદાન મળવું જોઈએ કે તેમની સામે કદી હિંસા આચરવામાં નહીં આવે. મુફલિસોને પણ સમજ મળવી જોઈએ કે એમની મરજી વિરુદ્ધ કશું કામ કરવાની એમને ફરજ પાડવાનો કોઈને પણ હક નથી, અને અહિંસા એટલે કે મરજિયાત કષ્ટ સહન કરવાની કળા શીખવાથી તેઓ પોતાની મુક્તિ સાધી શકે છે.[૪]

## જમીનદાર અને ખેડૂત

હું તમને કહું છું કે, તમારી જમીનની માલિકી જેટલી તમારી છે તેટલી જ તમારા ખેડૂતોની છે.[૫]

હું ફક્ત એટલું નથી માનતો કે જમીનદારો અને મૂડીવાદીઓ સ્વભાવે જ શોષકો હોય છે, અથવા તેમના અને પ્રજાના હિત વચ્ચે પાયાનો અથવા કદી મેળ ન ખાય એવો વિરોધ હોય છે. તમામ શોષણનો આધાર શોષિતોના રાજીખુશીના કે બળજબરીથી લીધેલા સહકાર ઉપર છે. આપણને કબૂલ કરવાનું ન ગમે છતાં એ હકીકત છે કે લોકો શોષકની આજ્ઞા માનવાની ના પાડે તો શોષણ થાય જ નહીં. પણ આપણો સ્વાર્થ આડે આવે છે અને આપણે આપણી બેડીઓને ચીટકી રહીએ છીએ. આ બંધ થવું જોઈએ. જરૂર જમીનદારો ને મૂડીવાદીઓનો નાશ કરવાની નથી, પણ તેમની અને લોકોની વચ્ચેના આજના સંબંધો બદલીને વધારે તંદુરસ્ત અને વધારે શુદ્ધ કરવાની છે.[૬]

Gandhi Heritage Portal

મારો ઉદ્દેશ તમારા હૃદયને સ્પર્શવાનો અને તમારું પરિવર્તન કરવાનો છે જેથી તમે તમારી બધી ખાનગી મિલકત તમારા ગણોતિયાના રખેવાળ તરીકે રાખો અને તેનો ઉપયોગ મુખ્યત્વે તેમના ભલા માટે કરો. હું એ હકીકતથી વાકેફ છું કે, કૉંગ્રેસની અંદર જ સમાજવાદી પક્ષ નામનો એક નવો પક્ષ હસ્તીમાં આવ્યો છે, અને એ પક્ષ જો પોતાની સાથે કૉંગ્રેસને લઈ જવામાં સફળ થાય તો શું થાય તે હું કહી શકતો નથી. પણ હું તદ્દન સ્પષ્ટ છું કે જો આપણી લાખોની જનતાનો પ્રામાણિક અને ખરો પ્રજામત લેવામાં આવે તો મિલકત ધરાવનારા વર્ગની મિલકત સામુદાયિક રીતે લઈ લેવાના પક્ષમાં લોકો મત નહીં આપે. હું મૂડીદાર અને મજૂરના અથવા જમીનમાલિક અને ગણોતિયાના સહકાર અને મેળ માટે કામ કરું છું.[૭]

પણ મારે ચેતવણીનો સૂર કાઢવો જોઈએ. મેં મિલમાલિકોને હમેશાં કહ્યું છે કે, તમે મિલના એકલા માલિક નથી, કામદારો પણ તેની માલિકીમાં ભાગીદારો છે. હું તમને કહું છું કે તમારી જમીનની માલિકી જેટલી તમારી છે એટલી જ તમારા ખેડૂતોની છે, અને તમને જે કાંઈ નફો મળે તે તમારે મોજવિલાસ અને ઉડાઉ જીવન પાછળ ન વેડફવો જોઈએ, પણ ખેડૂતોના ભલા માટે વાપરવો જોઈએ. એક વાર તમે તમારા ખેડૂતોને તમારી સાથેની નિકટતાની લાગણી અનુભવાવો અને એક જ કુટુંબના સભ્ય તરીકે તમારે હાથે તેમનું હિત જોખમાશે નહીં એવી સલામતીની તેમને ખાતરી થઈ જાય તો તમે નિશ્ચિંત રહેજો કે, તમારી અને તેમની વચ્ચે ઘર્ષણ થશે નહીં અને વર્ગવિગ્રહ થશે નહીં.[૮]

મારે જમીનદારનું નિકંદન કાઢવું નથી, તેમ જમીનદાર વિના ન જ ચાલી શકે એવું પણ મને લાગતું નથી. . . . હું જમીનદારોનાં ને બીજા ધનિકોનાં દિલ અહિંસક ઉપાયોથી પલટાવવાની આશા રાખું છું, ને તેથી વર્ગવિગ્રહ અનિવાર્ય છે એમ હું માનતો નથી. કેમ કે જેટલો વિરોધ ઓછો કરવો પડે એ રીતે કામ લેવું એ અહિંસાનું એક આવશ્યક અંગ છે. ખેડૂતોને જે ક્ષણે પોતાની શક્તિનું ભાન થશે તે ક્ષણે જમીનદારી પદ્ધતિની અનિષ્ટ અસર નીકળી જશે. ખેડૂતો કહે કે

Gandhi Heritage Portal

જ્યાં લગી અમે અને અમારાં બાળબચ્ચાં સુખે ખાઈએ, પહેરીએ ને કેળવણી પામીએ એટલું અમને ન મળે ત્યાં લગી અમે હરગિજ જમીન નથી ખેડવાના, તો બિચારો જમીનદાર શું કરી શકે? વસ્તુત: શ્રમજીવી ખેડૂત તેણે ઉપજાવેલા પાકનો માલિક છે. જો શ્રમજીવીઓ બુદ્ધિપૂર્વક ભેગા થઈને જૂથ બાંધે તો તેમની શક્તિની સામે થવાની કોઈની તાકાત નથી. એ રીતે હું વર્ગવિગ્રહની આવશ્યકતા નથી માનતો. હું જો એને અનિવાર્ય માનું તો એનો ઉપદેશ કરતાં ને એ શીખવતાં અચકાઉં નહીં.[૯]

આદર્શ જમીનદાર ખેડૂતોનો આજનો બોજો ઘણોખરો ઓછો કરી નાખશે. તે ખેડતોના નિકટના સંપર્કમાં આવશે અને તેમની જરૂરિયાતો જાણી લેશે અને આજે તેમનો પ્રાણ નિચોવી રહેલી નિરાશાને બદલે તેમનામાં આશાનો સંચાર કરશે. ખેડૂતો સ્વચ્છતા અને આરોગ્યના નિયમો વિષે અજ્ઞાન છે એમ કહીને તે સંતોષ નહીં માને. ખેડૂતોને જીવનની જરૂરિયાતો મળી રહે તે માટે પોતે ગરીબાઈ સ્વીકારશે. પોતાના ખેડૂતોની આર્થિક સ્થિતિની તે તપાસ કરશે, શાળાઓ કાઢશે, જેમાં ખેડૂતોનાં બાળકો સાથે પોતાનાં બાળકોને ભણાવશે. તે ગામનાં કૂવા-તળાવ સાફ કરશે. તે ખેડૂતોને રસ્તા વાળવાનું ને જાજરૂ સાફ કરવાનું, પોતે આ આવશ્યક શ્રમ કરી બતાવીને, શીખવશે. તે પોતાના બગીચા ખેડૂતોના મુક્ત ઉપયોગ માટે કશા સંકોચ વગર ખુલ્લા મૂકશે. તે પોતાની મોજ માટે જે બિનજરૂરી ઈમારતો રાખી મૂકે છે તે બધાનો ઉપયોગ શાળાઓ, ઈસ્પિતાલો વગેરે માટે કરશે. જો મૂડીદાર વર્ગ સમયનાં એંધાણ ઓળખે, પોતાની સંપત્તિ પરના ઈશ્વરદત્ત અધિકાર વિશેની કલ્પના બદલે તો થોડા જ વખતમાં આજે જે ગામડાંને નામે ઓળખાય છે તે આઠ લાખ ઉકરડાને શાંતિ, સ્વાશ્રય અને આરામનાં સ્થળોનું રૂપ આપી શકાય. મને ખાતરી છે કે મૂડીદારો જાપાનના સેમુરાઈનું અનુકરણ કરે તો તેમને ખરેખર કંઈ ખોવાનું નથી, બધું મેળવવાનું જ છે. બે જ શકયતાઓ છે: એક તો, મૂડીદારો પોતાનો વધારાનો સંગ્રહ રાજીખુશીથી આપી દે અને તેને પરિણામે સર્વ લોકો સાચું સુખ પ્રાપ્ત કરે, બીજી એ કે જો મૂડીદારો વખતસર જ જાગે તો અજ્ઞાન અને ભૂખ્યાં કરોડો

Gandhi Heritage Portal

લોકો દેશને એવી અંધાધૂંધીમાં ધકેલી દે જેને શક્તિશાળી સરકારનું લશ્કરી બળ પણ અટકાવી ન શકે. આ બે શક્યતાઓમાંથી પસંદગી કરવાની છે. મેં આશા રાખી છે કે હિંદુસ્તાન આ વિનાશ સફળતાપૂર્વક અટકાવી શકશે.[૧૦]

જમીનદારો પાણી પહેલાં પાળ બાંધે તો સારું છે. તેઓ કેવળ ગણોત ઉઘરાવવાની સ્થિતિ છોડી દે. તેઓ પોતાના ખેડૂતોના રક્ષક અને વિશ્વાસપાત્ર મિત્ર બને. તેઓ પોતાના ખાનગી ખજાના પર મર્યાદા રાખે. વિવાહ અને બીજે પ્રસંગે પરાણે લીધેલી ભેટના રૂપમાં, કે એક ખેડૂત પાસેથી જમીન બીજા ખેડૂત પાસે જતાં અથવા ગણોત ન આપવા માટે ખેડૂતને કાઢી મૂકયા પછી તેને જ પાછો રાખતાં નજરાણાના રૂપમાં તેઓ ખેડૂત પાસેથી મહેસૂલ ઉપરાંતના જે ગેરવાજબી કરો લે છે તે જતા કરે. તેઓ ખેડૂતોને ગણોતની મુદત બાંધી આપે, તેમના કલ્યાણમાં ખરેખરો રસ લે, તેમનાં બાળકોને માટે સુવ્યવસ્થિત શાળાઓ, પુખ્ત માણસોને માટે રાત્રીશાળાઓ, માંદાને માટે ઇસ્પિતાલો અને દવાખાનાં પૂરાં પાડે, ગામડાંની સફાઈની સંભાળ રાખે, અને અનેક રીતે તેમનામાં એ લાગણી પેદા કરે કે જમીનદારો તેમના સાચા મિત્રો છે, અને વિવિધ સેવાઓના બદલામાં ઠરાવેલું મહેનતાણું લેનારા છે. ટૂંકામાં, તેમણે પોતાના દરજ્જાની યોગ્યતા સિદ્ધ કરવી જોઈએ. તેમણે મહાસભાવાદીઓ પર વિશ્વાસ રાખવો ઘટે. તેઓ પોતે જ મહાસભાવાદી બને. અને જાણે કે મહાસભા એ પ્રજા અને સરકાર વચ્ચેનો સેતુ છે. પ્રજાનું સાચું હિત જેને હૈયે હોય તે સૌ મહાસભાની સેવાનો ઉપયોગ લઈ શકે છે. મહાસભાવાદીઓ પોતાના પક્ષે એટલી કાળજી રાખશે કે ખેડૂતો જમીનદારો જોડેના કરાર ધર્મબુદ્ધિથી પાર પાડે. કાયદેસર હોય એટલા જ કરાર પાળે એવો મારો આશય નથી, પણ જે કરાર તેમણે પોતે વાજબી ગણીને સ્વીકાર્યા હોય તે બધા પાળે. તેમની જમીન તેમના એકલાની છે ને જમીનદારોનું તેમાં કશું લાગતું નથી, એ સિદ્ધાંતનો તેમણે અસ્વીકાર કરવો જોઈએ. તેઓ એક સંયુક્ત કુટુંબનાં માણસો છે અથવા હોવા જોઈએ અને જમીનદાર એ કુટુંબનો વડીલ હોય અને

Gandhi Heritage Portal

તેમના હકોનું સંરક્ષણ કરતો હોય. કાયદો ગમે તે હોય, જમીનદારી જો સંયુક્ત કુટુંબની સ્થિતિ સમીપ પહોંચે તો જ તેનો બચાવ થઈ શકે.

રામ અને જનકનો આદર્શ મને ગમે છે. પ્રજાની સામે તેમની પાસે કશી મિલકત ન હતી. તેઓ પોતે અને તેમનું સર્વસ્વ પ્રજાનાં હતાં. તેઓ પ્રજાની વચ્ચે તેના જીવનથી ઊંચે નહીં, પણ તેને મળતી સ્થિતિમાં રહેતા હતા. પણ તેમને કદાચ ઐતિહાસિક વ્યક્તિઓ ન ગણવામાં આવે, તો મહાન ખલીફ ઉમરનું દૃષ્ટાંત લઈએ. તે પોતાના પ્રૌઢ બુદ્ધિકૌશલ્ય અને અજબ ઉદ્યોગથી પેદા કરેલી વિશાળ સલ્તનતના બાદશાહ હતા, છતાં તે ભિખારીની જિંદગી ગાળતા અને પોતાને ચરણ આગળ પડેલી અઢળક સમૃદ્ધિના માલિક કદી ગણતા નહીં. જે અમલદારો પ્રજાના પૈસા મોજશોખમાં વેડફી નાખતા તેમને તેઓ ત્રાસરૂપ હતા.[૧૧]

જમીનદારોને મારે એટલું જ જણાવવું છે કે તમારી સામે જે ફરિયાદો કરવામાં આવે છે તે સાચી હોય તો મારે તમને ચેતવવા જોઈએ કે તમારા દિવસો ભરાઈ ચૂક્યા છે, એમ જાણજો. કિસાનોના સ્વામી અને પ્રભુ તરીકે આજ સુધી તમે અમલ ભોગવ્યો, હવે તમારું એ વર્ચસ્વ ચાલુ રહેવાનું નથી. ગરીબ કિસાનોના તમે ટ્રસ્ટી થઈને રહેશો તો હજી તમારું ભાવિ ઊજળું છે. ટ્રસ્ટી શબ્દ વાપરું છું ત્યારે હું તમને નામધારી ટ્રસ્ટી થવાનું નથી કહેતો, સાચા ટ્રસ્ટી થવાને કહું છું. એવા ટ્રસ્ટીઓ પોતાની મહેનત અને મિલકતની સંભાળથી જે કંઈ પોતાને મેળવવાનો અધિકાર હશે તેથી એક પાઈ પણ પોતાને માટે વધારે નહીં લે. ટ્રસ્ટી બનીને રહ્યા પછી તેમને સમજાશે કે કોઈ પણ જાતનો કાયદો તેમનો વાળ વાંકો નહીં કરી શકે. અરે, ખુદ કિસાનો તેમના મિત્રો બનીને રહેશે.[૧૨]

આજના રાજા વગેરે સંરક્ષક અથવા ટ્રસ્ટી બને એવી આશા રખાય કે નહીં એ સવાલ પૂછવા લાયક છે. મારી દૃષ્ટિએ આવી આશા જરૂર રખાય. એ લોકો પોતાની ઈચ્છાએ સંરક્ષક અથવા ટ્રસ્ટી નહીં બને તો કાળ તેમને એ માર્ગે ખેંચી જશે. એમ નહીં કરે તો તેઓ પોતાનો

Gandhi Heritage Portal

નાશ વહોરી લેશે. જ્યારે પંચાયતરાજ થશે ત્યારે પંચ બધું કરાવી લેશે. જમીનદાર, પૂંજીપતિ કે રાજા પોતાની તાકાત ત્યાં લગી જ નભાવી શકે, જ્યાં લગી પ્રજા પોતાની તાકાત નથી ઓળખતી. લોક રૂઠે તો રાજા વગેરે શું કરી શકે? પંચના રાજ્યમાં પંચ બધું પોતાના કાયદા વડે કરાવી લેશે.[૧૩]

આપણા પૂર્વજો આપણને સાચો સમાજવાદ આપી ગયા છે. તેમણે શીખવ્યું છે:

સબી ભોમ ગોપાલકી વામેં અટક કહાં?
જાકે મનમેં ખટક રહી સોહી અટક રહા.

ગોપાળ એ તો ઈશ્વરનું નામ છે. આધુનિક ભાષામાં એનો અર્થ રાજ્ય એટલે કે લોકો થાય. આજે ભૂમિ લોકોની માલિકીની નથી એ ખરું. પણ તેમાં ઉપરના શિક્ષણનો દોષ નથી. આપણે જેઓ તેનો અમલ કરતા નથી તેમનો દોષ છે.[૧૪]

ભાવિની અહિંસક સમાજવ્યવસ્થામાં જમીનની માલકી રાજ્યની રહેશે કેમ કે આપણે ત્યાં પહેલેથી કહેવાતું આવ્યું છે કે 'સભી ભૂમિ ગોપાલકી'. નવી સમાજવ્યવસ્થામાં વિશેષ શક્તિઓ કે આવડતોનો અને મજૂરીનો એમ એકેનો બગાડ નહીં થાય. પણ હિંસાને રસ્તે એવું બનવાનો સંભવ નથી. તેથી હિંસા દ્વારા જમીનદારો પૂરેપૂરા તારાજ થશે તેની સાથે આખરે મજૂરો પણ તારાજ થઈ જશે એમ કહેવામાં દેખીતી વાત ફરી કહેવા જેવું પિષ્ટપેષણ થાય છે. એટલે જમીનદારો જો ડહાપણથી ચાલશે તો કોઈ પક્ષને ગુમાવવાપણું નહીં રહે.[૧૫]

Gandhi Heritage Portal

## ૧૬

# ખેતી અને પશુપાલન – ૩

### સહકાર

એક મોટો પ્રશ્ન એ ઊઠયો કે . . . ગોપાલન વૈયક્તિક હોય કે સામુદાયિક? મેં અભિપ્રાય આપ્યો કે સામુદાયિક થયા વિના ગાય—અને, તેથી, ભેંસ પણ—બચી શકશે જ નહીં. દરેક ખેડૂત પોતાના ઘરમાં ગાયબળદ રાખી તેનું પાલન સારી રીતે અને શાસ્ત્રીય પદ્ધતિએ કરી શકે નહીં. ઘણાં કારણોમાં વ્યક્તિગત પાલન પણ ગોવંશની ક્ષતિ થવામાં એક કારણ છે. એ ભાર વ્યક્તિગત ખેડૂતની શક્તિ ઉપરાંતનો છે.

હું તો ત્યાં સુધી કહું છું કે દરેક કાર્યમાં આજે જગત સામુદાયિક શક્તિસંગઠન તરફ જઈ રહ્યું છે. એ સંગઠનનું નામ સહકાર. ઘણી ચીજો આજે સહકારથી થાય છે. આપણા દેશમાં સહકાર આવ્યો તો છે, પણ એવા વક્ર રૂપમાં કે એનો ખરો લાભ હિંદુસ્તાનના ગરીબોને મળ્યો જ નથી.

આપણી વસ્તી જેમ જેમ વધતી જાય છે તેમ તેમ ખેડૂતની વ્યક્તિગત જમીન ઓછી થતી જાય છે. પરિણામે દરેક ખેડૂત પાસે પૂરતી જમીન રહી નથી. જે છે તે પણ અગવડભરી છે. આવો ખેડૂત પોતાના ઘર કે ખેતરમાં પોતાનાં ગાયબળદ રાખી શકતો નથી. જો રાખે તો ઢાર તેને પોતાને જ ખાઈ જાય છે. આ જ હાલત આજે હિંદુસ્તાનની છે. ધર્મ, દયા કે નીતિની દૃષ્ટિને છોડીને વિચારનાર અર્થશાસ્ત્રી તો પોકારીને કહે છે કે હિંદુસ્તાનમાં લાખો પશુઓનું અસ્તિત્વ મનુષ્યને ખાઈ રહ્યું છે. કારણ કે તેથી લાભ થતો નથી, પણ તેને ખવડાવવું તો પડે છે તેથી એને મારી નાખવાં જોઈએ. પણ ધર્મ કહો કે દયા કહો, આવાં નકામાં ગણાતાં પશુઓને મારતાં રોકે છે.



Gandhi Heritage Portal

આ સ્થિતિમાં શું કરવું ઘટે? જવાબ એ છે કે બને તેટલે પ્રયત્ને પશુઓને જીવતાં રાખવાનું અને બોજારૂપ ન બનવા દેવાનું કરી શકાય એમ કરવું. એ પ્રયત્નોમાં સહકારનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

સહકાર અથવા સામુદાયિક પદ્ધતિએ પશુપાલન કરવાથી—

૧. જગ્યા બચે. ખેડૂતને પોતાના ઘરમાં પશુ રાખવાં ન પડે. આજે તો જે ઘરમાં પોતે રહે છે તેમાં જ તેનાં ઢોર પણ રહે છે. આથી હવા બગડે છે અને ગંદવાડ રહે છે. માણસ પશુ સાથે એક જ ઘરમાં રહેવાને સર્જાયો નથી. એમાં નથી દયા કે નથી જ્ઞાન.

૨. પશુની સંખ્યા વધતાં એક ઘર પૂરું પડતું નથી. આથી ખેડૂત વાછડાને વેચી દે છે અને પાડાને મારી નાખે છે કે મરવા માટે છોડી દે છે. આ અધમતા છે. સહકારથી આ અટકે.

૩. પશુને રોગ થાય તો તેનો શાસ્ત્રીય ઈલાજ વ્યક્તિગત પદ્ધતિમાં થઈ જ શકતો નથી. સહકારમાં ચિકિત્સા સહેલી થાય છે.

૪. દરેક કિસાન સાંઢ રાખી ન શકે. સહકારમાં ઘણાં પશુઓ માટે સારો સાંઢ સહેલાઈથી રાખી શકાય.

૫. દરેક ખેડૂતને ગોચર જમીન તો બાજુએ રહી, વ્યાયામની (ઢોરને પગ છૂટા કરવાનીયે) જમીન રાખવી અસંભવ છે. સહકારથી સહેલાઈથી બન્ને સગવડો મળી શકે.

૬. ઘાસ વગરનું ખર્ચ વ્યક્તિગત ખેડૂતને ઘણું આવે. તેની સરખામણીમાં સહકારમાં ઓછું પડે.

૭. વ્યક્તિગત ખેડૂત પોતાનું દૂધ સહેલાઈથી વેચી શકતો નથી. સહકારમાં સારી કિંમત મળે અને દૂધમાં પાણી વગેરે નાખવાની લાલચમાંથી ઊગરે.

૮. વ્યક્તિગત ખેડૂતના ઢોરની પરીક્ષા કરવી અસંભવ છે. પણ આખા ગામનાં ઢોરોની પરીક્ષા સહેલી છે, અને તેની ઓલાદ સુધારવાનો ઉપાય સહેલો થાય.

સામુદાયિક અથવા સહકારી પદ્ધતિના પક્ષમાં આટલાં કારણો પૂરતાં લાગવાં જોઈએ. પણ સૌથી મોટી અને સચોટ દલીલ તો એ છે કે વ્યક્તિગત પદ્ધતિને પરિણામે આપણી તેમ જ પશુઓની દશા

Gandhi Heritage Portal

દયાજનક થઈ છે. તેને ફેરવીએ તો જ આપણે બચી શકીએ અને પશુનેય બચાવી શકીએ.

મારી તો ખાતરી છે કે જો જમીનનેયે આપણે સામુદાયિક પદ્ધતિથી ખેડીએ તો જ તેમાંથી આપણે પૂરો લાભ ઉઠાવી શકીએ. એક ગામની જમીન સો ટુકડાઓમાં વહેંચાઈ જાય તેના કરતાં શું એ વધારે સારું નથી કે સો ખેડૂતો ગામની બધી જમીન સહકારથી ખેડે અને આવક વહેંચી લે? જે ખેતીને તે જ પશુનેય લાગુ પડે છે.

એ બીજી વસ્તુ છે કે સહકારી પદ્ધતિ પર લોકોને લાવવામાં મુશ્કેલીઓ છે. સાચી ચીજો કરવામાં મુશ્કેલીઓ હોય છે જ. ગોસેવાનાં સર્વે કામોમાં મુશ્કેલીઓ છે. મુશ્કેલીઓ દૂર કરવામાં જ સેવાનો માર્ગ સાફ થઈ શકે છે. અહીં તો એટલું જ બતાવવું હતું કે સામુદાયિક પદ્ધતિ શી ચીજ છે, અને તે વૈયક્તિક પદ્ધતિથી શી રીતે વધારે સારી છે. એટલું જ નહીં, બલકે વૈયક્તિક ભૂલભરેલી છે અને સામુદાયિક સાચી છે. વ્યક્તિ પોતાની સ્વતંત્રતાની રક્ષા પણ સહકારનો સ્વીકાર કરીને જ કરી શકે છે. અહીં સામુદાયિક પદ્ધતિ અહિંસા છે, વૈયક્તિક હિંસા છે.[૧]

'પોતાની બધી જમીન એકઠી કરીને પોતપોતાનાં ખેતરોના ક્ષેત્રફળના પ્રમાણમાં નીપજ વહેંચી લેવી?'

સહકારી પદ્ધતિનો મારો ખ્યાલ એવો છે કે જમીનના માલિકો બધી જમીનની સહિયારી માલિકી ધરાવશે અને તેમાં ખેતી પણ સહકારને ધોરણે જ કરશે. એથી મજૂરી, મૂડી અને ઓજારો તેમ જ હથિયારો વગેરેને અંગે મોટી કરકસર થઈ શકશે. જમીનના માલિકો સહકારને ધોરણે ખેતી કરી મૂડી, ઓજારો, જનાવરો, બિયાવું વગેરે પણ સહકારને ધોરણે સહિયારું રાખશે.

મારા ખ્યાલ મુજબની સહકારી ખેતી આ ભૂમિની સૂરત બદલી નાખશે અને આપણી વચ્ચેથી ગરીબી ને આળસ અથવા જડતાને હાંકી કાઢશે, પણ લોકો પરસ્પર મૈત્રી ન કરે અને એક કુટુંબનાં અંગો જેવા ન બને તો આ બધું શી રીતે થાય? એ સારો દિવસ ઊગશે ત્યારે કોમી સવાલનું ભૂંડું ચાંદું આપણા દેશના શરીર પર નહીં હોય.[૨]

Gandhi Heritage Portal

ખેડૂતોને માટે સહકારી પદ્ધતિની ઘણી વધારે જરૂર છે. હું ચોક્કસ માનું છું કે જમીનની માલકી રાજ્યની હોય. એટલે તેના પર સહકારી પદ્ધતિથી ખેતી કરવામાં આવે તો જ વધારેમાં વધારે નીપજ થાય.

વળી એ પણ યાદ રાખવું જોઈએ કે સહકારી પદ્ધતિ ચુસ્ત અહિંસાના પાયા પર જ રચવી જોઈએ. હિંસાથી ભરેલી સહકારી પદ્ધતિ કદી સફળ નહીં થાય. એવી પદ્ધતિ અજમાવનારાઓમાં હિટલરનો દાખલો બહુ યાદ રાખવા જેવો છે. તે સહકારી પદ્ધતિની નાહક વાતો કરતો હતો પણ તેણે તે પદ્ધતિ લોકો પર જબરજસ્તીથી લાદી. એને પરિણામે જર્મની કયે રસ્તે ચડી ગયું ને તેની કેવી અવદશા થઈ તે સૌને જાહેર છે.

આ સવાલને અંગે છેવટમાં મારે એટલું જ કહેવાનું છે કે હિંદુસ્તાન સહકારના પાયા પરની પોતાની નવી સમાજરચનાના કાર્યમાં હિંસાનો ઈલાજ લેશે તો મોટા દુઃખની વાત થશે. સારા કામને માટેયે જબરજસ્તી કરવાથી માણસનું વ્યક્તિત્વ નાશ પામે છે. અહિંસક અસહકારની એટલે કે પ્રેમની સજાવટની પદ્ધતિથી સામાજિક ને એવા બીજા ફેરફારો થાય છે ત્યારે વ્યક્તિના વ્યક્તિત્વનો પાયો સચવાઈ રહે છે અને દુનિયાને સાચી તેમ જ કાયમની પ્રગતિની ખાતરી આપી શકાય છે.[૩]

Gandhi Heritage Portal

૧૭

# ખેતી અને પશુપાલન–૪

## ખાતર

### કૉમ્પોસ્ટ ખાતર

સાર્વજનિક પ્રચારાર્થે શ્રી મીરાંબહેનની પ્રેરણાથી ને ઉત્સાહથી દિલ્હીમાં આ માસમાં (ડિસેમ્બર '૪૭) એક સભા બોલાવવામાં આવી હતી. તેમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદ પ્રમુખ હતા. સરદાર દાતારસિંહ, ડૉ. આચાર્ય વગેરે આ કામના વિશારદ એકઠા થયા હતા. તેઓએ ત્રણ દિવસના વિચારવિનિમય પછી કેટલાક અગત્યના ઠરાવ પસાર કર્યા છે. તેમાં શહેરોમાં ને સાત લાખ ગામડાંમાં શું કરવું તે બતાવ્યું છે. શહેરોમાં અને ગામડાંઓમાં થતા મનુષ્યના ને અન્ય પ્રાણીઓના મળનું, શહેર કે ગામડાંના કચરા, ચીંથરાં, કૂચા, કારખાનાંઓમાંથી નીકળતા મેલનું મિશ્રણ કરવાની સૂચના કરવામાં આવી છે. આ ખાતે એક નાનકડી પેટાસમિતિ બનાવવામાં આવી છે.

જો આ ઠરાવ માત્ર છાપામાં જ ગુમ નહીં થઈ જાય ને તેનો અમલ કરોડો કરે તો હિંદુસ્તાનનું રૂપ બદલાઈ જાય. આપણી બેખબરીથી કરોડોની કિંમતનું સોના જેવું ખાતર બરબાદ થાય છે તે બચી જાય, જમીન રસાળ થાય ને પાક મળે છે તેના કરતાં બહુ વધારે મળે. પરિણામ એ આવે કે ભૂખમરો છેક જાય ને કરોડોને પેટપૂરતું અનાજ મળે ને તે ઉપરાંત બહાર પણ જાય.

આજ જેવી માણસોની ને ઢોરોની કંગાળ હાલત છે તેવી આપણા પાકની છે તેમાં દોષ જમીનનો નથી પણ મનુષ્યનો છે. આળસ અને અજ્ઞાન નામના બે કીડા આપણને ખાઈ જાય છે.[૧]



Gandhi Heritage Portal

આપણી જમીનને પૂરું ખાતર નથી મળતું. આપણે ખાતર પણ બહારથી આયાત કરીએ છીએ! એથી કેટલોય પૈસો નાહક બરબાદ થાય છે. વધારામાં જમીન પણ બગડે છે. . . .

જાનવરોનાં છાણ અથવા વિષ્ટાની સાથે કચરો વગેરે ભેળીને લોકો ખાતર બનાવે છે તો ખબર સરખી નથી પડતી કે આ ખાતર છે. હાથમાં લો તો વાસ પણ નથી આવતી. આમ કચરામાંથી કરોડો રૂપિયા પેદા થાય છે.[૨]

## ખાતરના ખાડા

[ગામડાંઓમાં ખાતરના ખાડા કરવાની જરૂરિયાત સંબંધમાં શ્રી બ્રેઈનની ભલામણ સાથે સામાન્ય સંમતિ દર્શાવતાં તેમના ૬ ફૂટ પહોળા અને ૬ ફૂટ ઊંડા ખાડાની તેમની ભલામણ સાથે અસંમતિ દર્શાવતાં ગાંધીજીએ લખ્યું:]

હું જાણું છું કે મિ. બ્રેઈન સૂચવે છે એવા ખાડાની ભલામણ સામાન્ય રીતે થાય છે. છતાં મારો મત એવો છે કે પૂરે જે એક ફૂટના છીછરા ખાડાની ભલામણ કરી છે તે વધારે શાસ્ત્રીય ને લાભદાયક છે. એમાં ખોદવાની મજૂરી પણ ઓછી બેસે છે, અને ખાતર કાઢવાની મજૂરી બિલકુલ બેસતી નથી, અથવા બહુ જ ઓછી બેસે છે. વળી આ મળનું ખાતર બની જતાં લગભગ અઠવાડિયું જ લાગે છે, કેમ કે જમીનની સપાટીથી છથી નવ ઈંચની ઊંડાઈ સુધીમાં રહેનારાં જંતુઓ, હવા અને સૂર્યકિરણ મળની ઉપર અસર કરે છે; અને ખાતર ઊંડું દાટવામાં આવ્યું હોય તેના કરતાં છીછરા ખાડામાં ઉપલા કારણને લીધે મીઠું ખાતર ઘણું જલદી બની જાય છે.

કચરો ઠેકાણે પાડવાની રીતમાં ગમે તેટલી વિવિધતા હોય, પણ મુખ્ય વસ્તુ યાદ રાખવાની તે એ છે કે બધો કચરો દટાવો જ જોઈએ. એમ કરવાથી બે અર્થ સરે છે—એક તો ગ્રામવાસીઓનું આરોગ્ય સચવાય છે, અને દાટેલા કચરામાંથી બનેલા ખાતરને લીધે પાકમાં વધારો થવાથી તેમની આર્થિક સ્થિતિ પણ સુધરે છે. એટલું યાદ રાખવું જોઈએ કે મળ સિવાયના જાનવરોનાં શરીરના અવયવો વગેરે જુદા દટાવા

Gandhi Heritage Portal

જોઈએ. સફાઈ એ ગામડાંની પુનર્ઘટનાનું પહેલું પગથિયું છે એમાં કશી શંકા નથી.[3]

## મળમાંથી ખાતર

ફાઉલર નામના એક લેખકે 'સંપત્તિ અને દુર્વ્યય, (Wealth and Waste) નામની અંગ્રેજી ચોપડીમાં કહ્યું છે કે મનુષ્યના મળને સારી રીતે ઠેકાણે પાડવામાં આવે તો તેમાંથી વરસેદહાડે માથાદીઠ રૂ. ૨ ઊપજે. ઘણીખરી જગાએ તો આજે સોના જેવું ખાતર વેડફાઈ જાય છે ને બદલામાં રોગ વહોરવામાં આવે છે. આ લેખકે પ્રો. બ્રુલટીનીના 'કચરાનો ઉપયોગ' (The Use of Waste Materials) નામના પુસ્તકમાંથી ઉતારો આપ્યો છે. તેમાં કહેલું છે કે, 'દિલ્હીમાં વસતાં ૨,૮૨,૦૦૦ માણસોના મળમાંથી જે નાઈટ્રોજન પેદા થાય છે તેથી ઓછામાં ઓછા ૧૦ હજાર અને વધારેમાં વધારે ૯૫ હજાર એકર જમીનને ખાતર પૂરું પડે.' પણ આપણે આપણા ભંગીઓ સાથે સારી રીતે વર્તતાં શીખ્યા નથી, તેથી પ્રાચીન કીર્તિવાળી દિલ્હી નગરીમાં એવા નરકકુંડો છે જેને સારુ આપણે શરમથી માથું નીચું ઘાલવું પડે. જો આપણે બધા ભંગીઓ બનીએ તો આપણે પોતાની પ્રત્યે કેવી રીતે વર્તવું એ તો જાણીએ જ, અને આજે જે ઝેર છે તેનું વનસ્પતિને માટે ઉત્તમ ખાદ્ય કેમ બનાવી દેવું એ પણ આપણને આવડે. આપણે માત્ર જો મનુષ્યના મળનો સદુપયોગ કરીએ તો ડૉ. ફાઉલરની ગણતરી પ્રમાણે હિંદુસ્તાનની ૩૦ કરોડની વસ્તી પાછળ દેશને વરસે ૬૦ કરોડ રૂપિયાનો લાભ થાય.[૪]

## કૉમ્પોસ્ટ ખાતર બનાવવાની પદ્ધતિ

[ઈન્દોરમાં 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાન્ટ ઈન્ડસ્ટ્રી' નામની એક વૈજ્ઞાનિક સંસ્થા છે. જેમની સેવા માટે તે કાઢવામાં આવી છે તેમને માટે તે વખતોવખત પત્રિકાઓ કાઢે છે. આમાંની પહેલી પત્રિકામાં ખેતરના કચરાપૂંજામાંથી મિશ્ર ખાતર બનાવવાની રીત અને તેની ઉપયોગિતાનું વર્ણન છે. છાણ અને મળ ઉઠાવનાર કે ઠેકાણે પાડનાર હરિજનો અને ગ્રામસેવકોને માટે તે બહુ ઉપયોગી છે તેથી ખાતર બનાવવાની

Gandhi Heritage Portal

પ્રક્રિયાના ચાલતા વર્ણનમાં નોંધો ઉમેરીને લગભગ આખી પત્રિકા નીચે ઉતારું છું.

—**મો૦ ક૦ ગાંધી**]

હિંદુસ્તાનની ખેતીની જમીનનાં ખૂટી ગયેલાં પ્રાણિજ તત્ત્વો તેને વ્યવસ્થિત રીતે અને પૂરતા પ્રમાણમાં પાછાં આપવાં એ ખેતીનું ઉત્પાદન વધારવા માટેની સફળ યોજનાનો એક ભાગ છે એ વાત લાંબા વખતથી સ્વીકારાયેલી છે. ખેતરમાં કે બીજે કરેલા ઉકરડાનું ખાતર જોઈએ તેટલા પ્રમાણમાં મળી શકતું નથી તથા તે તૈયાર કરવામાં તેમાંથી નાઈટ્રોજનનો મોટો ભાગ નાશ પામે છે અને છેવટે જે ખાતર તૈયાર થાય છે તે ખેતીને ગુણકારી થવાની સ્થિતિમાં આવતાં ઘણો વખત જાય છે, એ વાત પણ એટલી જ સ્પષ્ટતાપૂર્વક સમજાઈ છે. લીલું ખાતર કદાચ આને બદલે ચાલે. પણ હિંદના ઘણાખરા ભાગમાં ચોમાસું અનિશ્ચિત હોવાને કારણે તે મળવું અનિશ્ચિત હોય છે. વળી લીલું ખાતર જમીનમાં સડે છે. આ સડવાની ક્રિયા છોડના ખોરાકનાં ખૂટતાં તત્ત્વો પૂરાં પાડવાની કુદરતી પ્રક્રિયામાં તે વખત પૂરતી બાધક થાય છે. ઉષ્ણકટિબંધમાં આ કુદરતી પ્રક્રિયા જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. જમીન હ્યુમસ તૈયાર કરવાના બોજામાંથી મુક્ત થઈને ખોયેલાં તત્ત્વો મેળવવામાં અને કરશણની વૃદ્ધિ કરવામાં બધી શક્તિ ખરચી શકે એ સારામાં સારો રસ્તો છે. આમ કરવાનો સાદામાં સાદો ઉપાય એ છે કે ખેતરનો કચરોપૂંજો જે બળતણ કે ચારા તરીકે જરૂરનો ન હોય તેમાંથી ખેતીના ચાલુ કામકાજ દરમ્યાન આડપેદાશ તરીકે હ્યુમસ બનાવી લેવામાં આવે.

અહીં એ વાત પર ભાર મૂકવો જોઈએ કે વાડાના ખાતરનું સ્થાન લેનારું ખાતર બનાવટમાં હ્યુમસને વધારેમાં વધારે મળતું એટલે કે તેના જેવા ગુણવાળું હોવું જોઈએ. ઈન્દોર પદ્ધતિનું આ જ ધ્યેય છે અને તે તે સિદ્ધ કરે છે. આમ ઈન્દોર પદ્ધતિનું ધ્યેય બીજી પદ્ધતિઓથી તદ્દન જુદું છે. બીજી પદ્ધતિમાં ધ્યેય ખૂબ નાઈટ્રોજનવાળું સક્રિય ખાતર તૈયાર કરવાનું હોય છે જેની ખાસ ઉપયોગિતા કૃત્રિમ ખાતરો જેવી જ હોય છે.

Gandhi Heritage Portal

ઈંદોરની 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાન્ટ ઈન્ડસ્ટ્રી'માં થયેલા કામથી— જે મિ. એલબર્ટ હાવર્ડે આ દિશામાં ૨૦ વરસ સુધી કરેલા પ્રયાસોનું અંતિમ પરિણામ છે,—નિશ્ચિતપણે પુરવાર થયું છે કે આ સિદ્ધાંતોનો સહેલાઈથી અમલ થઈ શકે તેમ છે. કૉમ્પોસ્ટ બનાવવાની ઈંદોર પદ્ધતિ વહેવારુ પ્રક્રિયા આપે છે અને વિકાસના નવા રસ્તા ખોલે છે. ખેતરો ને શહેરોમાં તથા ગામોમાં કચરાપૂંજાના તથા મળના રૂપમાં જે અપાર કુદરતી સાધનો મોજૂદ છે તેનો આમ મિશ્ર ખાતર બનાવીને ખેતીમાં ઉપયોગ કરી શકાય. ખોળની નિકાસ અને છાણનો બળતણ તરીકે થતો ઉપયોગ અટકાવ્યા સિવાય આ રીતે ઘણું ખાતર મળી શકે છે, અને કૃત્રિમ ખાતરોના ઉપયોગમાં કરકસર કરી શકાય છે, જે પ્રાણિજ તત્ત્વો-ની મદદથી જ સારામાં સારું પરિણામ બતાવી શકે છે.

'યુટિલાઈઝેશન ઑફ એગ્રિકલ્ચરલ વેસ્ટ' (હાવર્ડ ઍન્ડ વેડ, ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૩૧) નામના પુસ્તકમાં આ વિષયના પ્રશ્નો અને તેની પાછળ રહેલા સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે અને ઈંદોર પદ્ધતિનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. આ લેખમાં હિંદુસ્તાનના ખેડૂતની સ્થિતિને લાગુ પડે એટલી આ પ્રક્રિયાની ટૂંકી રૂપરેખા આપી છે.

હિંદુસ્તાનના બાગાયત ખેતીના પાકો માટે ઉકરડાનું ખાતર કીમતી મનાય છે. પણ જરાયત ખેતીમાં પણ આવું થોડું ખાતર આપતા રહેવું એટલું જ જરૂરી છે. કૉમ્પોસ્ટ બનાવવાની ઈંદોરપદ્ધતિ સારું ખાતર મોટા જથ્થામાં જલદી જલદી તૈયાર કરે છે. આ ખાતર નાખતાંની સાથે મોલને લાભદાયક થઈ પડે છે. વાડાના ખાતરનું આવું નથી. યોગ્ય રીતે તૈયાર કરવામાં આવે તો ઈંદોર કૉમ્પોસ્ટ ત્રણ માસમાં તૈયાર થાય છે, અને ત્યારે તે ઝાંખા ભૂરા રંગનું ને છૂટું છૂટું હોય છે. તેમાં લગભગ ૨૦ ટકા જેટલો અરધોપરધો સડેલો જાડો પદાર્થ હોય છે જે આંગળીઓ વડે દબાવવાથી સહેલાઈથી ભૂકો થઈ જાય છે. બાકીનો ભાગ ભીનો હોય (અને તેથી તેના કણ ફૂલેલા હોય) ત્યારે એક ઈંચમાં છ કાણાંવાળી ચાળણીમાંથી ચાળી શકાય એટલો બારીક હોય છે. આ ખાતરમાં નાઈટ્રો-જનનું પ્રમાણ તેમાં વપરાયેલ કચરાપૂંજાના ગુણ મુજબ ૮ થી ૧૦ ટકા


Gandhi Heritage Portal

અથવા તેથી પણ વધારે હોય છે. બળદની એક જોડનું ⅔ તાજું છાણ, ૧૦૦ થી ૧૨૫ ગાડાં ખેતર તથા કોઢનો બધી જાતનો કચરો અને કોઢમાંથી કાઢેલી મૂતરવાળી માટીનો અરધો ભાગ — આમાંથી દર વરસે ૫૦ ગાડાં મિશ્ર ખાતર સહેલાઈથી બનાવી શકાય. મૂતરવાળી માટી પોતે પણ સારું ખાતર છે અને તે સીધી ખેતરમાં નાખી શકાય. આથી વધારે કચરો મળે તો બાકીનું બધું છાણ અને મૂતરવાળી માટી મળીને તેમાંથી ૧૫૦ ગાડાં મિશ્ર ખાતર બનાવી શકાય. ઈંદોરમાં ચાલતા મજૂરીના દર ઉપરથી (પુરુષને આઠ આના અને સ્ત્રીને પાંચ આના) આ ખાતરની પડતર કિંમત ગણીએ તો ગાડા દીઠ સાડા આઠ આના આવે છે.

## ઈંદોર પદ્ધતિની રૂપરેખા

ખેતરના નકામા કચરાને તાજું છાણ, લાકડાની રાખ તથા મૂતરવાળી માટી સાથે ખાડામાં ઝપાટાબંધ સડાવવો એ આ પ્રક્રિયાનું મુખ્ય અંગ છે. ખાડા ૧૪ ફૂટ પહોળા અને ૨ ફૂટ કરતાં ઊંડા ન હોવા જોઈએ. લંબાઈ ૩૦ ફૂટ રાખવી ઠીક પડશે. ખાડાનું આ માપ મોટા પાયા પરના કે નાના પાયા પરના બંને જાતના કામ માટે અનુકૂળ પડશે. દાખલા તરીકે ખાડાનો ૩ ફૂટ જેટલો ભાગ બે જોડ બળદોની કોઢમાંથી જે છાણ તથા કચરો મળે તેનાથી છ દિવસમાં ભરી શકાય. પછી તેની જોડેનો ભાગ ભરવો. આવા દરેક ભાગને સ્વતંત્ર એકમ ગણવું જોઈએ. ખાડામાંની વસ્તુઓને છાણ, લાકડાની રાખ, મૂતરવાળી માટી તથા જે ખાડામાં કચરો સડવાની પ્રક્રિયા ચાલી રહી હોય તેમાંની ફૂગ — આ બધું થોડું થોડું પાણીમાં નાખીને બનાવેલા મિશ્રણથી સરખી રીતે પલાળવામાં આવે છે. આ ઝપાટાબંધ સડતા ખાતર ઉપર ફૂગ આવવાથી તે જલદી સફેદ બની જાય છે. આ ફૂગવાળા ખાતરનો ઉપયોગ નવા ખાડામાંના કચરાને જલદીથી સડાવવાના કામમાં કરવામાં આવે છે. પહેલી વાર જ્યારે સડાની ક્રિયા શરૂ કરાવનાર આ ફૂગવાળું ખાતર ન હોય ત્યારે ખાડામાં પહેલો થર પાથરતી વખતે થોડાં લીલાં પાંદડાં નાખવાથી ફૂગ લાવી શકાય છે. સડો શરૂ કરનાર આ ફૂગ(Starter)માં પૂરો ગુણ ત્રણચાર વાર વપરાયા પછી જ આવે છે. ખાડાની સપાટી

Gandhi Heritage Portal

પર પાણી છાંટીને અને ખાડામાંની વસ્તુઓને ફેરવીને તથા બીજી વાર ફૂગ નાખીને ભીનાશ તથા હવાને નિયમિત બનાવીને સડવાની ક્રિયા ચાલુ રાખવામાં આવે છે. આ વખતે ફૂગ ત્રીસ દિવસ પહેલાં શરૂ કરેલા ખાડામાંથી લેવામાં આવે છે. ખાડામાંનો ઢગલો જલદી ગરમ થઈ જાય છે અને લાંબા વખત સુધી ગરમ રહે છે. વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવે તો એકસરખું સરસ મિશ્રણ તૈયાર થાય છે અને તેને ઘણી હવા પણ મળતી રહે છે. મધ્યમસર પાણી આપવાથી વસ્તુઓ સડવાનું એકદમ શરૂ થાય છે, જે છેવટ સુધી ચાલુ રહે છે. અને છેવટે એકસરખું ઉમદા ખાતર તૈયાર થાય છે.

## ખાડા બનાવવા

ઢોરો બાંધવાના માંડવા નજીક અને શકય હોય તો પાણીનું સાધન હોય ત્યાં સૂકી જમીન પસંદ કરવી. ૩૦ × ૧૪ × ૨ ફૂટના માપનો ખાડો કરવા માટે ૩૦ × ૧૪ના માપનો એક ફૂટ ઊંડો ખાડો ખોદી તેની માટી ચારે બાજુની ધારો પર પાથરવી એટલે ઊંડાઈ બે ફૂટ થશે. આવા ખાડાઓ બબ્બેની જોડીમાં કરવા અને તેમની લંબાઈ પૂર્વપશ્ચિમ રાખવી. બે ખાડા વચ્ચેનું અંતર છ ફૂટ હોવું જોઈએ, અને બે જોડકાં વચ્ચેનું અંતર બાર ફૂટ હોવું જોઈએ. તૈયાર થયેલા કૉમ્પોસ્ટના ઢગલા અને વરસાદમાં કરવામાં આવતા ઢગલા ખાડાનાં બે જોડકાં વચ્ચેની આ ખુલ્લી જગ્યામાં કરવામાં આવે છે. આ જગ્યા દરેક ખાડામાંથી ખાતર સીધું ગાડામાં ભરીને લઈ જવા માટે પણ કામમાં આવે છે.

## માટી અને ઢોરનું મૂતર

ઢોરોના મૂતરમાં ખાતરનાં કીમતી તત્ત્વો હોય છે, જે ખાતર બનાવવાની સામાન્ય પદ્ધતિમાં મોટે ભાગે નાશ પામે છે. ઢોરના માંડવાની જગ્યાનું ભોંયતળિયું પાકું બાંધવું એ ખરચાળ અને બળદો માટે સારું નથી હોતું. ઢોરોને ઊઠવાબેસવા અને ઊંઘવા માટે છૂટી માટીનું નરમ, ગરમ અને સૂકું પાથરણું સસ્તું બનાવી શકાય છે. આને માટે ખળામાંથી વાળેલો કચરો, ઢાળિયામાંનો કાંપ અને ઘાસ સાચવી રાખવા માટે કરેલા ખાડામાંની માટી ઠીક પડે છે. આ માટીના થરમાંથી રોજ મૂતર પીધેલી

Gandhi Heritage Portal

માટી ઉઝરડી લઈને તેની જગ્યાએ તાજી માટી નાખી તેના ઉપર ઢોરોનો ઓગાટ પાથરવામાં આવે તો છ ઈંચનો થર કશી ગંદકી વગર ઢોરોનું બધું મૂતર ચૂસી લેવા માટે પૂરતો છે. આ મૂતરવાળી માટી દર ચાર મહિને કાઢી લઈને નવો થર બનાવવો જોઈએ. મૂતરવાળી માટીનો બારીક ભાગ કૉમ્પોસ્ટ બનાવવા માટે રાખીને મોટા ગાંગડા સીધા ખેતરમાં નાખવા. આ ખાતરની અસર તરત થવા માંડે છે. ખાસ કરીને બાગાયત ખેતીમાં આ ખાતર ઉપરથી આપી શકાય છે.[૫]

## છાણ અને રાખ

રોજ જે છાણ ભેગું થાય તેમાંથી કેવળ ⅓ તાજા છાણનો ઉપયોગ કરવાનો છે. તેને પાણીમાં પલાળીને પ્રવાહીરૂપે છાંટવામાં આવે છે. બાકીના છાણનાં, જોઈએ તો બળતણ માટે છાણાં બનાવી શકાય. રસોડામાંથી અને બીજેથી લાકડાની રાખ ચીવટપૂર્વક એકઠી કરવી જોઈએ, અને તે ઢાંકીને ભરી રાખવી જોઈએ.

## ખેતરનો કચરો

ખેતરમાં બીજી રીતે ઉપયોગી ન હોય તેવા દરેક પ્રકારનાં ઘાસ-પાનનો કૉમ્પોસ્ટ બનાવવામાં ઉપયોગ કરી શકાય. જેવાં કે, નકામું ઊગી નીકળતું ઘાસ, કપાસના છોડની સાંઠી, તલસરાં, કસૂંબી, અળસી, સરસવ, ચણા — આ બધાનાં ડાંખળાં-પાંદડાં, શેરડી, જુવાર, મકાઈ વગેરેનાં સાંઠાના કૂચા તથા મૂળિયાં, ઝાડનાં પાંદડાં, ઘાસનો ઓગાટ, પરાળ વગેરે. આમાંની સખત વસ્તુઓ કચરવી પડશે. સિંધમાં કાચા રસ્તા ઉપર પણ ગાડાના ચીલામાં આવી વસ્તુઓ પાથરીને અને થોડે થોડે વખતે કચરાયેલો ભૂકો કાઢી લઈ નવી વસ્તુઓ ઉમેરતા જઈને આ કચરવાની ક્રિયા સરળતાપૂર્વક કરી લેવામાં આવે છે. મૂળિયાં અને ખાંપા વગેરે વધારે સખત ભાગને કચરાયા પછી ઓછામાં ઓછા બે દિવસ સુધી પલાળી રાખવો જોઈએ. અથવા બે-ત્રણ મહિના સુધી ભીની માટીમાં દાટી રાખવો જોઈએ, પછી તે વાપરી શકાય. ચોમાસામાં આ સહેલાઈથી થઈ શકે. લીલી વસ્તુઓ થોડી સૂકવી લઈને તેની ઢગલી કરવી. જે વસ્તુઓ થોડી થોડી હોય તે બધી જુદી પાડીને તેમની એક ઢગલી કરવી અને જે ચીજો મોટા પ્રમાણમાં

Gandhi Heritage Portal

હોય તેમની દરેકની જુદી જુદી ઢગલી કરવી. આ બધું કૉમ્પોસ્ટના ખાડામાં લઈ જતી વખતે બધી વસ્તુઓનું મિશ્રણ લેવું અને કોઈ એક વસ્તુ ⅓ કરતાં વધારે ન આવે તેનો ખ્યાલ રાખવો જોઈએ. પાણીમાં ભીંજવી રાખેલાં અથવા નરમ બનાવેલાં સખત જડિયાં, ઠૂંઠાં વગેરે એકીવખતે બહુ ઓછા પ્રમાણમાં ઉપયોગમાં લેવાં જોઈએ. સામાન્ય રીતે મળી આવે એવી વસ્તુઓ એકઠી કરીને આખું વરસ ચાલે એટલા પ્રમાણમાં વાપરવામાં આવે તો આ સહેજે થઈ શકે એમ છે. શણ અથવા એવા બીજા ખરીફ પાકના ઉપયોગથી કૉમ્પોસ્ટને વધારે ગુણકારી બનાવી શકાય છે. તે લીલા લીલા કાપવા જોઈએ અને સુકાય એટલે ઢગલો કરવો જોઈએ. આથી રવીની મોસમ વખતે સાફ જમીન મળશે અને શણના વાવેતરથી રવી પાકને ફાયદો થશે.

## પાણી

જ્યાં કૉમ્પોસ્ટ બનાવવાનું હોય ત્યાં નજીકમાં એક નાનો ખાડો બનાવીને ઘરના વપરાશનું ગંદું પાણી એકઠું કરવામાં આવે, ને તે રોજ વાપરવામાં આવે તો ઘણી મહેનત બચી જશે. લાંબા વખત સુધી બંધિયાર રહેલું પાણી નુકસાનકારક છે. એટલે આથી વધારે પાણીની જરૂર હોય તો બીજી ગોઠવણ કરવી જોઈએ. એક ગાડું કૉમ્પોસ્ટ તૈયાર કરવા માટે ઋતુ પ્રમાણે ૪ ગૅલનનાં ૫૦ થી ૬૦ પીપ પાણીની જરૂર પડે છે.

## વિગતવાર વર્ણન

## ખાડા ભરવા

ચાર ફૂટ લાંબો અને ત્રણ ફૂટ પહોળો એક ટાટનો ટુકડો લો અને તેની લાંબી બાજુની બંને કિનારો ૭ાા ફૂટ લાંબા બે વાંસ સાથે સીવી લો એટલે સ્ટ્રેચર જેવું સાધન તૈયાર થશે. આને ઝોળી કહીશું. ઢોરના માંડવામાં બળદ નીચે એક અને ભેંસ નીચે ૧ાા ઝોળીના હિસાબે ખેતરનો કચરો રોજ પાથરો. આ કચરામાં ઢોરનું મૂતર શોષાતું રહે છે. અને ઢોરો તેને કચરીને સરખો કરે છે. વરસાદમાં ઢોરોનું પાથરણું, તેને માટે ખાસ રાખી મૂકેલા સૂકા કચરાના બે થરોની વચ્ચે જરા ચીમળાયેલા લીલા કચરાનો

Gandhi Heritage Portal

થર નાખીને બનાવવામાં આવે છે. પ્રવાહી બનાવી લીધા પછી જે છાણ વધે તેનાં છાણાં બનાવી શકાય અથવા નાની નારંગી જેવડા લોંદા કરીને તે ઢોરની નીચે પાથરી શકાય. પ્રવાહી બનાવ્યા પછી મૂતરવાળી માટી અને ફૂગવાળા ખાતરનો બચેલો ભાગ બીજે દિવસે સવારે ઢોરોના પાથરણા ઉપર છાંટી દેવામાં આવે છે. પછી પાથરણું પાવડાથી ઉઝરડી લઈને સીધું ખાડામાં આછું આછું પાથરી દેવામાં આવે છે. પછી લાકડાની રાખ, તાજું છાણ, મૂતરવાળી માટી અને ફૂગવાળું ખાતર બધું થોડું થોડું લઈ તેનું પ્રવાહી બનાવી તેનાથી દરેક થરને એકસરખો પલાળવામાં આવે છે. ઢોરો નીચેથી બધું પાથરણું ઉઠાવી લીધા પછી બારીક કચરો પણ વાળી લેવામાં આવે છે અને તે ખાડાની ઉપરની સપાટી પર પાથરવામાં આવે છે. સૌથી ઉપરના થરને પાણી છાંટીને ભીંજવવામાં આવે છે અને સાંજે તથા બીજે દિવસે સવારે વધારે પાણી છાંટીને પૂરેપૂરો ભીંજવી દેવામાં આવે છે. જેટલો કચરો મળે એમ હોય તેના પ્રમાણમાં એક ખાડો અથવા તેનો અમુક ભાગ છ દિવસમાં પૂરેપૂરો ભરી દેવો જોઈએ. ત્યાર પછી ખાડાનો બીજો ભાગ અથવા બીજો ખાડો એ જ રીતે ભરવાનું શરૂ કરવામાં આવે. કચરો ભરતી વખતે તેને પગથી દબાવવો નુકસાનકારક છે, કારણ કે, તેમ કરવાથી હવા અંદર જતી અટકે છે.

વરસાદમાં ખાડા પાણીથી ભરાઈ જાય છે. વરસાદ આવે એટલે ખાડામાંથી કચરો કાઢીને જમીન પર એકઠો કરવો જોઈએ. વરસાદમાં ૮ × ૮ × ૨ ફૂટના ઢગલા જમીન પર કરીને નવું કૉમ્પોસ્ટ બનાવવું જોઈએ. આ ઢગલા ખાડાનાં જોડકાંની વચ્ચેની જગ્યા પર પાસે પાસે અને સીધા કરવા જોઈએ જેથી તેમને ઠંડો પવન ન લાગે.

## કૉમ્પોસ્ટને ફેરવવું અને તેના પર પાણી છાંટવું

સડતા કૉમ્પોસ્ટની ઉપર દર અઠવાડિયે પાણી છાંટીને તેનો ભેજ સાચવી રાખવામાં આવે છે. ખાડાની અંદર વચ્ચે વચ્ચે ભેજ અને હવા પહોંચાડવી જરૂરી છે એટલે ખાતરને પાણીના છંટકાવ સાથે ત્રણ વાર ફેરવવું જોઈએ જેથી ભેજ સચવાઈ રહે. વરસાદના દિવસોમાં પાણી ઓછું છાંટવું અથવા મુદ્દલ ન છાંટવું. પરંતુ પહેલી વાર ખાડો ભરવામાં આવે ત્યારે તો ગમે તે ઋતુ ચાલતી હોય તોપણ પાણી છાંટવું જ જોઈએ.

Gandhi Heritage Portal

## પહેલી ફેરવણી—લગભગ ૧૫ દિવસ પછી

ખાડામાંથી ઉપરનો સડયા વગરનો થર કાઢી લઈ તેનો નવો ખાડો ભરવાના કામમાં ઉપયોગ કરવો. પછી ખુલ્લી થયેલી સપાટી પર ૩૦ દિવસનું જૂનું કૉમ્પોસ્ટ પાથરવું અને તેના પર એટલું પાણી રેડવું કે તે લગભગ છ ઈંચ ઊંડે સુધી સારી રીતે ભીંજાઈ જાય. પહેલા પલટા વખતે ખાડાના બે ઊભા ભાગ કરવામાં આવે છે અને હવાની દિશા તરફનો અડધો ભાગ જેમનો તેમ રાખી બાકીનો અડધો ભાગ કાઢીને તેના ઉપર નાખવામાં આવે છે. (આ ફેરવણી માટે સેંથલો ઠીક પડશે.) કચરાનો એક એક થર વારાફરતી ન ઉપાડવો પણ ઉપરથી નીચે સોંસરો જેંસલો મારીને ઉપાડવો જેથી બધા થરમાંનો કચરો આવે. ફેરવાયેલા કચરાનો દરેક થર, જે લગભગ છ ઈંચનો હશે, તેને પાણી છાંટીને સારી રીતે પલાળવો જોઈએ. વરસાદમાં આખોય ઢગલો ફેરવવો.

## બીજી ફેરવણી—એક મહિના પછી

ખાડાના અર્ધા ભાગનો કચરો ઉપર પ્રમાણે બાકીના ખાલી ભાગમાં સેંથલાથી ફેરવી નાખવો અને તેના પર પૂરતું પાણી છાંટવું. આમાં પણ ઉપરથી નીચે સુધીના ખાતરનું મિશ્રણ થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

## ત્રીજી ફેરવણી—બે મહિના પછી

એ જ રીતે પાવડાથી કૉમ્પોસ્ટ ખાડાની પાસેની ખુલ્લી જગ્યા પાસે ફેલાવીને તેના પર પાણી છાંટવામાં આવે છે. બે ખાડાનું ખાતર કાઢીને તેની વચ્ચેની ખુલ્લી જગ્યા પર ૧૦ ફૂટ પહોળો અને ૩ા ફૂટ ઊંચો ઢગલો કરી શકાય. ઢગલાની લંબાઈ ગમે તેટલી રાખી શકાય. અને આમ ઘણા ઢગલા સાથે સાથે કરી શકાય. સગવડ હોય તો ખાતરને સારી રીતે પાણી છાંટીને ખાડામાંથી ગાડામાં ભરીને સીધું ખેતરમાં લઈ જઈ શકાય. જે જમીનમાં ખાતર નાખવાનું હોય ત્યાં જ તેનો ઢગલો કરવો જોઈએ. એમ કરવાથી વાવણીની મોસમમાં કીમતી સમય બચી જશે. બધા ઢગલા સીધા અને ઉપરથી સપાટ હોવા જોઈએ જેથી તે વધારે સુકાઈ ન જાય અને કોહવાની ક્રિયા અટકી ન જાય.

Gandhi Heritage Portal

સારા ખાતરમાં કોઈ પણ તબક્કે દુર્ગંધ નથી આવતી અને તેનો રંગ એકસરખો રહે છે. દુર્ગંધ મારે કે માખીઓ બેસે તો જાણવું કે તેને વધારે હવાની જરૂર છે; અને તેથી ખાડાના ખાતરને ફેરવવું જોઈએ અને તેમાં થોડી રાખ અને છાણ નાખવું જોઈએ.

દરેક દાખલામાં કચરો, છાણ, વગેરે કેટલા પ્રમાણમાં જોઈએ તે સાદી ગણતરીથી નીચેના આંકડાના આધારે સહેલાઈથી જાણી શકાશે.

## ૪૦ ઢોરો માટે જરૂરી માત્રા

**છ દિવસ સુધી રોજ ખાડા ભરવા :** ૪ તગારી (૧૮ ઈંચ વ્યાસવાળી અને છ ઈંચ ઊંડી) ફૂગવાળું ખાતર, ૧૫ તગારી મૂતરવાળી માટી અને બળતણમાં ન વપરાતું હોય તો, ફાલતુ છાણ ખાડામાં પાથર્યા પછી તેના પર કોઢમાંનું પાથરણું અને પાથરણું ઉઠાવ્યા પછી ઝાડુથી વાળીને એકઠો કરેલો બારીક કચરો એક દિવસમાં ખાડામાં નાખવાનું પ્રમાણ — ૪૦ થી ૫૦ ઝોળી.

**મિશ્રણ :** કોઢના એક દિવસના કચરા વગેરે માટે ૨૦ પીપ (૧ પીપ=૪ ગૅલન) પાણી, ૫ તગારી છાણ, ૧ તગારી રાખ, ૧ તગારી મૂતરવાળી માટી અને ૨ તગારી ફૂગવાળું ખાતર.

**પાણી :** ઢોરની કોઢના એક દિવસના કચરા માટે ૬ પીપ ખાડો ભરવાની સાથે, ૧૦ પીપ સાંજે અને ૬ પીપ બીજે દિવસે સવારે.

**ઉપરની સપાટી પર છંટકાવ :** દરેક વખતે પચીસ પીપ.

**ફેરવણી વખતે પાણી :** પહેલી ફેરવણી વખતે ઋતુ અનુસાર ૬૦ થી ૧૦૦ પીપ, બીજી ફેરવણી વખતે ૪૦ થી ૬૦ પીપ, ત્રીજી ફેરવણી વખતે ૪૦ થી ૮૦ પીપ.

**ફૂગવાળું ખાતર :** પહેલી ફેરવણી વખતે ૧૨ તગારી.

**કોષ્ટક**

**એક તગારીમાં જુદી જુદી વસ્તુઓ કેટલી ભરી શકાય:**

| વસ્તુ | પોશ | વજન પાઉંડમાં |
|---|---|---|
| તાજું છાણ | ૬ થી ૭ | ૪૦ |
| મૂતરવાળી માટી | ૨૦ થી ૨૧ | ૨૨ |

Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| લાકડાની રાખ | ૧૫ | ૨૦ |
| ફૂગવાળું ખાતર | ૫ | ૨૦ |
| પહેલી ફેરવણી વખતે ફૂગવાળું ખાતર | ૬ | ૨૦ |

**કામનું સમયપત્રક**

| | કામ |
|---|---|
| ૧ લે દિવસે | ખાડા ભરવાનું શરૂ થાય છે. |
| ૬ ઠે દિવસે | ખાડા ભરવાનું પૂરું થાય છે. |
| ૧૦ મે દિવસે | ફૂગ જામે છે. |
| ૧૨ મે દિવસે | પાણીનો પહેલો છંટકાવ |
| ૧૫, ૧૬ મે દિવસે | પહેલી ફેરવણી અને એક મહિનાનું જૂનું કૉમ્પોસ્ટ ઉમેરવું |
| ૨૪ મે દિવસે | પાણીનો બીજો છંટકાવ |
| ૩૦, ૩૨ મે દિવસે | બીજી ફેરવણી |
| ૩૮ મે દિવસે | પાણીનો ત્રીજો છંટકાવ |
| ૪૫ મે દિવસે | પાણીનો ચોથો છંટકાવ |
| ૬૦ મે દિવસે | ત્રીજી ફેરવણી |
| ૬૭ મે દિવસે | પાણીનો પાંચમો છંટકાવ |
| ૭૫ મે દિવસે | પાણીનો છઠ્ઠો છંટકાવ |
| ૯૦ મે દિવસે | કૉમ્પોસ્ટ તૈયાર |

ઈંદોર પદ્ધતિ પૂરેપૂરી અમલમાં મૂકી શકાય એવા સંજોગો ન હોય ત્યારે નીચે આપેલી પદ્ધતિથી ઈંદોર પદ્ધતિના લાભ કેટલેક અંશે મેળવી શકાશે.

આ પદ્ધતિમાં અનેક પ્રકારના કચરાનું મિશ્રણ ઢોરોના પાથરણા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. બીજે દિવસે સવારે આ કચરો ખસેડતા પહેલાં તેના પર આગળ વર્ણવ્યું છે તેમ જોઈતા પ્રમાણમાં છાણ, મૂતરવાળી માટી અને રાખ પાથરવામાં આવે છે. ત્યાર પછી આ બધો કચરો જે ખેતરમાં તેનો ઉપયોગ કરવાનો હોય તે ખેતરને શેઢે અથવા બીજી કોઈ સૂકી જગ્યાએ લઈ જવામાં આવે છે અને તેના ૮ ઈંચ પહોળા અને

Gandhi Heritage Portal

૩ ઈંચ ઊંચા ઢગલા કરવામાં આવે છે. ઢગલાની લંબાઈ અનુકૂળતા પ્રમાણે ગમે તેટલી રાખી શકાય. વરસાદ શરૂ થયા પછી લગભગ એક મહિને તેના પર ફૂગ વળી જશે. પછી એક દિવસ, જ્યારે આકાશમાં વાદળાં ઘેરાયાં હોય અથવા થોડો વરસાદ વરસતો હોય ત્યારે તેને સારી રીતે ઉપરતળે કરીને ફેરવી નાખવામાં આવે છે. એક મહિના પછી તેને ઉપર પ્રમાણે એકબે વાર ફેરવવામાં આવે છે, જેથી મોસમ પૂરી થતામાં જો વચ્ચે વચ્ચે સારો વરસાદ થયો હોય તો તે સડી જાય છે.

અલબત્ત ખાતર તૈયાર થાય તે પહેલાં એક વરસ થોભવું આવશ્યક છે. અને ચોમાસું નિષ્ફળ નીવડે તો વધારે પણ થોભવું પડે.

આ રીતે જે ખાતર તૈયાર થશે તે ઈંદોર પદ્ધતિથી બનાવેલા ખાતર કરતાં હલકું હશે, પણ વાડાના સામાન્ય ખાતર કરતાં જરૂર વધારે સારું હશે; કારણ કે આ પદ્ધતિથી પણ સખત વસ્તુઓ સહેલાઈથી કહોવડાવી શકાય છે અને આ રીતે ગામડામાં પ્રચલિત પદ્ધતિથી જે ખાતર તૈયાર થાય છે તેના કરતાં ઘણું વધારે ખાતર બને છે.[૬]

## ગામડાના પાકો

પોતાની જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની દરેક ગામડાની પહેલી ફરજ ગણાશે. પોતાનાં ઢોરને ચરવાને માટે તેમ જ બાળકોની રમતગમતો અને મોટેરાંઓના આમોદપ્રમોદને સારુ તે જમીન અલગ રાખશે. તે પછી જો ગામ પાસે જમીન ફાજલ રહેશે તો તેમાં ઉપયોગી, બજારમાં વેચી શકાય, એવા પાકો લેવાશે. ઉપયોગી એટલે કે તેમાં ગાંજો, તમાકુ, અફીણ વગેરે જેવા પાકો નહીં આવે.[૭]

Gandhi Heritage Portal

# ૧૮
# ખેતી અને પશુપાલન–૫

## ખોરાકની તંગીનો સવાલ

### અનાજની તંગી

કુદરતી અગર માણસની ભૂલોને કારણે પડેલા દુકાળનો અને તેમાંથી પેદા થતા ભૂખમરાને કારણે કરોડોનો નહીં તો લાખોનાં મરણનો અનુભવ હિંદને પહેલાંયે થયેલો છે. હું માનું છું કે, કોઈ પણ સુવ્યવસ્થિત સમાજમાં પાણીના અને અનાજના દુકાળનો સફળતાથી ઈલાજ કરવાનો બંદોબસ્ત હમેશાં આગળથી કરી રાખવામાં આવેલો હોય. પણ સુવ્યવસ્થિત સમાજનું અને તેવો સમાજ આ બાબતમાં કેવી ઢબે કામ લે તેનું વર્ણન કરવાનો આ અવસર નથી. ઠીકઠીક સફળતાની આશા રાખી આજે આવી પડેલી ખોરાકની તંગીની પરિસ્થિતિની ઈલાજ આપણે કરી શકીએ કે નહીં એટલું જ આજે તો વિચારવાનું છે.

મને લાગે છે આપણે એવો ઈલાજ જરૂર કરી શકીએ. એને અંગે પહેલો પાઠ આપણે સ્વાશ્રય અને આત્મશ્રદ્ધાનો શીખવાનો છે. એ પાઠ બરાબર પચાવીએ તો પરદેશો પર ખોરાકની બાબતમાં આધાર રાખવાની અને આખરે તેમાંથી દેવાળું કાઢવાની આફતમાંથી આપણે તરત ઊગરી જઈએ. આ હું કંઈ ગુમાનમાં આવી જઈને કહેતો નથી, એ વસ્તુસ્થિતિ છે. આપણો દેશ કેવડો છે તેનો વિચાર કરો. બહારની મદદ પર પોતાની ખાધાખોરાકીને માટે નભી શકે એટલો એ નાનો નથી. આપણો મુલક એક ઉપખંડ જેવો વિશાળ છે અને આપણા રાષ્ટ્રની વસ્તી લગભગ ચાળીસ કરોડની છે. આપણે ત્યાં મોટી મોટી નદીઓ છે, ભાતભાતની ખેતી થઈ શકે એવી જાતજાતની જમીન છે અને આપણું પશુધન કદી ખૂટે એવું નથી. આપણાં ઢોર આપણી જરૂર જેટલું દૂધ



Gandhi Heritage Portal

આપતાં નથી તેમાં કોઈનો નહીં, આપણો પોતાનો જ વાંક છે. આપણે જેટલું જોઈએ તેટલું ટીપુંએ ટીપું દૂધ આપવાની આપણાં જાનવરોની ગુંજાશ છે. પાછલા થોડા સૈકા દરમિયાન આપણા મુલકની બરાબર સંભાળ રહી નથી. એની સંભાળ બરાબર રાખવામાં આવી હોત તો આજે આપણો દેશ પોતાની કુલ વસ્તીને પૂરતો ખોરાક પૂરો પાડવાને સમર્થ થાત, એટલું જ નહીં, ગયા મહાયુદ્ધને પરિણામે આખી દુનિયાને માથે આજે ખોરાકના પદાર્થોની તંગીની જે આફત ઊતરી છે તેમાંથી તેને ઉગારી લેવાને જરૂરી એવું અનાજ પૂરું પાડવાના કામમાં પણ તેણે પોતાની ઘટતી ફરજ બજાવી હોત. દુનિયામાં વરતાતી અનાજની તંગીમાંથી તો આજે હિંદ પણ બાદ નથી. તંગીની આફત ઘટવાની વાત તો દૂર રહી, ઊલટી વધતી હોય એવાં લક્ષણો દેખાય છે. આ સવાલને અંગે હું જે દરખાસ્ત કરવા માગું છું તેમાં કોઈ પણ પરગજુ દેશ આપણને છૂટથી મફત અનાજ પહોંચાડવા માગતો હોય તેને નગુરા થઈને ના પાડવાની વાત આવતી નથી. મારે એટલી જ વાત ભાર દઈને કહેવી છે કે આપણે ભીખ માગવાને જેની-તેની આગળ હાથ ન લંબાવીએ. એથી આપણી પ્રજા ભ્રષ્ટ થાય છે. આમાં વળી દેશમાં એક ઠેકાણેથી બીજા ઠેકાણે અનાજની હેરફેરની મુશ્કેલીનો ઉમેરો. એક સ્થળેથી બીજે સ્થળે ઝપાટાબંધ અનાજ લાવવા લઈ જવાને જરૂરી સાધનો ને સગવડ આપણી પાસે નથી. એમાં વળી ખાવાના કામમાં ન આવે એવું અનાજ આપણે માથે પડે એ પણ કંઈ છેક ન બને તેવી વાત નથી. આ અનાજ આપવાલેવામાં આપણે સામાન્ય માનવસ્વભાવ સાથે કામ પાડવાનું છે એ ભૂલ્યે ચાલે નહીં. માનવીનો સ્વભાવ તદ્દન સંપૂર્ણ સારો અથવા લગભગ તેવો પણ દુનિયામાં કોઈ ભાગમાં જોવાનો મળતો નથી.

હવે પરદેશોમાંથી કેટલી મદદ મળી શકે તેનો આપણે જરા વિચાર કરીએ. મને જણાવવામાં આવ્યું છે કે, આપણી આજની જરૂરિયાતના ત્રણ ટકાથી વધારે સહાય બહારથી આપણને મળે તેવી નથી. આ માહિતી બીજા ઘણા નિષ્ણાતોને પૂછીને સાચી છે કે નહીં તેની મેં ખાતરી કરી લીધી છે. તો આ કેવળ ત્રણ ટકા પૂરતી સહાય મેળવવાને માટે ફાંફાં મારવાની આખી દલીલમાં કશો દમ રહેતો નથી. આપણે બહારની મદદ

Gandhi Heritage Portal

પર જરા જેટલોયે આધાર રાખવા જઈશું તો સંભવ છે કે અવળે રસ્તે ચડી જઈશું, આપણાથી દેશમાં ને દેશમાં જે બની શકે તે બધું કરી છૂટવાનું માંડી વાળીશું અને ખેતી થઈ શકે તેવી જમીનના તસુએ તસુમાં વેચીને નાણાં કમાવાના કામમાં આવે તેવા કપાસ વગેરે જેવા પાકો લેવાનું બંધ કરી રોજિંદા ખોરાકને માટે જરૂરી પદાર્થો ઉગાડવાનું પણ આપણને નહીં સૂઝે. જેને તરત ને તરત ખેડીને ખેતીના કામમાં લઈ શકાય તેવા ખરાબાઓમાં તો બેશક તરત ખેડાણ શરૂ થવું જોઈએ.

એક કેન્દ્રમાં ખોરાકની ચીજો એકઠી કરી ત્યાંથી જ બંદોબસ્ત કરવાથી મને ડર છે કે ઘણો બગાડ થશે. એથી ઊલટું અનેકકેન્દ્રી વ્યવસ્થા રાખવાથી સહેજે કાળાંબજારોને ફટકો પડશે અને અનાજની અહીંથી તહીં હેરફેર કરવાને અંગેના વખતનો અને ખરચનો બચાવ થશે. વળી, હિંદના ગામડાનો વતની જે અનાજની ને કઠોળની ખેતી કરી જાણે છે તે ઉંદર, કોળ વગેરેથી પોતાના પાક કેમ બચાવી લેવા તે પણ બરાબર જાણે છે. એક સ્થળેથી બીજે સ્થળે એમ અનેક સ્થળો પર અનાજ લઈ જવામાં તેમાંનું ઘણું ઉંદરો વગેરે જીવ ખાઈ જાય એવો ભય રહે છે. આમાં દેશને કરોડોનું નુકસાન થાય છે અને આજે તો અનાજના એકએક દાણાની આપણને મોટી જરૂર છે ત્યારે ખાંડીબંધ દાણો નકામો જાય છે. જ્યાં જ્યાં ઊગી શકે ત્યાં એકેએક તસુમાં ખાઈ શકાય એવા પદાર્થો ઉગાડવાની આજે મોટી જરૂર ઊભી થઈ છે એ વાતનું એકેએક હિંદીને પૂરું ભાન થાય તો મુલકમાં ખોરાકની તંગી છે એ વાત પણ આપણે સંભવ છે કે ભૂલી જઈએ. વધારે અનાજ તેમ જ ખોરાકના પદાર્થો ઉગાડવાના મોહક તેમ જ રસમાં ડુબાડી દેનાર વિષયની મ અહીં બેશક પૂરી ચર્ચા કરી નથી. મેં જે કંઈ કહ્યું છે તેટલા પરથી મને આશા છે કે આ વખાણવાલાયક કામમાં હરેક માણસ કેવી રીતે ભાગ લઈ શકે એ હરેક સમજદાર માણસને સમજાશે અને હરેકના મનમાં એ વિષે રસ જાગશે.

હવે ત્રણ ટકા જેટલી ખાધનું અનાજ જે બહારથી મળી શકે એવો સંભવ છે તેને વિષે શું થઈ શકે તે હું બતાવું. હિંદુઓમાં દર પખવાડિયે અગિયારસને દિવસે આખો અથવા અરધા દિવસનો ઉપવાસ

Gandhi Heritage Portal

કરવાનો રિવાજ છે. મુસલમાનોને પણ ખાસ કરીને કરોડોની સેવા કરવાની છે ત્યારે ઉપવાસનો સંયમ પાળવાની બંધી નથી. એટલે આખા દેશને આવા થોડા વખતને માટે ખાવામાં સંયમ પાળવામાં રહેલી ખૂબીનું ભાન થાય તો સ્વેચ્છાએ જે બહારની મદદ જતી કરશે તેથી પોતાને પડતી ખોરાકની ખાધને હિંદ પહોંચી વળશે એટલું જ નહીં, તેને વધારાની બચત થશે.

અંગત રીતે મને પોતાને લાગે છે કે માપબંધીનો ઉપયોગ નથી અને હશે તો નજીવો છે. અનાજ પેદા કરનારા વર્ગને પોતાની મેળે જેમ કરવું હોય તેમ કરવાની છૂટ આપવામાં આવે તો તે લોકો પોતે નિપજાવેલો માલ બજારમાં લઈ આવશે અને આજે સહેલાઈથી મળતો નથી તે સારો ખાવાલાયક દાણો સૌને મળી રહેશે.

ભૂખે મરતી યુરોપની પ્રજાને માટે અત્યંત જરૂરી એવો દાણો બચાવવાને માટે અમેરિકાના લોકોએ રોટી ઓછી ખાવાનું શરૂ કરવું એવી જે સલાહ પ્રેસિડન્ટ ટ્રુમૅને પોતાના રાજ્યની પ્રજાને આપ્યાના સમાચાર આવ્યા છે તેના તરફ ધ્યાન ખેંચીને હું આપણી ખોરાકની પરિસ્થિતિ વિષેનું આજનું ટૂંક વિવેચન પૂરું કરીશ. પ્રમુખ ટ્રુમૅને વધારામાં કહ્યું છે કે આવા પોતે સૂચવેલા સંયમના ઈલાજથી અમેરિકાની પ્રજાની તબિયતને કોઈ જાતનું નુકસાન થનાર નથી. માનવસેવાની ભાવનાથી પ્રેરિત આવી સલાહ પોતાની પ્રજાને આપવાને માટે પ્રેસિડન્ટ ટ્રુમૅનને હું અંતઃકરણપૂર્વક મુબારકબાદી આપું છું. આ માનવસેવાની ભાવનાની ભીતરમાં ઊંડે ઊંડે અમેરિકાને માટે પૈસાનો ફાયદો કરાવી લેવાની હીનવૃત્તિ છુપાયેલી છે એવું જે સૂચન થાય છે તે મને મંજૂર નથી. માણસની પરીક્ષા કામને પ્રેરનારા આશયથી નહીં પણ પ્રત્યક્ષ કામ પરથી જ કરવી જોઈએ. કેમ કે, માણસોના હૃદયને જાણનારો એક અંતર્યામી સિવાય બીજો કોઈ નથી. ભૂખે મરતા યુરોપને ખાતર અમેરિકા જો આવો સંયમ પાળવાને તૈયાર થાય તો શું આપણા પોતાના હિતને ખાતર આપણે એવો થોડો સંયમ નહીં કરીએ? ઘણા લોકોને માટે ભૂખમરાથી મરવાનો ડર આવીને ઊભો હોય તે વખતે રાષ્ટ્રોને ઊંચે ચડાવનારા સ્વાશ્રયનો ઈલાજ લેવાને ખાતર આપણે પણ

Gandhi Heritage Portal

જાત પર કાબૂ રાખવાને અંગે આપણાથી થાય તેટલું બધું કરી છૂટવાની પૂરી કોશિશ કરી હતી એવો યશ કેમ ન લઈએ?[૧]

## અછત સમયે શું?

જે માણસ બચાવે છે તે તેટલું નફામાં મેળવે છે, એટલે કે તેટલું નિપજાવે છે. તેથી જેમને ગરીબો માટે લાગણી હોય, જેમને તેઓની સાથે એકતા સાધવી હોય તેમણે પોતાની હાજત પર કાપ મૂકવો ઘટે છે. એમ કરવાના ઘણા રસ્તા છે. એમાંના કેટલાકનો જ હું અહીં ઉલ્લેખ કરીશ.

ધનિકો ઘણો—વધારેપડતો—ખોરાક ખાય છે ને બગાડે છે. એક ટંકે એક જ અનાજ રાંધવું જોઈએ. સામાન્ય ઘરોમાં એકીસાથે રોટલી, ભાત, દાળ, દૂધ, ઘી, ગોળ ને તેલ ઉપરાંત શાકભાજી ને ફળ પણ વપરાય છે. આ મિશ્રણ આરોગ્યને હાનિકારક છે એમ હું માનું છું. જેમને દૂધ, પનીર, ઈંડાં કે માંસના રૂપમાં પ્રાણિજ પ્રોટીન મળી રહે છે તેમને દાળ ખાવાની કશી જરૂર રહેતી નથી. ગરીબ લોકોને કેવળ વનસ્પતિનાં પ્રોટીન જ મળે છે. જો ધનિકો દાળ અને તેલનો ત્યાગ કરે તો જે ગરીબોને પ્રાણિજ પ્રોટીન કે પ્રાણિજ ચરબી મળતાં નથી તેમને આ બે અતિ આવશ્યક વસ્તુઓ ખાવા મળી શકે. વળી જે અનાજ ખવાય તે પ્રવાહીમાં બોળી ભીંજવીને ન ખાવું જોઈએ. અનાજ દાળના પાણીમાં કે શાકભાજીના રસામાં ભીંજવીને નહીં પણ કોરું ખાધું હોય ત્યારે પ્રમાણમાં અડધા અનાજથી તૃપ્તિ થઈ રહે છે. કાંદા, ગાજર, મૂળા, સેલેડની ભાજી, ટમાટાં વગેરે કાચી વસ્તુઓના કચુંબર સાથે તે ખાઈ શકાય. અધોળ કે નવટાંક કચુંબર અચ્છેર રાંધેલા શાકની ગરજ સારે છે. રોટલી કે રોટલા દૂધ જોડે ન ખાવા જોઈએ. આરંભમાં, એક ટંક કાચાં શાક ને રોટલી કે રોટી, ને બીજે ટંકે બીજાં રાંધેલાં શાક સાથે દૂધ કે દહીં એવી યોજના કરી શકાય.

મિષ્ટાન્નનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તેને બદલે થોડોક ગોળ કે ખાંડ દૂધ કે રોટલીની સાથે કે એકલાં લઈ શકાય.

તાજાં ફળ ખાવાં સારાં છે, પણ શરીરને પોષણ આપવા માટે તે

Gandhi Heritage Portal

થોડા જ પ્રમાણમાં લેવાં બસ હોય છે. એ ખર્ચાળ ચીજ છે, અને ધનિકો તે ઘણા વધારે પ્રમાણમાં ખાય છે તેને લીધે, ગરીબો ને માંદા જેમને એ ચીજની જરૂર ધનિકોના કરતાં ઘણી વધારે છે તેમને તે અલભ્ય થઈ પડી છે.

જેણે આહારશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે એવો કોઈ પણ ડૉક્ટર એવું પ્રમાણપત્ર આપશે કે મેં જે આહાર સૂચવ્યો છે તેનાથી કોઈને કશું નુકસાન થવાનું નથી, પણ ઊલટું એથી આરોગ્યમાં સુધારો જ થશે.

આ તો આહારના પદાર્થોની બચત કરવાની માત્ર એક રીત થઈ. એ દેખીતી છે. પણ માત્ર એટલું કરવાથી નજરે જોઈ શકાય એવું ઝાઝું પરિણામ નહીં આવે.

દાણાના વેપારીઓએ લોભવૃત્તિ અને લેવાય એટલો નફો લેવાની ટેવ છોડવી રહી છે. જેટલો ઓછો નફો મળે તેટલાથી સંતોષ માનવો જોઈએ. તેઓ ગરીબોને માટે દાણાનો સંગ્રહ ને રક્ષા કરનાર હોવાની શાખ નહીં મેળવે તો લૂંટાવાનું જોખમ વહોરી લેશે. તેમણે પોતાની આસપાસના લોકોના સંસર્ગમાં રહેવું જોઈએ. મહાસભાવાદીઓએ પોતાના ગાળાના દાણાના વેપારીઓને મળીને તેમને યુગધર્મનો સંદેશો આપવો ઘટે છે.

આ કામનો સૌથી અતિમહત્ત્વનો ભાગ તો ગ્રામવાસીઓને એવી કેળવણી આપવાનો છે કે, તેઓ પોતાની પાસે જે કંઈ હોય તેનો સંચય કરી રાખે અને જ્યાં પાણીની સગવડ હોય ત્યાં નવા પાક ઉગાડે. આને માટે વિશાળ પ્રમાણમાં ને સમજપૂર્વક પ્રચારકાર્ય કરવાની જરૂર રહે છે. ઘણા લોકોને એ ખબર નથી કે કેળાં, બટાટા, બીટરૂટ, રતાળુ અને સૂરણ, અને અમુક અંશે કોળું, એ ખાદ્ય ચીજો છે ને સહેલાઈથી ઉગાડી શકાય છે. ભીડ પડયે તે રોટીની જગા લઈ શકે.

પૈસાની તંગી પણ છે. દાણા બજારમાં તો મળતા હોય પણ ગરીબો પાસે ખરીદવાના પૈસા નથી. પૈસા નથી કેમ કે ઉદ્યમ નથી. તે આપણે પૂરો પાડવો જોઈએ. એમાં કાંતણ સૌથી સુલભ ને સુગમ છે. પણ બીજા સ્થાનિક ઉદ્યોગધંધામાંથી પણ લોકોને મજૂરી આપી શકાય. જે જે કામ કાઢી શકાય એવું હોય તે કાઢવું જોઈએ, જેથી લોકોને ઉદ્યમનો તોટો ન રહે. કેવળ એદી લોકોને જ ભૂખ્યા રહેવાપણું હોય, ને તે રહેવા

Gandhi Heritage Portal

જોઈએ. આ વર્ગ જોડે પણ ધીરજપૂર્વક કામ લેવાથી તે પોતાનું એદીપણું છોડશે.[૨]

ખોરાકને અંગે કટોકટીના સંજોગોમાં નીચે ગણાવેલી બાબતો તરત હાથ પર લેવાવી જોઈએ.

૧. દરેક સ્ત્રી અને પુરુષે પોતાની તંદુરસ્તીને માફક આવે તે રીતે રોજની ખોરાકની ચીજોની સંખ્યામાં જેટલો કાપ મૂકી શકાય તેટલો મૂકી દેવો અને શહેરોની પેઠે જ્યાં જ્યાં દૂધ, શાકભાજી, તેલ અને ફળો મળી શકે ત્યાં અનાજ અને કઠોળમાં ઘટાડો કરી નાખવો. આ ઘટાડો સહેલથી કરી શકાય. ખોરાકમાં જરૂરી સ્ટાર્ચ અથવા ખાંડ તત્ત્વ ગાજર, શક્કરિયાં, બટાટા, સૂરણ અને રતાળુ જેવાં કંદો તેમ જ કેળાં વગેરેમાંથી મેળવી શકાય; આમાં ખ્યાલ એ છે કે આપણા ચાલુ ખોરાકની ચીજોમાંથી જે જે અનાજ તેમ જ કઠોળ બાદ રાખી ચલાવી શકાય તેમને સંઘરી ને ભરી રાખવાં. જ્યાં કરોડો લોકોને શાકભાજી જોવાનાંયે મળતાં નથી અને આજે તેમને માથે અનાજ તેમ જ કઠોળની અછતને લીધે ભૂખમરાની આફત ઝઝૂમી રહી છે ત્યાં શાકભાજી પણ મજા કે સ્વાદને ખાતર ઉડાવવાનાં હોય નહીં.

૨. જ્યાં જ્યાં જે જે પાણી મેળવી શકે તેણે, પુરુષોએ તેમ સ્ત્રીઓએ પોતાના અંગત અથવા સામાન્ય વપરાશને માટે કંઈ ને કંઈ ખાદ્ય પદાર્થ ઉગાડવાની કોશિશ કરવા માંડવી. આને માટે સૌથી સહેલો રસ્તો એ છે કે થોડી ચોખ્ખી માટી એકઠી કરવી, જેમાં જ્યાં બની શકે ત્યાં થોડું પ્રાણિજ ખાતર મેળવવું — છાણાનો નાનો સરખો કટકો પણ સરસ પ્રાણિજ ખાતર છે—તેને એકાદ પતરાના ડબ્બામાં કે માટીના કીબામાં ભરવું અને તેના પર રાઈ અને કોઈ પણ જાણીતી ભાજીનાં બિયાં ભભરાવવાં, ને રોજ કૂંડામાં કે ડબ્બામાં માફકસર પાણી આપવું. આમ વાવેલાં બિયાં જે ઝડપથી પીલા કાઢે છે ને ખાઈ શકાય તેવાં પાંદડાં આપે છે તે જોઈને પ્રયોગ કરનારાં અજબ થઈ જશે; અને આ પાંદડાંઓને રાંધવાની પણ જરૂર પડતી નથી. તેમની કચુંબર કરીને સીધાં ખાઈ શકાય.

૩. એકેએક ફળઝાડના બગીચાને ખાદ્ય પદાર્થો ઉગાડવાને

Gandhi Heritage Portal

ઉપયોગમાં લેવો જોઈએ. અને આ બાબતમા વાઈસરૉય, ગવર્નરો તેમ જ ઊંચા હોદ્દાવાળા અમલદારોને પહેલ કરી આગેવાન થવાને મારી ભલામણ છે. ઉપરાંત દરેક પ્રાંતિક ભાષામાં ખેતી કે બગીચાની વાત ન જાણનારા લોકોને પણ સહેલમાં કઈ કઈ ચીજો કેવી રીતે ઉગાડવી તે બતાવનારી પત્રિકાઓ ધોધમાર બહાર પાડવાને વડી તેમ જ પ્રાંતિક સરકારોનાં ખેતીવાડીખાતાંઓના વડાઓને કહેવું જોઈએ.

૪. ખોરાકની ચીજોમાં કાપ મૂકવાનું કામ એકલી મુલકી વસ્તીએ જ ઉપાડવાનું નથી; તેમનાથી વધારે પ્રમાણમાં નહીં તો તેમના જેટલા જ પ્રમાણમાં લશ્કરે પણ તે ઉપાડી લેવું જોઈએ. મોટા પ્રમાણમાં હું એટલા માટે કહું છું કે સૈન્યના સિપાઈઓ કડક લશ્કરી શિસ્તમાં કેળવાયેલા હોવાથી કાપકૂપનાં પગલાંનો અમલ રમતાં રમતાં કરી શકે.

૫. અત્યાર સુધીમાં તેલીબિયાં, તેલો, ખોળ, મગફળી અથવા મગફળી જેવી શિંગો વગેરે પદાર્થોની બધી નિકાસ અટકાવવામાં ન આવી હોય તો હવે એકદમ અટકાવી દેવી જોઈએ. તેલીબિયાં જેવાં કે તલ વગેરેમાંથી માટી ને બીજું એવું વિણામણ બરાબર ચાળી નાખવામાં આવ્યું હોય તો તેમનો ખોળ ઉત્તમ પ્રકારના પ્રોટીન તત્ત્વથી ભરેલો માણસોને માટેનો સરસ ખોરાક છે.

૬. જ્યાં જ્યાં બની શકે ને જરૂર હોય ત્યાં ઊંડા કૂવા પીતની ખેતીને માટે કે પીવાના પાણીને માટે સરકારે ખોદાવવા જોઈએ.

૭. સરકારી નોકરો અને જાહેર જનતાનો ઊલટભેર સહકાર મળે તો દેશ આ મુશ્કેલીને પાર કરી જશે એમાં મને રજભાર શંકા નથી. જેમ નાહકનો ગભરાટ આ કામમાં પાછા પડવાનો અચૂક રસ્તો છે તેવી જ રીતે બહોળી વસ્તી પર ઝઝૂમી રહેલા સંકટને સમયે ઘટતાં પગલાં તાબડતોબ લેવામાં નહીં આવે તોપણ આપણે ખત્તા ખાવાના છીએ. આ આફતનાં કારણોમાં અત્યારે ઊતરવાની જરૂર ન હોય. કારણ ગમે તે હો, હકીકત એ છે કે સરકાર તેમ જ જનતા આ વસમા પ્રસંગનો મુકાબલો ખામોશી રાખીને હિંમતથી નહીં કરે તો ભારે આફત ચોક્કસ ઊતરવાની છે. આપણે આ પારકી સરકારનો આ એક સિવાય બાકીને બધે મોરચે સામનો જારી રાખીશું અને આ વિષયમાં પણ એ લોકો

Gandhi Heritage Portal

લાગણીશૂન્ય થઈને બેપરવા રહેશે અગર જનતાના સમજદાર અભિપ્રાયની અવગણના કરશે તો તેમની સાથે લડી લઈશું. સરકાર આજે જે બોલી બતાવે છે તેનો દેખીતી રીતે જે અર્થ થતો હોય તે આપણે સ્વીકારી લેવો અને સ્વરાજ થોડા જ મહિનામાં પ્રત્યક્ષ પ્રગટ થવાનું છે એવી શ્રદ્ધા રાખવી એ મારો અભિપ્રાય સ્વીકારીને ચાલવાની પ્રજાને મારી ભલામણ છે.

૮. અને સૌથી વધારે તો કાળાં બજાર અને અપ્રામાણિક વહેવાર સદંતર બંધ થવાં જોઈએ, અને આ કટોકટી પૂરતી સર્વ પક્ષો વચ્ચે ખુશીના સહકારની ભાવના સર્વસામાન્ય થવી જોઈએ.[૩]

## અન્નની તંગી અને અતિવસ્તી

વસ્તીમાં અઘટિત વધારો ન થાય એટલા માટે જનનમર્યાદા આવશ્યક છે એમ કોઈ કહે તો હું તેની ના પાડું છું. તે કોઈએ કદી સાબિત કર્યું નથી. મારા મત પ્રમાણે જમીનની યોગ્ય વહેંચણી થાય, ખેતી સુધરે અને તેને અંગે બીજા ઉદ્યોગ હોય તો આ જ દેશમાં અત્યારે છે તેથી બમણી વસ્તીનો નિર્વાહ થઈ શકે.[૪]

આપણો આ નાનો પૃથ્વીનો ગોળો એ કંઈ ગઈ કાલનું રમકડું નથી. એના અગણિત વર્ષોના જીવનમાં એણે વધી પડેલી વસ્તીની પીડા કદી અનુભવી નથી. ત્યારે કેટલાક લોકોના મનમાં એકાએક આ સત્યનો ઉદય ક્યાંથી થયો કે જો કૃત્રિમ ઉપાયોથી જન્મપ્રમાણ પર અંકુશ મૂકવામાં નહીં આવે તો પૃથ્વીનો નાશ થઈ જશે?[૫]

Gandhi Heritage Portal

## ૧૯

# ખાદી અને હાથકાંતણ

ખાદી એટલે દેશના બધા વતનીઓની આર્થિક સ્વતંત્રતા તેમ જ સમાનતાની શરૂઆત. પણ કોઈ વસ્તુ કેવી છે તે વાપરવાથી જણાય. ઝાડનું પારખું તેનાં ફળથી થાય. તેથી હું જે કંઈ કહું છું તેમાં સાચી વાત કેટલી છે તે દરેક સ્ત્રીપુરુષ જાતે અમલ કરીને શોધી લે. વળી ખાદીમાં જે જે બાબતો સમાયેલી છે તે બધી સાથે ખાદીનો સ્વીકાર કરવો જોઈએ. ખાદીનો એક અર્થ એ છે કે, આપણે દરેકે પૂરેપૂરી સ્વદેશી વૃત્તિ કેળવવી જોઈએ ને રાખવી જોઈએ; એટલે કે જીવનની સઘળી જરૂરિયાતો હિંદમાંથી અને તેમાંય આપણાં ગામડાંઓમાં રહેનારી આમજનતાની મહેનત તથા બુદ્ધિથી નીપજેલી ચીજો વડે પૂરી કરી લેવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ. અત્યારે આ બાબતમાં આપણો જે ક્રમ છે તે ઉલટાવી નાખવાની આ વાત છે. એટલે કે આજે હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંઓને ચૂસીને પાયમાલ કરી હિંદનાં તેમ જ ગ્રેટ બ્રિટનનાં મળીને પાંચ પંદર શહેરો ગબ્બર થાય તેને બદલે તે બધાં ગામડાંઓ સ્વાવલંબી તેમ જ સ્વયંસંપૂર્ણ થાય અને બન્ને પક્ષને લાભ થાય તે રીતે પોતાની ખુશીથી હિંદનાં શહેરોને અને બહારની દુનિયાનેયે ઉપયોગી થાય.

આનો અર્થ એવો થાય છે કે આપણામાંથી ઘણાએ પોતાના માનસમાં તેમ જ રુચિમાં ધરમૂળથી પલટો કરવો જોઈશે. અહિંસાનો રસ્તો ઘણી બાબતોમાં બહુ સુતરો છે તો વળી બીજી ઘણી બાબતોમાં બહુ કપરો છે. તે હિંદુસ્તાનના એકેએક વતનીના જીવન પર ઊંડી અસર કરે છે, પોતાની અંદર સૂતેલી ને આજ સુધી અણછતી રહેલી શક્તિઓનું તેને ભાન કરાવી તે શક્તિ ને સત્તા આપણી પાસે છે એવા



Gandhi Heritage Portal

જ્ઞાનથી તેને ઉત્સાહ આપે છે અને હિંદી માનવસમૂહના મહાસાગરનાં અનેક ટીપાંમાંનું હું પણ એક છું એવા અનુભવથી તે મગરૂબ થાય છે. જમાનાઓથી જે માંદલી વૃત્તિને આપણી ભૂલમાં આપણે અહિંસા કહેતા હતા ને માનતા હતા તે અહિંસા આ નથી. માનવજાતિએ આજ સુધી જે અનેક શક્તિઓ જોઈ છે તે બધી કરતાં આ અહિંસા વધારે જોરાવર શક્તિ છે, ને તેના પર જ માનવજાતિની હયાતીનો આધાર છે. વળી આ અહિંસા તે શક્તિ છે જેનો મહાસભાને અને તેની મારફતે આખી દુનિયાને પરિચય કરાવવાનો મેં પ્રયાસ કર્યો છે. મારે મન ખાદી હિંદુસ્તાનની આખી વસ્તીની એકતાનું, તેના આર્થિક સ્વાતંત્ર્ય ને સમાનતાનું પ્રતીક છે અને તેથી જવાહરલાલના કાવ્યમય શબ્દોમાં કહું તો 'હિંદની આઝાદીનો પોશાક છે'.

વળી ખાદી માનસનો અર્થ થાય છે જીવનની જરૂરિયાતોની પેદાશ તેમ જ વહેંચણીનું વિકેન્દ્રીકરણ. તેથી આજ સુધીમાં જે સિદ્ધાન્ત ઘડાયો છે તે એ છે કે, દરેકેદરેક ગામે પોતપોતાની સઘળી જરૂરિયાત જાતે પેદા કરી લેવી અને ઉપરાંત શહેરોની જરૂરિયાતો પૂરી કરવાને ખાતર થોડીક વધારે પેદાશ કરવી.

આટલે સુધી ખાદીમાં કઈ કઈ બાબતો સમાયેલી છે તેની સમજૂતી આપીને હવે તેનું કાર્ય આગળ વધારવાને મહાસભાવાદીઓ શું શું કરી શકે ને તેમણે શું શું કરવું તે મારે બતાવવું જોઈએ. ખાદીની બનાવટમાં આટલી બાબતો આવે છે: કપાસ ઉગાડવો, કપાસ વણવો, તેને ઝૂડવો, સાફ કરવો ને લોઢવો, રૂ પીંજવું, પૂણીઓ બનાવવી, કાંતવું, સૂતરની પવાયત કરવી કે તેને કાંજી પાવી, સૂતરને રંગવું, તેનો તાણો પૂરવો ને વાણો તૈયાર કરવો, વણાટ અને ધોલાઈ. આમાંથી રંગાટી કામ સિવાયનાં બાકીનાં બધાં કામો ખાદીને અંગે જરૂરી તેમ જ મહત્ત્વનાં છે, ને કર્યા વિના ચાલે તેવાં નથી. એમાંનું એકેએક કામ ગામડાંઓમાં સારી રીતે થઈ શકે તેવું છે; અને હકીકતમાં અખિલ ભારત ચરખા સંઘ હિંદભરનાં જે અનેક ગામડાંઓમાં કાર્ય કરે છે તે બધાંમાં એ કામો આજે ચાલુ છે.

ખાદીના કામને અંગે મહાસભા તરફથી જે હાકલ કરવામાં આવી

Gandhi Heritage Portal

છે તેને મહાસભાવાદીઓ વફાદાર રહેવા માગતા હોય તો ખાદીકાર્યની યોજનામાં તેમણે કેવી રીતે ને કેટલો ભાગ લેવાનો છે તે વિષે જે જે સૂચનાઓ અખિલ ભારત ચરખા સંઘ તરફથી વખતોવખત કાઢવામાં આવે છે તેમનો તેમણે બરાબર અમલ કરવો જોઈએ. અહીં તો હું થોડાક સામાન્ય નિયમો જણાવું.

૧. જે જે કુટુંબ પાસે નાનો સરખોયે જમીનનો કકડો હોય તેણે ઓછામાં ઓછો પોતાના વપરાશ પૂરતો કપાસ ઉગાડી લેવો. કપાસ ઉગાડવાનું કામ પ્રમાણમાં બહુ સહેલું છે. એક જમાનામાં બિહારના ખેડૂતો પર કાયદાથી એવી ફરજ લાદવામાં આવી હતી કે પોતાની ખેડી શકાય તેવી જમીનના $\frac{3}{20}$ ભાગમાં તેમણે ગળીનું વાવેતર કરવું. આ ફરજ પરદેશી નીલવરોના સ્વાર્થને ખાતર ખેડૂતો પર નાખવામાં આવી હતી. તો આપણે રાષ્ટ્રના હિતને ખાતર આપણી જમીનના થોડા ભાગમાં આપમેળે સમજીને ખુશીથી કપાસ કેમ ન કરીએ? અહીં વાચકના ધ્યાન પર એ વાત આવી જશે કે ખાદી-કામમાં જુદાં જુદાં અંગોમાં વિકેન્દ્રીકરણનું તત્ત્વ છેક પાયામાંથી દાખલ થાય છે. આજે કપાસનું વાવેતર ને ખેતી એક જ ઠેકાણે મોટા પાયા પર કરવામાં આવે છે અને હિંદના દૂર દૂરના ભાગોમાં તે મોકલવો પડે છે. લડાઈ પહેલાં એ બધો કપાસ મોટે ભાગે ઈંગ્લંડ અને જાપાન મોકલવામાં આવતો હતો. પહેલાં કપાસની ખેતી કપાસનું વેચાણ કરીને રોકડ નાણું મેળવવાના હેતુથી કરવામાં આવતી હતી અને હજીયે તેમ જ થાય છે, અને તેથી કપાસ કે રૂના બજારની તેજીમંદી ખેડૂતની આવક પર અસર કરે છે. ખાદીકાર્યની યોજનામાં કપાસની ખેતી આ સટ્ટામાંથી અને જુગારના દાવ જેવી હાલતમાંથી ઊગરી જાય છે. એ યોજનામાં ખેડૂત પ્રથમ પોતાની જરૂરિયાતની વસ્તુઓની ખેતી કરે છે. પોતાની જરૂરિયાતની ચીજોની ખેતી કરવાની પોતાની સૌથી પહેલી ફરજ છે એ વાત આપણા ખેડૂતોએ શીખવાની છે. આટલું શીખીને ખેડૂતો જો તે પ્રમાણે પોતાનું કામ કરતા થાય તો બજારની મંદીથી તેમને પાયમાલ થવાનો વારો નહીં આવે.

૨. કાંતનારની પાસે પોતાનો કપાસ ન હોય તો તેણે લોઢવાને માટે

Gandhi Heritage Portal

જોઈએ તેટલો કપાસ વેચાતો લઈ લેવો. લોઢવાનું કામ હાથ ચરખાની મદદ વિના પણ બહુ સહેલાઈથી થાય તેવું છે. એક પાટિયું ને એક લોઢાનો ટૂંકો સળિયો દરેક જણને પોતાનો કપાસ પીલી લેવાને પૂરતું સાધન છે. જ્યાં આ કામ ન બની શકે ત્યાં કાંતનારે હાથે લોઢેલું રૂ ખરીદી લેવું ને તેને પીંજી લેવું. પોતાના વપરાશ પૂરતું પીંજણ નાનકડી ધનુષ પીંજણ પર ઝાઝી મહેનત વગર સરસ થાય છે. અનુભવ એવો છે કે મજૂરીની મહેનતની વહેંચણી જેટલી વધારે એટલે કે કામ જેટલા વધારે હાથે થાય તેટલા પ્રમાણમાં તેને માટે જરૂરી ઓજારો ને હથિયારો સોંઘાં ને સાદાં. પીંજેલા રૂની પૂણીઓ બનાવી લીધી કે કાંતણ શરૂ થાય.

હવે કાંતણ સુધીનાં જુદાં જુદાં કામોમાં આપણો આખો મુલક એકી સાથે મંડી જાય તો આપણા લોકોમાં કેટલી એકતા થાય ને તેમની કેટલી કેળવણી થાય તેનો ખ્યાલ કરો! વળી ગરીબ ને તવંગર સૌ એક જ જાતનું કામ કરે તો તેમાંથી નીપજતા પ્રીતિના બંધથી બંધાઈ પોતપોતાના ભેદો ભૂલીને કેટલાં સરખાં થાય તેનો ખ્યાલ કરો!

મહાસભાવાદીઓ ખરા જિગરથી આ કામમાં લાગે તો કાંતવાનાં ને બીજાં ઓજારોમાં નવા નવા સુધારા કરતા રહેશે ને ઘણી નવી નવી શોધખોળ કરશે. આપણા દેશમાં બુદ્ધિ ને મજૂરીની છેક ફારગતી થઈ ગઈ છે. પરિણામે આપણું જીવન બંધિયાર ખાબોચિયાના પાણી જેવું થઈ ગયું છે. મેં અહીં સુધી દર્શાવ્યું છે તે ધોરણે તે બન્નેનું એટલે કે બુદ્ધિનું ને મજૂરીનું અતૂટ લગ્ન થાય તો તેનાં જે ફળ આવશે તેનો આંક બંધાય તેવો નથી.

સેવાને અર્થે કરવાના કાંતણની આ રાષ્ટ્રવ્યાપી યોજના પાર પાડવાને આપણાં સામાન્ય સ્ત્રી અથવા પુરુષે રોજ કલાકથી વધારે વખત આપવાની જરૂર રહેશે એમ મને નથી લાગતું.[૧]

રેંટિયાનો સંદેશ તેના પરિઘ કરતાં વધુ વિશાળ છે એ તો છે જ. એ સંદેશ સાદાઈનો, માનવજાતિની સેવાનો, પોતાથી બીજા કોઈને ઈજા ન પહોંચે તેવી રીતે અહિંસાપૂર્વક જીવન ગાળવાનો, ગરીબ તવંગર વચ્ચે, મૂડીવાળા અને મજૂર વચ્ચે, રાજા અને ખેડૂત વચ્ચે

Gandhi Heritage Portal

અતૂટ સંબંધ બાંધવાનો છે. આ વિશાળ સંદેશો સ્વાભાવિકપણે જ સૌ કોઈને માટે છે.[2]

સૌથી અદના માણસને પણ સૌથી શ્રેષ્ઠના જેવું જ મળી રહેવું જોઈએ, એ વિધાનમાં સમાયેલા અર્થને હું સંપૂર્ણપણે માનું છું. દુનિયા આપણી સાથે જેવી રીતે વર્તે એવી આપણે ઈચ્છા રાખીએ, તેવી જ રીતે આપણે જાતે સૌથી નાનામાં નાની વ્યક્તિ, અદનામાં અદના માણસ તરફ વર્તવું જોઈએ. એટલે કે, સૌને જીવનનો વિકાસ કરવાની અને જીવન સાર્થક કરવાની એકસરખી તક મળી રહેવી જોઈએ. તક આપવામાં આવે તો માણસમાત્ર સરખી રીતે પોતપોતાનો આધ્યાત્મિક વિકાસ સાધવાને સમર્થ થાય. રેંટિયો આ મહાન સત્યનું પ્રતીક છે.[3]

વધારેમાં વધારે સ્વીકાર્ય અને ઉત્તમ શ્રમયજ્ઞ તરીકે મને રેંટિયો જ સૂઝે છે. આપણે બધા એક કલાક ગરીબોને જે મજૂરી કરવી પડે છે તે કરીએ અને એ રીતે તેમની સાથે તથા તેમની મારફત સમગ્ર માનવજાત સાથે એકતા સાધીએ એના કરતાં વધારે ઉમદા કે વધારે રાષ્ટ્રીય કંઈ હું કલ્પી શકતો નથી. ઈશ્વરને નામે મારે ગરીબોને માટે તેમની માફક મજૂરી કરવી જોઈએ. એનાથી વધુ સારી ઈશ્વરપૂજા હું કલ્પી શકતો નથી. રેંટિયા દ્વારા દુનિયાની દોલતની વધુ ન્યાયી વહેંચણી થાય છે.[4]

મારી પાકી ખાતરી છે કે હાથકાંતણ અને હાથવણાટના પુનર્જીવનથી હિંદુસ્તાનના આર્થિક અને નૈતિક પુનરુદ્ધારમાં વધારેમાં વધારે મદદ થશે. કરોડો પાસે ખેતીના પૂરક ધંધા તરીકે સાદો ઉદ્યોગ હોવો જોઈએ. કાંતણ વર્ષો પહેલાં ગૃહઉદ્યોગ હતો, અને જો કરોડોને ભૂખમરાથી બચાવવા હોય તો તેમનાં ઘરોમાં તેઓ કાંતણ ફરી દાખલ કરી શકે તેવી સ્થિતિ ઊભી કરવી જોઈએ અને દરેક ગામે પોતાનો વણકર ફરી વસાવી લેવો જોઈએ.[5]

હિંદુસ્તાનના હાડપિંજરનું ચિત્ર જો વાચક નજર સમક્ષ રાખે તો તેણે એંસી ટકા લોકો, જેઓ પોતાનાં ખેતરોમાં કામ કરે છે, અને જેમને વરસના ચાર મહિના લગભગ કાંઈ જ ધંધો નથી, અને તેથી

Gandhi Heritage Portal

જેમને લગભગ ભૂખમરો વેઠવો પડે છે, તેમનો વિચાર કરવો જોઈશે. આ સામાન્ય સ્થિતિ છે. આ ફરજિયાત વેઠવા પડતા આળસમાં વારંવાર પડતા દુકાળો ઘણો ઉમેરો કરે છે. એવું કયું કામ છે જે આ સ્ત્રીપુરુષો સહેલાઈથી પોતાના ઘરમાં બેસીને કરી શકે અને એમની ટૂંકી આવકમાં ઉમેરો કરી શકે? હાથકાંતણ જ એ કરી શકશે. અને બીજું કંઈ નહીં કરી શકે, એ વિશે હજીયે કોઈને શંકા છે?[૬]

જેમ ઘરમાં રંધાતું અન્ન મોંઘું પડતું નથી ને વીશીનો ખોરાક તેની ગરજ સારી શકતો નથી; તેમ કપડું પણ ઘરખૂણે કંતાય ને વણાય તો મોંઘું ન જ પડે. પચીસ કરોડથી વધારે પ્રજા પોતાના ખપજોગું સૂતર કાંતી લેશે ને તે સૂતરને પોતાના જ ગામના વણકરો પાસે વણાવી લેશે. આટલી પ્રજા પોતાના ગામને વળગીને જ રહેનારી છે અને વરસમાં ઓછામાં ઓછા ચાર મહિના તો તેમને નવરાશના મળે જ છે. એ નવરાશના દહાડામાં જો તેઓ સૂતર કાંતે ને તે વણાવીને પહેરે-ઓઢે, તો તેમની ખાદીની સાથે મિલનું કપડું કોઈ કાળે હરીફાઈમાં ટકી ન શકે. આ રીતે બનેલું કપડું તેમને સસ્તામાં સસ્તું પડયું હશે.[૭]

કાંતણનો દાવો છે કે તે:

૧. જેમને નવરાશ છે અને જેમને થોડા પૈસાની પણ જરૂર છે તેમને સહેલાઈથી ધંધો પૂરો પાડે છે;

૨. હજારો લોકોને એ આવડે છે;

૩. એ સહેલાઈથી શીખી શકાય છે;

૪. એમાં લગભગ કાંઈ જ મૂડી રોકવી પડતી નથી;

૫. રેંટિયો સહેલાઈથી અને સસ્તામાં બનાવી શકાય છે. આપણામાંથી ઘણાને ખબર નહીં હોય કે ઠીકરી અને વાંસની ચીપથી (એટલે કે તકલીથી) પણ કાંતી શકાય છે;

૬. લોકોને એની સામે અરુચિ નથી;

૭. દુકાળ અને અછતને વખતે એ તાત્કાલિક રાહત આપે છે;

Gandhi Heritage Portal

૮. પરદેશી કાપડ ખરીદવામાં હિંદુસ્તાન બહાર જતા પૈસાને એ જ એક રોકી શકે છે;

૯. આવી રીતે બચેલા કરોડો રૂપિયા આપોઆપ જ સુપાત્ર ગરીબોમાં વહેંચાઈ જાય છે;

૧૦. તેમાં ઓછામાં ઓછી સફળતા મળે તો તેટલાથી પણ લોકોને તેટલો તાત્કાલિક લાભ થાય છે;

૧૧. લોકોમાં સહકાર કેળવવાનું એ એક પ્રબળ સાધન છે.[૮]

જનતા પૈસાના અભાવના રોગથી એટલી નથી પીડાતી જેટલી કામના અભાવના રોગથી પીડાય છે. મહેનત એ પૈસો છે. કરોડોને તેમનાં ઝૂંપડાંમાં પ્રતિષ્ઠિત મજૂરી આપનાર તેમને અનાજ અને કપડાં આપે છે એમ કહેવાય. અથવા તો એમ કહો કે પૈસો જ આપે છે. રેંટિયો આવી જ મજૂરી છે. જ્યાં સુધી એનાથી સારું કામ ન મળે ત્યાં સુધી રેંટિયો કાયમ રહેશે.[૯]

બધી બૂરાઈનું મોટામાં મોટું કારણ — એનું મૂળ — બેરોજગારી છે. જો એના નાશ કરી શકાય તો મોટા ભાગની બૂરાઈ વધારે પ્રયત્ન કર્યા વગર દૂર કરી શકાય. ભૂખે મરતા રાષ્ટ્રમાં આશા કે સૂઝ રહેતી નથી. ગંદકી અને રોગ તરફ તે ઉદાસીન બની જાય છે. બધા સુધારા વિષે એ કહે છે, 'એનાથી શો લાભ?' જીવનદાયી રેંટિયો જ કરોડો માટે નિરાશાના અંધકારને સ્થાને આશાનો પ્રકાશ લાવી શકશે.[૧૦]

રેંટિયો એ શૂન્યમાંથી સાર વસ્તુ ઉપજાવનારી ચીજ છે. કારણ જો આ પ્રયત્નથી અંતે આપણે પ્રજાના સાઠ કરોડ રૂપિયા બચાવી શકીએ — અને આ અવશ્ય થઈ શકે એવું છે — તો આપણે એક જબ્બર રકમ પ્રજાની કેળવણીમાં ઉમેરી દઈએ એ સ્પષ્ટ છે. વળી આ કામ કરવા જતાં અનાયાસે આપણાં ગામડાંઓ સુસંગઠિત થઈ જાય અને ગરીબમાં ગરીબ વર્ગોમાં જ આ આખી આવક વહેંચાઈ જતી હોવાથી પ્રજામાં આવડા વિશાળ હિસ્સાની આપોઆપ સમાન વહેંચણી થઈ જાય તે જુદું. અને આ બધી ગણતરીમાં અંતે ધનની આવી સમાન વહેંચણીની પ્રજાકીય નીતિમત્તાની દૃષ્ટિએ જે નૈતિક કિંમત છે તે ઉમેરો અને પછી

Gandhi Heritage Portal

રેંટિયાની કિંમતનો આંક મૂકો એટલે આજે રેંટિયાની હિમાયત કેટલી અગત્યની છે અને તેનો પક્ષ કેટલો જડબેસલાખ છે તે તત્કાળ સમજાશે.[૧૧]

મારા પ્રવાસોમાં મેં જોયું છે કે કાંતણ અને વણાટના ઉદ્યોગ હજારો હરિજનોને ગુજારો આપે છે, અને જો એનું યોગ્ય સંગઠન કરવામાં આવે તો ઘણા વધારેને ગુજારો આપી શકે. કેટલીક જગાએ તો એવા વણકરો મળી આવે છે જેઓ તેમના ધંધાને કારણે જ અસ્પૃશ્ય ગણાય છે. એ લોકો મોટે ભાગે સાદી ભાત વિનાની, જાડામાં જાડી ખાદી વણનારા હોય છે. આ વર્ગ મરી ફીટવાની અણી પર હતો એટલામાં ખાદી વહારે આવી, અને એમણે બનાવેલા જાડા કાપડને માટે માગ પેદા થઈ. તે વખતે માલૂમ પડયું કે સંખ્યાબંધ હરિજન કુટુંબો એવાં છે જે સૂતર કાંતીને પણ રોજી મેળવે છે. આમ ખાદી એ બે રીતે રંકની જીવાદોરી છે. રંકમાં રંકને અને રંકમાં પણ સૌથી અસહાય એવા હરિજનોને તે જિવાડે છે. હરિજનો અસહાય છે એનું કારણ એ છે કે ઘણા ધંધા જે બીજા કરી શકે છે તે હરિજન કરી શકતા નથી.[૧૨]

જેઓ બ્રહ્મચર્ય પાળવાને ઇચ્છે તેઓની પાસે હું રેંટિયો રજૂ કરું છું એ હાસ્યજનક નથી, પણ અનુભવનું વચન છે. જેને વિકારમાત્રનો ત્યાગ કરવો છે તેને શાંતિની આવશ્યકતા છે. તેનો ઉકળાટ શમી જવો જોઈએ. રેંટિયાપ્રવૃત્તિ એ એવી ધીમી અને શાંત પ્રવૃત્તિ છે કે ભાવનાપૂર્વક ચલાવનારના વિકારો તેથી શાંત થયા છે. . . વિકારનો વેગ વાયુના વેગ કરતાં પણ ચંચળ છે. તેને શમાવવા સારુ ધીરજ જોઈએ. એ ધીરજ કેળવવામાં રેંટિયો એ જબરદસ્ત સાધન થઈ પડે છે.[૧૩]

ખાદી વાટે બચાવ કરવો એટલે કરોડોનું સંગઠન, કરોડોની શક્તિનો સંગ્રહ, કરોડોમાં દેશસેવકોનું ઓતપ્રોત થવું. આવા મહાન કાર્યને સાંગોપાંગ ઉતારવું એટલે આપણને આપણી શક્તિનું ભાન થવું. ઝીણી ઝીણી ગૂંચવણો ઉકેલવાનું જ્ઞાન આપણે ન મેળવીએ, પાઈએ પાઈનો હિસાબ રાખવાનું આપણે ન શીખીએ, ગામડાંઓમાં રહેતાં આપણને ન આવડે, રસ્તામાં આવતી અનેક ખાઈઓ આપણે ન પૂરી શકીએ, અનેક ડુંગરો

Gandhi Heritage Portal

આપણે ન ખોદી શકીએ ત્યાં સુધી આ વસ્તુ અસંભવિત છે. રેંટિયો અને ખાદી એ આ શક્તિની ઉત્પત્તિનાં નિમિત્તમાત્ર છે.[૧૪]

એક એક ઉદ્યોગ લઈને તેના ગુણદોષ જોઈને અલગ કરતા જઈએ તો કરોડોને માટે સાર્વત્રિક ઉદ્યોગ કાંતવા સિવાય બીજો એકે નથી. એનો અર્થ એ નથી કે બીજા ઉદ્યોગોની કિંમત નથી અથવા નકામા છે. વ્યક્તિગત દૃષ્ટિથી તો કાંતવાના કરતાં બીજો કોઈ પણ ઉદ્યોગ વધારે રોજી આપનારો છે. ઘડિયાળ બનાવવાના ધંધામાંથી વધારેમાં વધારે પૈસા પેદા થાય અને વધારેમાં વધારે આનંદ આવે. પણ એમાં કેટલા કામે લાગી શકે? શું એમાં કરોડો ગામડિયાઓને કામે લગાડી શકાય? જો ગામડિયાઓ પોતાના ગૃહની પુનઃપ્રતિષ્ઠા કરી શકે, પોતાના બાપદાદા રહેતા તેમ રહેવા માંડે, તેઓ પોતાનો નકામો વખત કામમાં લગાડવા માંડે તો બીજા ઉદ્યોગોનો આપોઆપ ઉદ્ધાર થશે.[૧૫]

નવરચના કરવા માટે નિઃસ્વાર્થી, બુદ્ધિમાન, દેશભક્તિપરાયણ અને અનન્ય સેવાભાવથી રેંટિયાના સંદેશાને ગામેગામ ફેલાવીને ભાંગી ગયેલ ગામડાંને સજીવન કરવાના અને તેના દરિદ્રનારાયણોની નિસ્તેજ આંખોમાં અને તેમનાં હૈયાંમાં આશાના કિરણનો ઉજાસ પૂરવાના સંકલ્પવાળા હિંદીઓની સેના જોઈએ. આનું નામ જ વિશાળ પાયા પરની અને સાચા સ્વરૂપની સહકાર અને પ્રૌઢશિક્ષણ પ્રવૃત્તિ. આમાંથી રેંટિયાના મૂંગા, નિશ્ચિત અને જીવનદાયી ફેરાના જેવી જ મૂંગી અને નિશ્ચિત ક્રાંતિની નીપજ થશે.

રેંટિયા કામના વીસ વર્ષના અનુભવે મારા તરફથી રજૂ કરવામાં આવતી આ દલીલના ખરાપણા વિષે મારા અંતરમાં કશી શંકા રહેવા દીધી નથી. રેંટિયે ગરીબ મુસલમાન તેમ જ હિંદુને લગભગ સરખા જ પ્રમાણમાં ઓથ આપી છે. કશી હોહા વગર કે વાજાં વગાડ્યા વગર ગામડાંના આ લાખો કારીગરોનાં ગજવાંમાં તેણે અત્યાર લગીમાં પાંચ કરોડ રૂપિયા મૂકી દીધા છે.

તેથી જ હું વગર આનાકાનીએ કહું છું કે રેંટિયો જ બધા ધર્મોવાળી આપણી વિરાટ જનતાને સમજાય એવું સ્વરાજ અપાવશે.

Gandhi Heritage Portal

રેંટિયો જ ગામડાંઓને તેના યથાયોગ્ય સ્થાને પાછાં સ્થાપશે અને રેંટિયો જ ઊંચનીચના ભેદોને ભૂંસશે.[૧૬]

રેંટિયો દેશની બરકતનું અને દેશની મુક્તિનું ચિહ્ન છે. દુનિયાના દેશોને દ્વેષનો નહીં પણ પ્રીતિનો ને સ્વાશ્રયનો સંદેશો તેના મીઠા ગંભીર સૂરથી તે સંભળાવે છે. જગતની શાંતિમાં ભંગાણ પાડનાર દરિયાઈ કાફલાના અંગરક્ષકની તેને જરૂર નથી. કરોડોના એક એટલા દૃઢ નિશ્ચયની જ તેને જરૂર છે કે અમારા જ ઘરમાં આજે જેમ અમે અમારા કુટુંબ માટે અન્ન રાંધી લઈએ છીએ તેમ અમારા જ ઘરમાં અમે અમારા કુટુંબને માટે સૂતર કાંતી લઈશું. મારી ઘણી ભૂલચૂકોને માટે હું ભવિષ્યની પ્રજાના શાપને પાત્ર ભલે હોઉં, પણ રેંટિયાને સજીવન કરવાની સલાહ આપવા સારુ તો તેઓ મને આશિષ જ આપશે એવો મારો અચળ વિશ્વાસ છે. એના ઉપર મારું સર્વસ્વ હું વારી જાઉં છું. કેમ કે રેંટિયાને આંટે આંટે શાંતિના ને પ્રીતિના ને બંધુભાવના તાર કંતાય છે.[૧૭]

મારો એ દાવો છે કે (ખાદી અને બીજા ગ્રામઉદ્યોગોનો પુનરુદ્ધાર કરીને) આપણે એટલો વિકાસ સાધી શકીશું કે સામાન્ય લોકોના દિલમાં સાદાઈ અને સ્વદેશીનો જે આદર્શ પડેલો છે, તેને અનુરૂપ રાષ્ટ્રીય જીવનનું પુનર્નિર્માણ કરી શકીશું. પછી આપણે એવા સામ્રાજ્યવાદમાં નહીં ઘસડાઈશું કે જેનો પાયો દુનિયાની નબળી જાતિઓના શોષણ પર ચણાયેલો છે, અને ન તો એ ભૌતિકતાવાદી સંસ્કૃતિ સ્વીકારીશું કે જેની રક્ષા શાંતિપૂર્ણ જીવનને લગભગ અશકય બનાવી દેનાર નૌકાદળ અને હવાઈ દળ કરે છે. એથી ઊલટું, આપણે એ સામ્રાજ્યવાદને રાષ્ટ્રોના સંઘમાં ફેરવશું, જેમાં રાષ્ટ્રો જોડાશે તો તે દુનિયાને તેમની ઉત્તમ વસ્તુ આપવાને માટે અને જગતનાં નબળાં રાષ્ટ્રો અને જાતિઓનું, પશુબળથી નહીં પણ જાતે કષ્ટ ઉઠાવીને રક્ષણ કરવા માટે જોડાશે. આવી કાયાપલટ રેંટિયાની સંપૂર્ણ સફળતા પછી જ આવી શકે. આવો સંદેશો આપવાની હિંદની લાયકાત ત્યારે જ ગણાય જ્યારે તે પોતાની અન્ન અને વસ્ત્રની બે મુખ્ય જરૂરિયાતો પોતે પૂરી કરતું થાય, જેથી બહારના કોઈ દેશને તેના તરફ લાલચુ નજર કરવાનું કે હુમલો કરવાનું કારણ નહીં રહે.[૧૮]

Gandhi Heritage Portal

જ્યારે આપણે એક (ખાદીનો) ઉદ્યોગ સજીવન કરીશું ત્યારે બીજા બધા ઉદ્યોગો આપોઆપ એની પાછળ સજીવન થશે. હું રેંટિયાને પાયાનો ઉદ્યોગ બનાવીને તેના પર સુદૃઢ ગ્રામજીવનની રચના કરવા ઈચ્છું, રેંટિયાને મધ્યબિંદુ બનાવીને તેની આસપાસ બીજા ઉદ્યોગો વિકસે એમ હું કરું. [૧૯]

ખાદીનો આદર્શ હંમેશાં ગામડાંના ઉત્થાનના સૌથી સમર્થ સાધન-નો અને તેની મારફત જનતામાં સાચી શક્તિ નિર્માણ કરવાનો રહ્યો છે, જે આપોઆપ સ્વરાજ પ્રાપ્ત કરે. [૨૦]

મારો અનુભવ મને એમ કહે છે કે, શહેરો અને ગામડાં બંનેમાં ખાદી સાર્વત્રિક કરવા માટે સૂતરના બદલામાં જ ખાદી મળવી જોઈએ. વખત જતાં લોકો પોતે જ સૂતરના ચલણ મારફત ખાદી ખરીદવાનો આગ્રહ રાખશે એવી હું આશા રાખું છું. પણ જો એમ નહીં થયું અને લોકો મન વિના સૂતર પેદા કરશે તો મને ડર છે કે, અહિંસા મારફત સ્વરાજ મેળવવાનું અશક્ય બનશે.

એ નક્કી છે કે, મિલો અને શહેરોની સંખ્યા વધવાથી હિંદુસ્તાનના કરોડો લોકોની સમૃદ્ધિમાં ઉમેરો નહીં થાય. ઊલટું, એથી બેકારોની ગરીબીમાં વધારો થશે અને ભૂખમરાને કારણે થતા બધા રોગો વધશે. આ દશા શહેરમાં રહેનારાઓ શાંત ચિત્તથી જોઈ શકે તો કશું વધુ કહેવાનું રહેતું નથી. એવી સ્થિતિમાં હિંદુસ્તાનમાં સત્ય અને અહિંસાનું નહીં પણ હિંસાનું રાજ્ય હશે. અને આપણે કબૂલ કરવું જોઈશે કે, એમાં સ્વાભાવિકપણે જ ખાદીને સ્થાન નહીં હોય. પછી તો લશ્કરી તાલીમ બધા માટે ફરજિયાત હશે. પણ આપણે કરોડો ભૂખ્યા લોકોની દૃષ્ટિએ જ વિચારવું જોઈએ. તેમને બેઠા કરવા હોય, તેમને જિવાડવા હોય તો રેંટિયાને મધ્યવર્તી પ્રવૃત્તિનું સ્થાન આપવું જોઈએ અને લોકોએ સ્વેચ્છાએ કાંતવું જોઈએ. [૨૧]

આપણા કામનો આરંભ બહુ નાના પાયા પર થયો હતો. મેં રેંટિયાનું કામ શરૂ કર્યું ત્યારે મારી સાથે વિઠ્ઠલદાસભાઈ અને થોડી

Gandhi Heritage Portal

બહેનો હતી. એમને હું મારી વાત સમજાવી શક્યો હતો. મગનલાલભાઈ વગેરે બીજા પણ હતા. તેઓ ક્યાં જવાના હતા, એમને તો મારી સાથે જીવવાનું ને મારી સાથે મરવાનું હતું. આજે કરોડ બે કરોડ માણસો રેંટિયાની અસર નીચે આવી ગયાં છે. રેંટિયામાં સ્વરાજ્ય મેળવવાની શક્તિ છે, એવું આપણે આજ સુધી કહેતા આવ્યા છીએ. રેંટિયા દ્વારા આટલાં વર્ષોમાં ગામડાના લોકોને ઘણા પૈસા પહોંચાડી શક્યા છીએ. શું આજે પણ આપણે કહી શકીએ છીએ કે રેંટિયા વગર સ્વરાજ્ય નહીં આવે? જ્યાં સુધી આપણે આપણો આ દાવો સિદ્ધ નહીં કરી શકીએ ત્યાં સુધી રેંટિયો આપણે માટે લાચાર માણસનો આધાર માત્ર બની જાય છે. એ મુક્તિમંત્ર બનતો નથી.

બીજી વાત એ છે કે આપણે આપણી આ વાત કરોડોને સમજાવી શક્યા નથી. આજે એ કરોડોને ન તો રેંટિયા વિષે કાંઈ જિજ્ઞાસા છે કે ન જ્ઞાન. કૉંગ્રેસે રેંટિયો અપનાવ્યો ખરો પણ શું તેણે એ પોતાની ખુશીથી અપનાવ્યો છે? નહીં. એ તો રેંટિયાને મારી ખાતર સહન કરે છે. સમાજવાદીઓ તો એની હાંસી કરે છે. એની વિરુદ્ધ એમણે વ્યાખ્યાન પણ આપ્યાં છે, અને ઘણું લખ્યું પણ છે. એનો પ્રત્યક્ષ જવાબ આપણી પાસે નથી. હું એમને કેવી રીતે ખાતરી કરી આપું કે રેંટિયા દ્વારા સ્વરાજ્ય પ્રાપ્ત થઈ શકે છે. આટલા વર્ષોમાં તો એ દાવો હું સિદ્ધ નથી કરી શક્યા.

હવે ત્રીજી વાત. અહિંસા કોઈ આકાશની વસ્તુ નથી. એ જો આકાશની વસ્તુ હોય તો તે મારા કામની નથી. હું ધરતીમાંથી આવ્યો છું અને એમાં જ મળી જવાનો છું. જો અહિંસા સાચેસાચ કોઈ વસ્તુ છે તો હું એનું દર્શન આ ધરતી પર, મારા જીવન દરમ્યાન જ કરવા ઈચ્છું છું, અને એ અહિંસા કરોડો લોકો જેનું પાલન કરી શકે તેવી હોવી જોઈએ. એ અહિંસા જે સમાજમાં કોમળતા આદિ ગુણો પડેલા છે ત્યાં નહીં તો બીજે ક્યાં હશે?

હિંસાવાદીને ઘેર જાઓ તો જોશો કે ક્યાંક વાઘનું ચામડું ટાંગેલું છે તો ક્યાંક હરણનાં શિંગડાં, દીવાલ પર તલવાર ને બંદૂક છે. હું વાઈસરૉયને ઘેર ગયો છું; મુસોલિનીને ઘેર પણ મને લઈ ગયા હતા.

Gandhi Heritage Portal

ત્યાં મેં ચારે બાજુ શસ્ત્રો ટિંગાડેલાં જોયાં. મને શસ્ત્રોનો સલામી અપાઈ. કારણ એ જ એમનું પ્રતીક છે.

એવી જ રીતે આપણે માટે અહિંસાનું પ્રત્યક્ષ દર્શન કરાવનારું પ્રતીક રેંટિયો છે. પણ આપણે એવું કાર્ય કરી બતાવીએ ત્યારે જ એ સિદ્ધ થાયને? મુસોલિનીના દરબારમાં તલવાર હતી તે કહેતી હતી—જો તું મને અડકશે તો હું કાપી નાખીશ. એમાં હિંસાનું પ્રત્યક્ષ દર્શન થાય છે. તે કહે છે—મને અડકો અને મારો પ્રતાપ જુઓ. એવી જ રીતે આપણે રેંટિયાનો પ્રતાપ સિદ્ધ કરવો જોઈએ કે રેંટિયાના દર્શન માત્રથી અહિંસાનું દર્શન થવું જોઈએ. પરંતુ આજે આપણે કંગાળ બની ગયા છીએ. સમાજવાદીઓને શો જવાબ આપીએ? એ લોકો કહે છે કે, આટલાં વર્ષોથી રેંટિયાનું રટણ કરીને તમે કઈ સિદ્ધિ મેળવી?

મુસલમાનોના વખતમાં પણ રેંટિયા ચાલતા હતા. તે દિવસોમાં ઢાકાની મલમલ બનતી હતી. પણ ત્યારેય રેંટિયો કંગાલિયતની જ નિશાની હતો, અહિંસાની નિશાની નહોતો. બાદશાહો સ્ત્રીઓ પાસે અને નીચામાં નીચા વર્ગનાં માણસો પાસે વેઠ કરાવતા હતા. ત્યાર પછી ઈસ્ટ ઇંડિયા કંપનીએ પણ તેમ જ કર્યું. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ વેઠની વાતનો ઉલ્લેખ છે. ત્યારથી જ રેંટિયો હિંસા અને જોર-જબરજસ્તીનું પ્રતીક બન્યો હતો. રેંટિયા ચલાવનારને મુઠ્ઠીભર અનાજ કે બે દમડી મળતી હતી. પણ તેમના સૂતરની મલમલ ગજની ગજ પહેર્યા છતાં પણ બાદશાહોની બેગમો વસ્ત્રરહિત દેખાતી એટલી બારીક હતી.

પરંતુ તમને મેં જે રેંટિયો આપ્યો છે તે અહિંસાના પ્રતીક તરીકે આપ્યો છે. જો આ વાત આ પહેલાં મેં તમને ન કહી હોય તો તે મારી ભૂલ છે. હું પાંગળો છું, ધીરે ધીરે ચાલનારો છું. તોપણ હું માનું છું કે આજ સુધી જે કામ થયું છે તે નકામું નથી ગયું.

હવે ચોથી વાત. રેંટિયા વગર સ્વરાજ્ય નહીં મેળવી શકાય એ વાત આપણે સાબિત કરી નથી. કૉંગ્રેસવાળાઓને આ વાત નહીં સમજાવી શકો ત્યાં સુધી એ સાબિત નહીં કરી શકાય. રેંટિયો અને કૉંગ્રેસ એ એકબીજાના પર્યાયવાચી શબ્દો બનવા જોઈએ.

અહિંસાની શ્રેષ્ઠતા સાબિત કરવાનું કામ અઘરું છે. જ્યાં સુધી

Gandhi Heritage Portal

આપણે એનો મર્મ સમજીએ નહીં ત્યાં સુધી એની સચ્ચાઈ આપણા ધ્યાનમાં આવવાની નથી. આજ સુધી આ વાતનું હું સમર્થન કરતો આવ્યો છું. જગત મારી પરીક્ષા કરશે. જો મારી આ રેંટિયાની વાતમાં તે મારી મૂર્ખતા સિદ્ધ કરે તો ભલે કરે; પણ જે રેંટિયો સૈકાઓ સુધી કંગાલિયત, લાચારી, જુલમ અને વેઠનું પ્રતીક હતો તેને આપણે આધુનિક જગતની સૌથી મોટી અહિંસક શક્તિ, સંગઠન અને અર્થ-વ્યવસ્થાનું પ્રતીક બનાવવાનું બીડું ઝડપ્યું છે. અને આ બધું હું તમારી મારફત કરવા માગું છું.

આ બધી વાતો સાંભળ્યા પછી પણ જો તમે માનતા ન હો કે રેંટિયામાં સ્વરાજ્ય મેળવવાની શક્તિ છે તો તમે મને છોડી દેજો. આમાં તમારી પરીક્ષા છે. શ્રદ્ધા ન હોવા છતાં બતાવશો અને મને છેતરશો તો દેશનું ઘણું અકલ્યાણ કરશો. મારા અંતિમ દિવસોમાં તમે મને છેતરો નહીં, એવી મારી તમને નમ્ર પ્રાર્થના છે.

જો આજ સુધીની કાર્યપ્રણાલીમાં દોષ રહ્યો હોય તો એને માટે જવાબદાર હું છું. કારણ કે આ બધું જાણવા છતાં પણ હું એનો પ્રમુખ રહ્યો છું. પરંતુ આપણે હવે ગઈગુજરી ભૂલી જઈએ. શું આજે આપણે સાચા દિલથી માનીએ છીએ કે રેંટિયો અહિંસાનું પ્રતીક છે? એવું માનનારા આપણામાં કેટલા છે?

આ જે આપણો ત્રિરંગી ઝંડો છે, એ શું છે? અમુક ગજ પહોળો અને અમુક ગજ લાંબો એક ખાદીનો ટુકડો જ છે ને? એને બદલે તમે બીજો પણ ચઢાવી શકો. પરંતુ એમાં ભાવના છે, એણે ભાવના પેદા કરી છે. એ સ્વરાજ્યનું પ્રતીક છે, કોમી એકતાનું પ્રતીક છે, એને આપણે ભૂલીશું નહીં. એને માટે આપણે મરવા તૈયાર છીએ. એવી જ રીતે અહિંસાનું પ્રતીક આ રેંટિયો છે.

આ રેંટિયાને નામે મારા વિચારનો ધોધ તમારી પાસે વહી રહ્યો છે. એને સ્વાવલંબન કહો કે બીજું કાંઈ કહો. રાષ્ટ્રીય સંગઠન અને સ્વાવલંબનને નામે ખુદ પશ્ચિમના દેશોમાં અને એ દેશો તરફથી કરોડોનું રક્તશોષણ થઈ રહ્યું છે. આપણું સ્વાવલંબન એવું નથી. આ તો શોષણમાંથી અને જબરજસ્તીમાંથી છૂટવાનો માર્ગ છે.


Gandhi Heritage Portal

મારે શબ્દો સાથે સંબંધ નથી, વસ્તુ સાથે છે. છતાં શબ્દોમાં ચમત્કાર ભરેલો હોય છે. શબ્દો ભાવનાને દેહ આપે છે, અને ભાવના શબ્દોની મદદથી સાકાર બને છે.

આપણા ધર્મમાં સાકાર-નિરાકારનો ઝઘડો હંમેશાં ચાલતો આવ્યો છે. સાકારવાદીઓ સગુણ ભક્તિને શ્રેષ્ઠ માને છે. એ ભાવના અનુસાર જો અહિંસાની ઉપાસના કરવી હોય તો રેંટિયાને એની સાકાર મૂર્તિ – એનું પ્રતીક – માનીને એને આંખ સામે રાખવું જોઈએ. હું અહિંસાનું દર્શન કરવા માગું છું ત્યારે મને રેંટિયાનું દર્શન થાય છે. જે નિરાકારવાદી છે તે તો કહેશે કે કૃષ્ણ કોણ છે? એ તો પહાડોની ટોચ પર અને આકાશનાં વાદળાં પર ચાલવાવાળો છે. આપણે ધરતી પર ચાલવાવાળા છીએ. આપણે આપણી મર્યાદા સમજીને જે વસ્તુ આપણે માટે સાકાર ઈશ્વરનું – આપણી અમૂર્ત શ્રદ્ધાનું અને ભાવનાનું – પ્રતીક બને તેવી હોય તેને પસંદ કરીએ છીએ. તમે આ સત્યનું દર્શન કરી શકશો તો હું રેંટિયા પર આટલો ભાર શા માટે મૂકું છું તે સમજી જશો. જાજૂજી સાથે પણ મેં આટલી દૃઢતાથી પહેલાં કદી વાત કરી નહોતી. જેરાજાણી કહે છે કે હું ઉતાવળ કરી રહ્યો છું. પરંતુ રેંટિયાની મારી ઉપાસનાની પાછળ જે ભાવના છે એને પોતાના દિલમાં સ્થાન આપ્યા વગર સો વર્ષે પણ અહિંસાનું દર્શન થવાનું નથી. મને રેંટિયામાં અહિંસાની શક્તિનું જે દર્શન થયું છે તે તમે જ્યારે મારા જેવું હૃદય લઈને એની પાસે જશો, એને ચલાવશો ત્યારે જ થશે ને? એથી જ કહું છું કે કાં તો મને છોડી દો અથવા મને સાથ આપો. જો મારી સાથે ચાલવા માગતા હો, તો હું તમને યોજના આપીશ, બધું જ કરીશ. જો હજી તમે બધા સમજ્યા ન હો તો આખો દિવસ તમારી સાથે બેસીશ. સમજ્યા વગર કહેશો કે સમજી ગયા તો છેતરાશો અને છેતરશો. આપણે કાંઈ શંભુ-મેળો ભેગો કર્યો નથી. આપણે એવા પામર થોડા જ થઈ ગયા છીએ કે લૂખા-સૂકા ટુકડા માટે પડી રહીશું? દેશમાં ઢગલાબંધ સેવાનું કામ પડયું છે. મારી શ્રદ્ધા મને ઊંચે લઈ જશે, તમને નહીં. એટલા માટે ભ્રમમાં ન રહેશો. મને મારો રસ્તો કાપવા દો. જો એમ સાબિત થશે કે હું ભ્રમમાં રહ્યો, મારી રેંટિયા વિષેની માન્યતા નરી મૂર્તિપૂજા હતી,

Gandhi Heritage Portal

તો કાં તો તમે એ જ રેંટિયાના લાકડાથી મને બાળશો, અથવા તો હું જ જાતે એ રેંટિયાને મારે હાથે બાળીશ.

જો ચરખા સંઘ બંધ જ થવાનો હોય તો આપણે હાથે જ એને બંધ કરી દઈએ. સૂરજનો ઉદય થતાં ઝાકળબિંદુઓ નાશ પામે છે તેમ બધી મુશ્કેલીઓ આપોઆપ દૂર થશે. પછી જે રેંટિયાએ આપણને મૂંઝવણમાં નાખ્યા છે, તે થોડાક લોકોના હાથમાં રહી જશે. અને ત્યારે તેમના હાથમાં તે મોટું શસ્ત્ર પણ થઈ પડે. જો તમે એને મૂર્ખાઈભરી ચીજ માનતા હો તો હું એક મૂર્ખતાસંઘ ચલાવવા અને હિંદુસ્તાનને નીચે પાડવા નથી માગતો. જો તમે આ રેંટિયામાંથી અહિંસાનું દર્શન કરાવી શકશો તો તમારો રેંટિયો ફક્ત ચાલવા જ નહીં પણ દોડવા લાગશે. પછી તેને જીવતો રાખવાની ચિંતા તમારે કરવાની નહીં રહે.

હું ફરીથી કહું છું કે કાં તો મારો સાથ તમે છોડી દો અથવા નવી વસ્તુ અપનાવીને મારી સાથે ચાલો. બે વર્ષની તપશ્ચર્યા પછી આ નવી ચીજ લઈને હું આવ્યો છું. એ તમને આપી શકીશ કે નહીં, એની મને ખબર નથી. પરંતુ આપવાની કોશિશ તો કરી જ રહ્યો છું. હવે મને સાથ આપવાનું તમારે માટે અઘરું થતું જાય છે. જો તમને સમજાવી શક્યો હોઉં તો એક કામ કરો. જેઓ મારી સાથે રહેવા માંગતા હોય તેઓ મને લખી આપો કે આજથી રેંટિયાને અમે અહિંસાનું પ્રતીક માનીએ છીએ. આજે તમારે નિર્ણય કરી લેવાનો છે, જો તમે રેંટિયાને અહિંસાનું પ્રતીક ન માનતા હો, ન માની શકતા હો, છતાં મને સાથ આપતા રહેશો તો તમે પોતે મુશ્કેલીમાં મુકાશો જ અને મને પણ ડુબાડશો.[૨૨]

ખાદીનો એક યુગ પૂરો થયો. ગરીબોના લાભને માટે ખાદીએ કાંઈક મેળવ્યું છે. હવે આપણે બતાવવાનું છે કે ગરીબો સ્વાવલંબી કેવી રીતે થઈ શકે, ખાદી કેવી રીતે અહિંસાનું પ્રતીક બની શકે, એ આપણું સાચું કામ છે. એને વિશેની આપણી શ્રદ્ધાનું પ્રત્યક્ષ પ્રમાણ આપવું જોઈશે.[૨૩]

Gandhi Heritage Portal

મેં જોયું કે જ્યાં સુધી આપણે ચરખાનો સંદેશો ઘેરઘેર ન પહોંચાડીએ ત્યાં સુધી આપણું કામ અધૂરું જ છે.[૨૪]

આપણે સૌ એમ જ માનીએ કે રેંટિયો જ અન્નપૂર્ણા છે. જો ચાળીસ કરોડ જનતા એ સમજી જાય તો પછી રેંટિયાની પ્રવૃત્તિને માટે એક કોડી પણ ખર્ચવાની જરૂર નથી. તો પછી સલ્તનત તરફથી નીકળનારાં ફરમાનોથી ડરવાનું કાંઈ કારણ નથી. તેમ જ ધનિકોના મોઢા સામે તાકી રહેવાની પણ જરૂર નથી. આપણે પોતે જ કેન્દ્ર બની જઈશું અને લોકો દોડતા દોડતા આપણી પાસે આવશે. કામ શોધવા માટે પણ આમને બીજે જવું નહીં પડે. દરેક ગામડું આઝાદ હિંદુસ્તાનનું એક એક ચક્રબિંદુ બની જશે. મુંબઈ, કલકત્તા જેવાં શહેરોથી નહીં પરંતુ સાત લાખ ગામડાંઓમાં, ચાળીસ કરોડ જનતાથી આઝાદ હિંદુસ્તાન ઓળખાશે. પછી હિંદુ-મુસલમાનનો પ્રશ્ન, અસ્પૃશ્યતાની સમસ્યા, ટંટાફિસાદ, ગેરસમજૂતીઓ, હરીફાઈ વગેરે રહેશે નહીં. આ જ કામને માટે સંઘની હસ્તી છે. એને માટે જ આપણે જીવવાનું છે અને મરવાનું પણ છે.[૨૫]

પહેલું સ્થાન રેંટિયાનું છે. એની સાધનામાંથી જ ગ્રામોદ્યોગ, નઈ તાલીમ વગેરે બીજી ચીજો પેદા થઈ છે. જો આપણે રેંટિયાને બુદ્ધિપૂર્વક ગ્રહણ કરીશું તો ગામડાંઓને ફરીથી જીવતાં કરી શકીશું.[૨૬]

રેંટિયામાં સ્વરાજ મેળવવાની શક્તિ છે, એવું આપણે આજ સુધી કહેતા આવ્યા છીએ. રેંટિયા દ્વારા આટલાં વર્ષોમાં ગામડાંના લોકોને ઘણા પૈસા પહોંચાડી શક્યા છીએ. શું આજે પણ આપણે કહી શકીએ છીએ કે રેંટિયા વગર સ્વરાજ્ય નહીં આવે? જ્યાં સુધી આપણે આપણો આ દાવો સિદ્ધ નહીં કરી શકીએ ત્યાં સુધી રેંટિયો આપણે માટે એક લાચાર માણસનો આધાર માત્ર બની જાય છે. એ મુક્તિમંત્ર બનતો નથી.[૨૭]

એકલી ખાદી ગામડાંઓની ઉન્નતિ નહીં કરી શકે. આખા ગ્રામજીવનને, બધા ગ્રામોદ્યોગોને જીવંત કરીને જ ગ્રામવાસીઓને

Gandhi Heritage Portal

આપણે ઉદ્યમશીલ બનાવી શકીશું. અને ત્યારે જ ગામડાંની ઉન્નતિ થશે.[૨૮]

ખાદી કેવળ રોજી આપવાવાળો એક ઉદ્યોગ છે એ ખ્યાલ તો આપણે છોડી દેવો જોઈએ.[૨૯]

આજે લોકોને આળસના રોગમાંથી છોડાવવા માટે ખાદી એક મોટું સાધન છે. જનતામાં સ્વરાજ્યની શક્તિ પેદા કરનારી એ ચીજ છે. બીજી વસ્તુઓને પણ એવી જ શક્તિ પેદા કરનારી બનાવી દઈશું. ત્યારે જ ગામડું સ્વાવલંબી બનશે.[૩૦]

ખાદીનું સ્થાન સંકટનિવારણના સાધન તરીકે હંમેશને માટે છે એટલું તો તમે પણ બતાવી શકો. એ સ્થાન તો મટવાનું નથી, પરંતુ, આપણે જે સિદ્ધ કરવાનું છે તે તો છે ખાદીના અર્થશાસ્ત્રની અનિવાર્યતા.[૩૧]

(રેંટિયા જયંતીની) ખરી ઉજવણી તો ત્યારે જ ગણાશે, જ્યારે ઘેર ઘેર સ્વતંત્રતા અને અહિંસાના પ્રતીક રૂપે રેંટિયો ગુંજન કરે. થોડી ગરીબ બહેનો, ભલે એક કરોડ બહેનો, બે પૈસા મેળવવા કાંતતી હોય, તેને સારુ ઉજવણી શી? એમાં મહાભારત કામ શું થયું? એવું તો જુલમગાર રાજમાં પણ થઈ શકે, મૂડીવાદમાં તો એવું દૃશ્ય હોય જ. અબજપતિના વૈભવને સહ્ય કરવા સારુ ગરીબોને દાન હોય જ. ભલે તે દાન કંઈક મજૂરીનું રૂપ લે.

ઉજવણી તો જ દીપે, જ્યારે ધનિક ગરીબ બધા સમજે કે, ઈશ્વરે બધાને એકસરખા ગણાવા પેદા કર્યા છે, બધાને ઉચ્ચસ્થાન ભોગવવા સારુ મજૂરી કરવાની છે અને બધાની સ્વતંત્રતાની રક્ષા દારૂગોળો નહીં કરે, સૂતરના ગોળા કરશે; હિંસા નહીં, પણ અહિંસા કરશે.[૩૨]

દેશી અને પરદેશી બન્ને જાતના મિલના કાપડની કિંમત લગભગ ત્રણસો કરોડ રૂપિયા થવા જાય છે. આ ત્રણસો કરોડની કિંમતનું કાપડ અહીં હિંદુસ્તાનનાં ગામડાંઓમાં આપણે હાથે જ આપણે પેદા કરી

Gandhi Heritage Portal

લઈએ, તો હિંદને કેટલી સંપત્તિ મળે, તેનો તમે સૌ વિચાર કરો ને સમજો. આ કામમાં આપણે માટે ખાસી સોનાનાં નાણાંની ટંકશાળ પડેલી છે, અને સૌ લોકો જો ખાદી વાપરતા થઈ જાય, તો આપણાં ગામડાંઓ અણદીઠ ઊંચાઈએ ચડી જાય. આજે આપણી જનતા સાવ ગરીબીમાં સબડે છે, ને તેની આંખોમાં બુદ્ધિ કે આશાની ચમક દેખાતી નથી. કાંતનારાઓના શુદ્ધ હાથોથી તેમને માટે એ ચમત્કાર નીપજી શકે તેવો છે અને તેમાં સૌ કોઈ મદદ કરી શકે છે. ખાદી જાડી ને ખરબચડી હશે, તોપણ તેમાં રહેલી સુંદરતા જોવાને તમારે સમભાવવાળું હૃદય અને સમજવાળી આંખ કેળવવી જોઈશે. પછી સાચા અર્થમાં જે કદી તમારી નગ્નતાને ઢાંકી શકતું નથી, તે મિલના ઝીણા ને સુંવાળા કાપડના મોહમાં તમે નહીં ફસાઓ. તમારી નગ્નતા ઢાંકવાનો અને આપણા દેશમાંથી ભૂખમરાને હાંકી કાઢવાનો એકમાત્ર ઈલાજ તમારું અનાજ જાતે પકવી લેવાનો અને તમારું કાપડ તમારે હાથે તૈયાર કરી લેવાનો છે. આ અત્યંત સુખદ સિદ્ધિ આપણે મેળવી લઈએ, તો આખી દુનિયાની નજર હિંદુસ્તાન તરફ વળશે.[૩૩]

અહીં જે રેંટિયાવર્ગ પુરબહારમાં ચાલે છે, તેની આગળ મારે મન બીજું બધું ચેતન વગરનું ને મંદ લાગે છે. કેમ કે, તેમાં રેંટિયા પર ખેંચાતા એકેએક તારમાં મને મારો રામ રમતો દેખાય છે. મને તેમાંથી સ્વરાજનાં દર્શન થાય છે. ચાળીસ કરોડ હાથોએ કાંતેલા સૂતરના તારના સામર્થ્ય ને પ્રભાવનો હું ખ્યાલ કરું છું, ત્યારે મારું દિલ આનંદથી ઊભરાઈ જાય છે. પણ તમે હસશો ને કહેશો કે, જવા દો એ વાત! વીસ કરોડ હિન્દીઓ કાંતવા માંડે, એ બનવાનું જ નથી! પણ આ શક્યતા માનવાનો ઈન્કાર કરીને આપણે આપણું અજ્ઞાન નથી બતાવતા? આપણી શ્રદ્ધાની ખામી નથી સાબિત કરતા? આપણી આખી વસ્તીમાંથી અર્ધા ભાગની સંખ્યા રોજ એક કલાક કાંતે, એવી અપેક્ષા રાખવામાં શું કંઈ અસંભવિત છે? આપણી માતૃભૂમિને કાજે આટલો ત્યાગ કરવાની પણ આપણી તૈયારી કે શક્તિ ન હોય, તો આપણે તેને વિષેના પ્રેમની જે વાતો ઠોકીએ છીએ, તેમાં શો અર્થ છે?[૩૪]

Gandhi Heritage Portal

## ૨૦

# બીજા ગ્રામોદ્યોગો

### ગ્રામોદ્યોગ શા માટે?

૧૯૨૦માં હું સ્વદેશીની પ્રવૃત્તિનું પગરણ માંડવાની તૈયારી કરી રહ્યો હતો તેવામાં મારે ફાઝલભાઈની સાથે વાત થયેલી. એ ચતુર રહ્યા એટલે મને કહ્યું, 'તમે મહાસભાવાદીઓ અમારા માલની જાહેરાત કરનાર એજંટ બનશો તો અમારા માલના ભાવ વધારવા ઉપરાંત દેશને બીજો કશો લાભ તમે નહીં કરી શકો.' એમની દલીલ સાચી હતી. પણ મેં એમને કહ્યું કે, 'હું તો હાથે કાંતેલીવણેલી ખાદીને ઉત્તેજન આપવાનો છું. એ ઉદ્યોગ પડી ભાગ્યા જેવો છે, પણ જો કરોડો ભૂખે મરતાં બેકાર માણસોને કંઈક ઉદ્યમ આપવો હોય તો એ ઉદ્યોગને સજીવન કર્યે જ છૂટકો છે.' એ સાંભળીને તેઓ શાંત થયા.

પણ ખાદી એ કંઈ એક જ એવો જીવવાને ફાંફાં મારતો મૃતપ્રાય ઉદ્યોગ નથી. તેથી મારી સૂચના તમને એ છે કે જેટલા નાના ગામઠી ઉદ્યોગોને આજે પ્રજાના ઉત્તેજનની જરૂર હોય તે બધા તરફ તમારે લક્ષ આપવું ને એનું કામ હાથમાં લેવું. એમને ટકાવી રાખવાને ને ઉત્તેજન આપવાને કંઈ પ્રયત્ન નહીં થાય તો એનો નાશ થઈ જશે. આજે મોટા પાયા પર ચાલતા ઉદ્યોગો પોતાના માલનો બજારોમાં ધોધ વહેવડાવી રહ્યા છે ને આ નાના ઉદ્યોગોમાંના કેટલાકને હઠાવી રહ્યા છે. તમારી મદદની ખરેખરી જરૂર તો એ નાના ઉદ્યોગોને છે.[૧]

આપણે નાના પાયા પર ચાલતા ઉદ્યોગોને મદદ કરીએ તો રાષ્ટ્રીય સંપત્તિમાં ઉમેરો થાય એ વિષે મારા મનમાં તલભાર શંકા નથી. આ ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપવું ને તેને સજીવન કરવા એ જ સાચું



Gandhi Heritage Portal

સ્વદેશી છે. એ વિષે પણ મને કશો સંશય નથી. મૂંગાં કરોડોને મદદ કરવાનો એ જ એક રસ્તો છે. પ્રજાની સર્જનશક્તિ ને કળા કારીગરીના વિકાસનાં દ્વાર એ રીતે જ ખૂલે એમ છે. દેશમાં જે સેંકડો જુવાનો બેકાર પડ્યા છે તેમને પણ એ વાટે કંઈક ઉપયોગી વ્યવસાય મળી રહેશે. આપણી જે શક્તિ અત્યારે વેડફાઈ રહેલી છે તે બધીનો એ કામમાં ઉપયોગ કરી શકાશે. જેઓ અત્યારે બીજા ઉદ્યોગધંધા કરીને વધારે કમાણી કરતા હોય તેવા કોઈએ એ ધંધા છોડીને નાના ઉદ્યોગો કરવા મંડી જવું એવું હું કહેવા માગતો નથી. રેંટિયાને વિષે મેં કહેલું તેમ આને વિષે પણ હું એમ જ કહું છું, કે જેઓ બેકારી ને દારિદ્ય ભોગવતા હોય તેઓ આમાંનો કોઈ ઉદ્યોગ હાથમાં લે અને પોતાની જૂજ જેવી આવકમાં ઉમેરો કરે.

આ ઉપરથી જોઈ શકાશે કે હું તમને તમારી પ્રવૃત્તિમાં જે ફેરફાર કરવાનો સૂચવું છું તેમાં મોટી મિલોના ઉદ્યોગોના હિત જોડે કોઈ પણ જાતનું ઘર્ષણ રહેલું નથી. હું તો આટલું જ કહેવા ઈચ્છું છું કે તમે રાષ્ટ્રીય સેવકો તમારી પ્રવૃત્તિ કેવળ નાના ઉદ્યોગો પૂરતી જ મર્યાદિત રાખો અને મોટા ઉદ્યોગો આજ સુધી પોતાની સંભાળ પોતે લેતા આવ્યા છે એમ એમને લેવા દો. મારી કલ્પના તો એવી છે કે નાના ગૃહઉદ્યોગો મોટા મિલઉદ્યોગને હઠાવીને તેની જગા નહીં લે, પણ તેમાં પૂર્તિ કરશે.[2]

કાપડની, ખાંડની અને ચોખાની મિલોને આપણી મદદની જરૂર ન હોય; પણ જો અણમાગી મદદ આપણે આપવા જઈએ તો રેંટિયો, હાથસાળ અને ખાદીને, ગામડાંમાં ચાલતા ગામઠી કોલુને, જીવક અને પોષક તત્ત્વોથી ભરેલા ગોળને તથા એવાં જ તત્ત્વોથી ભરેલા હાથે ખાંડેલા ચોખાનો બહિષ્કાર કરીએ છીએ. એટલે આપણી ફરજ છે કે રેંટિયો-સાળ, ગામઠી કોલુ, અને ગામઠી ખાંડણિયાને સજીવન કેવી રીતે રાખી શકાય તેની આપણે બરોબર તપાસ કરવી જોઈએ અને એમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓનો જ પ્રચાર કરીને, તેના ગુણો પ્રગટ કરીને, તેમાં રોકાયેલા કામ કરનારાઓની સ્થિતિ તપાસીને, અને મિલોમાંથી બેકાર થઈ પડેલા

Gandhi Heritage Portal

કારીગરોની સંખ્યાની ગણતરી કરીને અને એ ગામઠી સાધનોને ગામઠી રાખીને તેમાં સુધારો કરવાની રીત શોધીને, મિલોની હરીફાઈ સામે ટક્કર ઝીલવાને તેમને મદદ કરવી જોઈએ. એ ગ્રામઉદ્યોગો વિષે આપણે કેવી ભયંકર અને અક્ષમ્ય બેદરકારી બતાવી છે! આમ એ ઉદ્યોગોને સજીવન કરવાના પ્રયાસમાં કાપડ કે ખાંડ, ચોખાની મિલની સામે વિરોધ નથી રહેલો. પરદેશી કાપડ, પરદેશી ખાંડ કે પરદેશી ચોખાના કરતાં તો મિલનાં છતાં આપણા દેશમાં બનતાં કાપડ, ખાંડ અને ચોખા જ વાપરવાં જોઈએ; જો પરદેશીના હુમલા સામે ઊભા રહેવાની તેની શક્તિ ન હોય તો તેને પૂરેપૂરી મદદ મળવી જોઈએ. પણ એવી મદદની જરૂર એ માલને આજે નથી. પરદેશી માલની સામે દેશી માલ બરોબર ટક્કર ઝીલી રહ્યો છે. જરૂર તો આજે ગ્રામઉદ્યોગોને રક્ષણ આપવાની છે, ગ્રામઉદ્યોગોમાં પડેલા રહ્યાસહ્યા કામ કરનારાઓને રક્ષણ આપવાની છે, અને પરદેશી કે સ્વદેશી મિલના હુમલાથી તેમને બચાવવાની છે. સંભવ એ છે કે ખાદી, ગોળ અને હાથે ખાંડેલા ચોખા મિલના એ જ માલ કરતાં ઊતરતા હોય અને તેથી તે તેની સામે ટકી નથી શકતા.

પણ ખરી વાત એ છે કે ખાદીના ઉદ્યોગ વિષે જેટલી શોધખોળ થઈ છે તેટલી ગોળ અને હાથે ખાંડેલા ચોખાના ઉદ્યોગ પાછળ રહેલા હજારો કામ કરનારાઓની સ્થિતિ વિષે નથી થઈ.[૩]

મેં મોટા પાયા પર ચાલતા સંગઠિત ઉદ્યોગોને બાતલ કર્યા છે એનું કારણ એ નથી કે એ સ્વદેશી નથી; પણ એમને ખાસ મદદની જરૂર નથી. એ પોતાના પગ પર ઊભા રહી શકે એમ છે, અને અત્યારની જાગૃતિની દશામાં તો એના માલનો ઉઠાવ સહેલાઈથી થાય એવો છે.[૪]

આ બધાનો સાર એ છે કે ગામડાંમાં બનતી હોય એવી જ ચીજો આપણે ખરીદવી ને એટલી જ વાપરીને ચલાવવું. એ ચીજોની બનાવટ અણઘડ પણ હોય. એ લોકોને એમની કારીગરીમાં સુધારા કરવાને આપણે સમજાવી જોવા. પરદેશી ચીજો કે શહેરોમાં એટલે કે મોટાં કારખાનાંમાં બનતી ચીજો ચડિયાતી હોય એટલા માટે ગામડાંની ચીજો ફેંકી દેવી કે

Gandhi Heritage Portal

એની સામે જ ન જોવું એ બરાબર નથી. બીજા શબ્દોમાં કહીએ તો ગ્રામવાસીમાં જે કલા ને સર્જનશક્તિ રહેલી છે તેને આપણે જાગ્રત કરવી જોઈએ. આપણે માથે એમનું જે દેવું છે તે કંઈક અંશે પણ ફેડવાનો આ એક જ રસ્તો છે. આવા પ્રયત્નમાં આપણને કદી પણ સફળતા મળશે કે નહીં એ વિચારથી આપણે ભડકી જવાની જરૂર નથી. આપણા જમાનામાં જ આપણે એવા પ્રસંગો યાદ કરી શકીએ છીએ કે જ્યારે અમુક કામ રાષ્ટ્રની પ્રગતિને માટે થવું જ જોઈએ એમ જાણ્યા પછી આપણે વિઘ્નોથી અને મુસીબતોથી ડર્યા કે હાર્યા વિના આગળ ધપ્યા છીએ. તેથી, જો આપણે પોતે માનતા હોઈએ કે આપણે જીવવું હોય તો હિંદુસ્તાનના ગ્રામઉદ્યોગોને ફરી સજીવન કર્યે જ છૂટકો છે. એ રીતે જ આપણે અસ્પૃશ્યતાની જડ ઉખાડી શકીશું, અને સર્વ કોમ અને સર્વ ધર્મના મનુષ્યો સાથે એકતા અનુભવી શકીશું, એમ આપણે માનતા હોઈએ તો આપણે આપણાં મનને પાછાં ગામડાં તરફ વાળવાં જોઈએ, અને એમને શહેરી જીવનનું અનુકરણ કરવાનો ઉપદેશ કરવાને બદલે આપણે ગ્રામજીવનને આદર્શરૂપ ગણીને તેને છાજે એવી રહેણી રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. આ મનોવૃત્તિ જો સાચી હોય તો આપણે પંડથી જ આરંભ કરીશું અને, દાખલા તરીકે, મિલના બનાવેલા કાગળને બદલે હાથના બનાવેલા કાગળ વાપરીશું; બની શકે ત્યાં બધે ફાઉન્ટન પેન, ટાંક કે હોલ્ડરને બદલે બરુની કલમ વાપરીશું; મોટાં કારખાનાંમાં બનેલી શાહીને બદલે ગામડાંમાં બનેલી શાહી વાપરીશું. આ જાતનાં ઘણાં દૃષ્ટાંતો આપી શકાય. ઘરમાં રોજના વાપરની એવી એકે ચીજ ભાગ્યે જ હશે જે ગ્રામવાસીઓ અગાઉ બનાવતા નહોતા, ને જે તેઓ આજે પણ બનાવી શકતા ન હોય. જો આપણે આપણી મનોદશા બદલીએ અને તેમના તરફ દૃષ્ટિ સ્થિર કરીએ તો આપણે તરત જ ગ્રામવાસીઓનાં ગજવાંમાં કરોડો રૂપિયા મૂકી દઈએ. આજે તો આપણે ગામડાંને શોષી રહ્યા છીએ, અને બદલામાં એમને કશું આપતા નથી. આ પાયમાલી આગળ વધતી હવે અટકાવવી જોઈએ.[૫]

સામાન્ય ગ્રામવાસીઓ પણ આજે આથી કંઈ સારી સ્થિતિ

Gandhi Heritage Portal

ભોગવતા નથી. ધીમે ધીમે તેમને ભોંય ખણીને માંડ કોળિયા અનાજથી પેટનો ખાડો પૂરવાનો વખત આવતો જાય છે. આજે ઘણા ઓછાને ખબર હશે કે હિંદુસ્તાનનાં નાનાં ને વાંકાંચૂકાં ખેતરો ને ક્યારડામાં ખેતી કરવામાં ખેડૂતને નફો થવાને બદલે ચોખ્ખી ખોટ જાય છે. ગામડાંના લોકો મરવાને વાંકે જીવે છે. એમના જીવનમાંથી આશા, ઉત્સાહ, સ્ફૂર્તિ, ઉમંગ ઊડી ગયાં છે. તેઓ ભૂખમરાથી ધીમે મોતે મરી રહ્યા છે. એમના પર દેવાંના ઢગ વળી ગયા છે.[૬]

ગામડાંના ઉદ્યોગોનો લોપ થાય તો હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંની પાયમાલી અધૂરી રહી હોય તો પૂરી થઈ જાય.[૭]

જે કામ કરવા ધાર્યું હોય તેને માટે પૂરતા માણસો ન હોય ત્યારે એ કામ સંચાથી લેવું એ સારું છે. પણ જેમ હિંદુસ્તાનમાં છે તેમ કામને માટે જોઈએ તે કરતાં વધારે માણસો પડેલાં હોય ત્યારે સંચા વાપરવાથી નુકસાન છે.[૮]

પણ જો મિલોમાં બનેલું કાપડ ગામડાંના માણસોને બેકાર બનાવે છે, તો ચોખા ખાંડવાની ને આટો દળવાની મિલો હજારો સ્ત્રીઓની રોજી છીનવી લે છે, એટલું જ નહીં પણ સાટે આખી પ્રજાના આરોગ્યને હાનિ પહોંચાડે છે. જ્યાં લોકોને માંસાહાર કરવાનો વાંધો ન હોય ને એ આહાર પોસાતો હોય ત્યાં મેંદાથી અને પૉલિશ કરેલા ચોખાથી કદાચ કંઈ નુકસાન ન થતું હોય; પણ હિંદુસ્તાનમાં જ્યાં કરોડો માણસો એવા છે જેમને માંસ મળે તો તે ખાવામાં વાંધો નથી પણ જેમને માંસ જોવા મળતું નથી, ત્યાં તેમને આખા ઘઉંનો આટો અને પૉલિશ કર્યા વિનાના હાથે ખાંડેલા ચોખામાં રહેલા પૌષ્ટિક અને ચેતનદાયી તત્ત્વો ન મળવા દેવાં એમાં પાપ છે. હવે તો ડૉક્ટરોએ અને બીજાઓએ મળીને લોકોને મેંદો અને પૉલિશ કરેલા સંચે ખાંડેલા ચોખા વાપરવાથી થતા નુકસાનનું ભાન કરાવવું જોઈએ.[૯]

ગ્રામવાસીઓને કામ આપવું હોય તો તે યંત્રો વાટે ન બની

Gandhi Heritage Portal

શકે; પણ તેઓ અત્યાર સુધી જે ઉદ્યોગો કરતા આવ્યા છે તેને સજીવન કરવા એ જ એનો સાચો રસ્તો છે.[૧૦]

તેથી મારા અભિપ્રાય પ્રમાણે અખિલ ભારત ગ્રામઉદ્યોગ સંઘનું કામ એ રહેશે કે જે ઉદ્યોગો અત્યારે હયાત છે તેમને ઉત્તેજન આપવું, અને જ્યાં શકય અને ઈષ્ટ હોય ત્યાં મરતા કે મરી ગયેલા ગ્રામોદ્યોગોને ગામડાંની પદ્ધતિએ, એટલે કે ગ્રામવાસીઓ પોતાનાં ઝૂંપડાંમાં અનાદિકાળથી કામ કરતા આવ્યા છે તે રીતે કરવા દઈને, સજીવન કરવા. જેમ હાથે લોઢવા, પીંજવા, કાંતવા, વણવાની ક્રિયાઓમાં ને ઓજારોમાં ઘણા સુધારા થયા છે તેમ ગ્રામોદ્યોગની પદ્ધતિમાં પણ કરી શકાય.[૧૧]

ખાદી એ ગામડાના નભોમંડળનો સૂર્ય છે, અને બીજા વિવિધ ઉદ્યોગો એ ગ્રહો છે. આ ઉદ્યોગરૂપી ગ્રહોને ખાદીરૂપી સૂર્ય પાસેથી જે ઉષ્મા અને જીવન મળે છે તેના બદલામાં તેઓ ખાદીને ટકાવી રાખે છે. ખાદી વિના બીજા ઉદ્યોગોનો વિકાસ થવો અશકય છે. પણ મારી ગઈ યાત્રામાં મેં જોયું કે જો બીજા ઉદ્યોગો સજીવન નહીં થાય તો હવે ખાદી વધારે આગળ નહીં વધી શકે. ગ્રામવાસીઓમાં પોતાના ફુરસદના વખતનો સદુપયોગ કરવાનાં સ્ફૂર્તિ અને સામર્થ્ય ઉત્પન્ન કરવાં હોય તો ગામડાંના જીવનનો બધી બાજુથી સ્પર્શ કરવો જોઈએ, ને તેમાં નવચેતનનો સંચાર કરવો જોઈએ.[૧૨]

લોકો પરાણે આળસુ બેસે કે સ્વેચ્છાએ, તોપણ તેઓ હમેશાં વિદેશી તેમ જ દેશી લૂંટનારાઓનો ભોગ થઈ પડવાના છે. એમને લૂંટનાર પરદેશનો હોય કે હિંદુસ્તાનનાં શહેરોનો હોય તોયે તેમની સ્થિતિ તો એની એ જ રહેવાની; એમને સ્વરાજ નહીં મળવાનું. એટલે મેં મનમાં કહ્યું, આ લોકો ખાદીમાં રસ લેવા માગતા ન હોય તો એમને બીજું કંઈક કરવાનું કહેવું જોઈએ. જે કામ એમના બાપદાદા કરતા પણ જે હાલ થોડા વખતથી બંધ થઈ ગયું હોઈ એવું કંઈક કામ તેઓ કરે. થોડાંક વરસ પહેલાં તેઓ રોજના વાપરની અનેક વસ્તુઓ જાતે બનાવી લેતા, પણ હવે એને માટે તેઓ બહારની દુનિયા

Gandhi Heritage Portal

પર આધાર રાખે છે. નાના કસબાના રહેવાસીના રોજના વાપરની એવી ઘણી ચીજો હતી જેને માટે તેઓ ગ્રામવાસીઓ પર આધાર રાખતા, પણ હવે તે શહેરમાંથી મંગાવે છે. જે ક્ષણે ગ્રામવાસીઓ પોતાનો બધો ફુરસદનો વખત કંઈક ઉપયોગી કામ કરવામાં ગાળવાનો નિશ્ચય કરશે, અને શહેરવાસીઓ એ ગામડાંમાં બનેલી ચીજો વાપરવાનો સંકલ્પ કરશે તે ક્ષણે ગ્રામવાસી અને શહેરવાસી વચ્ચેનો જે સંબંધ તૂટી ગયો છે તે પાછો બંધાશે.[૧૩]

શહેરના લોકોને હું એમ નથી કહેતો કે તમે જઈને ગામડાંમાં વસવાટ કરો. હું તો તેમને એટલું જ કહું છું કે તમારે માથે ગામડાંનું જે ઋણ છે તે અદા કરો. ગામડાં સિવાય બીજે ક્યાંયથી એમને કાચા માલની એક પણ ચીજ મળી શકે એમ છે ખરી? જો ન હોય, તો પહેલાં જેમ ગામડાંના લોકો એ ચીજો જાતે તૈયાર કરી લેતા, ને આપણે એમના ઉદ્યોગધંધા પર તરાપ ન મારી હોત તો તેઓ આજે પણ કરી લેતા હોત, તે ચીજો એમને બનાવી લેવાનું કેમ ન શીખવીએ?[૧૪]

આપણે એ પણ જોવું પડશે કે ગ્રામવાસીઓ સૌથી પહેલાં પોતાની હાજતો જાતે પૂરી પાડતા થાય, અને પછી જ શહેરવાસીઓની જરૂરિયાતો માટે માલ પેદા કરે.[૧૫]

ખાદીની સરખામણીમાં ગામડાંમાં ચાલતા ને ગામડાંઓને જરૂરી બીજા ધંધાઓની વાત જુદી છે. એ બધા ધંધાઓમાં આપમેળે ખુશીથી મજૂરી કરવાની વાત બહુ કામ આવે તેવી નથી. વળી એ દરેક ધંધામાં કે ઉદ્યોગમાં અમુક થોડી સંખ્યાનાં માણસોને જ મજૂરી મળી શકે. એટલે આ ઉદ્યોગો ખાદીના મુખ્ય કાર્યને મદદરૂપ થાય તેવા છે. ખાદી વિના તેમની હયાતી નથી અને તેમના વિના ખાદીનું ગૌરવ કે શોભા નથી. હાથે દળવાનો, હાથે છડવાનો ને ખાંડવાનો, સાબુ બનાવવાનો, કાગળ બનાવવાનો, દીવાસળીઓ બનાવવાનો, ચામડાં કમાવવાનો, તેલની ઘાણીનો અને એવા જ બીજા સમાજજીવનને જરૂરી તેમ જ મહત્ત્વના ધંધાઓ વિના ગામડાંની અર્થરચના સંપૂર્ણ નહીં થાય એટલે કે તે

Gandhi Heritage Portal

સ્વયંસંપૂર્ણ ઘટક નહીં બને. મહાસભાવાદી આ બધા ધંધાઓમાં રસ લેશે, અને વધારામાં તે ગામડાનો વતની હશે અથવા ગામડે જઈને રહેતો હશે તો આ ધંધાઓને નવું ચેતન ને નવું વલણ આપશે. દરેક જણે, દરેક હિંદીએ જ્યારે જ્યારે ને જ્યાં જ્યાં મળે ત્યાં કેવળ ગામડાંમાં બનેલી વસ્તુઓ વાપરવાનો પોતાનો ધર્મ માનવો જોઈએ. આવી વસ્તુઓની માગ ઊભી થાય તો આપણી મોટા ભાગની જરૂરિયાતો ગામડાંઓ પૂરી પાડી શકે એમાં જરાયે શંકા નથી. ગામડાંઓને વિષે આપણને લાગણી થશે ને તેમાં બનેલી વસ્તુઓ આપણને ગમતી થશે તો પશ્ચિમની નકલમાં મળતી સંચામાં બનેલી ચીજો આપણને નહીં ખપે, અને જેમાં ગરીબી, ભૂખમરો ને આળસ કે બેકારી નહીં હોય તે નવીન ભારતના આદર્શની સાથે મેળ ખાય એવી અભિરુચિ આપણે કેળવીશું.[૧૬]

ગ્રામોદ્યોગનો પુનરુદ્ધાર એ ખાદીકાર્યનો જ વિસ્તાર છે. હાથે કાંતેલુંવણેલું કાપડ, હાથે બનાવેલા કાગળ, હાથે ખાંડેલા ચોખા, ઘેર બનાવેલી રોટી અને મુરબ્બા પશ્ચિમના દેશોમાં અસાધારણ નથી. માત્ર હિંદુસ્તાનમાં એનું જેટલું મહત્ત્વ છે તેના સોમા ભાગનું મહત્ત્વ પણ એ દેશોમાં નથી કેમ કે આપણે સારુ તો એના પુનરુદ્ધારમાં ગ્રામવાસીઓની જીવાદોરી રહેલી છે, અને એના વિનાશમાં ગ્રામીણ પ્રજાની પાયમાલી રહેલી છે. આ દીવા જેવી ચોખ્ખી વાત છે. યંત્રયુગ ગમે તે કરે, પણ યંત્રોના એકસામટા પ્રવેશથી જે કરોડો માણસો બેકાર બની જ જવાનાં તેમને એ આજીવિકાની મજૂરી કદી આપી શકવાનો નથી.[૧૭]

આપણે સૌ એમ જ માનીએ કે રેંટિયો જ અન્નપૂર્ણા છે.[૧૮]

પહેલું સ્થાન રેંટિયાનું છે એની સાધનામાંથી જ ગ્રામોદ્યોગ, નઈ તાલીમ વગેરે બીજી ચીજો પેદા થઈ છે. જો આપણે રેંટિયાને બુદ્ધિપૂર્વક ગ્રહણ કરીશું તો ગામડાંઓને ફરીથી જીવતાં કરી શકીશું.[૧૯]

કાર્યકર્તા એવો હોય જે ગામમાં જઈને આ બધાં કામોમાં—એટલે ગામડાના સમગ્ર જીવનમાં ઓતપ્રોત થઈ જાય અને તેમ છતાં તે બધું કામ તેને બોજારૂપ ન લાગવું જોઈએ.[૨૦]

Gandhi Heritage Portal

રેંટિયાને મેં ગામડાંઓના ઉત્કર્ષનું મધ્યબિંદુ એટલે કે સૂર્ય માન્યો છે. . . . એ સિવાય પણ પોતાના ગામમાં કયા ગ્રામોદ્યોગો ચલાવી શકાય એ પણ કાર્યકર્તાએ જોવું પડશે. એમાં પ્રથમ આવશે તેલઘાણી. મગનવાડીના ઝવેરભાઈ પટેલે એનું પૂરું શાસ્ત્ર બનાવ્યું છે. એ પણ જાણવું પડશે. ત્રીજો ઉદ્યોગ છે હાથ-કાગળનો. એ આખા હિંદુસ્તાનને કાગળ પૂરો પાડવાની દૃષ્ટિએ નહીં પણ પોતાના ગામને સ્વાવલંબી બનાવવા માટે અને થોડીક આવક વધારવાની દૃષ્ટિએ શીખવવાનો છે.

તેલ, હાથકાગળ ઉપરાંત અનાજ દળવાની હાથઘંટી દરેક ગામડામાં સજીવન કરવી જોઈએ. એ જો નહીં થાય તો અનાજ દળવાની મિલ આપણા નસીબમાં લખેલી જ છે. જેવું લોટનું તેવું જ ચોખાનું. જો આખા ચોખા (whole rice) ખાવાની ટેવ આપણે ગામડાંના લોકોને ફરીથી નહીં પાડીએ તો ખોરાકના સવાલને આપણે હલ નહીં કરી શકીએ. Polished rice (મિલમાં છડેલા ચોખા), સફેદ ખાંડ વગેરે બધું મનુષ્યના સ્વાસ્થ્યને માટે ઘણું હાનિકારક છે, એ તો હવે સ્વીકારેલી હકીકત છે.[૨૧]

આપણે સૌએ ગામડાંના બધા પ્રશ્નો વિશેનું જ્ઞાન મેળવવું પડશે. ગામમાં થોડું સીવણકામ પણ ચાલશે. ગામના ખેડૂત, લુહાર, સુતાર, ચમાર વગેરે બધાનો આપસમાં સહકાર કરાવીને એમની વચ્ચે મેળ કરાવવો એનો અર્થ છે ગ્રામસંગઠન. આ બધી વાત દેખાય છે મોટી પણ ખરી રીતે એવું નથી. નિશ્ચયી તથા શરીર અને બુદ્ધિ બન્નેથી પૂરું કામ લેનારા કાર્યકર્તાને એ બહુ અઘરી ન લાગવી જોઈએ.[૨૨]

હવે આપણે બધું કામ સંપૂર્ણ ગ્રામોત્થાનની કલ્પનાની યોજનામાં ઢાળીને નવેસરથી કરવું છે. જોઈએ, કેટલું કરી શકીએ છીએ. હું એટલે સુધી કહું કે આ પરિવર્તનોને કારણે થોડા વખતને માટે જો આપણું કામ મંદ થઈ જાય, શૂન્યવત્ પણ થઈ જાય, તો ચિંતા નહીં. ખાદીને વિશે જે ભાવના આપણે લોકોમાં પેદા કરી છે, તે ખરી હોવા છતાં પણ એની શક્તિ વિશે જે ખ્યાલ આપણે લોકોમાં પેદા કર્યો છે, એમાં જો ક્યાંક

Gandhi Heritage Portal

ભૂલ હોય તો આપણે ફરીથી વિચાર કરવો જોઈએ. આપણો દાવો જો ખોટો હોય તો જાહેર રીતે તે પાછો ખેંચી લેવો જોઈએ.

શહેરવાળાઓને હું કહું કે તમે તમારે માટે ખાદી જાતે બનાવી લો. જ્યાં ત્યાંથી ખાદી ભેગી કરીને શહેરવાસીઓને પહોંચાડવાનો લોભ હું છોડું. અને પછી આપણે ગામડાંઓમાં જઈને બેસી જઈએ. આ પરિવર્તનને કારણે કાર્યકર્તાઓ ભાગી જાય તો એમને જવા દઈએ. એટલી હદ સુધી આપણાં મન અને બુદ્ધિનું પરિવર્તન થશે ત્યારે જ આપણે જે ઈચ્છીએ છીએ તે પરિણામ આવશે. ચરખા સંઘ માત્ર નીતિનો સંરક્ષક રહેશે. કામનું જેટલું વિભાજન થઈ શકશે તેટલું કરી દઈશું અને બધો બોજો હલકો કરી નાખીશું. પછી આપણે આપણી બધી શક્તિ અને બધું ધ્યાન જે ગામડાંઓમાં આપણે બેઠા હોઈશું ત્યાં આસપાસ પાંચ માઈલના વિસ્તારમાં ચાલતાં કામોમાં આપીશું. ત્યારે જ આપણને ખબર પડશે કે આપણાં કામોમાં તથ્યાંશ કેટલો છે. . . . આજે તો જેટલી ઊંડી જડ નાખી શકાય તેટલી નાખવી છે.[૨૩]

ગામડાના લોકોની સ્થિતિ સુધારવા માટે ખેતી, ગોપાલન અને બીજા ઉદ્યોગો ગામડાંમાં કેવી રીતે બેઠા થાય તેનો વિચાર કરું છું. બેચાર ગામોમાં પણ સફળ થાઉં તો તો મારી સમસ્યાનો ઉકેલ મળી જશે. ‘यथा पिंडे तथा ब्रह्माडें’[૨૪]

## પોતાની જાતથી શરૂ કરો

કેટલાક સજ્જનો કાગળ લખીને, અને કેટલાક મિત્રો મળીને મને પૂછે છે કે ‘અમારે ગ્રામઉદ્યોગના કામનો આરંભ કેવી રીતે કરવો, ને સૌથી પહેલાં શું કરવું?’

ચોખ્ખો જવાબ તો એ છે કે ‘તમારી જાતથી આરંભ કરો, ને તમારે માટે જે વસ્તુ સહેલામાં સહેલી હોય તે પહેલી કરો.’ પણ આ જવાબથી પૂછનારાઓને સંતોષ થતો નથી. તેથી હું વધારે સ્પષ્ટતાથી વાત કરું.

દરેક માણસ પોતાના ખોરાકની ચીજો, વસ્ત્રો અને રોજના વાપરની બીજી બધી વસ્તુઓ તપાસે; અને એમાંથી જે પરદેશની કે શહેરની

Gandhi Heritage Portal

બનાવટની હોય તે તજીને ગ્રામવાસીઓએ તેમનાં ઘરમાં કે ખેતરમાં તેમનાં સાદાં ને સહેજે વાપરી ને સુધારી શકાય એવાં ઓજારો વડે બનાવી હોય એવી વસ્તુઓ વાપરે. આ પરિવર્તન કરવામાં જ એને ઘણી કીમતી કેળવણી મળી રહેશે, અને એ સંગીન શરૂઆત થશે.

આ પછીનું પગથિયું તેને આપોઆપ જડી જશે. દાખલા તરીકે આ આરંભ કરનાર આજ સુધી મુંબઈના કારખાનામાં બનેલું ટૂથબ્રશ વાપરતો હોય, તેને બદલે એને હવે ગામડાની બનેલી વસ્તુ વાપરવી છે. તેને સલાહ આપવામાં આવે છે કે તેણે બાવળનું દાતણ વાપરવું. તેના દાંત નબળા હોય કે પડી ગયા હોય તો દાતણને એક ગોળ પથરાથી કે હથોડીથી કૂટીને તેનો કૂચો બનાવે. બીજા છેડા પર ચપ્પુથી કાપ મૂકી રાખે. પછી બે ચીર થાય તેના વતી તે ઊલ ઉતારે. કારખાનામાં બનેલા અતિશય મેલાં ટૂથબ્રશને બદલે આ દાતણ તેને સસ્તાં ને બહુ જ ચોખ્ખાં લાગશે. શહેરમાં બનેલા ટૂથપાઉડરને બદલે તે કોલસાની ઝીણી ચાળેલી ભૂકી અને ચોખ્ખા મીઠાનું સરખે ભાગે મિશ્રણ કરીને વાપરશે. તે મિલનું કપડું છોડીને ગામડાંમાં હાથે કાંતી-વણીને તૈયાર થયેલી ખાદી વાપરશે; મિલના ખાંડેલા ચોખાને ઠેકાણે હાથના ખાંડેલા પૉલિશ નહીં કરેલા ચોખા અને ખાંડને ઠેકાણે ગોળ ખાશે.

આ તો મેં માત્ર દૃષ્ટાંતો આપ્યાં છે. એ ગણાવવામાં મારો ઉદ્દેશ આ પ્રશ્નને મારી સાથે ચર્ચનારાઓએ જણાવેલી મુશ્કેલીઓની ચર્ચા કરવાનો પણ છે.[૨૫]

## દુગ્ધાલય

આપણાં ઢોરોની આ દુર્દશા આપણી ઘાતકી બેદરકારી સિવાય બીજા કશાની જ સૂચક નથી. આપણી પાંજરાપોળો આપણી દયાવૃત્તિ ઉપર ખડી થયેલી સંસ્થાઓ છતાં તે વૃત્તિનો અતિ બેહૂદો અમલ કરનારી સંસ્થાઓ માત્ર છે. તેઓ નમૂનેદાર ગોશાળાઓ કે ડેરીઓ અને ધીકતી રાષ્ટ્રીય સંસ્થાઓ તરીકે ચાલવાને બદલે માત્ર ખોડાં ઢોરો રાખવાનાં ધર્માદા ખાતાંઓ જ થઈ પડી છે! . . . અત્યારે તો ગોરક્ષા ધર્મનો


Gandhi Heritage Portal

દાવો કરનારા આપણે ગાયને અને તેના વંશને ગુલામ બનાવી જાતે ગુલામ બન્યા છીએ.[૨૬]

આદર્શ ગૌશાળા પોતાના શહેરને પોતાનાં ઢોરોનું સસ્તું અને આરોગ્યદાયક દૂધ તથા મૂએલાં—કતલ કરેલાં નહીં—ઢોરના ચામડાનાં સસ્તાં અને ટકાઉ પગરખાં પૂરાં પાડશે. આવી ગૌશાળા શહેરની વચ્ચે અથવા તેની તદ્દન નજીક એક બે એકર જમીન પર આવેલી નહીં હોય પણ શહેરથી થોડે દૂર પચાસ કે સો એકરના વિસ્તાર પર આવેલી હશે, જ્યાં વેપારી અને રાષ્ટ્રીય ધોરણે દુગ્ધાલય અને ચર્માલય ચલાવવામાં આવતાં હશે. આમ તેમાં નફો કરવાનો કે વહેંચવાનો નહીં હોય તેમ જ ખોટ પણ ખાવાની નહીં હોય. લાંબે ગાળે હિંદુસ્તાનમાં ઠેકઠેકાણે આવી સંસ્થાઓ નીકળશે તો તે હિંદુ ધર્મનો વિજય અને ગાય એટલે કે ઢોરોની રક્ષાની બાબતમાં હિંદુઓની નિષ્ઠાની સાબિતી ગણાશે. વળી તે હજારો અભણ અને ભણેલાને પણ કામ આપશે, કારણ કે દુગ્ધાલય અને ચર્માલયના કામમાં કુશળ અને શાસ્ત્રીય જ્ઞાન ધરાવતા સેવકોની જરૂર પડે છે. દુગ્ધાલયના સુંદરમાં સુંદર પ્રયોગો કરવા માટે ડેન્માર્ક નહીં પણ હિંદુસ્તાન આદર્શ દેશ ગણાવો જોઈએ. હિંદ દર વરસે નવ કરોડ રૂપિયાનાં મૂએલાં ઢોરનાં ચામડાં નિકાસ કરે અને પોતે કતલ કરેલાં ઢોરનાં ચામડાંનો ઉપયોગ કરે તે શરમની વાત છે. આ પરિસ્થિતિ હિંદ માટે શરમજનક હોય તો હિંદુઓ માટે તે વધારે શરમજનક છે. હું ઇચ્છું છું કે ગિરિડિહમાં મને આપવામાં આવેલા માનપત્રના જવાબમાં મેં જે કહ્યું છે તે પર બધી ગૌશાળા કમિટીઓ ધ્યાન આપે અને પોતાની ગોશાળાઓને આદર્શ દુગ્ધાલયો, ચર્માલયો અને ઘરડાં તથા અપંગ ઢોરોને માટે આશ્રયસ્થાનો બનાવે.[૨૭]

પ્રત્યેક ગોરક્ષણની સંસ્થામાં તેના પૂરતું ચર્માલય હોવું જ જોઈએ. એટલે કે જે ઢોર મરે તેનો પ્રાથમિક ઉપયોગ કરતાં સંસ્થાપકને આવડવું જોઈએ; આમ હોવાથી પ્રત્યેક ગોશાળામાં કેટલાં ઢોર હોવાં જોઈએ એ પ્રશ્ન ઊભો થતો જ નથી.

ગોશાળામાં મૃત્યુનું પ્રમાણ કેટલું છે તેની મને કાંઈ ખબર નથી, પણ એ પ્રમાણ ચર્માલયની આવશ્યકતા સિદ્ધ કરવાને સારુ જાણવું

Gandhi Heritage Portal

જરૂરી નથી. એક પણ ઢોર મરતું હોય તો જેમ તેના જીવતાં તેને ઘાસ ઈત્યાદિ આપવાની ક્રિયા ગોસેવક જાણે છે તેમ મરવા પછીની ક્રિયા પણ તેણે જાણી જ લેવી જોઈએ.

ગામમાં મરનારાં ઢોરનો કબજો પણ સહેજે આવી ધાર્મિક સંસ્થાનો જ હોવો જોઈએ. તેમાં ચમારોનું, ઢોરનું, અને પ્રજાનું રક્ષણ છે. જ્યાં ગોશાળા અથવા ચર્માલય ન હોય ત્યાં જે ઢોર મરે તે ઢોર જો શહેરી ગોરક્ષાના ધર્મનો સ્વીકાર કરતાં હોય તો પાસેમાં પાસેની ગોશાળાને પહોંચાડે, અથવા તે ઢોરનાં મુડદાં ઉપર પ્રાથમિક ક્રિયા કરીને અવશેષ રહેલા ભાગો પહોંચાડે.

મેં સૂચવેલા નાના ચર્માલયને સારુ મોટી થાપણની જરૂર નથી. હા, એ શાસ્ત્રને જાણનારા ગોસેવકો તૈયાર કરવામાં જે વ્યય થાય તેની આવશ્યકતા છે.[૨૮]

## હાથે ખાંડેલા ચોખા અને હાથઘંટીનો લોટ

સો ટકા સ્વદેશી પરના મારા લેખમાં મેં બતાવ્યું છે કે એનાં કેટલાંક અંગો તો તત્કાળ ખીલવી શકાય એવાં છે અને એથી દેશનાં ભૂખે મરતાં કરોડોને આર્થિક તેમ જ આરોગ્યની દૃષ્ટિએ લાભ થાય એમ છે. દેશના ધનિકમાં ધનિક લોકોને એ લાભમાંથી ભાગ મળી શકે એમ છે. એટલે જો ડાંગરને ગામડાંમાં જૂની ઢબે હાથે ખાંડવામાં આવે તો ડાંગર ખાંડનારી બહેનોને કમાણી મળે, અને ચોખા ખાનાર કરોડો માણસોને સંચે ખાંડેલા ચોખામાંથી નર્યો ‘સ્ટાર્ચ’ મળે છે તેને બદલે હાથે ખાંડેલા ચોખામાંથી કંઈક પૌષ્ટિક તત્ત્વો મળે. દેશના જે ભાગોમાં ડાંગર પાકે છે ત્યાં બધે ડાંગર ખાંડવાના બેહૂદા સંચા જામી ગયા છે એનું કારણ માણસનો લોભ છે.

એ લોભ જેને ચૂસે છે તેનાં આરોગ્ય કે સંપત્તિનો કશો વિચાર જ નથી કરતો. જો લોકમત બળવાન હોય તો તે હાથે ખાંડેલા ચોખા જ વાપરવાનો આગ્રહ રાખે; ડાંગર ખાંડવાનાં કારખાનાંના માલિકોને વીનવે કે જે ધંધો આખા રાષ્ટ્રના આરોગ્યને હાનિ કરે છે અને જે ગરીબ માણસોનું પ્રામાણિકપણે ગુજારો કરવાનું સાધન છીનવી લે છે

Gandhi Heritage Portal

તે ધંધો તેઓ બંધ કરે; અને આમ કરીને તે ડાંગર ખાંડવાના સંચા ચાલવા જ અશકય કરી મૂકે.[૨૯]

જો હજારો ગામડાંમાં લોટ દળવાના સંચાઓ હોય અને તે ઍન્જિનથી ચાલતા હોય તો એને હું આપણી પામરતાની સીમા ગણું. એટલા સંચા કંઈ હિંદુસ્તાનમાં થતા નથી કે નથી થતાં ઍન્જિન. . . . ગામડાંમાં આવાં ઍન્જિન વસાવનારાનો અને ઘંટીસંચો વસાવનારાનો તે અતિલોભ સૂચવે છે. શું ગરીબ લોકોને આટલે લગી રઝળાવીને કમાણી કરી શકાતી હશે? વળી આવા સંચા વસાવવાથી ચાલતી પથ્થરની ઘંટીઓ નકામી થઈ જાય. ઘંટી બનાવવાનો ઉદ્યોગ કરનારા નકામા થઈ જાય. આમ તો ગ્રામના ઉદ્યોગો હોય એનો નાશ થાય. અને કળાનો લોપ થાય. એકનો લોપ થતાં બીજો ઉપયોગી ઉદ્યમ દાખલ થતો હોય તો કદાચ બહુ કહેવાપણું ન રહે. પણ એવું તો થતું મેં જોયું નથી. અને પથ્થરની ઘંટીનું સવારના પહોરમાં દળનારના ભજનની સાથે જે મધુરું સંગીત થતું હોય એ પણ જાય.[૩૦]

## મિલનું તેલ અને ઘાણીનું તેલ

શ્રી ઝવેરભાઈએ ગામડાની બળદઘાણીની પડતીનાં કારણો પણ તપાસ્યાં છે. સૌથી મોટું કારણ તો એમને એ જણાયું છે કે ઘાણીવાળો ધંધાદારી પોતાના ખપને સારુ જરૂરી તેલીબિયાંનો જથ્થો નિયમિતપણે પોતાને ત્યાં સંઘરવાની શક્તિવાળો હોતો નથી. મોસમ ખલાસ થતાં જ તેલીબિયાં ગામડાંમાંથી તળિયાઝાટક શહેરોમાં ખેંચાઈ જાય છે. તેલી પાસે તેનો સંઘરો કરવાને સારુ પૈસા નથી હોતા, અને શહેરોમાંથી તેની ખરીદી કરવી એ તો તેને સારુ એથીયે વધુ મુશ્કેલ હોય છે. આ કારણથી તેનો ધંધો પડી ભાંગ્યો છે અને તે ગામડાંમાંથી ઝપાટાભેર ભૂંસાવા લાગ્યો છે. લાખો ઘાણીઓ આજે બેકાર થઈ પડી છે અને પરિણામે દેશની સાધનસામગ્રીનો ભયાનક દુર્વ્યય થઈ રહ્યો છે. બિયાંઓના જથ્થા તેની પેદાશના પ્રદેશોમાં સંઘરાવીને અને વાજબી ભાવે ગામડાંના તેલી-ઓને તે મળી શકે એવું કરીને ગામડાંની ઘાણીઓને સજીવન કરવી એ ખરેખર સરકારનું કામ છે. આવી મદદ આપવાથી સરકારને કશું જ

Gandhi Heritage Portal

નુકસાન નથી. શ્રી ઝવેરભાઈનું કહેવું છે કે આવી મદદ સરકાર સહકારી મંડળીઓ અગર ગ્રામપંચાયતો મારફત આપી શકે એમ છે. શ્રી ઝવેરભાઈનો ઘાણીકામના સંશોધન ઉપર બંધાયેલો અભિપ્રાય એવો છે કે આમ થાય તો ગામડાંનો તેલી સંચાની પેદાશના તેલ જોડે જરૂર હરીફાઈ કરી શકે અને ગામડાંના લોકોને જે સેળભેળિયું તેલ આજે માથે મારવામાં આવે છે તેનાથી તેઓ ઊગરી જાય. એ પણ યાદ રાખવું જરૂરનું છે કે ઘીચોપડની જગાએ ગ્રામવાસીને જો આજે કશું મળતું હોય તો તેલમાંથી જે કંઈ મળી શકે તેટલું જ છે. ઘી તો તે બિચારો કદી જોવા પામતો નથી.

મિલનું તેલ ઘાણીના તેલ કરતાં સસ્તું કેમ પડે છે તે તેમણે શોધી કાઢ્યું છે. તેઓ આનાં ત્રણ કારણ આપે છે જેમાંનાં બે અનિવાર્ય છે. એક તો મૂડી, અને બીજું બિયાંમાંથી તેલનું ટીપેટીપું અને તે પણ બળદઘાણીના કરતાં ઓછા વખતમાં કાઢી લેવાની મિલના સંચાની શક્તિ. આ લાભો મિલના માલિકનાં કમિશનોથી તથા આડતિયા તેમ જ વચલા દલાલોને આવા તેલનાં વેચાણોમાં જે દલાલી આપવી પડે છે તેનાથી ધોવાઈ જાય છે ખરા, પણ શ્રી ઝવેરભાઈને સેળભેળની બૂરાઈને પહોંચી વળવાનો રસ્તો જડયો નથી; સિવાય કે તેઓ પોતે તેમ કરે. તેમ તો સ્વાભાવિકપણે જ તેઓ કદી ન કરે. તેથી તેઓ એમ સૂચવે છે કે ભેળસેળ કરવા સામે કાયદાથી બંધી થવી જોઈએ. ભેળસેળ વિરોધી કાયદો જ્યાં હોય ત્યાં તેનો પાકો અમલ કરીને અને ન હોય ત્યાં તેવો કાયદો કરીને તેમ જ બધી તેલની મિલોને માથે પરવાના લેવાની અને પરવાનાની શરતો પાળવાની ફરજ નાખીને આ કરી શકાય.[૩૧]

## ગોળ અને ખાંડસારી

ખાંડના ઉદ્યોગનો દાખલો લો. કાપડની મિલો પછી બીજા નંબરનો મોટો ઉદ્યોગ તે ખાંડ બનાવવાનાં કારખાનાંનો છે. એને આપણી મદદની બિલકુલ ગરજ નથી. ખાંડનાં કારખાનાંની સંખ્યા ઝપાટાબંધ વધી રહી છે. એ ઉદ્યોગનો વિકાસ પ્રજાકીય સંસ્થાઓની મદદને લીધે નથી થયો. એનો વિકાસ તો અનુકૂળ કાયદો થવાને લીધે થયો છે. અને આજે એ

Gandhi Heritage Portal

ઉદ્યોગ એટલો ધમધોકાર ચાલે છે ને એટલો ફાલતો જાય છે કે ગોળની બનાવટ છેક જ બંધ પડી જવા આવી છે. ગોળમાં ખાંડના કરતાં શરીરને પોષક તત્ત્વો વધારે છે એ નિર્વિવાદ વાત છે.

આ અતિશય કીમતી ગ્રામઉદ્યોગ તમારી મદદ માટે પોકાર કરી રહ્યો છે. એ એક જ ઉદ્યોગમાં સંશોધનને ને બીજી મદદને માટે પુષ્કળ અવકાશ પડેલો છે. એ ઉદ્યોગને જીવતો કેવી રીતે રાખી શકાય એ આપણે શોધી કાઢવાનું છે. આ તો હું શું કહેવા માગું છું એ સમજાવવા માટે આપેલો ફક્ત એક જ દાખલો છે.[૩૨]

જે ગુણોનું આરોપણ તાડીમાં કરવામાં આવે છે તે બધા આપણને બીજા ખોરાકમાંથી મળી રહે છે. તાડી ખજૂરીના રસમાંથી બને છે. ખજૂરીના શુદ્ધ રસમાં માદકતા મુદ્દલ નથી. શુદ્ધ રૂપમાં એ નીરાને નામે ઓળખાય છે. એ નીરો એમ ને એમ પીવાથી ઘણાને સાફ દસ્ત આવે છે. મેં પોતે નીરો પી જોયો છે. મારી ઉપર એવી અસર મેં નથી અનુભવી. પણ તે ખોરાકની ગરજ બરોબર સારે છે. ચા વગેરેને બદલે માણસ નીરો સવારના પી લે તો તેને બીજું કંઈ પીવા કે ખાવાની જરૂર ન રહેવી જોઈએ. નીરાને શેરડીના રસની જેમ ઉકાળવામાં આવે તો તેમાંથી બહુ સરસ ગોળ પેદા થાય છે. ખજૂરી એ તાડની એક જાત છે. અનેક પ્રકારના તાડ દેશમાં વગર મહેનતે ઊગે છે. તે બધામાંથી નીરો નીકળી શકે છે. નીરો એવો પદાર્થ છે કે જ્યાં નીકળ્યો ત્યાં જ તુરત પિવાય તો કંઈ જોખમ ન વહોરવું પડે. તેમાં માદકતા જલદી પેદા થઈ જાય છે. એટલે જ્યાં તેનો વપરાશ તુરત ન થઈ શકે એમ હોય ત્યાં તેનો ગોળ કરી લેવામાં આવે, તો એ શેરડીના ગોળની ગરજ સારે છે. કેટલાકની માન્યતા એવી છે કે, એ શેરડીના ગોળ કરતાં વધારે ગુણકારી છે. તેમાં ગળપણ ઓછું હોવાથી શેરડીના ગોળ કરતાં વધુ માત્રામાં તે ખાઈ શકાય છે. ગ્રામઉદ્યોગ સંઘની મારફત તાડગોળનો ઠીક પ્રમાણમાં પ્રચાર થયો છે. હજુ બહુ વધારે પ્રમાણમાં થવો જોઈએ. જે તાડોમાંથી તાડી બનાવવામાં આવે છે, તે તાડોમાંથી ગોળ બનાવવામાં આવે, તો હિંદુસ્તાનમાં ગોળખાંડની તૂટ આવે જ નહીં અને ગરીબોને સસ્તે ભાવે ઉત્તમ ગોળ મળી શકે. તાડગોળમાંથી શર્કરા બની શકે છે

Gandhi Heritage Portal

અને તેમાંથી ચીની પણ બનાવી શકાય છે. પણ ગોળનો ગુણ સાકર અને ચીની કરતાં બહુ વધી જાય છે. ગોળમાં રહેલા ક્ષારો ચીનીમાં રહેતા નથી. જેમ ભૂસી વિનાનો આટો કે ભૂસી વિનાના ચાવલ તેમ ક્ષારો વિનાની સાકર સમજવી. ખોરાક જેમ તેની સ્વાભાવિક સ્થિતિમાં ખવાય તેમ તેમાંથી આપણને વધારે સત્ત્વ મળે છે, એમ કહી શકાય.[૩૩]

## મધમાખીનો ઉછેર

મધમાખીના ઉછેરના ઉદ્યોગનો આપણા દેશમાં પાર વિનાનો વિકાસ થઈ શકે એમ મને ભાસે છે. ગામડાંની દૃષ્ટિએ તો એનું મહત્ત્વ છે જ; પણ ધનિક યુવકયુવતીઓ શોખને ખાતર પણ એ કામ કરી શકે એવું છે. એમ કરતાં તેઓ દેશની સંપત્તિમાં વધારો કરશે, ને પોતાને માટે સુંદરમાં સુંદર આરોગ્યદાયી ખાંડ પેદા કરશે. તેઓ જો પરગજુ હોય તો પૌષ્ટિક ખોરાક તરીકે એ મધને હરિજન બાળકોમાં વહેંચી દે. મધ એ શ્રીમંતોના શોખની વસ્તુ, અથવા વૈદહકીમોના હાથમાંનું ખરચાળ ઔષધ જ શા સારુ રહેવું જોઈએ? મને મળેલી નજીવી માહિતી પરથી અનુમાનો કરીને મેં આશા બાંધેલી છે એમાં શક નથી. ગામડાંમાં અને શહેરોમાં યુવકયુવતીઓ અખતરા કરે તેમાંથી ખબર પડી રહે કે મધ એ ખોરાકની સામાન્ય વસ્તુ થઈ શકશે કે આજની પેઠે દુર્લભ જ રહેશે.[૩૪]

## ચર્માલય

આજે હિંદુસ્તાનમાંથી દર વરસે નવ કરોડ રૂપિયાનું કાચું ચામડું પરદેશ ચડે છે, અને એમાંનું ઘણું તૈયાર માલરૂપે આ દેશમાં પાછું આવે છે. આનો અર્થ એ છે કે આપણી સંપત્તિ જ નહીં પણ બુદ્ધિ પણ શોષાઈ રહી છે. ચામડાં કેળવવામાં અને રોજના વાપર માટે કેળવાયેલા ચામડાની અગણિત ચીજો બનાવવામાં આપણને જે તાલીમ મળવી જોઈએ તે મેળવવાની તક આપણે ગુમાવીએ છીએ.

ચામડાં કેળવવાના કામમાં ઘણા શાસ્ત્રીય જ્ઞાનની જરૂર રહે છે. આ વિશાળ ઉદ્યોગમાં રસાયણશાસ્ત્રીઓની આખી ફોજને પોતાની શોધક-બુદ્ધિ અજમાવવાની તક મળી રહે એમ છે. એને ખીલવવાના બે રસ્તા

Gandhi Heritage Portal

છે. જે હરિજનો ગામડાંમાં રહે છે, અને ગામતળથી દૂર, સમાજના સંસ્કારથી અસ્પૃષ્ટ દશામાં ઘોલક જેવાં ઝૂંપડાંમાં ગંદકી અને અધઃપાતમાં સડતા પડી રહે છે ને માંડ પેટનો ખાડો પૂરે છે તે હરિજનોને મદદ આપી તેમને પગભર કરવા, એ એક રસ્તો છે. આનો અર્થ એ પણ છે કે ગામડાંના ઉદ્ધારમાં રસાયણશાસ્ત્રીઓની બુદ્ધિનો ઉપયોગ થાય. ચામડાં કેળવવાનું રસાયણ જાણનારે એની સુધરેલી ક્રિયાઓ શોધી કાઢવી રહી. ગામડાના રસાયણશાસ્ત્રીએ નસીને જીતવું રહ્યું. ગામડાંમાં ચામડાં કેળવવાની જે અણઘડ કળા હજુ જીવતી છે, પણ જે ઉત્તેજનને અભાવે જ નહીં પણ દુર્લક્ષને કારણે પણ ઝપાટાબંધ મરતી જાય છે, તે કળા આ રસાયણશાસ્ત્રીએ શીખવી ને સમજવી જોઈએ. પણ એ અણઘડ પદ્ધતિને એકાએક ફેંકી દેવી ઘટતી નથી; પહેલાં એની સમભાવપૂર્વક પરીક્ષા તો થવી જ જોઈએ. એ પદ્ધતિએ સૈંકડો વરસ સુધી સારી રીતે કામ ચાલ્યું છે. એમાં કંઈ ગુણ ન જ હોત તો એ ચાલી ન શકત. મારી જાણ પ્રમાણે આપણા દેશમાં એક શાંતિનિકેતનમાં જ આ વિષયની શોધખોળ ચાલે છે. તે પછી અત્યારે બંધ થઈ ગયેલા સાબરમતીના આશ્રમમાં એવી શોધખોળની શરૂઆત થઈ હતી. શાંતિનિકેતનનો પ્રયોગ કેટલો આગળ વધી રહ્યો છે એની ભાળ હું રાખી શક્યો નથી. સાબરમતી આશ્રમને સ્થાને હવે હરિજન આશ્રમ હસ્તીમાં આવ્યું છે તેમાં એ કામ ફરી શરૂ થવાનો પૂરો સંભવ છે. જે શોધખોળ કરી શકાય એવી છે તેનો વિસ્તાર સાગર જેટલો છે; તેમાં આ પ્રયોગ તો માત્ર બિંદુવત્ છે.

ગૌરક્ષા હિંદુ ધર્મનું એક અવિભાજ્ય અંગ છે. કોઈ પણ સાચો હરિજન ખોરાકને સારુ ઢોરને નહીં મારે. પણ અસ્પૃશ્ય બનીને તે મુડદાલ માંસ ખાવાની કુટેવ શીખ્યો છે. તે ગાયની હત્યા નહીં કરે પણ મરેલી ગાયનું માંસ બહુ જ સ્વાદથી ખાશે. શારીરિક દૃષ્ટિએ એ કદાચ નિર્દોષ હોય. પણ માનસિક દૃષ્ટિએ મુડદાલ માંસ ખાવું એના જેવી સૂગ ઉપજાવનારી વસ્તુ બીજી નહીં હોય. અને છતાં હરિજન ચમારના ઘરમાં જ્યારે મરેલી ગાય લાવવામાં આવે છે ત્યારે આખા કુટુંબનો આનંદ માતો નથી. બાળકો મુડદાની આસપાસ નાચે છે, અને ઢોરની ચામડી

Gandhi Heritage Portal

ઉતારવામાં આવે છે તે વખતે હાડકાં કે માંસના લોચા લઈને એકબીજા પર ફેંકે છે. અત્યારે હરિજન આશ્રમમાં રહેતો એક ચમાર તેના પોતાના હવે તજી દીધેલા ઘરનો ચિતાર આપતાં મને કહે છે કે એ મરેલું જાનવર જોઈને આખું કુટુંબ હરખઘેલું બની જાય છે. હરિજનોમાં કામ કરતાં તેમની પાસે મુડદાલ માંસ ખાવાની આ આત્માને હણનારી કુટેવ છોડાવવી એ મને કેટલું કઠણ કામ લાગ્યું છે એ હું જાણું છું. ચામડાં કેળવવાની રીતમાં સુધારો થાય તો મુડદાલ માંસ ખાવાનો રિવાજ આપોઆપ નાબૂદ થઈ જાય. આમાં ભારે બુદ્ધિનું અને મડદાં ચીરવાની કળાનું કામ રહેલું છે. આમાં ગૌરક્ષાની દિશામાં પણ એક ભારે પગલું રહેલું છે. જો આપણે ગાયની દૂધ દેવાની શક્તિ વધારવાની કળા શીખીએ નહીં, એની ઓલાદ સુધારીએ નહીં, ને બળદને ખેતીના તથા ગાડાં ખેંચવાના કામ માટે વધારે ઉપયોગી બનાવીએ નહીં, ગાયનાં છાણમૂતરનો ખાતર તરીકે ઉપયોગ કરીએ નહીં, અને તે તથા તેનાં વાછડાં મરી જાય ત્યારે તેમનાં ચામડાં, હાડકાં, માંસ, આંતરડાં વગેરેનો સારામાં સારો ઉપયોગ કરવાને તૈયાર ન થઈએ, તો ગાય કસાઈને હાથે મર્યા વિના નહીં જ રહે.

અત્યારે તો હું ફક્ત મુડદાની જ વાત કરું છું. અહીં આટલું યાદ રાખવું ઘટે છે કે ઈશ્વરકૃપાએ ગામડાંના ચમારને કતલ થયેલા ઢોરનું નહીં પણ માત્ર મરેલા ઢોરનું જ ચામડું ઉતારવાનું હોય છે. તેની પાસે ઢોરના મુડદાને સુઘડ રીતે લઈ જવાનું સાધન નથી હોતું. એ એને ઊંચકે છે, ઢસડે છે, અને એમ કરતાં ચામડી ઉઝરડાય છે ને ઉતારેલા ચામડાની કિંમત ઘટે છે. ચમાર જે અમૂલ્ય અને ઉદાત્ત સમાજસેવા કરે છે તેનું જો ગ્રામવાસીઓ અને પ્રજાને ભાન હોય તો તેઓ તેને મુડદાં લઈ જવાની સહેલી અને સાદી રીત શોધી આપશે, જેથી ચામડાને જરાયે નુકસાન થવા ન પામે.

ત્યાર પછીની ક્રિયા ઢોરનું ચામડું ઉતારવાની છે. આમાં ભારે કુશળતાની જરૂર રહે છે. મેં સાંભળ્યું છે કે ગામડાનો ચમાર એની ગામડિયા છરીથી આ કામ કરે છે તેના કરતાં એ વધારે સારું કે વધારે ઝડપથી બીજું કોઈ નથી કરી શકતું. શસ્ત્રવૈદ્ય પણ નથી કરી શકતા. જેમને

Gandhi Heritage Portal

એ બાબતનું જ્ઞાન હોવું જોઈએ તેમને મેં એ વિષે પૂછી જોયું છે. ગામડાના ચમાર કરતાં ચડી જાય એવી ઢબ તેઓ મને બતાવી નથી શક્યા. આમ કહેવાનો અર્થ એ નથી કે એથી ચડિયાતી ઢબ બીજી છે જ નહીં. હું તો માત્ર વાચકને મારા અતિ મર્યાદિત અનુભવનો લાભ આપું છું. ગામડાનો ચમાર હાડકાંનો કશો ઉપયોગ કરી શકતો નથી. તે તેને ફેંકી દે છે. મડદાની ચામડી ઉતારાતી હોય તે વખતે કૂતરાં તેની આસપાસ ભમે છે, અને બધાં નહીં તો થોડાંક હાડકાં તો ઉઠાવી જાય છે. કૂતરાં એમનો ભાગ ઉઠાવી ગયા પછી જે બાકી રહે છે તે પરદેશ ચડાવવામાં આવે છે, અને હાથા, બટન ઈત્યાદિ રૂપે આપણે ત્યાં પાછું આવે છે.

બીજો રસ્તો આ મહાન ઉદ્યોગને શહેરોમાં લઈ આવવાનો છે. હિંદુસ્તાનમાં કેટલાંયે ચામડાંનાં કારખાનાં અત્યારે એ કામ કરી રહ્યાં છે. એની પરીક્ષા કરવાનો અહીં ઉદ્દેશ નથી. આમ એ ઉદ્યોગ શહેરોમાં લઈ આવવાથી હરિજનોને ભાગ્યે જ કંઈ લાભ થઈ શકે એમ છે; ગામડાંને તો એથીયે ઓછો થાય. એ ગામડાંનો બેવડો રંજાડ કરવાનો રસ્તો છે. હિંદુસ્તાનમાં ઉદ્યોગોને શહેરમાં લઈ આવવા ને મોટાં કારખાનાં મારફતે ચલાવવા એમાં ગામડાંનું અને ગામડાંની પ્રજાનું ધીમું પણ અચૂક મોત રહેલું છે. શહેરી ઉદ્યોગો હિંદુસ્તાનમાં સાત લાખ શહેરોમાં વસનારી તેની નેવું ટકા વસ્તીને કદી નભાવી નહીં શકે. આ ગામડાંમાંથી ચામડાં કેળવવાનો ને એવા બીજા ઉદ્યોગો ખસેડી લેવા એ હાથ ને બુદ્ધિના કૌશલ્યનો ઉપયોગ કરવાની જરાકે તક ગામડાંમાં હજુ રહી છે તે છીનવી લેવા બરોબર છે. અને જ્યારે ગામડાના ઉદ્યોગો નામશેષ થઈ જશે ત્યારે ઢોર લઈને ખેતરમાં મજૂરી કરવી ને વરસના છ કે ચાર મહિના આળસમાં ગાળવા એટલું જ ગામડાંના લોકોના નસીબમાં રહી જશે; અને એમ થશે ત્યારે, મધુસૂદન દાસના શબ્દમાં કહીએ તો, ગામડાંના માણસ પશુના જેવા બની જ જવાના; તેમને ન તો મનનું કે ન તો શરીરનું પોષણ મળવાનું, ને તેથી એમનાં આશા ને આનંદ પણ હણાઈ જવાનાં.

અહીં સો ટકા સ્વદેશીના પ્રેમીને માટે કામ પડેલું છે, અને એક મહાપ્રશ્ન ઉકેલવામાં શાસ્ત્રીય જ્ઞાનનો ઉપયોગ કરવાનો અવકાશ રહેલો છે.

Gandhi Heritage Portal

આ એક કામથી ત્રણ અર્થ સરે છે. એથી હરિજનોની સેવા થાય છે, ગ્રામવાસીઓની સેવા થાય છે, અને મધ્યમ વર્ગના જે બુદ્ધિશાળી લોકો રોજગારની શોધમાં હોય તેમને આબરૂભેર કમાણી કરવાનું સાધન મળે છે. વળી બુદ્ધિશાળી લોકોને ગામડાંની પ્રજાના સીધા સંસર્ગમાં આવવાની સુંદર તક મળે છે એ લાભ તો જુદો જ.[૩૫]

## સાબુ

ગામડાંઓ સાબુ જેવી વસ્તુ સાજીખારમાંથી ઘરમાં જ બનાવીને વાપરશે. એ સાબુમાં ટાટાના કે ગોદરેજના કારખાનાના સાબુ જેવી સુગંધ નહીં હોય, કે તેના જેવું સુંદર પૅકિંગ નહીં હોય, પરંતુ ગામડાને માટે ખાદી જેટલી જ ઉપયોગિતા અને સ્વાવલંબન એમાં ભર્યાં હશે.[૩૬]

## હાથકાગળ

મને કહેવામાં આવ્યું છે કે હાથકાગળની પૂરતી માગ હોય તો તે મિલકાગળની કિંમતે પૂરો પાડી શકાય. હું જાણું છું કે કાગળની રોજરોજ વધતી જતી માગને હાથકાગળ કદી પહોંચી વળી શકે નહીં. પણ સાત લાખ ગામડાં અને તેમના ઉદ્યોગોને ચાહનારાઓ, સહેલાઈથી મળી શકે તો, હાથકાગળ વાપરવા ઈચ્છે. હાથકાગળ વાપરનારા જાણે છે કે હાથકાગળમાં તેનું પોતાનું સૌંદર્ય છે. અમદાવાદના પ્રખ્યાત કાગળને કોણ નથી જાણતું? ટકાઉપણામાં અને ઓપમાં કયો મિલકાગળ તેની બરાબરી કરી શકે?

જૂની ઢબના ચોપડા હજી પણ આ જ કાગળના બને છે. પણ બીજા કેટલાક આવા ઉદ્યોગોની જેમ આ ઉદ્યોગ પણ નાશ પામતો જાય છે. થોડું ઉત્તેજન મળે તો તે નાશ ન પામે. હાથકાગળ બનાવવાની રીતો પર દેખરેખ રાખવામાં આવે તો તેમાં સુધારા થઈ શકે અને કેટલાક હાથકાગળમાં જે ક્ષતિઓ જણાય છે તે સહેજે સુધારી શકાય. આવા ઓછા જાણીતા ધંધાઓમાં પડેલા અસંખ્ય લોકોની આર્થિક સ્થિતિની તપાસ કરવા જેવી છે. તેમને દોરવણી અને સલાહ આપવામાં આવે તો તેઓ જરૂર સ્વીકારે અને તેમનામાં રસ લેનાર પ્રત્યે તેમને આભારની લાગણી થાય.[૩૭]

Gandhi Heritage Portal

## શાહી

હું જે 'નીલ-કાલ' શાહીથી લખું છું તે તેનાલી(આંધ્ર)થી આવે છે, એ કામમાંથી બારેક માણસનો નિભાવ થાય છે. મુશ્કેલીઓનો પાર નથી છતાં કામ આગળ વધતું જાય છે. બીજા કામ કરનારાઓએ મને શાહીના બીજા ત્રણ નમૂના મોકલેલા. એ બધા તેનાલીના મંડળની પેઠે માંડ માંડ નભી રહ્યા છે. મને એ વસ્તુમાં રસ પડચો. મેં એ લોકો જોડે પત્રવહેવાર શરૂ કર્યો. પણ એમને એથી વધારે મદદ મારાથી ન થઈ શકી. સ્વદેશી સંઘ તો આ શાહીના નમૂનાઓની શાસ્ત્રીય રીતે પરીક્ષા કરે, એમાં રસ્તો બતાવે, અને સૌથી સારી જાત હોય તેને ઉત્તેજન આપે. આ સારો ને વિકાસ પામતો ઉદ્યોગ છે; એટલે એની પાછળ રસાયણશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ થવાની જરૂર છે.[૩૮]

## ગ્રામ-પ્રદર્શનો

ગામડાં કેવળ ટકી ન રહે પરંતુ મજબૂત અને સમૃદ્ધ પણ બને એમ જો આપણે ઈચ્છતા હોઈએ અને માનતા હોઈએ તો તેને માટે ગ્રામદૃષ્ટિ એ જ એકમાત્ર સાચી દૃષ્ટિ છે. જો આ સાચું હોય તો આપણાં ગ્રામ-પ્રદર્શનોમાં શહેરોના ભપકા અને ઠાઠ માટે કોઈ સ્થાન નથી. એમાં શહેરોના ખેલતમાશા કે બીજાં મનોરંજનોની પણ કંઈ જરૂર ન હોવી જોઈએ. ગ્રામ-પ્રદર્શન એ તમાશો ન બને; એ કમાણી માટેનું સાધન પણ ન બને. વેપારીઓના માલની જાહેરાતનું સાધન તો એ કદીયે ન જ બનવું જોઈએ. ત્યાં કોઈ ચીજનું વેચાણ ન થવા દેવું જોઈએ. એટલે સુધી કે ખાદી કે ગ્રામોદ્યોગની ચીજો પણ એમાં ન વેચાવી જોઈએ. ગ્રામપ્રદર્શન એ કેળવણીનું સાધન બનવું જોઈએ. એ આકર્ષક હોવું જોઈએ અને એ જોઈને ગ્રામવાસીને એક અથવા બીજો ગ્રામોદ્યોગ અપનાવવાનું મન થાય એવું હોવું જોઈએ. આજના ગ્રામ-જીવનના તરી આવતા દોષો અને ઊણપો એમાં બતાવવાં જોઈએ અને તેને દૂર કરવાનો ઉપાય પણ બતાવવો જોઈએ. ગ્રામસુધારણાનો વિચાર જ્યારથી પ્રચલિત થયો છે અને એનો અમલ કરવામાં આવ્યો છે ત્યારથી આજ સુધીમાં આ દોષો અને ઊણપો દૂર કરવામાં કેટલી સફળતા

Gandhi Heritage Portal

મળી છે એ પણ ત્યાં બતાવવું જોઈએ. ગ્રામજીવનને કળાપૂર્ણ અને સુંદર કેવી રીતે બનાવાય એ પણ પ્રદર્શનમાં શીખવવું જોઈએ.

ઉપરની શરતો મુજબ ગ્રામ-પ્રદર્શન કેવું હોવું જોઈએ એ હવે જોઈએ.

૧. પ્રદર્શનમાં ગામોના બે નમૂનાઓ હોવા જોઈએ — એક આજના ગામડાનો નમૂનો અને બીજો સુધરેલા ગામડાનો નમૂનો. સુધરેલું ગામ આખું તદ્દન સ્વચ્છ અને સુઘડ હશે. એનાં ઘરો, એના રસ્તાઓ, એની આજુબાજુની જગ્યા અને એનાં ખેતરો બધું સ્વચ્છ હશે. ઢોરોની હાલત પણ સુધરવી જોઈએ. કયા ગ્રામઉદ્યોગમાંથી વધારે આવક થાય છે અને તે કઈ રીતે એ બધું બતાવવા માટે પુસ્તકો, ચિત્રો અને નકશાઓનો ઉપયોગ કરવો જોઈએ.

૨. જુદા જુદા ગ્રામોદ્યોગો કેવી રીતે ચલાવવા, એને માટેનાં જરૂરી ઓજારો ક્યાંથી મેળવવાં અને કેવી રીતે બનાવવાં વગેરે પ્રદર્શનમાં બતાવવું જોઈએ. દરેક ઉદ્યોગની બધી જ પ્રક્રિયા પ્રત્યક્ષ બતાવવામાં આવે. એની સાથે સાથે નીચેની બાબતોને પણ પ્રદર્શનમાં સ્થાન આપવું જોઈએ.

(ક) ગામડાનો આદર્શ ખોરાક

(ખ) ગ્રામઉદ્યોગો અને યંત્રઉદ્યોગની સરખામણી

(ગ) પશુપાલનનો પ્રત્યક્ષ પાઠ

(ઘ) કળા વિભાગ

(ઙ) ગામડાના પાયખાનાનો નમૂનો

(ચ) ખાતર અને રાસાયણિક ખાતર

(છ) ઢોરનાં ચામડાં, હાડકાં વગેરેનો ઉપયોગ

(જ) ગ્રામ-સંગીત, જુદી જુદી જાતનાં ગ્રામ-વાજિંત્રો, ગ્રામનાટકો

(ઝ) ગામડાની રમતગમતો, ગામડાના અખાડાઓ અને જુદી જુદી કસરતો

(ઞ) નયી તાલીમ

(ટ) ગામડાનાં દવાદારૂ

(ઠ) ગામડાનું પ્રસૂતિગૃહ

Gandhi Heritage Portal

ઉપર બતાવેલા ધોરણને અનુસરીને આ યાદીને હજી લંબાવી શકાય. મેં અહીં જે કંઈ સૂચવ્યું છે તે ઉદાહરણ તરીકે જ સૂચવ્યું છે. આને સંપૂર્ણ કે સર્વગ્રાહી માની ન લેવું જોઈએ. મેં ચરખા અને બીજા ગ્રામઉદ્યોગોનો ઉલ્લેખ નથી કર્યો કારણ કે તે તો આવી જ જાય એમ માની લીધું છે. એ ન હોય તો પ્રદર્શન તદ્દન નકામું ગણાય.[૩૯]

# ૨૧

# ગામડાનો વાહનવહેવાર

## ગાડાના પક્ષમાં

વડોદરાવાળા શ્રી ઈશ્વરભાઈ અમીને મને પશુબળ વિ૦ યંત્રબળ વિશે એક લાંબી નોંધ મોકલી છે. એમાંથી પ્રસ્તુત ભાગ હું નીચે આપું છું:

> "ખેતરોમાં કે ટૂંકા અંતરના કામમાં બળદો યાંત્રિક બળ કરતાં મોંઘા નથી પડતા. અને તેથી ઘણીખરી બાબતોમાં તે યંત્રો સાથે હરીફાઈ કરી શકે છે. અત્યારે તો લોકોનો ઝોક યાંત્રિક બળ તરફ વળતો જાય છે અને પશુબળની અવગણના થતી જાય છે.
>
> "આપણે એક બળદગાડાનો દાખલો લઈએ. તેમાં ગાડાના સો રૂપિયા અને બળદની જોડના બસો રૂપિયા ખરચ આવે છે. આ બળદો બંગાળી સો મણ ભાર ભરેલું ગાડું, ગામડાના ખાડાખૈયા ને દડવાળા રસ્તા ઉપર રોજના પંદર માઈલ ખેંચી શકે. એ કામમાં બે બળદના બાર આના; છ આના ગાડાવાળાના, અને ચાર આના ઘસારા ખાતે; કુલે એક દિવસના એક રૂપિયો ને છ આના. એક મોટરલૉરી પંદર માઈલે ઓછામાં ઓછું એક ગેલન પેટ્રોલ બાળે, થોડું લ્યુબ્રીકેટિંગ ઑઈલ વપરાય, મરામતનો ખરચ ચડે, સાફસૂફીનું ખર્ચ અને મોંઘો હાંકનાર. પંદર માઈલ

Gandhi Heritage Portal

દોડવામાં લૉરીને નીચે પ્રમાણે ખરચ થાય. એક રૂપિયો ને બાર આના પેટ્રોલ ને લ્યુબ્રીકેટિંગ ઑઈલના, આઠ કલાકના રોજના છ રૂપિયા લેખે ભાડાના બાર આના, અને ડ્રાઈવર, ક્લીનર, તથા માલ ભરનાર ને ઠાલવનાર મજૂરના મળી આઠ આના; આમ બંગાળી સોળ મણ ગાડું લઈ જાય તો એક રૂપિયો છ આના ખરચ થાય, જ્યારે મોટર લૉરીમાં લઈ જવાના બે રૂપિયા બાર આના થાય. ગામથી અડધા માઈલ પર આવેલા ખેતરમાં આખા દિવસમાં સાતથી આઠ વાર ખાતરનાં ગાડાં ભરીને લઈ જઈ શકાય. અને તેનું ખરચ એક રૂપિયો છ આના ઉપરાંત ભરવા ઠાલવવા માટે રાખેલા માણસના છ આના આવે. એટલા કામ માટે રોકેલી મોટર લૉરીમાં કોઈ પણ રીતે એથી ઓછું ખરચ ન આવે. મેટલના સારા રસ્તા ઉપર એકી સાથે લાંબો બોજો લઈ જવાનો હોય ત્યારે મોટર લૉરી જીતી જાય ખરી. એવા કામમાં ગાડું બહુ ધીમું ને મોંઘું ગણાય. વળી એકી વખતે બળદોને એટલો લાંબો પંથ કાપવો ઈષ્ટ નથી. તેની અસર તેમની કાર્યશક્તિ અને બળ ઉપર તરત જ દેખાય છે. ઘણે ઠેકાણે રેલવે સ્ટેશનોથી ઘણા દૂરદૂરના ભાગમાં ગાડાં મોટર લૉરીની હરીફાઈમાં દિવસરાત ખેંચાખેંચ કરે છે, પરંતુ થોડી આવકના પ્રમાણમાં માલિક ખૂબ ઓછો ખોરાક આપતો હોઈ એવા બળદોની શારીરિક હાલત દયાજનક હોય છે. માલની નિકાસ અને માણસોની આવજા ખૂબ જ ઝપાટાબંધ થતી હોય ત્યાં કેવળ એક જ વસ્તુ બળદ-ગાડાની વિરુદ્ધ ઊભી રહે છે; તે તેમની ધીમાશ. જે લોકોનો મોટરની મુસાફરીથી બચેલો વખત પૈસો મળે એવા કામમાં જતો નથી, તેમણે ટૂંકા અંતરે તો પગે ચાલીને જ જવું જોઈએ. અને લાંબી મુસાફરી માટે ગાડાંનો ઉપયોગ કરવો જોઈએ. જે ખેડૂતને પોતાનું ગાડું છે તે જો તેમાં મુસાફરી કરે તો તેને કંઈ રોકડ નાણું ખરચવું ન પડે, પણ પોતાના જ ખેતરની ઊપજનો ઉપયોગ પોતાના બળદોને ખવડાવીને શક્તિ ઉત્પન્ન કરવામાં થાય. સાચે જ ખેડૂતે ઘાસ ને દાણાને પોતાનાં પેટ્રોલ, ગાડાંને મોટર લૉરી, બળદોને

Gandhi Heritage Portal

ઘાસને શક્તિના રૂપમાં ફેરવનારાં ઍંજિન ગણવાં જોઈએ. યંત્ર કંઈ ઘાસ નહીં ખાય અને અત્યંત મહત્ત્વની વસ્તુ જે ખાતર તે એ પેદા નહીં કરે. વળી ખેડૂત પાસે બળદ તો હોવા જ જોઈએ; અને ઘાસ તો એની પાસે હોય જ છે. અને એનું ગાડું હોય તો તેથી ગામના સુથાર તથા લુહારને પણ એ પોષી શકે; વળી તેને ઘેર ગાય હોય તો ઘાસમાંથી માખણ ને ઘી તૈયાર કરનાર અને બળદ પેદા કરનાર યંત્રને તે પોષી રહ્યો છે એમ સમજવું; અને એમ એક પંથ ને દો કાજ થાય છે."

મોટરનો હુમલો સફળ થાય કે ન પણ થાય. જો બુદ્ધિશાળી કાર્યકર્તાઓ આ વિષયનો ઝીણવટથી અભ્યાસ કરશે ને ગ્રામવાસીઓને ચોક્કસ રસ્તો બતાવશે તો એ એક સારી સેવા થશે. શ્રી ઈશ્વરભાઈની નોંધથી એમાં સૂચવેલા વિષયનો અભ્યાસ કરવાની સર્વ વિચારશીલ ગ્રામસેવકોને હોંશ પેદા થવી જોઈએ.[૧]

## મોટર વિ૦ ગાડું

'ગ્રામઉદ્યોગ પત્રિકા'ના ઑગસ્ટ(૧૯૩૯)ના અંકમાં ગામડામાં પ્રચાર અર્થે વપરાતા મોટર ખટારા અને ગાડાંના લાભાલાભ તપાસવામાં આવ્યા છે. તેમાંની પૂરેપૂરી દલીલ વાંચવા માગનારે પત્રિકા મંગાવવી. દલીલનો મહત્ત્વનો ભાગ નીચે આપ્યો છે:

"જે જિલ્લા લોકલ બોર્ડો અને બીજી સ્થાનિક સંસ્થાઓ ગ્રામસેવાના કામ માટે અમુક પૈસા ખરચવા માગતી હોય તે ગામડામાં વિવિધ પ્રચારકાર્યને માટે મોટરોના ખટારા ખરીદવામાં પૈસા ખરચે એ સારું કે નહીં, એ સવાલ અમને પૂછવામાં આવ્યો છે. આવી સંસ્થાઓ ગામડા પ્રત્યેનું પોતાનું કર્તવ્ય સમજવા લાગી છે, અને શહેર તથા ગામડાં વચ્ચે અને ભણેલા ને અભણ વચ્ચે અત્યારે જે વિશાળ અંતર છે તે ઓછું કરવા માગે છે, એ એક સુચિહ્ન છે.

"આપણે જે કાંઈ ખરચ કરીએ તેમાં—વિશેષ કરીને જ્યારે એ ખરચ ગામડાંની પ્રજાના લાભાર્થે કરવાનું હોય ત્યારે—

Gandhi Heritage Portal

ખરચાયેલા પૈસા ગ્રામવાસીની પાસે પાછા પહોંચે એટલી કાળજી રાખવી જરૂરની છે. જિલ્લા બોર્ડો વગેરે લોકો પાસેથી પૈસા મેળવે છે, એટલે તેમણે પોતાની ખરીદી એવી રીતે કરવી જોઈએ કે જેથી પૈસો લોકોની અંદર વહેંચાઈ જવામાં મદદ થાય. એથી ઊલટું, જો ગ્રામવાસીઓ પાસેથી કરરૂપે લીધેલો પૈસો જિલ્લાની બહાર મોકલવામાં આવે તો એથી પરિણામે લોકો ગરીબ બને, અને એનો અર્થ એ ખસૂસ થાય છે કે જિલ્લા બોર્ડો વગેરેની તિજોરીમાં આવનારા પૈસામાં ઉત્તરોત્તર ઘટાડો થતો જાય.

"કોઈ લોકલ બોર્ડ ગ્રામસેવાના કામ માટે થોડાક હજારથી વધુ રૂપિયા કાઢતી નથી. એ જો એ કામ માટે એક પણ મોટી મોટર ખરીદવાનું નક્કી કરે તો એ ખટારા માટે પાંચેક હજાર રૂપિયા પરદેશ જાય. અને વધારામાં ટાયર અને બીજા છૂટા ભાગનું ખરચ અને રોજેરોજનું પેટ્રોલનું ખરચ થાય તે જુદું. એ બધી ચીજો પરદેશથી લાવવી પડે એટલે એના પૈસા તાલુકા કે જિલ્લામાંથી તો ઘસડાઈ જ જાય. એ ખરચનો દેખીતો હેતુ તો ગ્રામપ્રજાનું હિત સાધવાનો હોય, પણ પ્રસંગોપાત્ત ખેતી, આરોગ્ય, દારૂબંધી, બાળસંગોપન અને એવા બીજા વિષયો પર ભાષણ સાંભળવાને કે ગ્રામોફોન કે રેડિયો સાંભળવાને ગ્રામવાસીને આ ભારે ખરચનો બોજો ઉઠાવવો પડે છે; જ્યારે એને ને એના કુટુંબને માસિક રૂ. ૨ની કમાણી પર નિર્વાહ કરતો પડતો હોય છે. ગ્રામવાસીને સૌથી મોટી જરૂર તો લાભદાયક કામધંધાની છે. આપણે પરદેશથી ચીજો આણીને હમેશાં એનો કામધંધો છીનવી લઈએ છીએ, અને એના વળતર તરીકે એને ભાષણો સંભળાવીએ છીએ, જાદુઈ ફાનસના ખેલ દેખાડીએ છીએ, ને હવાઈ ગાયન સંભળાવીએ છીએ; અને આપણે એનું કલ્યાણ સાધવા મથી રહ્યા છીએ એમ માની ગર્વ લઈએ છીએ. આથી વધારે હાંસીપાત્ર બીજું શું હોઈ શકે?

"હવે મોટર ખટારાની જગાએ બદળગાડું આ કામ માટે વાપરવામાં આવે તો શું બને તે જોઈએ. એથી કશી હોહા નહીં


Gandhi Heritage Portal

થાય, તેમ જ ગામડાંમાં કંઈ ચમત્કાર થઈ રહ્યો છે એવી ગાજવીજ પણ દુનિયામાં નહીં થાય. પણ જો આ કામમાં ઉદ્દેશ નાટક કરી બતાવવાનો ને દાંડી પીટવાનો ન હોય પણ ખરેખરું શાંત રચનાત્મક કામ કરવાનો હોય તો અમે કહેવા ઈચ્છીએ છીએ કે એ ગરજ બળદગાડાથી ઘણી વધારે સારી રીતે સરશે. બળદગાડું છેક ખૂણે પડેલાં ગામડાંમાં પણ પહોંચી શકશે, પણ મોટર ત્યાં નહીં પહોંચી શકે. મોટરને માટે જોઈએ એના કરતાં કેટલાયે ઓછા પૈસા ગાડા માટે જોઈએ. એટલે જરૂર પડે તો જિલ્લાનાં ગામડાંના અનેક સમૂહોને પહોંચી વળવાને ઘણાં બળદગાડાં પણ ખરીદી શકાય. ગાડાં પાછળ ખરચેલા પૈસા ગામડાના સુથાર, લુહાર ને ગાડું હાંકનારને મળે. એમાંથી એક પાઈ પણ જિલ્લા બહાર જવાની જરૂર ન રહે. ગાડું પણ જો શાસ્ત્રીય પદ્ધતિએ — સુધારેલાં પૈડાં, લોખંડના બૉલબૅરિંગ, બરાબર ગોઠવેલી ધરી અને પૈડાના ઘાટીલા પ્રમાણબદ્ધ ભાગોવાળું — બનાવેલું હોય તો તે જ પ્રદર્શન રૂપે લોકોને બતાવી શકાય. પરિણામે ગાડાના સરંજામ પાછળ કરેલા ખરચથી ગામડાંમાંથી પૈસા બહાર વહી જવાને બદલે પૈસા ગામડાંની અંદર આવે. જ્યાં કામ કરવાને અંગે ઝડપ અતિ આવશ્યક હોય ત્યાં મોટરની જરૂર ખરી, પણ ગામડાંમાં ગ્રામોદ્ધારને સારુ કરવાના પ્રચારકાર્યને સારુ બહુ ઝડપની જરૂર રહે છે એમ ન કહી શકાય. એથી ઊલટું ધીરે ધીરે સંગીનપણે કામ ચલાવવાથી વધારે લાભ થશે. એ કામ કરનારા માણસો એક ગામથી બીજે ગામ દોડધામ કરી મૂકે એના કરતાં દરેક ગામમાં થોડોક વખત ગાળે એથી ગામડાના લોકોને વધારે લાભ થશે. એમ કરવાથી જ ગ્રામીણ પ્રજાનું જીવન ને તેને લગતા પ્રશ્નો સારી રીતે સમજી શકાય, ને એ પ્રશ્નોના ઉકેલ માટે કરેલું કામ વધારે ફળદાયી નીવડે.

"એટલે ગ્રામસેવા અને મોટર એ બેનો મેળ બેસતો દેખાતો નથી. ખરી જરૂર વીજળી વેગ અને ખાલી આડંબરની નથી, પણ એકધારા રચનાત્મક પ્રયાસની છે. ગ્રામસેવા ને ગ્રામસંગઠનમાં સાચો

Gandhi Heritage Portal

રસ ધરાવનાર લોકલ બોર્ડો અને સાર્વજનિક સંસ્થાઓને અમારી ભલામણ છે કે તેઓ કેવળ ગામઠી બનાવટની ચીજો વાપરવાથી શરૂઆત કરે, ગામડાંમાં ગરીબાઈ શાથી નીપજે છે ને વધે છે એનો અભ્યાસ કરે, અને એ કારણો એક એક કરીને દૂર કરવા માટે એકાગ્ર પ્રયત્ન કરે. જ્યારે ગ્રામજીવનના પ્રત્યેક અંગને સજીવન કરવાને એકાગ્ર ને વિચારપૂર્વક કરેલા પ્રયત્નની જરૂર છે તે વખતે રાતોરાત ગ્રામોદ્ધાર કરવા મથનારી ઝડપભરી રીતો અજમાવવી ને તેની પાછળ પ્રજાના પૈસા વેડફી દેવા એમાં એ પૈસાનો દુર્વ્યય જ દેખાય છે."

આપણે આશા રાખીએ કે ગામડાના હિતમાં રસ લેતા ભાઈઓ ગાડાના પક્ષમાં કરેલી આ સ્પષ્ટ દલીલ પર ધ્યાન આપશે. ગામડાંના કલ્યાણ માટે ઊભા કરેલા તંત્ર મારફતે જ ગામડાના અર્થકારણનો નાશ કરવો એ નરી નિર્દયતા ગણાય.[૨]

## ભારવાહક તરીકે બળદનું સ્થાન

બળદો આજે પણ ગામડે ગામડે તો ખેતી કરતા ને ગાડાં ખેંચતા જોવામાં આવે છે, પણ શહેરોમાં પણ જોવામાં આવે છે. સિમલા જેવી જગ્યા જે ૭,૦૦૦ ફૂટ ઊંચાઈ પર છે ત્યાં જતાં આખે રસ્તે પહાડી રસ્તાઓ પર પુષ્કળ ભારથી લાદેલાં ગાડાં ખેંચતા બળદો જોઈએ છીએ. આમ આપણે ત્યાં તો ભારવાહક તરીકે બળદ હંમેશાં રહેશે જ એમ લાગે છે. આપણું જીવન, આપણી સભ્યતા બળદની સાથે સંકળાયેલાં છે. એ ગ્રામઉદ્યોગ સભ્યતાને કાયમ રાખવી હોય તો બળદને પણ કાયમ રાખવો રહ્યો.

કોનાં જાનવર સૌથી સારાં છે તે તમે જુઓ, કેમ સારાં છે તેની તપાસ કરો, અને તેમાંથી કાંઈ શીખો. કોની ગાય વધારે દૂધ દે છે, એ એને શું ખાણ આપે છે, કેવી માવજત કરે છે એ બધું જાણો અને તેનો લાભ લો. સારામાં સારા બળદ અને ગાયને માટે ઈનામ કાઢો. આદર્શ પશુઓ વિના આદર્શ ગામડું અશક્ય છે.[૩]

Gandhi Heritage Portal

# ૨૨

# નાણું, વિનિમય અને કર

મારી યોજનામાં ચલણી નાણું તે ધાતુ નથી પણ શ્રમ છે. જે શ્રમ કરી શકે તેને એ નાણું મળે છે, તેને ધન પ્રાપ્ત થાય છે. તે પોતાના શ્રમનું રૂપાંતર કાપડમાં કરે છે, અનાજમાં કરે છે. તેને જો પૅરૅફીન તેલ જોઈએ ને એ તેનાથી પેદા ન થઈ શકતું હોય તો તે પોતાની પાસેનો વધારાનો દાણો આપીને સાટે તેલ લેશે. એમાં શ્રમનો સ્વતંત્ર, ન્યાયી, અને સમાનભાવે વિનિમય છે; તેથી તે લૂંટ નથી. તમે વાંધો લેશો કે આ તો પાછા છેક જૂના જમાનાની માલનું સાટું કરવાની રીત પર આવ્યા. પણ આખો આંતરરાષ્ટ્રીય વેપાર સાટાની પદ્ધતિ પર ગોઠવાયેલો નથી?[૧]

હિંદનું દરેક ગામડું પોષણ અને રક્ષણ માટે પોતા ઉપર જ આધાર રાખતું બનશે, અને જે વસ્તુની સ્થાનિક પેદાશ નહીં જ હોય તેવી જ જણસોની આયાત તથા નિકાસ કરશે.[૨]

મારો અનુભવ મને એમ કહે છે કે, શહેરો અને ગામડાં બંનેમાં ખાદી સાર્વત્રિક કરવા માટે સૂતરના બદલામાં જ ખાદી મળવી જોઈએ. વખત જતાં લોકો પોતે સૂતરના ચલણ મારફત ખાદી ખરીદવાનો આગ્રહ રાખશે એવી હું આશા રાખું છું.[૩]

ખરું જોતાં મજૂરી એ પણ ધાતુના સિક્કાના જેટલું જ દ્રવ્ય છે. કેટલાક લોકો અમુક કારખાનામાં પૈસા રોકે તો તમે એમાં તમારી મજૂરી રોકો છો. જેમ પૈસા વિના તમારી મજૂરી નકામી થઈ જાય, તેમ તમારી મજૂરી વિના જગતમાં તે બધા પૈસા નકામા થઈ પડે.[૪]



Gandhi Heritage Portal

સ્વાવલંબનનો અર્થ કૂપમંડૂકતા નથી. કોઈ પણ સ્થિતિમાં આપણે બધી ચીજો પેદા કરી શકીએ નહીં અને આપણે કરવી પણ નથી. આપણે તો પૂર્ણ સ્વાવલંબનની નજદીક પહોંચવું છે. જે વસ્તુઓ આપણે પેદા ન કરી શકીએ એના બદલામાં આપવા માટે આપણે આપણી આવશ્યકતાથી વધારે પેદા કરવું જ પડશે.[૫]

જેમ ટંકશાળમાં સોનુંરૂપું લેવાય, પણ તેમાંથી બહાર તો સોના-રૂપાના સિક્કા જ જાય, તેમ સૂતરભંડારમાંથી માત્ર ખાદીરૂપી સિક્કા જ જઈ શકે.[૬]

અગાઉ કોડી અને બદામ ચલણી નાણા તરીકે વપરાતી, ને લોકો તેમ જ રાજ્યોની તિજોરીઓ તે સ્વીકારતાં. ઉપયોગિતાની દૃષ્ટિએ જોતાં એ ચીજોની કશી કિંમત ન હતી. લોકોની કંગાલિયત કેટલી ભારે છે એનું માપ એના પરથી નીકળતું. લોકો તાંબાનાં પાઈ પૈસા પણ મેળવી ન શકતા. પાંચ કોડી આપે એટલે જરાક શાકભાજી કે એકાદ સોય મળે. હવે મેં નાણાનું એક માપ સૂચવ્યું છે. તે કેવળ ધનના એક ચિહ્નરૂપે નહીં હોય પણ તેની ઉપયોગિતાની દૃષ્ટિએ હમેશાં તેની કંઈક કિંમત હશે અને તે બજારમાં વેચતાં તેના કંઈક દામ પણ ઊપજશે. એ અર્થમાં એ એક આદર્શ નાણું હશે. હાલતુરતને માટે, એક પ્રયોગ તરીકે, મેં સૂતરની તાણીના એક તારને નાનામાં નાના ચલણી નાણા તરીકે સૂચવ્યો છે. તેનો ઉપયોગ મુખ્યત્વે કાંતનારીઓ અને સામાન્યપણે ખાદીપ્રેમીઓ જોડેના વહેવારમાં થઈ શકે છે. કાંતનારીઓ અમુક વાર સૂતર આપે તો તેમને તેમની રોજની જરૂરિયાતની બધી ચીજો મળી રહે. આને માટે ચરખા સંઘે, ગ્રામઉદ્યોગ સંઘનો સહકાર મેળવીને અને આખરે જેઓ સાથ આપે તે બધાની સાથે મળીને, ભંડારો ચલાવવા પડશે. મારી કલ્પના પ્રમાણે આ પ્રથાનો અમલ તો જ થઈ શકે જો એનો વહીવટ એકહથ્થુ ન રાખતાં ગામડાંનાં મથકોને જ સોંપી દેવામાં આવે. એ વસ્તુ આ યોજનાનો અવગુણ નથી, પણ ગુણ છે.[૭]

મહેનતરૂપી કર પ્રજાને પુષ્ટ કરે છે. જ્યાં પ્રજાજન સ્વેચ્છાએ

Gandhi Heritage Portal

પ્રજાસમસ્તના કલ્યાણ અર્થે મહેનત કરે છે ત્યાં નાણાંની આપલે કરવાની ઓછી જરૂર રહે છે, કર વસૂલ કરવાની અને તેનો હિસાબ રાખવાની મહેનત બચી જાય છે; છતાં પરિણામ કર આપ્યા જેટલું જ આવે છે.[૮]

# ૨૩
# ગ્રામસફાઈ

મજૂરી ને બુદ્ધિ વચ્ચે ફારગતી થઈ છે તેથી ગુનો ગણાય તેટલી હદ સુધી આપણાં ગામડાંઓ તરફ આપણે બેદરકાર થયા છીએ. એટલે શોભીતાં અને રળિયામણાં નાનાં નાનાં ગામો ઠેર ઠેર પથરાયેલાં હોય તેને બદલે આપણે ત્યાં ઉકરડા જોવાના મળે છે. ઘણાં, કહો કે લગભગ બધાં, ગામોમાં પેસતી વખતે જે અનુભવ થાય છે તેનાથી આનંદ ઊપજતો નથી. ભાગોળે જ આજુબાજુ એવી ગંદકી હોય છે ને તેમાંથી એવી બદબો ઊઠે છે કે ઘણી વાર ગામમાં પેસનારને આંખ મીંચી જવી પડે છે ને નાક દબાવવું પડે છે. મોટા ભાગના મહાસભાવાદીઓ ગામડાંના વતનીઓ હોવા જોઈએ. તેમ હોય, તો તેમણે આપણાં ગામડાં-ઓને બધી રીતે ચોખ્ખાઈના નમૂના બનાવવાં જોઈએ. પણ ગામડાંના લોકોના નિત્ય એટલે કે રોજેરોજના જીવનમાં ભાગ લેવાની અથવા તેની સાથે એકરૂપ થવાની તેમણે પોતાની ફરજ કદી માની નથી. રાષ્ટ્રીય કે સામાજિક સફાઈને આપણે જરૂરી ગુણ માન્યો નથી ને કેળવ્યો નથી. આપણા રિવાજથી અમુક ઢબે નહાઈએ છીએ એટલું જ, બાકી જે નદી, તળાવ કે કૂવાને કાંઠે આપણે શ્રાદ્ધ ને એવા બીજા ધર્મવિધિ કરીએ છીએ, ને જે જળાશયોમાં આપણે પવિત્ર થવાને સ્નાન કરીએ છીએ તેમનું પાણી બગાડતાં કે ગંદું કરતાં આપણને છીત થતી નથી. આપણી આ ખામીને હું એક મોટો દુર્ગુણ ગણું છું અને આપણાં ગામડાંઓની તેમ જ આપણી પવિત્ર નદીઓના પવિત્ર કાંઠાઓની નામોશી ઉપજાવે તેવી અવદશા અને ગંદવાડમાંથી પેદા થતા રોગો આપણે તે દુર્ગુણનાં ફળરૂપે ભોગવીએ છીએ.[૧]

Gandhi Heritage Portal

ગામડાંમાં આપણે કરવાનું એ છે કે તળાવ કૂવા સાફ કરવાં ને રાખવાં, અને ઉકરડા કાઢી નાખવા. ગ્રામસેવકો જો જાતે કામ શરૂ કરશે, દરરોજ પગારદાર ભંગીની પેઠે કામ કરશે, અને લોકોને એટલું સમજાવશે કે એમની પાસેથી પણ એ કામમાં જોડાવાની અને અંતે જાતે એ બધું કામ ઉપાડી લેવાની અપેક્ષા રખાય છે, તો ગ્રામસેવકો ખાતરી રાખે કે ગામડાના લોકો વહેલા મોડા એમને સહકાર આપ્યા વિના નહીં રહે.

રસ્તા અને શેરીઓ પરથી બધો કચરો ફેંકી દેવો જોઈએ, ને એનું વર્ગીકરણ કરવું જોઈએ. એમાં કેટલીક ચીજો એવી હોય છે જેનું ખાતર બની શકે; કેટલીક એવી હોય છે જેને દાટી દેવી જોઈએ, અને કેટલીક એવી હોય છે કે જેમાંથી તરત જ પૈસા પેદા થઈ શકે. જેટલાં હાડકાં મળી આવે તે કાચા સોના જેવાં ગણાય, ને એમાંથી ઉપયોગી વસ્તુઓ બને, અથવા એને વાટીને ભૂકો કરવાથી એનું સુંદર ખાતર બને. ચીંથરાં ને નકામા કાગળમાંથી કાગળ બને, અને મળનું ગામડાંનાં ખેતરને માટે સોના જેવું ખાતર બને.

ગામડાના તળાવનાં પાણીને લોકો નાહવા, કપડાં ધોવા અને પીવા તથા રાંધવા માટે ફાવે તેમ વાપરે છે. ઘણાં ગામડાંનાં તળાવનો ઢોર પણ ઉપયોગ કરે છે. ભેંસો ઘણી વાર એમાં આળોટતી દેખાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે ગામડાંના તળાવનો આટલો ઘોર દુરુપયોગ થતો હોવા છતાં ગામડાં હજુ એવા ચેપી રોગોથી નાશ પામ્યાં નથી. બધા જ ડૉક્ટરો એવો પુરાવો આપે છે કે ગામડાંને સ્વચ્છ પાણી જ મળે એવી વ્યવસ્થા આપણે કરી નથી શકતા તે જ ગામડાંના ઘણા રોગોનું મૂળ કારણ છે.

એટલું સૌ કબૂલ કરશે કે આ કામ એવું છે કે એમાં રસના ઘૂંટડા આવે, ઘણી કીમતી કેળવણી મળે, અને એમાંથી હિંદુસ્તાનની દુઃખી પ્રજાને પાર વિનાનો લાભ થાય. આ કામને પહોંચી વળવાના ઉપાયનું જે વર્ણન મેં કર્યું છે તે પરથી મને આશા છે એટલું સ્પષ્ટ સમજાયું હશે કે જો કલમ કે સીસાપેનના જેટલાં જ સહેલાઈથી ને ગર્વથી સાવરણી અને પાવડો ચલાવવાને તત્પર એવા ઉત્સાહી ગ્રામસેવકો આપણને મળી રહે તો ખરચનો સવાલ તો લગભગ આખો ઊડી જ

Gandhi Heritage Portal

જાય. સાવરણી, ટોપલી, પાવડો, ને કોદાળી અને કદાચ કંઈક ચેપ અટકાવનારી વસ્તુ એટલો જ સરંજામ આપણને જોઈએ. સૂકી રાખ એ કોઈ પણ રસાયણશાસ્ત્રી આપી શકે એના જેટલી જ અસરકારક રીતે ચેપ અટકાવનારી વસ્તુ હશે. પણ આ બાબતમાં પરગજુ રસાયણ-શાસ્ત્રીઓએ આપણને કહેવું જોઈએ કે ગામડાંના લોકો ગામડામાંથી જ મેળવી શકે એવી સૌથી અસરકારક અને સસ્તી ચેપ અટકાવનારી વસ્તુ કઈ ગણાય.[૨]

## ૨૪
## ગામડાનું આરોગ્ય

જે સમાજ સુવ્યવસ્થિત છે તેમાં સૌ શહેરીઓ તંદુરસ્તીના નિયમોને જાણે છે ને તેમનો અમલ કરે છે. હવે તો એ વાત નિર્વિવાદ સાબિત થઈ છે કે તંદુરસ્તીના નિયમોનું અજ્ઞાન અને તે નિયમોને પાળવાની બેદરકારી એ બેમાંથી જ માણસજાતને જે જે રોગો જાણીતા થયેલા છે તેમાંના ઘણાખરા થાય છે. આપણે ત્યાંનું મરણનું વધારેપડતું મોટું પ્રમાણ બેશક ઘણે ભાગે આપણા લોકોનાં શરીરોને કોતરી ખાતી ગરીબીનું પરિણામ છે પણ તેમને તંદુરસ્તીના નિયમોની કેળવણી બરાબર આપવામાં આવે તો એ પ્રમાણ ઘણું ઘટાડી શકાય.

મન નીરોગી તો શરીર નીરોગી એ સામાન્યપણે માણસજાતને માટેનો પહેલો કાયદો છે. નીરોગી શરીરમાં નિર્વિકારી મન વસે છે એ આપમેળે પુરવાર થાય તેવું સત્ય છે. મન અને શરીરની વચ્ચે અપરિહાર્ય સંબંધ છે. આપણાં મન જો નિર્વિકાર એટલે કે નીરોગી હોય તો એકેએક જાતની હિંસા તેમાંથી ખરી પડે અને પછી સ્વાભાવિક રીતે તંદુરસ્તીના નિયમોનું આપણે હાથે પાલન થાય ને કોઈ પણ જાતની ખાસ કોશિશ વગર આપણાં શરીરો તંદુરસ્ત રહે.[૧]

Gandhi Heritage Portal

આરોગ્યનો અર્થ જાણી લેવો ઠીક ગણાશે. આરોગ્ય એટલે શરીર-સુખાકારી. જેનું શરીર વ્યાધિરહિત છે, જેનું શરીર સામાન્ય કામ કરી શકે છે, એટલે જે મનુષ્ય વગર થાક્યે રોજ દશ બાર માઈલ ચાલી શકે છે, સામાન્ય મજૂરી થાક વિના કરી શકે છે, સામાન્ય ખોરાક પચાવી શકે છે, જેની ઈન્દ્રિયો અને મન આબાદ છે, એનું શરીર સુખાકારી ભોગવે છે.[૨]

તંદુરસ્તીના કાયદા અને આરોગ્યશાસ્ત્રના નિયમો તદ્દન સરળ ને સાદા છે ને સહેલાઈથી શીખી લેવાય તેવા છે. મુશ્કેલી તેમના અમલની છે. આ રહ્યા તેમાંના થોડા નિયમો :

હમેશ શુદ્ધ વિચારો કરવા ને મનમાંથી બધા મેલા ને નકામા વિચારો કાઢી નાખવા.

રાત અને દિવસ તાજામાં તાજી હવા લેવી.

શરીરના તેમ જ મનના કામની સમતુલા જાળવવી એટલે કે તેમનો મેળ બેસાડવો.

ટટાર ઊભા રહેવું, ટટાર બેસવું અને પોતાના એકેએક કામમાં સુઘડ અને સાફ રહેવું; વળી આ બધી ટેવો અંતરની સ્વસ્થતાના પ્રતિબિંબરૂપ હોવી જોઈએ.

તમારા જેવા તમારા માનવબંધુઓની કેવળ સેવાને ખાતર જિવાય તે માટે ખાવાનું રાખો. ભોગ ભોગવવાને માટે જીવવાનું કે ખાવાનું નથી. તેથી તમારું મન અને તમારું શરીર સારી સ્થિતિમાં રહે ને બરાબર કામ આપે તેટલા પૂરતું જ ખાઓ. જેવો આહાર તેવો આદમી.

તમે જે પાણી પીઓ, જે ખોરાક ખાઓ ને જે હવા લો, તે બધાં તદ્દન સ્વચ્છ હોય. વળી કેવળ પંડની ચોખ્ખાઈ રાખીને સંતોષ ન માનતાં તમારે પોતાને માટે જેટલી ચોખ્ખાઈ રાખો તે જ પ્રમાણમાં તમારી આજુબાજુના વાતાવરણને તેમ જ જગ્યાને એ વિવિધ ચોખ્ખાઈનો રંગ લગાડો.[૩]

## કુદરતી ઉપચાર

કુદરતી ઉપચારના કામમાં ઝાઝી પંડિતાઈની એટલે કે વાચનની અથવા ઊંચા દરજ્જાની યુનિવર્સિટી ડિગ્રીઓની જરૂર પડતી નથી. જે

Gandhi Heritage Portal

વસ્તુ આપણે સૌને પહોંચાડવી છે, તેનું પ્રધાન લક્ષણ સાદાઈ હોય. કરોડોના લાભને માટે જે વસ્તુ છે તેમાં ઝાઝાં પોથાં ઉથલાવીને મેળવેલું પાંડિત્ય હોય નહીં. એવું પાંડિત્ય બહુ ઓછા મેળવી શકે અને તેથી તે કેવળ તવંગરોને જ કામ આવે. પરંતુ હિંદ તો અજાણ્યાં, નાનકડાં, દૂર દૂર ઊંડાણમાં આવેલાં સાત લાખ ગામડાંઓમાં વસે છે. તેમાંથી કેટલાકની વસ્તી પાંચસો છસોથી વધારે હોતી નથી. અને થોડાંક તો સોનીયે અંદર હોય છે. મારું ચાલે તો હું એવા એકાદ ગામડામાં જઈ રહું. એ સાચું હિંદુસ્તાન છે, મારું હિંદુસ્તાન છે, અને તેને ખાતર હું જીવું છું. આ ગરીબ લોકોને ત્યાં તમે ઊંચી ડિગ્રીવાળા દાક્તરો ને હૉસ્પિટલોની મોંઘી સાધનસામગ્રીનો લાંબો પરિવાર કેવી રીતે લઈ જવાના હતા? તેમને તો સાદા કુદરતી ઈલાજો અને રામનામનો જ આધાર છે.[૪]

જ્યાં શરીરની ચોખ્ખાઈ, ઘરની સફાઈ અને ગામની સ્વચ્છતા હોય, યુક્તાહાર અને ઘટતી કસરત હોય, ત્યાં ઓછામાં ઓછા રોગ થાય છે. અને ઉપર ગણાવેલી સફાઈ સાથે દિલની સફાઈ હોય, તો રોગ અસંભવિત બની જાય, એમ કહી શકાય. દિલની સફાઈ રામનામ વગર ન થાય, આટલી વાત ગામડાંના લોકો સમજી જાય, તો વૈદ, હકીમ કે દાક્તરની જરૂર રહેતી નથી.

કુદરતી ઉપચારના મૂળમાં એ વાત રહેલી છે કે, માનવજીવનની આદર્શ રચના જળવાઈ રહે અને માનવજીવનની આદર્શ રચનામાં ગામડાની કે શહેરની આદર્શ રચના સમાઈ જાય છે. અલબત્ત એ આદર્શ રચનાનું મધ્યબિંદુ તો ઈશ્વર જ હોય.[૫]

કુદરતી ઉપચારના મૂળમાં એ વાત રહેલી છે કે, તેમાં ઓછામાં ઓછું ખરચ અને ઓછામાં ઓછી ધમાલ હોય. કુદરતી ઉપચારનો આદર્શ એ છે કે, ઉપચાર થઈ શકે એવાં સાધનો બનતા સુધી ગામડાંમાં જ હોવાં જોઈએ, અને ન હોય તો પેદા કરી લેવાં જોઈએ. કુદરતી ઉપચારમાં જીવનપરિવર્તનની વાત તો છે જ. આ કંઈ વૈદનું પડીકું લેવાની અથવા ઈસ્પિતાલમાં જઈને મફત દવા લેવાની કે ત્યાં રહેવાની વાત નથી. મફત દવા લેનારો ભિખારી બને છે. કુદરતી ઉપચાર કરનારો કદી

Gandhi Heritage Portal

ભિખારી નથી બનતો. તે પોતાની પ્રતિષ્ઠા વધારે છે ને સારા થવાનો ઉપાય પોતાની મેળે કરી લે છે. તથા શરીરમાંથી ઝેર કાઢી નાખી ફરી વાર માંદો ન પડે, એવો પ્રયત્ન કરે છે.

પથ્ય ખોરાક, યુક્તાહાર, એ (કુદરતી ઉપચારનું) અનિવાર્ય અંગ છે ખરું. આપણે જેવા કંગાળ છીએ તેવાં આપણાં ગામડાં કંગાળ છે. ગામડાંમાં શાકભાજી, ફળ દૂધ વગેરે પેદા કરવાં, એ કુદરતી ઉપચારનું ખાસ અંગ છે. તેમાં જે સમય જાય છે, તે વ્યર્થ જતો નથી એટલું જ નહીં, તેનાથી બધા ગ્રામવાસીઓને અને અંતે આખા હિંદુસ્તાનને લાભ છે.[૬]

ગામડાંના લોકો માટે કુદરતી ઉપચારની મારી કલ્પના તો એવી છે કે, ગામડાંમાં જે કાંઈ સાધન મળી શકે, વીજળી ને બરફ વગર, તેમાંથી જેટલું થાય એટલું કરવું. કુદરતી ઉપચારની આ મર્યાદા છે. આ કામ તો મારું જ હોઈ શકે, જે ગામડિયો થયો છે અને જેનો દેહ શહેરમાં હોવા છતાં આત્મા ગામડામાં વસે છે.[૭]

કુદરતી ઉપચારની વાત કેવળ ગામડિયાઓ સારુ, ગામડાંઓ સારુ છે, એટલે એમાં સૂક્ષ્મદર્શક યંત્ર, 'ક્ષ' કિરણો વગેરેને કશું સ્થાન નથી. ક્વિનાઈન, ઈમેટિન, પેનિસિલિન જેવી દવાઓને પણ નેચર ક્યોરમાં સ્થાન નથી. ગ્રામસફાઈ, ઘરસફાઈ, અંગસફાઈ અને આરોગ્યરક્ષણને પ્રથમ સ્થાન છે અને સંપૂર્ણ છે. એટલું થઈ શકે, તો વ્યાધિ ન આવી શકે, એ એની પાછળ કલ્પના છે. અને વ્યાધિ આવ્યો હોય, તો તેને કાઢવાને ખાતર કુદરતના બધા નિયમોને જાળવવા છતાં રામનામ એ મૂળ ઉપચાર છે. એ ઉપચાર સાર્વજનિક ન થઈ શકે, જ્યાં લગી રામનામની સિદ્ધિ પોતાનામાં ઉપચારકને ન આવી હોય. પણ પંચમહાભૂતોમાંથી એટલે પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને વાયુમાંથી જે દોહન કરી શકાય, તે શક્તિનું દોહન કરીને વ્યાધિ મટાડવાનો આ પ્રયાસ છે અને ત્યાં મારી દૃષ્ટિએ કુદરતી ઉપચારનો અંત આવી જાય છે. એટલે જે પ્રયોગ અત્યારે ઉરુળીકાંચનમાં ચાલી રહ્યો છે, તે ગ્રામવાસીઓને સ્વાસ્થ્યરક્ષાની કળા શીખવાનો અને રોગી છે તેનો રોગ પંચમહાભૂત

Gandhi Heritage Portal

મારફત મટાડવાનો પ્રયોગ ચાલે છે. એમાં જરૂર જણાતાં ઉરુળીની ઉપસ્થિત વનસ્પતિઓનો ઉપયોગ થશે, ને આમાં પથ્યાપથ્યનો સમાવેશ થઈ જાય છે.[૮]

જે તત્ત્વોનું મનુષ્યરૂપી પૂતળું બન્યું છે, તે જ નૈસર્ગિક ઉપચારનાં સાધન છે. પૃથ્વી (માટી), પાણી, આકાશ (અવકાશ), તેજ (સૂર્ય) ને વાયુનું આ શરીર છે.[૯]

## માટી

'રીટર્ન ટુ નેચર' નામના તેમના પુસ્તકમાં જુસ્ટે મુખ્યત્વે ભાર માટી ઉપર મૂકયો છે. મને લાગ્યું કે એનો ઉપયોગ મારે કરી લેવો જોઈએ. બંધકોષમાં સાફ માટીને ઠંડા પાણીમાં પલાળી તે પેડુ ઉપર મૂકવી. ઝીણા કપડામાં જેમ પોલ્ટીસ મૂકીએ તેમ પોલ્ટીસ બનાવીને આખી રાતભર પેડુ ઉપર રાખી. સવારે ઊઠયો, તો દસ્તની હાજત હતી ને જતાં તુરત દસ્ત બંધાયેલો ને સંતોષકારક આવ્યો.[૧૦]

માટીની લોપરી ત્રણ ઈંચ પહોળી ને છ ઈંચ લાંબી હોય છે. બાજરાના રોટલાથી બમણી જાડી અથવા અરધો ઈંચ કહો.[૧૧]

માથું દુખતું હોય તો માટીની લોપરી મૂકવાથી ઘણે ભાગે ફાયદો થયેલો મેં અનુભવ્યો છે. સેંકડોની ઉપર આ પ્રયોગ કર્યો છે. માથું દુખવાનાં અનેક કારણો હોય છે એ જાણું છું. સામાન્યપણે એમ કહી શકાય કે, ગમે તે કારણથી માથું દુખતું હોય છતાં માટીની લોપરી તાત્કાલિક લાભ આપે જ છે.

સામાન્ય ફોડા થયા હોય તેને પણ માટી મટાડે છે. વહેતા ફોડા ઉપર પણ મેં તો માટી મૂકેલી છે. એવા ફોડા ઉપર મૂકવાને સારુ સાફ કપડું લઈ તેને હું પરમૅંગનેટના ગુલાબી પાણીમાં બોળું છું, ને ફોડાને સાફ કરીને ત્યાં માટીની લોપરી મૂકું છું. ઘણે ભાગે ફોડા મટે જ છે. જેને સારુ મેં એ અજમાવેલ છે તેમાં કોઈ નિષ્ફળ ગયેલો કેસ મને યાદ નથી આવતો. ભમરી વગેરેના ડંખમાં માટી તુરત જવાબ આપે છે. વીંછીના ડંખમાં મેં માટીનો ખૂબ ઉપયોગ કર્યો છે. સેવાગ્રામમાં

Gandhi Heritage Portal

વીંછીનો ઉપદ્રવ હમેશની ચીજ થઈ પડેલ છે. જાણીતા બધા ઈલાજો ત્યાં રાખ્યા છે. કોઈને વિષે એમ ન કહી શકું કે તે તો અચૂક ફાયદો કરે જ છે. કોઈ ઈલાજોથી માટી ઊતરતી નથી એટલું કહી શકાય.[૧૨]

સખત તાવમાં માટીનો ઉપયોગ પેડુ ને માથા ઉપર, જો માથું દુખતું હોય તો, કર્યો છે. તેથી હમેશાં તાવ ગયો છે એમ ન કહી શકાય, પણ દરદીને તેથી શાંતિ તો થઈ જ છે. ટાઈફૉઈડમાં મેં માટીનો બહોળો ઉપયોગ કર્યો છે. તે તાવ તો તેની મુદતે જ જાય છે, પણ માટીએ હંમેશાં દરદીને શાંતિ આપી છે, ને બધા દરદીએ માટી માગી લીધી છે.[૧૩]

માટીનો ઉપયોગ છૂટથી ઍન્ટીફ્લોજિસ્ટીનને બદલે સેવાગ્રામમાં કર્યો છે. તેમાં થોડું તેલ (સરસિયું) ભેળવવામાં આવે છે. એ માટીને સારી પેઠે ગરમ કરવી પડે છે, એટલે તે બિલકુલ નિર્દોષ બની જાય છે.[૧૪]

માટી ચીકણી ન હોવી જોઈએ. છેક રેતાળ પણ નહીં. માટી ખાતર-વાળી ન જ હોવી જોઈએ. સુંવાળી રેશમ જેવી હોવી જોઈએ. તેમાં કાંકરી ન હોવી જોઈએ. તેથી એ છેક ઝીણી ચાળણીમાં ચાળવી જોઈએ. તદ્દન સાફ ન લાગે તો માટીને શેકવી.[૧૫]

સાફ ઝીણી દરિયાઈ રેતી એક બરની ખાવાનો પ્રયોગ દસ્ત લાવવાને સારુ કરાય છે, એમ જુસ્ટે* લખેલું છે. માટીનું વર્તન આમ બતાવવામાં આવ્યું છે: માટી કંઈ પચતી નથી, એને તો કચરાની જેમ બહાર નીકળવાનું જ છે. તે નીકળતાં મળને પણ બહાર લાવે છે. આ વસ્તુ મારા અનુભવની બહાર છે, એટલે જે પ્રયોગ કરવા ધારે તેણે વિચારપૂર્વક પ્રયોગ કરવો. એ બે વેળા અજમાવી જોવાથી કંઈ નુકસાન થવાનો સંભવ નથી.[૧૬]

## પાણી

ક્યૂનેના ઉપચારોમાં મધ્યબિંદુ કટીસ્નાન અને ઘર્ષણસ્નાન છે.

* 'આરોગ્યની ચાવી'માં ક્યુનેનું નામ લખ્યું છે. પણ તેની અંગ્રેજી આવૃત્તિમાં જૂસ્ટનું નામ છે, જે સાચું જણાય છે.

Gandhi Heritage Portal

તેને સારુ તેણે ખાસ વાસણ પણ યોજ્યું છે. એની ખાસ આવશ્યકતા નથી. મનુષ્યના કદ પ્રમાણે ત્રીસથી છત્રીસ ઈંચનું ટબ બરોબર કામ આપે છે. અનુભવ પ્રમાણે મોટું જોઈએ તો મોટું લેવું. તેમાં ઠંડું પાણી ભરવું. ઉનાળામાં ખાસ ઠંડું રાખવાની જરૂર છે. તુરત ઠંડું કરવું હોય તો, ને મળે તો, થોડો બરફ નાખવો. વખત હોય તો માટીના ઘડામાં ઠારેલું પાણી બરોબર કામ આપે છે. ટબમાં પાણી ઉપર કપડું ઢાંકી ઝપાટાબંધ પંખો કરવાથી તુરત ઠંડું કરી શકાય.

ટબ ભીંતની અઢેલીને રાખવું ને તેમાં પીઠને આધાર મળે એવું લાંબું પાટિયું રાખવું, જેથી તેને અઢેલીને દરદી આરામથી બેસી શકે. આ પાણીમાં પગ બહાર રાખીને દરદી બેસે. પાણીની બહારનો શરીરનો ભાગ ઢાંકેલો હોવો જોઈએ, જેથી ઠંડી ન વાય. જે કોટડીમાં ટબ રાખવામાં આવે તેમાં હવાની આવજા અને અજવાળું હોવાં જોઈએ. દરદીના આરામપૂર્વક બેઠા પછી તેના પેડુ ઉપર એક નરમ ટુવાલ વતી ધીમું ઘર્ષણ કરવું. પાંચ મિનિટથી ત્રીસ મિનિટ લગી બેસી શકાય. સ્નાન થયા પછી ભીનો ભાગ સૂકવીને દરદીને સુવાડી દેવો જોઈએ.

આ સ્નાન ઘણો સખત તાવ હોય તેને પણ ઉતારે છે. આ પ્રમાણે સ્નાન લેવામાં નુકસાન તો છે જ નહીં, અને લાભ પ્રત્યક્ષ મળે છે. સ્નાન ભૂખે પેટે જ લેવાય છે. બંધકોષમાં પણ આ સ્નાન ફાયદો કરે છે. અજીર્ણને મટાડે છે. સ્નાન લેનારના શરીરમાં કાંટા આવે છે. બંધકોષને સારુ કટીસ્નાન પછી અરધો કલાક આંટા મારવાની ભલામણ છે. આ સ્નાનનો મેં બહોળો ઉપયોગ કર્યો છે. બધી વેળા સફળ થયો છે એમ નહીં કહી શકું, પણ સોમાંથી પંચોતેર ટકામાં સફળતા મળી છે એમ કહી શકું. તાવ બહુ ચડયો હોય ત્યારે તો, ને દરદીને ટબમાં બેસાડી શકાય એવી સ્થિતિ હોય તો, તાવ બે ત્રણ દોરા તો જરૂર ઊતરશે. સન્નિપાતનો ભય મટશે.[૧૭]

હવે ઘર્ષણસ્નાન ઉપર આવું. જનનેંદ્રિય બહુ નાજુક ઇંદ્રિય છે. તેની ઉપરની ચામડીના છેડામાં કંઈક અદ્‌ભુત વસ્તુ રહેલી છે. તેનું વર્ણન કરતાં તો મને નથી આવડતું. આ જ્ઞાનનો લાભ લઈને કયુનેએ

Gandhi Heritage Portal

કહ્યું છે કે, ઇંદ્રિયના છેડા ઉપર (પુરુષના કેસમાં ધૂમટ ઉપર ચામડી ચડાવી લઈને) તેની ઉપર નરમ રૂમાલ ભીંજવીને તેની ઉપર પાણી રેડતા જવું ને ઘસતા જવું. ઉપચારની પદ્ધતિ આમ બતાવી છે: ટબમાં પાણીની સપાટીથી થોડે ઊંચે તેની બેઠક આવે એવું સ્ટૂલ મૂકવું. પગ બહાર રાખીને તેની ઉપર બેસવું, ને ઇંદ્રિયના છેડાનું ઘર્ષણ કરવું. જરાય ઈજા ન થવી જોઈએ. ક્રિયા ગમવી જોઈએ. આ ઘર્ષણથી સ્નાન લેનારને ઘણી શાંતિ મળે છે, તેનું દરદ ગમે તે હોય તે તે વખતે તો શાંત થાય છે. આ સ્નાનને કયુનેએ કટીસ્નાન કરતાં ઊંચું સ્થાન આપ્યું છે. મને જેટલો અનુભવ કટીસ્નાનનો થયો છે તેટલો ઘર્ષણસ્નાનનો નથી થયો. તેમાં મુખ્ય દોષ તો મારો જ ગણું. મેં તેનો પ્રયોગ કરવામાં આળસ કર્યું છે. જેઓને તે ઉપચાર સૂચવ્યો છે તેઓએ તેનો ધીરજથી ઉપયોગ નથી કર્યો. એટલે પરિણામને વિષે અનુભવથી કંઈ નથી લખી શકતો. સૌએ આ અજમાવી જોવા જેવું છે. ટબ વગેરેની સગવડ ન હોય તો લોટામાં પાણી ભરીને તેથી ઘર્ષણસ્નાન લઈ શકાય. તેથી શાંતિ તો વળશે જ. માણસ આ ઇંદ્રિયની સફાઈ ઉપર બહુ ઓછું ધ્યાન આપે છે, જ્યારે ઘર્ષણસ્નાનથી એ ઇંદ્રિય સહેજે સાફ તો થશે જ. ચીવટ ન રખાય તો ધૂમટને ઢાંકનારી ચામડીમાં મેલ ભરાયા જ કરે છે. એ મેલ કાઢી નાખવાની પૂરી જરૂર છે. એ ઇંદ્રિયના આવા સદ્‌ઉપયોગથી, એને વિષે કાળજી રાખવાથી બ્રહ્મચર્યપાલનમાં મદદ મળે છે, આસપાસના તંતુઓ મજબૂત અને શાંત થાય છે; અને એ ઇંદ્રિય વાટે ફોકટ વીર્યસ્રાવ ન થવા દેવાની ચીવટ વધે છે, કેમ કે એમ સ્રાવ થવા દેવામાં રહેલી ગંદકી વિષે મનમાં અણગમો પેદા થાય છે,—થવો જોઈએ.[૧૮]

ચાદરસ્નાન શરીરમાં અળાઈ થઈ હોય, શીળસ થયું હોય, બહુ ચળ આવતી હોય, અછબડા નીકળ્યા હોય, માતા નીકળ્યાં હોય, તેમાં પણ કામ આપે છે. મેં આ દરદોમાં ચાદરસ્નાનનો છૂટથી ઉપયોગ કર્યો છે. શીતળા કે અછબડામાં મેં પાણીમાં ગુલાબી રંગ આવે એટલું પરમૅંગનેટ નાખેલું. ચાદરનો ઉપયોગ થયા પછી તેને ઊકળતા પાણીમાં બોળી, પાણી નવશેકું થયા પછી બરોબર ધોઈ નાખવી જોઈએ.

Gandhi Heritage Portal

લોહીનું ફરવું મંદ થઈ ગયું હોય ત્યારે, પગમાં બહુ કળતર થતી હોય ત્યારે બરફ ઘસવાથી ઘણો ફાયદો થયેલો જોયો છે. બરફના ઉપચારની અસર ઉનાળામાં વધારે સારી રીતે થાય છે. શિયાળામાં નબળા માણસની ઉપર બરફનો પ્રયોગ કરવામાં જોખમ હોઈ શકે.

હવે ગરમ પાણીના ઉપચાર વિષે વિચારીએ. ગરમ પાણીના સમજપૂર્વક ઉપયોગથી ઘણા રોગોની શાંતિ થઈ જાય છે. પ્રસિદ્ધ દવા આયોડીન જે કામ કરે છે તેમાનું ઘણુંખરું ગરમ પાણી કરે છે. સોજો હોય ત્યાં આયોડીન લગાડે છે, તે જ જગ્યાએ ગરમ પાણીનું પોતું મૂકો તો આરામ થવાનો સંભવ છે. કાનમાં દરદ થાય તો આયોડીનનાં ટીપાં નાખે છે ત્યાં જ ગરમ પાણીની પિચકારી મારવાથી શાંતિ થવાનો સંભવ છે. આયોડીનના ઉપયોગમાં કંઈક જોખમ છે, આમાં નથી. આયોડીન ડિસઈનફેક્ટન્ટ (જંતુનાશક) છે, તેમ જ ગરમ એટલે ઊકળતું પાણી ડિસઈનફેક્ટન્ટ છે. આનો અર્થ એમ સૂચવવાને સારુ નથી કે આયોડીન બહુ ઉપયોગી વસ્તુ નથી. એની ઉપયોગિતા વિષે મને જરાયે શંકા નથી. પણ ગરીબ માણસને ઘેર તે હોતું નથી. એ મોંઘી વસ્તુ છે. ગમે તે માણસના હાથમાં મુકાય નહીં એવી વસ્તુ છે. પણ પાણી તો બધાયને ત્યાં હોવાથી દવા તરીકે તેના ઉપયોગની અવગણના કરીએ છીએ. આ અવગણનામાંથી બચી જવું જોઈએ. આપણા ઘરમાં પડેલા ઉપાયો જાણવાથી આપણે ઘણા ભયોમાંથી ઊગરીએ છીએ.[૧૯]

વરાળરૂપે પાણી બહુ કામ આપે છે. પરસેવો ન આવતો હોય ત્યારે વરાળ લેવાથી તે લાવી શકાય છે. સંધિવાથી જેનું શરીર ઝલાઈ ગયેલું હોય તેને અથવા જેનું વજન બહુ વધી ગયું હોય તેને સારુ વરાળ બહુ ઉપયોગી વસ્તુ છે.

વરાળ લેવાની પુરાણી અને સહેલામાં સહેલી રીત આ છે: શણનો કે સીંદરીનો ખાટલો વાપરવો વધારે સારું છે, પણ પાટીનોય ચાલે. તેની ઉપર ચોફાળ કે કામળ પાથરીને દરદીને તેની ઉપર સુવાડવો. ઊકળતા પાણી ભરેલી બે તપેલી અથવા ઘડા ખાટલાની નીચે મૂકવા. દરદીને એવી રીતે-ઢાંકવો કે જેથી તે કામળ ચોમેર ભોંયને અડકે, જેથી

Gandhi Heritage Portal

બહારની હવા ખાટલા નીચે ન જવા પામે. આમ લપેટ્યા પછી ઘડા કે તપેલા પરનું ઢાંકણ કાઢી લેવું એટલે દરદીને વરાળ મળશે. બરોબર વરાળ ન મળે તો પાણી બદલવાની જરૂર પડશે. બીજા ઘડામાં પાણી ઊકળતું હોય તે ખાટલા નીચે મૂકવું. સાધારણ રીતે આપણામાં રિવાજ એવો છે કે, ખાટલા નીચે અંગારા મૂકે છે અને તેની ઉપર ઊકળતા પાણીનું વાસણ. આ રીતે પાણીની ગરમી જરા વધારે મળવાનો સંભવ છે, પણ તેમાં અકસ્માત થવાનો ડર રહ્યો હોય છે. એક તણખો પણ ઊડે ને કામળ કે કંઈક ચીજ બળે તો દરદીની જાન જોખમમાં આવી પડે. એટલે ગરમી તુરત મળવાનો લોભ છોડીને મેં સૂચવેલી રીતનો ઉપયોગ કરવો.

કેટલાક એવા પાણીમાં વસાણાં નાખે છે. જેમ કે લીમડો. મેં એનો ઉપયોગ અનુભવ્યો નથી. પ્રત્યક્ષ ઉપયોગ તો વરાળનો છે. આ રીત તો પરસેવો લાવવાની થઈ.

જેના પગ ઠંડા થઈ ગયા હોય, પગે કળતર થતી હોય, તેવે સમયે ગોઠણ લગી પહોંચી શકે એવા ઊંડા વાસણમાં સહન થઈ શકે તેવા ગરમ પાણીમાં રાઈનો ભૂકો નાખીને પગ થોડી મિનિટ લગી બોળી રાખવા. તેથી પગ ગરમ થાય છે. કળતર શમે છે. લોહી નીચે આવે છે, એથી દરદીને સારું લાગે છે. સળેખમ થયું હોય કે ગળું આવી ગયું હોય તો કીટલીમાં ઊકળતું પાણી રાખી ગળામાં કે નાકમાં વરાળ લઈ શકાય છે. કીટલીને એક સ્વતંત્ર ભૂંગળી લગાડવાથી તે ભૂંગળી વાટે વરાળ સુખેથી લઈ શકાય છે. આ ભૂંગળી લાકડાની રાખવી. રબરની નળી લગાડીને તેને ભૂંગળીમાં લગાડવાથી વધારે સગવડ પડે છે.[૨૦]

## આકાશ

આકાશ એટલે અવકાશ કહી શકાય.[૨૧]

આકાશથી આપણે ઘેરાયેલા ન હોઈએ તો ગૂંગળાઈને મરી જઈએ. જ્યાં કંઈ નથી ત્યાં આકાશ છે. એટલે આપણે જે દૂર દૂર આસમાની રંગ જોઈએ છીએ તે જ આકાશ છે એમ નથી. આકાશ તો આપણી


Gandhi Heritage Portal

પાસેથી જ શરૂ થાય છે, નહીં, તે આપણી અંદર પણ છે. પોલાણ માત્રને આપણે આકાશ નહીં કહી શકીએ. ખરું છે કે જે ખાલી દેખાય છે તે હવાથી ભરેલું છે.

આપણે હવાને નથી જોઈ શકતા એ ખરું, પણ હવાને રહેવાનું ઠેકાણું ક્યાં છે? એ આકાશમાં જ વિહાર કરે છે ના? એટલે આકાશ આપણને છોડી જ નથી શકતું, પણ આકાશને કોણ ખેંચી શકે?[22]

જેમ આકાશ અહીં છે તેમ આવરણની બહાર પણ છે. એટલે સર્વવ્યાપક તો આકાશ જ છે. પછી ભલે શાસ્ત્રીઓ સિદ્ધ કરે કે એ આવરણની ઉપર ઈથર નામનો પદાર્થ છે, અથવા બીજો કોઈ. તે પણ જેમાં વસે છે તે આકાશ છે. એટલે એમ કહી શકાય કે, જો ઈશ્વરનો ભેદ જાણી શકાય તો આકાશનો જણાય.

એવું મહાન તત્ત્વ છે તેનો અભ્યાસ ને ઉપયોગ જેટલે અંશે કરી શકીએ તેટલે અંશે આપણે વધારે આરોગ્ય ભોગવીએ.

પ્રથમ પાઠ તો એ છે કે, એ સુદૂર અને અદૂર વચ્ચે ને આપણી વચ્ચે કંઈ આવરણ ન આવવા દઈએ. એટલે કે, જો ઘરબાર વિના કે વસ્ત્રો વિના આપણે એ અનંતની જોડે સંબંધ બાંધી શકીએ તો આપણાં શરીર, બુદ્ધિ અને આત્મા પૂર્ણ રીતે આરોગ્ય ભોગવે. આ આદર્શને ભલે આપણે ન પહોંચીએ, ભલે કરોડોમાં એક જ પહોંચતો હોય છતાં, એ આદર્શને જાણવો, સમજવો ને તેને આદર આપવો આવશ્યક છે. અને જો તે આદર્શ હોય તો તેને જેટલે અંશે પહોંચાય તેટલે અંશે આપણે સુખ, શાંતિ ને સંતોષ ભોગવીશું.[23]

આ વિચારશ્રેણી પ્રમાણે આપણે ઘરબાર, વસ્ત્રાદિના ઉપયોગમાં પુષ્કળ અવકાશ રાખીએ. કેટલાંક ઘરોમાં એટલું રાચરચીલું જોવામાં આવે છે કે મારા જેવો ગરીબ માણસ તેમાં ગૂંગળાઈ જાય, એ વસ્તુનો ઉપયોગ ન સમજે. એને મન તો એ બધાં ધૂળ અને જંતુઓને એકઠાં કરવાનાં ભાજન ગણાય.[24]

મનુષ્યનું સૂવાનું સ્થાન આકાશની નીચે હોવું જોઈએ. ભીનાશ કે ટાઢથી બચવા પૂરતું ઢાંકણ ભલે રાખે. એક છત્રી જેવું ઢાંકણ વરસાદમાં

Gandhi Heritage Portal

ભલે હોય. બાકી બધો વખત તેની છત્રી અગણિત તારાઓથી જડેલું આકાશ જ હોય. જ્યારે આંખ ઊઘડે ત્યારે તે પ્રતિક્ષણ નવું દૃશ્ય જોશે. તે જોતાં થાકશે નહીં. છતાં તેની આંખ અંજાશે નહીં, શીતળતા ભોગવશે. તારાઓનો ભવ્ય સંઘ ફરતો જ દેખાશે. જે મનુષ્ય એઓની સાથે અનુસંધાન કરી સૂશે ને તેઓને પોતાના હૃદયના સાક્ષી કરશે, તે કદી અપવિત્ર વિચારને સ્થાન નહીં આપે ને શાંત નિદ્રા લેશે.

પણ જેમ આપણી આસપાસ આકાશ છે તેમ જ આપણી અંદર છે. ચામડીમાં રહેલા એક એક છિદ્રમાં, બે છિદ્રોની વચ્ચે જ્યાં જગ્યા છે ત્યાં આકાશ છે. એ આકાશ—અવકાશને આપણે ભરી મૂકવાનો પ્રયત્ન પણ ન કરીએ. તેથી જો આપણે આપણો આહાર જેટલો જોઈએ તેટલો જ લઈએ તો શરીરમાં મોકળાશ રહ્યા કરે. આપણને હંમેશાં ખબર નથી હોતી કે ક્યારે વધારે અથવા અયોગ્ય ખવાઈ ગયું છે. તેથી અઠવાડિયે, પખવાડિયે, કે સગવડ પડે તેમ અપવાસ કરીએ તો સમતોલતા, સમતા જાળવી શકાય. પૂરા અપવાસ ન કરી શકે તે એક અથવા વધારે ટંકનું ખાવાનું છોડી દેશે તોપણ લાભ મેળવશે.[૨૫]

## તેજ

જેમ આપણે પાણીમાં સ્નાન કરી સાફ થઈએ છીએ તેમ સૂર્ય-સ્નાન પણ કરી શકાય. નબળો માણસ, જેનું લોહી ઊડી ગયું છે, તે જો સવારનો તડકો નગ્ન દશામાં લે, તો તેની ફીકાશ ને નબળાઈ જશે ને હોજરી મંદ હશે તો તે જાગ્રત થશે. આ સ્નાન સવારના, તાપ બહુ ન ચડયો હોય ત્યારે લેવાનું છે. જેને ઉઘાડે શરીરે સૂતાં કે બેસતાં ઠંડી લાગે તે જોઈતું કપડું ઓઢીને સૂએ, બેસે ને જેમ શરીર સહન કરે તેમ કપડું ખસેડે. નગ્ન સ્થિતિમાં આંટા પણ મારી શકાય. કોઈ ન દેખે એવી જગ્યા શોધી ત્યાં આ ક્રિયા થઈ શકે. એવી સગવડ મેળવતાં દૂર જવું પડે, ને તેટલો વખત ન હોય તો ગુહ્ય ભાગો ઢાંકી શકાય એવી પાતળી લંગોટી પહેરીને સૂર્યસ્નાન લેવાય.[૨૬]

આવા સૂર્યસ્નાનથી ઘણા માણસોને ફાયદો થયો છે. ક્ષયના રોગમાં એનો બહોળો ઉપયોગ થાય છે.[૨૭]

Gandhi Heritage Portal

કેટલીક વાર ગૂમડાં થયાં હોય તે રુઝાતાં જ નથી. તેને સૂર્યસ્નાન આપવાથી તે રુઝાયાં છે.[૨૮]

## વાયુ

જેમ ચાર તેમ આ પાંચમું તત્ત્વ પણ અત્યંત ઉપયોગી છે. જે પાંચ તત્ત્વનું પૂતળું બન્યું છે તેમાંના એકેય વિના મનુષ્ય નભી ન જ શકે. એટલે વાયુથી કોઈએ ડરવું ન જોઈએ. જ્યાં જઈએ ત્યાં ઘરોમાં વાયુ અને પ્રકાશને આપણે બંધ કરી આરોગ્ય જોખમમાં નાખીએ છીએ. ખરું જોતાં બચપણથી જ હવાનો ડર ન રાખતાં શીખ્યા હોઈએ તો શરીર હવાની આવજાથી ટેવાઈ જાય છે, ને શરદી સળેખમ આદિથી બચી જાય છે.[૨૯]

## દાક્તરી મદદ

અખિલ ભારત ગ્રામઉદ્યોગ સંઘની પ્રવૃત્તિનું મંગળાચરણ થતાંવેંત ઘણા કાર્યકર્તાઓએ ગામડાંમાં દવા આપવાના કામને પોતાની એકમાત્ર નહીં તો મુખ્ય પ્રવૃત્તિ બનાવી દીધી છે. ગામડાંના લોકોને ઍલોપથીની, આયુર્વેદની, યુનાની કે હોમિયોપથીની દવાઓ મફત આપવાની આ પ્રવૃત્તિ છે. એ દવાઓ વેચનારા વેપારીઓ પાસે ગ્રામસેવકો થોડીક દવાઓ લેવા જાય તો તેઓ એટલો ઉપકાર કરવા તત્પર હોય છે. એમાં એમને પૈસાનો ઘસારો તો કંઈ નથી; અને એ દાનનો તેઓ સ્વાર્થી દૃષ્ટિએ વિચાર કરે તો એથી એમને વધારે ઘરાક મળવાનો સંભવ રહે છે. બિચારા દર્દીઓ શુભેચ્છાવાળા પણ અધૂરા જ્ઞાનવાળા અથવા અતિ ઉત્સાહી ગ્રામસેવકોના ભોગ થઈ પડે છે. આ દવાઓમાંથી પોણા ભાગ કરતાં વધારેની કેવળ નકામી જ નથી હોતી, પણ જે શરીરમાં તે નાખવામાં આવે તેને દેખીતી રીતે નહીં તો અદૃશ્ય રીતે હાનિ કરનારી હોય છે. જ્યાં દર્દીઓને એથી કંઈક કામચલાઉ રાહત મળે છે ત્યાં એને બદલે ચાલી શકે એવી દવાઓ ગામડાંના બજારમાં મળતી હોય જ છે.

તેથી ગ્રામઉદ્યોગ સંઘે મેં વર્ણવી એવી દવાની મદદ આપવાનો વિચાર જ નથી રાખ્યો. આરોગ્ય અને કરકસરને વિષે લોકોને કેળવણી આપવી એ કામ તરફ તે લક્ષ આપશે. એ બે એકબીજા સાથે સંકળાયેલાં

Gandhi Heritage Portal

નથી? કરોડોને માટે આરોગ્યનો અર્થ સંપત્તિ નથી? એમને ધન કમાવાનું મુખ્ય સાધન એમની બુદ્ધિ નથી પણ એમનાં શરીર છે. તેથી ગ્રામઉદ્યોગ સંઘ લોકોને રોગ થતા અટકાવવા કેમ એ શીખવવા મથશે. કરોડો માણસોના ખોરાકમાં પૌષ્ટિક તત્ત્વની ખામી છે એ જાણીતી વાત છે. તેઓ જે ખાય છે તેનો દુરુપયોગ કરે છે. ગામડાંની સફાઈની સ્થિતિ અતિશય ખરાબ છે. તેથી જો આ ખામીઓ દૂર થઈ શકે, અને લોકો સ્વચ્છતાના સાદા નિયમો પાળતા થઈ જાય તો તેઓ આજે જે રોગથી પીડાય છે તેમાંના ઘણાખરા તો કશા વધારે પ્રયત્ન કે ખરચ વિના દૂર થઈ જવાના. તેથી સંઘ દવાખાનાં ખોલવાનો વિચાર રાખતો નથી. ગામડાંમાં જ કઈ કઈ દવાઓ મળી શકે તેને વિષે હવે તપાસ ચાલી રહી છે. સતીશબાબુની સસ્તી દવાઓ* એ દિશામાં એક પ્રયત્ન છે. એ દવાઓ અતિશય સાદી છે, છતાં સતીશબાબુ એ દવાઓની અસર ઘટાડયા વિના એની સંખ્યામાં ઘણો ઘટાડો કરવાના હેતુથી પ્રયોગો ચલાવી રહ્યા છે. તેઓ બજારની દવાઓનો અભ્યાસ કરે છે, તેને તપાસે છે, અને તેને એ જ જાતની અંગ્રેજી દવાઓ સાથે સરખાવે છે. એ બધાની પાછળ સાદા ગામડિયાઓને અજાણી ગોળીઓ ને ઉકાળાના ભયમાંથી છોડવવાનો ઉદ્દેશ રહેલો છે.[૩૦]

જ્યાં તાવ, કબજિયાત કે એવા સામાન્ય રોગોના દર્દી ગ્રામસેવકોની પાસે આવે ત્યાં તેમણે બની શકે તો દવા આપવી જ પડશે. જ્યાં રોગના નિદાન વિષે ખાતરી હોય ત્યાં ગામડાના બજારની દવા સહુથી સસ્તી ને સારી છે, એ વિષે કશી શંકા નથી. જો દવાઓ પાસે રાખવી જ પડે તો એરંડિયું, ક્વિનીન અને ઊકળતું પાણી એ સારામાં સારી દવાઓ છે. એરંડિયું તો ગામડામાં મળી શકે. સોનામુખીનાં પાંદડાં પણ ચાલી શકે. ક્વિનીનનો ઉપયોગ હું ઓછો કરું. દરેક તાવ પર ક્વિનીનના ઉપચારની જરૂર હોતી નથી. દરેક તાવ ક્વિનીનથી જતો પણ નથી. ઘણાખરા તાવ અપવાસ કે અર્ધા અપવાસથી મટી જશે. અનાજ

* 'હોમ ઍન્ડ વિલેજ ડૉક્ટર' લેખક: સતીશચંદ્ર દાસગુપ્ત, ખાદી પ્રતિષ્ઠાન, ૧૫ કૉલેજ સ્કવૅર, કલકત્તા. પૃષ્ઠ ૨૪ + ૧૨૮૭; કિંમત ૧૦.૦૦

Gandhi Heritage Portal

અને દૂધ છોડવાં; અને ફળના રસ કે દ્રાક્ષનું ઊકળતું પાણી, અથવા તાજા લીંબુના રસ કે આમલીની સાથે ગોળનું ઊકળતું પાણી લેવું એ અર્ધો અપવાસ છે. ઊકળતું પાણી એ બહુ જ જલદ ઓસડ છે. એનાથી ઘણું કરીને દસ્ત ઊતરશે. એનાથી પરસેવો થશે ને તેથી તાવ ઓછો થશે. એ સહુથી સુરક્ષિત અને સોંઘામાં સોંઘી ચેપ અટકાવનારી વસ્તુ છે. ઊકળતું પાણી પીવાની જરૂર પડે ત્યાં એને નવશેકું થાય ત્યાં સુધી ઠરવા દેવું જોઈએ. ઉકાળવું એનો અર્થ એ નથી કે ફક્ત ગરમ કરવું. પાણી ઊકળવા માંડે એટલે તેના પર પરપોટા આવવા માંડે છે ને વરાળ નીકળવા લાગે છે.

જ્યાં સેવકોને શું કરવું એની ખાતરી ન હોય ત્યાં તેમણે ગામના વૈદને તેના ઉપચાર છૂટથી અજમાવવા દેવા જોઈએ. જ્યાં વૈદ ન હોય કે વિશ્વાસપાત્ર ન હોય અને સેવકો નજીકના કોઈ પરગજુ ડૉક્ટરને ઓળખતા હોય ત્યાં તેઓ તેની મદદ માગે.

પણ તેઓ જોશે કે રોગને મટાડવાનો સૌથી અસરકારક ઈલાજ સફાઈ કરવામાં રહેલો છે. તેઓ યાદ રાખે કે કુદરત એ સારામાં સારો વૈદ છે. તેઓ ખાતરી રાખે કે માણસે જે બગાડ્યું હોય તેને કુદરત સમારી રહી છે. માણસ જ્યારે એના કામમાં સતત વિઘ્ન નાખ્યા કરે ત્યારે તે નિરુપાય થઈ જતી લાગે છે. પછી તે મૃત્યુને મોકલે છે—કેમ કે જે વસ્તુ સમારી શકાય એવી રહી જ ન હોય તેનો નાશ કરવા માટે મૃત્યુ એ કુદરતનો છેવટનો ને શીઘ્રવેગી દૂત છે—અને મનુષ્યને નવા દેહરૂપી વસ્ત્ર આપે છે. તેથી દરેક માણસને ખબર હોય કે ન હોય, પણ સફાઈનું કામ કરનાર સેવકો એ તેના સારામાં સારા વૈદ ને સારામાં સારા મદદગાર છે.[૩૧]

ગામડાંઓમાં કામ અથવા સમાજસેવા કરતી જુદી જુદી સંસ્થાઓ તરફથી જે હેવાલો મારી પાસે આવે છે તેમાંના ઘણામાં દવાદારૂની સહાયતા આપવાના કામને ખૂબ મહત્ત્વ આપેલું જણાય છે. આ સહાય દરદીઓને દવાદારૂ પૂરાં પાડવાના રૂપમાં અપાય છે. અને જે કોઈ વ્યક્તિ દવાદારૂ મફત આપવાનું જાહેર કરે છે તેની પાસે આજુબાજુના લોકોનાં

Gandhi Heritage Portal

ટોળેટોળાં પહોંચી જાય છે. આનો અર્થ એ થાય છે કે આવી રીતે દવા-દારૂ વહેંચનાર વ્યક્તિને કંઈ તકલીફ જેવું હોતું નથી. રોગો અને એનાં ખાસ લક્ષણો વિષેનું કશુંયે જ્ઞાન મેળવવાની એને જરૂર રહેતી નથી. દવા તો દવાના દયાળુ વેપારીઓ પાસેથી એને અવારનવાર વિનામૂલ્યે મળતી હોય છે. ઝાઝો વિચાર કર્યા વગર પૈસા આપનાર દાતાઓ પાસેથી એને હંમેશાં ફંડફાળો મળી જાય છે અને એવા દાતાઓને, પોતે જે દાન આપે છે તેથી દીનદુખિયાંને મદદ થાય છે, એવા ખ્યાલથી આત્મસંતોષ થાય છે.

આ પ્રકારની સમાજસેવા મને આળસુમાં આળસુ અને ઘણી વાર નુકસાન પહોંચાડનારી જણાઈ છે. દરદી પાસે દવાનો ઘૂંટડો ગટગટાવી જવા સિવાય કશું કરવાની અપેક્ષા રાખવામાં ન આવે ત્યારે તે નુકસાન-કર્તા નીવડે છે. દવા લેવાથી એનામાં કંઈ સમજ કે ડહાપણ આવતું નથી. ઊલટું કેટલીક વાર તો તે પહેલાં કરતાં કંઈક વધારે બગડે છે. અનિયમિતતાને કારણે કે પોતે કરેલી ભૂલોને કારણે આવેલી માંદગીની દવા નામની કિંમતે અથવા મફત મળી શકે છે, એ જ્ઞાન એને એવી ભૂલો ફરીથી કરવા લલચાવશે. આવી દવાદારૂની મદદ પોતે મફત લે છે, એ હકીકત દરદીનું સ્વમાન હણશે. સ્વમાની માણસ મફત મળતી કોઈ પણ ચીજ લેવાની ના પાડે.

દવાદારૂની મદદનો એક બીજો પણ પ્રકાર છે અને તે આપણે માટે આશીર્વાદરૂપ છે. જે લોકો રોગો, એનાં લક્ષણો અને તે પેદા થવાનાં કારણો જાણે છે તે જ આવી મદદ કરી શકે છે. આ લોકો બીમારોને એમની અમુક બીમારી કે ફરિયાદ શા કારણથી છે અને તે કેવી રીતે ટાળી શકાય તે પણ સમજાવશે. આવા સેવકો રાતદિવસની પરવા નહીં કરે અને ગમે તે સમયે દરદીની મદદ કરવા દોડી જશે. આવી સમજ અને વિવેકભરી સહાય લોકોને સ્વચ્છતા કેમ રાખવી તેમ જ તંદુરસ્ત કેમ રહેવું તે શીખવે છે. આ સહાય સ્વાસ્થ્ય વિજ્ઞાનનું એક પ્રકારનું શિક્ષણ બની રહે છે. પરંતુ આવા પ્રકારની સેવા ભાગ્યે જ જોવા મળે છે. મોટા ભાગના હેવાલોમાં તો દવાદારૂની સહાયનો ઉલ્લેખ જાહેરાત તરીકે હોય છે કે જેથી લોકો તે વાંચી એમની બીજી પ્રવૃત્તિઓ માટે દાન

Gandhi Heritage Portal

આપવા પ્રેરાય. એ પ્રવૃત્તિઓમાં પણ કદાચ દવાદારૂની સહાય આપવાની પ્રવૃત્તિની જેમ મહેનત કે જ્ઞાનની જરૂર નહીં હોય. સમાજસેવાના કાર્યમાં જોડાયેલા તમામ કાર્યકર્તાઓને, પછી ગમે તો તેઓ ગામડાંઓમાં કામ કરતા હોય કે શહેરોમાં, હું આગ્રહપૂર્વક વીનવીશ કે દવાદારૂની સહાયને તેઓ એમનાં સેવાનાં કામોમાં ઓછામાં ઓછું મહત્ત્વનું કામ લેખે. બહેતર છે કે આવા પ્રકારની રાહતનો તમામ ઉલ્લેખ હેવાલોમાંથી ટાળવામાં આવે. કાર્યકર્તાઓ એમના વિસ્તારોમાં રોગો થતા અટકાવવાના ઉપાયો લેવાનું રાખે તો સારું. તેમની પાસે દવાદારૂનો જથ્થો ઓછામાં ઓછો હોવો જોઈએ. જે દવાઓ ગામડાંઓમાં મળતી હોય તેમને વિષે અને તેમના ગુણો વિશે તેમણે પૂરેપૂરી માહિતી મેળવી લેવી જોઈએ અને શકય હોય ત્યાં સુધી તે જ વાપરવી જોઈએ. એમ કરવાથી તેમને (વર્ધા નજીક આવેલા) સિંદી ગામમાં અમને થાય છે એવો અનુભવ થશે કે, ગરમ પાણી, સૂર્યનો તડકો, સ્વચ્છ મીઠું, સોડા તથા કયારેક એરંડિયાનું તેલ કે ક્વિનીનથી મોટા ભાગનાં દરદોમાં કામ ચાલી રહે છે. ગંભીર રોગવાળા બધા દરદીઓને સિવિલ હૉસ્પિટલમાં મોકલવાનો અમે નિયમ કર્યો છે. મીરાંબહેન પાસે દરદીઓની ભીડ જામે છે. તેઓ તેમની પાસેથી આરોગ્ય જળવાઈ રહે અને રોગ થતા અટકે તેના પાઠ શીખે છે. ફક્ત પાઉડરનાં પડીકાં અને દવાના ડોઝ આપવાને બદલે આ પદ્ધતિ ગ્રહણ કરવાથી તે સામે તેમને અણગમો થતો જાણ્યો નથી.[૩૨]

Gandhi Heritage Portal

## ૨૫
# ખોરાક

હવાપાણી વિના મનુષ્ય જીવી જ નથી શકતો એ ખરું, પણ મનુષ્યનો નિર્વાહ તો ખોરાકથી જ થઈ શકે. અન્ન એનો પ્રાણ છે.

ખોરાક ત્રણ જાતનો કહેવાય: માંસાહાર, શાકાહાર, ને મિશ્રાહાર. અસંખ્ય માણસા મિશ્રાહારી છે. માંસમાં માછલાં અને પક્ષીઓનો સમાવેશ થાય છે. દૂધને કોઈ પણ રીતે આપણે શાકાહારમાં નથી ગણી શકતા. તેમ લૌકિક ભાષામાં એ કદી માંસાહારમાં નથી ગણાતું. સ્વરૂપે તો એ માંસનું જ એક રૂપ છે. જે ગુણ માંસમાં છે તે ઘણે ભાગે દૂધમાં છે. દાક્તરી ભાષામાં એની ગણતરી પ્રાણિજ ખોરાક – ઍનિમલ ફૂડ – માં કરવામાં આવી છે. ઈંડાં સામાન્ય રીતે માંસમાં ગણાય છે. હકીકતમાં એ માંસ નથી. અને હાલ તો ઈંડાં એવી રીતે પેદા કરવામાં આવે છે કે મરઘીને મરઘો બતાવવામાં નથી આવતો, છતાં તે ઈંડાં મૂકે છે. આ ઈંડાં કદી પાકતાં નથી. તેમાં મરઘું નહીં થઈ શકે. એટલે જેને દૂધ પીવામાં હરકત નથી તેને આ બીજા પ્રકારનાં ઈંડાં લેવામાં કશી હરકત ન હોવી જોઈએ.

દાક્તરી મત મુખ્યત્વે મિશ્રાહાર તરફ ઢળે છે. જોકે પશ્ચિમમાં દાક્તરોનો એક મોટો સમુદાય નીકળ્યો છે જેનો દૃઢ અભિપ્રાય છે કે, મનુષ્યના શરીરની રચના જોતાં એ શાકાહારી જ છે. એના દાંત, હોજરી વગેરે એને શાકાહારી સિદ્ધ કરે છે. શાકમાં ફળોનો સમાવેશ કર્યો છે. અને ફળોમાં સૂકાં અને લીલાં બંને આવી જાય. સૂકાંમાં બદામ, પિસ્તાં, અખરોટ, ચિલગોજા વગેરેનો સમાવેશ છે.

મારો પક્ષપાત શાકાહાર તરફ હોવા છતાં અનુભવે મારે કબૂલ કરવું પડ્યું છે કે, દૂધ અને દૂધમાંથી નીપજતા પદાર્થો – માખણ, દહીં વગેરે વિના મનુષ્યશરીરનો નિભાવ સંપૂર્ણ રીતે નથી થઈ શકતો. મારા



Gandhi Heritage Portal

વિચારોમાં આ મહત્ત્વનો ફેરફાર થયો છે. મેં દૂધઘી વિના છ વર્ષ ગાળ્યાં છે. તે વખતે મારી શક્તિમાં કશી ન્યૂનતા નહોતી આવી. પણ મારા અજ્ઞાનને લીધે હું ૧૯૧૭ની સાલમાં સખત મરડાનો ભોગ બન્યો. શરીર હાડપિંજર થઈ ગયું. હઠપૂર્વક દવા ન લીધી અને એટલી જ હઠપૂર્વક દૂધ કે છાશ ન લીધાં. શરીર કેમેય ન બાંધી શકાય. દૂધ ન લેવાનું મેં વ્રત લીધું હતું. દાક્તરે કહ્યું, "પણ તે તો ગાયભેંસના દૂધને વિષે હોય." "બકરીનું દૂધ કેમ ન લેવાય?" ધર્મપત્નીએ ટાપસી પૂરી ને હું પીગળ્યો. ખરું જોતાં જેણે ગાયભેંસના દૂધનો ત્યાગ કર્યો હોય તેને બકરી વગેરેના દૂધની છૂટ હોવી ન જોઈએ. કેમ કે એ દૂધમાં પદાર્થો એક જ જાતના હોય છે. ફરક કેવળ માત્રાનો જ છે. એટલે મારા વ્રત-ના અક્ષરનું જ પાલન થયું. તેનો આત્મા તો હણાયો. ગમે તેમ હોય. બકરીનું દૂધ તુરત આવ્યું ને મેં લીધું. મને નવચેતન આવ્યું. શરીરમાં શક્તિ આવી ને ખાટલેથી ઊઠ્યો. એ અને એવા બીજા અનેક અનુભવો ઉપરથી હું લાચારીથી દૂધનો પક્ષપાતી થયો છું. પણ મારો દૃઢ વિશ્વાસ છે કે, અસંખ્ય વનસ્પતિઓમાં કોઈક તો એવી છે કે જે દૂધ અથવા માંસની સંપૂર્ણ ગરજ સારે અને તેના દોષથી મુક્ત હોય. પણ આ શોધ તો થાય ત્યારે ખરી.

મારી દૃષ્ટિએ દૂધ અને માંસમાં દોષ તો રહ્યા જ છે. માંસને સારુ આપણે પશુપંખીનો નાશ કરીએ છીએ. અને માના દૂધ સિવાય બીજા દૂધનો અધિકાર આપણને ન હોય. આ નૈતિક દોષ ઉપરાંત બીજા દોષો કેવળ આરોગ્યની દૃષ્ટિએ રહ્યા છે. બંનેમાં તેના માલિકના દોષો ઊતરે જ છે. પાળેલાં પશુ સામાન્યપણે તંદુરસ્ત નથી હોતાં. જેમ મનુષ્ય-માં તેમ પશુઓમાં પુષ્કળ રોગો થાય છે. ઘણી પરીક્ષાઓ થતાં છતાં, ઘણા રોગો પરીક્ષકની નજર બહાર રહી જાય છે. બધાં પશુઓની સારી પરીક્ષા અસંભવિત લાગે છે. મારી પાસે ગૌશાળા છે. મિત્રોની મદદ સહેજે મળી રહે છે. પણ મારાથી ખાતરીપૂર્વક ન કહી શકાય કે, મારી પાસે રહેલાં પશુઓ નીરોગી જ હોય. એથી ઊલટું એમ જોયું છે કે, જે ગાય નીરોગી માનવામાં આવતી હતી તે છેવટે રોગી સિદ્ધ થઈ છે. એ શોધ થતા પહેલાં તો રોગી ગાયના દૂધનો ઉપયોગ થયો હતો.

Gandhi Heritage Portal

આસપાસના ખેડૂતો પાસેથી પણ દૂધ સેવાગ્રામ આશ્રમ લે છે. તેઓનાં ઢોરની પરીક્ષા કોણ કરે? દૂધ નિર્દોષ છે કે નહીં એ પરીક્ષા કઠિન વસ્તુ છે. એટલે દૂધને ઉકાળીને જેટલો સંતોષ મળી શકે એટલેથી કામ ચલાવવું રહ્યું. બીજે બધે આશ્રમના કરતાં ઓછી જ પરીક્ષા હોવાનો સંભવ છે. જે દૂધ દેતાં પશુઓને વિષે લાગુ પડે છે તે માંસને સારુ કતલ થતાં પશુઓને વિષે વધારે લાગુ પડે છે. પણ ઘણે ભાગે તો ભગવાન ભરોસે જ આપણું કામ ચાલે છે. મનુષ્ય પોતાના આરોગ્યની ચિંતા ઓછી જ કરે છે. તેણે પોતાને સારુ વૈદ્ય, દાક્તરો, હકીમ વગેરે-નો કોટ ચણી રાખ્યો છે, ને પોતાને સુરક્ષિત માને છે. તેની મોટી ચિંતા ધનપ્રતિષ્ઠા વગેરે મેળવવાની રહે છે ને તે ચિંતા બીજી ચિંતાઓને ગળી જાય છે. એટલે જ્યાં લગી કોઈ પારમાર્થિક વૈદ્ય-દાક્તર-હકીમ ખંતપૂર્વક સંપૂર્ણ ગુણવાળી વનસ્પતિ શોધી નથી શકયા, ત્યાં લગી મનુષ્ય માંસાહાર, દૂધાહાર કર્યે જશે.

હવે યુક્તાહાર ઉપર વિચાર કરીએ. મનુષ્યશરીર સ્નાયુ બાંધનાર, ગરમી આપનાર, ચરબી વધારનાર, ક્ષારો આપનાર અને મળને કાઢનાર દ્રવ્યો માગે છે. સ્નાયુ બાંધનાર દ્રવ્યો દૂધ, માંસ, કઠોળ તથા સૂકા મેવામાંથી મળે છે. દૂધ, માંસનાં દ્રવ્યો કઠોળાદિ કરતાં વધારે સહેલાઈથી પચે છે ને સર્વાંશે વધારે લાભદાયી છે. દૂધ અને માંસમાં દૂધ ચડી જાય છે. માંસ પચી ન શકે ત્યારે પણ દૂધ પચી શકે છે એમ દાક્તરો કહે છે, ને માંસાહાર નથી કરતા તેને તો દૂધની બહુ મોટી ઓથ મળે છે. પચવામાં રાંધ્યા વગરનાં ઈંડાં સહુથી વધારે સારાં ગણાય છે. પણ દૂધ કે ઈંડાં બધાંને સાંપડતાં નથી. એ બધેય મળતાં પણ નથી. દૂધને વિષે એક બહુ અગત્યની વસ્તુ અહીં જ કહી જાઉં. જેમાંથી માખણ કાઢી લેવામાં આવે છે એ દૂધ નકામું નથી. તે અત્યંત કીમતી પદાર્થ છે. કેટલીક વેળા તો તે માખણવાળા દૂધ કરતાં ચડી જાય છે. દૂધનો મુખ્ય ગુણ સ્નાયુવર્ધક પ્રાણિજ દ્રવ્ય આપવાનો છે. માખણ કાઢી લીધા પછી પણ એ દ્રવ્ય કાયમ રહે છે. છેક બધું માખણ કાઢી શકાય એવું યંત્ર હજુ લગી તો બન્યું નથી. બનવાનો સંભવ પણ ઓછો જ છે.

પૂર્ણ દૂધ કે અપૂર્ણ દૂધ ઉપરાંત બીજા પદાર્થોની જરૂર રહે છે.

Gandhi Heritage Portal

બીજો દરજ્જો ઘઉં, બાજરો, જવાર, ચોખા વગેરે અનાજોને આપી શકાય. હિંદુસ્તાનમાં પ્રાંતે પ્રાંતે અનાજ નોખાં જોવામાં આવે છે. ઘણે ઠેકાણે કેવળ સ્વાદને ખાતર એ જ ગુણવાળાં એકથી વધારે અનાજ એકી વખતે ખાવામાં આવે છે. જેમ કે ઘઉં, બાજરો ને ભાત ત્રણેય વસ્તુ સાથે થોડી થોડી લેવાય છે. શરીરના પોષણને સારુ આ મિશ્રણ જરૂરી નથી. એથી માપ ઉપર અંકુશ જળવાતો નથી ને હોજરીને વધારે-પડતું કામ અપાય છે. એક જ અનાજ એકીવખતે લેવું ઠીક ગણાશે. આ અનાજોમાંથી મુખ્યત્વે સ્ટાર્ચ મળે છે. બધાં અનાજોમાં ઘઉં રાજા છે. દુનિયાની ઉપર નજર નાખીએ તો ઘઉં વધારેમાં વધારે ખવાય છે. આરોગ્યની દૃષ્ટિએ ઘઉં મળે તો ચાવલ અનાવશ્યક છે. જ્યાં ઘઉં ન મળે અને બાજરો જવાર, ઈત્યાદિ ન ભાવે કે ન રુચે તો ચાવલ લેવા ઘટે છે.

અનાજમાત્રને બરોબર સાફ કરીને ઘરની ઘંટીમાં દળી, ચાળ્યા વગર વાપરવું જોઈએ. તેની ભૂસીમાં સત્ત્વ છે અને ક્ષારો છે. એ બંને બહુ ઉપયોગી પદાર્થો છે. વળી એમાં એવો પદાર્થ હોય છે કે જે પચ્યા વગર નીકળી જાય. તે સાથે મળને પણ કાઢે છે. ચાવલનો દાણો નાજુક હોવાથી કુદરતે તેની ઉપર પડ બનાવ્યું છે, જે ખાવાના ઉપયોગનું હોતું નથી. તેથી ચાવલને ખાંડવામાં આવે છે. ઉપલું પડ કાઢવા પૂરતા જ ચાવલને ખાંડવા જોઈએ. યંત્રમાં ખાંડેલા ચાવલને તો, તેની ભૂસી છેક નીકળી જાય ત્યાં લગી ખાંડવામાં આવે છે. આનું કારણ એ છે કે, જો ભૂસી રાખવામાં આવે છે તો ચાવલમાં તુરત ઈયળ કે ધનેડાં પડે છે. કારણ કે ચાવલની ભૂસીમાં બહુ મીઠાશ રહેલી છે. ઘઉં કે ચાવલની ભૂસીને કાઢતાં માત્ર સ્ટાર્ચ રહી જાય છે. અને ભૂસી જતાં અનાજનો બહુ કીમતી ભાગ છૂટી જાય છે. ઘઉં ચાવલની ભૂસી એકલી રાંધીને પણ ખાઈ શકાય. તેની રોટલી પણ બની શકે. કોંકણી ચાવલનો તો આટો કરીને તેની રોટલી જ ગરીબ લોકો ખાય છે. ચાવલના આટાની રોટલી આખા ચાવલ રાંધીને ખાવા કરતાં કદાચ વધારે પાચક હોય ને ઓછી ખાવાથી પૂરતો સંતોષ આપે.

આપણામાં રોટલીને દાળમાં કે શાકમાં બોળીને ખાવાની ટેવ છે.

Gandhi Heritage Portal

આથી રોટલી બરોબર ચવાતી નથી. સ્ટાર્ચના પદાર્થો જેમ ચવાય ને મોઢામાં રહેલા થૂંક(અમી)ની સાથે મળે તેમ સારું. એ થૂંક (અમી) સ્ટાર્ચને પચાવવામાં મદદ કરે છે. ચાવ્યા વિના ખોરાક ગળી જવામાં આવે તો તે મદદ ન મળી શકે. તેથી ચાવવો પડે એવી સ્થિતિમાં ખોરાક ખાવો લાભદાયી છે.

સ્ટાર્ચપ્રધાન અનાજ પછી સ્નાયુ બાંધનાર કઠોળને બીજું પદ આપવામાં આવે છે. દાળ વિનાના ખોરાકને સહુ કોઈ અપૂર્ણ ગણે છે. માંસાહારીને પણ દાળ તો જોઈએ જ. જેને મજૂરી કરવી પડે છે, અને જેને પૂરતું કે મુદ્દલ દૂધ મળતું નથી, તેને દાળ વિના ન ચાલે એ સમજી શકાય છે. પણ જેને શારીરિક કામ ઓછું કરવું પડે છે, જેવા કે મુત્સદ્દી, વેપારી, વકીલ, દાક્તર કે શિક્ષક, અને જેને દૂધ મળી રહે છે, એને દાળની જરૂર નથી, એમ કહેતાં મને જરા પણ આંચકો નથી આવતો. સામાન્યપણે પણ લોકો દાળને ભારે ખોરાક માને છે ને સ્ટાર્ચપ્રધાન અનાજ કરતાં બહુ ઓછા પ્રમાણમાં લે છે. દાળોમાં વાલ, વટાણા બહુ ભારે ગણાય છે, મગ ને મસૂર હળવાં. દેખીતું છે કે, માંસાહારીને દાળની મુદ્દલ જરૂર નથી. એ માત્ર સ્વાદને સારુ દાળ ખાય છે. કઠોળને ભરડયા વિના રાતભર પલાળીને ફણગા ફૂટે ત્યારે તોલા જેટલું ચાવવામાં આવે તો ફાયદો કરે છે.

ત્રીજું પદ શાક અને ફળને આપવું ઘટે. શાક અને ફળ હિંદુસ્તાનમાં સસ્તાં હોવાં જોઈએ, પણ એમ નથી. તે કેવળ શહેરીઓનો ખોરાક ગણાય છે. ગામડાંઓમાં લીલોતરી ભાગ્યે જ મળે અને ઘણી જગ્યાએ તો ફળ પણ નહીં. આ ખોરાકની અછત એ હિંદુસ્તાનની સભ્યતા ઉપર એક મોટો ડાઘ છે. દેહાતીઓ ધારે તો લીલોતરી પુષ્કળ ઉગાડી શકે છે. ફળઝાડોને વિષે મુશ્કેલી છે ખરી, કેમ કે જમીન-વપરાશના કાયદા સખત છે ને ગરીબોને દબાવનારા છે. પણ આ તો વિષયાંતર થયું.

લીલોતરીમાં પાંદડાંની ભાજીઓ (પત્તી-ભાજી) જે મળે તે સારા પ્રમાણમાં રોજ શાકમાં હોવી જોઈએ. જે શાકો સ્ટાર્ચપ્રધાન છે એની ગણતરી અહીં શાકમાં નથી કરી. સ્ટાર્ચપ્રધાન શાકોમાં પટેટાં, શક્કરિયાં,

Gandhi Heritage Portal

કંદ, સૂરણ ગણાય. એને અનાજનું પદ આપવું જોઈએ. બીજાં શાક સારા પ્રમાણમાં લેવાવાં જોઈએ. કાકડી, લૂણીની ભાજી, સરસવ, સૂવાની ભાજી, ટમાટાં રાંધવાની કશી જરૂર નથી. તેને સાફ કરી, બરોબર ધોઈને થોડા પ્રમાણમાં કાચાં ખાવાં જોઈએ.

ફળોમાં મોસમનાં ફળ મળી શકે તે લેવાં. કેરીની મોસમમાં કેરી, જાંબુની મોસમમાં જાંબુ, જામફળ, પપૈયાં, અંગૂર, ખાટાં મીઠાં લીંબુ, સંતરાં, મોસંબી વગેરે ફળોનો ઠીક ઉપયોગ થવો જોઈએ. ફળ સવારમાં ખાવાં ઉત્તમ છે. દૂધ અને ફળ સવારે ખાવાથી પૂર્ણ સંતોષ મળી રહે છે. જેઓ વહેલા જમે છે તેઓ સવારના એકલાં ફળ ખાય એ ઈષ્ટ છે.

કેળાં સરસ ફળ છે. પણ એ સ્ટાર્ચમય હોવાથી રોટલીની જગ્યા લે છે. કેળાં ને દૂધ તથા ભાજી સંપૂર્ણ ખોરાક છે.

મનુષ્યના ખોરાકમાં થોડેઘણે અંશે ચીકણા પદાર્થની જરૂર છે. તે ઘી-તેલથી મળી રહે છે. ઘી મળી રહે તો તેલની કશી આવશ્યકતા નથી. તેલો પચવામાં ભારે હોય છે; શુદ્ધ ઘીના જેટલાં ગુણકારી નથી. સામાન્ય માણસને ત્રણ તોલા ઘી મળે તો પૂરતું મનાવું જોઈએ. દૂધમાં ઘી આવે જ છે. એટલે જેને ઘી ન પરવડે તે એટલું તેલ લે તો ચરબી મળી રહે છે. તેલોમાં તલનું, કોપરાનું, મગફળીનું સારું ગણાય. એ તાજાં હોવાં જોઈએ. તેથી દેશી ઘાણીનાં મળે તો સારાં. ઘી તેલ બજારમાં મળે છે તે લગભગ નકામાં જેવાં હોય છે, એ ખેદની અને શરમની વાત છે. પણ જ્યાં લગી કાયદા વડે કે લોકકેળવણી વડે વેપારમાં પ્રામાણિકપણું દાખલ ન થાય, ત્યાં લગી લોકોએ કાળજી રાખીને ચોખ્ખી વસ્તુઓ મેળવવી રહી. ચોખ્ખીને બદલે જે તે મળે તેથી કદી સંતોષ નહીં માનવો. ખોરું ઘી કે ખોરું તેલ ખાવા કરતાં ઘી તેલ વિના રહેવું વધારે પસંદ કરવા જેવું છે.

જેમ ચીકટની ખોરાકમાં જરૂર છે તેમ જ ગોળખાંડની. જોકે મીઠાં ફળોમાંથી પુષ્કળ મીઠાશ મળી રહે છે છતાં બેથી ત્રણ તોલા ગોળખાંડ લેવામાં હાનિ નથી. મીઠાં ફળો ન મળે તો ગોળખાંડની જરૂર હોય. પણ આજકાલ મીઠાઈ ઉપર જે ભાર મૂકવામાં આવે છે તે બરોબર

Gandhi Heritage Portal

નથી. શહેરના માણસો બહુ વધારે મીઠાઈ ખાય છે. દૂધપાક, બાસુંદી, શિખંડ, પેંડા, બરફી, જલેબી, વગેરે મીઠાઈઓ ખવાય છે. તે બધાં અનાવશ્યક છે. વધારે પ્રમાણમાં ખાવાથી નુકસાન કરે છે. જે દેશમાં કરોડો માણસોને પૂરું અન્ન પણ નથી મળતું, ત્યાં જેઓ પકવાન ખાય છે તે ચોરીનું ખાય છે એમ કહેવામાં મને મુદ્દલ અતિશયોક્તિ નથી લાગતી.

જેમ મીઠાઈનું તેમ જ ઘી-તેલનું. ઘી-તેલમાં તળેલી વસ્તુઓ ખાવાની કશી આવશ્યકતા નથી. પૂરી, લાડુ વગેરે બનાવવામાં જે ઘીનો ખર્ચ થાય છે એ કેવળ વગરવિચાર્યું ખર્ચ છે. જેને ટેવ નથી તેઓ આ વસ્તુ ખાઈ જ શકતા નથી. અંગ્રેજો આપણા મુલકમાં આવે છે ત્યારે આપણી મીઠાઈઓ અને ઘીમાં રાંધેલી વસ્તુઓ ખાઈ જ નથી શકતા. ખાનારા માંદા પડ્યા છે, એ મેં ઘણી વખત જોયું છે. સ્વાદો કેળવેલી વસ્તુ છે. જે સ્વાદ ભૂખ પેદા કરે છે તે સ્વાદ છપ્પન ભોગમાં નથી. ભૂખ્યો માણસ સૂકો રોટલો અત્યંત સ્વાદથી ખાશે. જેનું પેટ ભર્યું છે તે સારામાં સારું ગણાતું પકવાન નહીં ખાઈ શકે.

કેટલું અને કેટલી વખત ખાવું એ વિચારીએ. ખોરાકમાત્ર ઔષધરૂપે લેવો જોઈએ; સ્વાદને ખાતર કદી નહીં. સ્વાદમાત્ર રસમાં રહ્યો છે, અને રસ ભૂખમાં છે. હોજરી શું માગે છે એની ખબર બહુ થોડાને રહે છે, કેમ કે આદત ખોટી પડી ગઈ છે.

જન્મદાતા માતાપિતા કંઈ ત્યાગી ને સંયમી નથી હોતાં. તેમની ટેવો થોડેઘણે અંશે બચ્ચાંમાં ઊતરે છે. ગર્ભાધાન પછી માતા જે ખાય છે તેની અસર બાળક ઉપર પડે જ. પછી બાલ્યાવસ્થામાં માતા અનેક સ્વાદો કરાવે છે. પોતે ખાતી હોય તે બાળકોને ખવડાવે છે. એટલે હોજરીને ખોટી ટેવ બચપણથી જ પડેલી હોય છે. તેને વટી જનાર તો બહુ વિચારી થોડા જ હોઈ શકે. પણ જ્યારે મનુષ્યને ભાન થાય છે કે, તેના શરીરનો તે સંરક્ષક છે અને શરીર સેવાર્પણ થયું છે ત્યારે શરીરસુખાકારીના નિયમો જાણવાની તેને ઇચ્છા થાય છે, ને તે નિયમોનું પાલન કરવાનો તે મહાપ્રયાસ કરે છે.

Gandhi Heritage Portal

ઉપરની દૃષ્ટિએ બુદ્ધિજીવી મનુષ્યનો રોજનો ખોરાક નીચે પ્રમાણે યોગ્ય ગણાય :

૧. બે રતલ ગાયનું દૂધ.

૨. છ ઔંસ એટલે પંદર તોલા અનાજ (ચોખા, ઘઉં, બાજરી ઈ. મળીને).

૩. શાકમાં પાંદડાં (પત્તી-ભાજી) ત્રણ ઔંસ અને પાંચ ઔંસ બીજાં શાક.

૪. એક ઔંસ કાચું શાક.

૫. ત્રણ તોલા ઘી કે ચાર તોલા માખણ.

૬. ત્રણ તોલા ગોળ કે સાકર.

૭. તાજાં ફળ જે મળે તે રુચિ અને શક્તિ પ્રમાણે.

રોજ બે ખાટાં લીંબુ હોય તો સારું.

આ બધાં વજન કાચાં એટલે વગર રાંધેલા પદાર્થનાં છે. નિમકનું પ્રમાણ નથી આપ્યું. રુચિ પ્રમાણે ઉપરથી લેવું જોઈએ. ખાટા લીંબુનો રસ શાકમાં ભેળવાય અથવા પાણી સાથે પિવાય.

આપણે દિવસમાં કેટલી વાર ખાવું જોઈએ ? ઘણા તો માત્ર બે જ વખત ખાય છે. સામાન્ય રીતે ત્રણ વાર ખવાય છે. સવારે કામે ચડતા પહેલાં, બપોરે, ને સાંજે કે રાતે. આથી વધારે વખત ખાવાની કશી જરૂર નથી હોતી. શહેરોમાં કેટલાક વખતોવખત ખાય છે. આ નુકસાનકારક છે. હોજરી આરામ માગે છે.[૧]

Gandhi Heritage Portal

## ૨૬

# ગ્રામસંરક્ષણ

### શાંતિસેના

કેટલાક વખત પહેલાં મેં એક એવી શાંતિસેના સ્થાપવાની સૂચના કરી હતી કે જેના સૈનિકો રમખાણો – ખાસ કરીને કોમી રમખાણો – ને શાંત કરવામાં પોતાના જાનને જોખમમાં નાખે. એમાં કલ્પના એ હતી કે આ સેનાએ પોલીસનું અને લશ્કરનું પણ સ્થાન લેવું જોઈએ. આ બહુ મોટી ફાળ ભરવા જેવી વાત લાગે છે. એ કલ્પનાની સિદ્ધિ કદાચ અશક્ય નીવડે. છતાં જો મહાસભાને તેની અહિંસક લડતમાં ફતેહ મેળવવી હોય તો તેણે એવી સ્થિતિને શાંતિમય ઉપાયોથી પહોંચી વળવાની શક્તિ કેળવવી જોઈએ.

એટલે આપણે જોઈએ કે મેં કલ્પેલી શાંતિસેનાના સૈનિકમાં કેવા કેવા ગુણો હોવા જોઈએ.

(૧) એ પુરુષ કે સ્ત્રી સૈનિકમાં અહિંસાને વિષે જીવતીજાગતી શ્રદ્ધા હોવી જોઈએ. ઈશ્વરને વિષે અવિચળ શ્રદ્ધા ન હોય તો અહિંસાને વિષે એવી શ્રદ્ધા હોવી અશક્ય છે. અહિંસક માણસ ઈશ્વરની શક્તિ અને કૃપા વિના કશું કરી શકતો નથી. તેના સિવાય તેનામાં ક્રોધ વિના, ભય વિના અને સામો ઘા કર્યા વિના મરવાની હિંમત નહીં આવે. ઈશ્વર ભૂતમાત્રના હૃદયમાં વસે છે અને ઈશ્વરના સાન્નિધ્યમાં ભયને માટે અવકાશ જ નથી, એવી આસ્થામાંથી ઉપર કહી એવી હિંમત ઉદ્‌ભવે છે. ઈશ્વરના સર્વવ્યાપીપણાના જ્ઞાનમાંથી, જેમને વિરોધી કે ગુંડા કહી શકાય એવાં માણસોના જીવન વિષે પણ આદર ઊપજે છે. રમખાણોમાં વચ્ચે પડવાની જે ધારણા છે એમાં મનુષ્ય પર આસુરી વૃત્તિ સવાર થઈ હોય ત્યારે તેના પ્રકોપને શાંત કરવાની એક ક્રિયા રહેલી છે.



Gandhi Heritage Portal

(૨) આ શાંતિદૂતના મનમાં વિશ્વના સર્વ મુખ્ય ધર્મોને વિષે સમાન આદર હોવો જોઈએ. એટલે, જો તે હિંદુ હોય તો તે ભારતવર્ષમાં પ્રચલિત સર્વ ધર્મોને વિષે આદર રાખશે. તેથી દેશમાં ચાલતા ભિન્ન ભિન્ન ધર્મોના સામાન્ય સિદ્ધાંતોનું જ્ઞાન તે મેળવશે.

(૩) સામાન્યપણે આ શાંતિકાર્ય સ્થાનિક માણસો જ પોતપોતાના લત્તામાં કરી શકે.

(૪) આ કામ એકલાથી અથવા તો સમૂહોમાં મળીને કરી શકાય. એટલે કોઈએ સાથીઓને માટે રાહ જોવાની જરૂર નથી. છતાં માણસ પોતાના લત્તામાંથી સાથીઓ મેળવે ને સ્થાનિક સેના તૈયાર કરે એ સ્વાભાવિક છે.

(૫) આ શાંતિદૂત જાતે સેવા કરીને પોતાના લત્તામાં કે પસંદ કરેલા વિભાગમાંના લોકો જોડે સંસર્ગમાં આવશે; જેથી જ્યારે તે તોફાન વખતે આવીને વચ્ચે ઊભો રહે ત્યારે તોફાની ટોળી આગળ પહેલી વાર આવનાર છેક અજાણ્યા માણસ તરીકે દેખા ન દે, અને એ લોકો એને શંકા કે દ્વેષભાવની નજરે ન જુએ.

(૬) આ શાંતિસ્થાપકમાં અણિશુદ્ધ ચારિત્ર્ય હોવું જોઈએ અને કડક નિષ્પક્ષપણા માટે લોકોમાં તેની ખ્યાતિ હોવી જોઈએ એ કહેવાની જરૂર ન હોય.

(૭) સામાન્ય રીતે તોફાન થવાનાં હોય ત્યારે તેની કંઈક આગાહી અગાઉથી મળી જાય છે. એમ બને તો શાંતિસેના આગ ભડકી નીકળતા સુધી રાહ નહીં જુએ, પણ અગમચેતી વાપરીને પરિસ્થિતિને પહોંચી વળવાનો પ્રયત્ન કરશે.

(૮) આ હિલચાલ ફેલાય તો કેટલાક આખો વખત કામ કરનારા સેવકો હોય એ ઈષ્ટ છે, પણ એવા સેવકો હોવા જ જોઈએ એવું નથી. કલ્પના એવી છે કે જેટલાં સારાં ને સાચાં સ્ત્રીપુરુષો મળે એટલાં ભેગાં કરવાં. જે સ્ત્રીપુરુષો જીવનનાં અનેક ક્ષેત્રોમાં રોકાયેલાં હોય પણ જેમની પાસે પોતાના લત્તામાં રહેતા લોકો જોડે મિત્રાચારીભર્યા સંબંધો બાંધવા જેટલી ફુરસદ હોય અને બીજી રીતે શાંતિસેનાના સભ્યોમાં હોવી જોઈએ

Gandhi Heritage Portal

એવી લાયકાત હોય એવાં સ્ત્રીપુરુષોમાંથી જો સ્વયંસેવકો અને સેવિકાઓ લેવામાં આવે તો જ આ કામ બની શકે.

(૯) આ કાઢવા ધારેલી સેનાના સૈનિકોએ એક નોખી જાતનો પોશાક પહેરવો જોઈએ, જેથી કાળે કરીને લોકો તેમને જરા પણ મુશ્કેલી વિના ઓળખતા થઈ જાય.

આ તો માત્ર સામાન્ય સૂચનાઓ છે. અહીં સૂચવ્યું છે એ ધોરણે દરેક મથક પોતપોતાનું બંધારણ ઘડી શકે છે.[૧]

## પોલીસની મર્યાદા

અહિંસક શાસનમાં મર્યાદિત અંશે પોલીસ બળને સ્થાન હશે. એ માન્યતા મારી અપૂર્ણ અહિંસાનું ચિહ્ન છે. પોલીસ વિના ચલાવી શકશું એમ કહેવાની મારી હિંમત નથી, જેમ ફોજ વિના ચલાવી લેશું એમ કહેવાની છે. હું અવશ્ય એવી સ્થિતિ કલ્પું છું કે જ્યારે પોલીસની પણ જરૂર ન પડે. પણ એની ખરી ખબર તો અનુભવે જ પડે.

આ પોલીસ પોતે આજની પોલીસથી કેવળ જુદા જ પ્રકારની હશે. તેમાં અહિંસાને માનનારાની ભરતી થશે. તેઓ લોકોના સેવક હશે, સરદાર નહીં. લોકો તેમને મદદ કરતા હશે, અને રોજ ઓછા થતા જતા ઉપદ્રવોને તેઓ અને પોલીસ મળીને સહેજે પહોંચી વળી શકશે. પોલીસની પાસે કંઈક શસ્ત્ર હશે, પણ તેનો ઉપયોગ ભાગ્યે જ થતો હશે. આ પોલીસ ખરું જોતાં સુધારક તરીકે ગણાવા જોઈએ. આવી પોલીસનો ઉપયોગ મુખ્યત્વે ચોરડાકુને પહોંચી વળવા પૂરતો જ હોય. અહિંસક શાસનમાં મજૂર માલિકોના ઝઘડા ક્વચિત જ થાય, હડતાળો ભાગ્યે જ થાય. કેમ કે અહિંસક બહુમતીની પ્રતિષ્ઠા સહેજે એટલી હશે કે સમાજનાં આવશ્યક અંગો તે શાસનને માન આપનારાં હશે. તેમ જ કોમી ઝઘડાઓ પણ એ શાસનમાં ન હોવા જોઈએ.[૨]

## અહિંસક સેવાદળ

એક વખત મારી સૂચનાથી જ શાંતિદળો સ્થાપવાનો પ્રયત્ન થયો હતો. તેને પરિણામે એટલું જ શીખવાનું મળ્યું કે, શાંતિદળો મોટા પાયા પર ન ચાલી શકે. મોટાં દળો ચલાવવાને સારુ સજા નહીં તો સજાનો

Gandhi Heritage Portal

ધાક હોવો જોઈએ, ને જરૂર જણાયે સજા પણ થાય. એવા હિંસક દળમાં માણસનું ચારિત્ર જોવાપણું નથી રહેતું. માણસનું શરીર જોવાપણું જ હોય છે. અહિંસક દળને વિષે એથી ઊલટું છે. તેમાં શરીરને ગૌણ સ્થાન છે. શરીરી બધું છે, એટલે ચારિત્ર બધું છે. એવા શરીરી આત્માઓને ઓળખવા કઠણ છે, તેથી મોટાં શાંતિદળ ન બની શકે. એ નાનકડાં હોય, ઠેકઠેકાણે હોય, ગામદીઠ હોય કે મહોલ્લા દીઠ હોય. એટલે કે, જે જેટલાને ઓળખતા હોય તેમની જ ટુકડીઓ બનાવે. તે બધા મળીને એક મુખી નીમે. બધાનો દરજ્જો એકસરખો હોય. જ્યાં એકથી વધારે માણસો એક જ જાતનું કામ કરતા હોય ત્યાં એકે બીજાના હુકમ પ્રમાણે વર્તવું જોઈએ. તેમ ન હોય તો સહયોગથી કામ ન થાય. જ્યાં બે કે વધારે શાંતિદળો હોય ત્યાં સહકારથી કામ કરે તો જ તે નભે, ને શોભે.

ઉપર પ્રમાણે શાંતિદળ ઠેકઠેકાણે હોય, તો તેઓ સુખેથી ને સહેલાઈથી કંકાસ થતા અટકાવી શકે. આવાં દળોને અખાડાઓમાં અપાય છે તેવી બધી તાલીમની જરૂર નથી હોતી. એમાં અપાતી કેટલીક તાલીમ લેવી સારી છે, એમ કહી શકાય.

બધાં શાંતિદળોમાં એક વસ્તુ સર્વમાન્ય હોવી જોઈએ. તેને ઈશ્વરમાં અચળ વિશ્વાસ હોય, તે જ ખરો સાથી છે ને તે જ કર્તા છે એવી શ્રદ્ધા હોય. તે વિનાની શાંતિસેના નિર્જીવ માનું છું. ઈશ્વરને અલ્લારૂપે ઓળખો, અહુરમઝદ કહો, જિહોવા કહો, જીવતો કાયદો કહો, રામ કહો, રહેમાન કહો, તે શક્તિનો ઉપયોગ કરવાનો રહ્યો છે. આવો માણસ કોઈને મારશે નહીં, — પોતે મરીને જીતશે, જીવશે.

આ એક કાનૂન જેનામાં જીવંત રૂપ લેશે તેને સમયાનુસાર બુદ્ધિ આપમેળે સૂઝી રહેશે. છતાં કેટલુંક મારા અનુભવમાંથી નિયમરૂપે આપું:

૧. સેવક પોતાની સાથે કશું હથિયાર ન રાખે.

૨. ટુકડીના સભ્ય તરીકે તરત ઓળખાણ પડે એવું એંધાણ શરીર પર રાખે.

૩. સેવકની પાસે તાત્કાલિક મદદ આપવા પૂરતાં પાટા, કાતર, નાનકડું ચાકુ, સોય વગેરે હોય.

Gandhi Heritage Portal

૪. ઘાયલને સરળતાથી ઉપાડી જવાની તાલીમ તેણે મેળવી હોય.

૫. આગ લાગી હોય તો તે ઓલવવાની કળા, તેમાં દાઝ્યા વિના પ્રવેશ કરવાની કળા, ઊંચે ચડવાની ને ઊતરી આવવાની કળા સેવકને અવગત હોય.

૬. પોતાના લત્તાનાં માણસોની ઓળખાણ કરી લેવી તે તેમની સેવા બરાબર છે.

૭. સેવકે રામનામનો નિરંતર અભ્યાસ રાખવાનો છે, ને જે કરે તેને કરાવવાનો છે.

આપણે પોપટની જેમ રામનામ પઢીએ છીએ ને ફળની આશા રાખીએ છીએ. આ અસત્ય પોતાના જીવનથી સાબિત કરી બતાવવાની શક્તિ સેવકમાં હોવી જોઈએ.[3]

# ૨૭

# ગ્રામસેવક

## આદર્શ ગ્રામસેવક

આજ મારે તમને તમારા ભાવિ કાર્ય અને જીવનના આદર્શ વિષે કહેવું છે. જે અર્થમાં આજે 'કૅરિયર' શબ્દ સમજાય છે એવી કૅરિયર બનાવવા તમે અહીં નથી આવ્યા. આજ તો માણસની કિંમત પૈસાથી થાય છે અને એનું ભણતર બજારમાં વેચાણની ચીજ બન્યું છે. એ ગજ જો તમે મનમાં લઈને અહીં આવ્યા હો, તો તો તમારે માટે નિરાશા જ લખાયેલી છે જાણજો. અહીંથી ભણીને નીકળો ત્યારે તમારે માટે રૂ. ૧૦થી પ્રારંભ થશે ને તે જ આખર સુધી હશે. મોટી પેઢીના મૅનેજર કે મોટા અમલદારના પગાર જોડે તમે એને ના સરખાવતા.

આપણે તો ચાલુ ધોરણો જ બદલવાનાં છે. અમે તમને એ ધોરણની કોઈ કૅરિયરનું વચન નથી આપતા. સાચી વાત તો ઊલટી એ છે કે, એ જાતની જો તમારી મહાકાંક્ષા હોય તો અમે તમને એમાંથી ઉગારી લેવા ઇચ્છીએ છીએ. માસિક રૂ. ૬માં તમારો ખાધાખર્ચ પતે એમ

Gandhi Heritage Portal

આશા રખાઈ છે. એક આઈ. સી. એસ.નું માસિક ખાધાખર્ચ કદાચ રૂ. ૬૦ આવતું હોય. પણ તેથી તે કોઈ રીતે તમારા કરતાં શરીરશક્તિ, બુદ્ધિ કે નીતિમત્તામાં ચડશે એમ મુદ્દલ માનવાનું નથી. આ બાદશાહી ભોગવતાં છતાં, કદાચ તે આ બધી રીતે ઊલટો ઊતરતો પણ હોય. હું માનું છું કે, તમે તમારી શક્તિ દોઢિયાંથી નથી આંકતા માટે આ વિદ્યાલયમાં આવ્યા છો; નહીં જેવા બદલાથી દેશને પોતાની સેવા અર્પવામાં જ તમને આનંદ છે. એક માણસ શૅરબજારમાં હજારો રૂપિયા કમાતો હોય, પણ આપણા આ કામને માટે બિલકુલ બેકામ હોઈ શકે. એ માણસ આપણી સાદીસીધી પરિસ્થિતિની જગાએ આવે તો તે દુઃખી થાય, જેમ આપણે એને ત્યાં જઈએ તો થઈએ. દેશને માટે આપણે આદર્શ મજૂરો જોઈએ છે. તેઓ, શું ખાવાનું મળશે કે ગામડાના લોક શી અમારી સગવડો સાચવશે એ પંચાત નહીં કરે. પોતાની જરૂરિયાતો વિષે તેઓ ઈશ્વર પર શ્રદ્ધા રાખશે ને એને અંગે જે મુશ્કેલીઓ કે દુઃખો સહવાં પડશે, તેમાંય આનંદ માનશે. ૭ લાખ ગામડાંનો જે દેશે વિચાર કરવાનો છે ત્યાં આવી જાતનું તો અનિવાર્ય છે. નિયમસર પગાર વધતો જાય, પ્રોવિડન્ટ ફંડ કે પેન્શનની જોગવાઈ હોય એમ ઈચ્છતા પગારદાર નોકરવર્ગ રાખવાનું આપણને ન પાલવી શકે. આપણે માટે ગ્રામવાસીઓની નિષ્ઠામય સેવા એ જ સંતોષ છે.

તમારામાંથી કેટલાકને પૂછવા મન થશે કે ગામડાંના લોકો માટે પણ આ જ ધોરણ કે શું? જરૂર નહીં જ. આ તો આપણ સેવકવર્ગ માટે છે, આપણી શેઠ જે ગ્રામજનતા એને માટે નહીં. આટઆટલાં વર્ષોથી આપણે એમની પર બોજારૂપ રહેલા છીએ; હવે આપણે એમની સ્થિતિ કંઈક સુધરે એ સારુ, ઈચ્છાપૂર્વક ગરીબી સ્વીકારવી છે. આજ તેઓ કમાય છે તેમાં વધારો કરી શકે એમ આપણે કરવું છે. એ ગ્રામોદ્યોગ સંઘનો ઉદ્દેશ છે. મેં ઉપર વર્ણવ્યો એવા સેવકોની સંખ્યા સંઘ પાસે વધતી ન જાય તો આ ઉદ્દેશ ન ફળી શકે. તમે બધા એવા ગ્રામસેવકો થાઓ.[૧]

### આવશ્યક લાયકાત

[ગાંધીજીએ નીચેની લાયકાતો સત્યાગ્રહીને સારુ જરૂરી માની છે.

Gandhi Heritage Portal

પણ એમના મત પ્રમાણે ગ્રામસેવક પણ સાચો સત્યાગ્રહી હોવો જોઈએ. એટલે નીચે જણાવેલી લાયકાતો એને પણ લાગુ પડે.]

૧. ઈશ્વર ઉપર જ્વલંત શ્રદ્ધા; કારણ એ જ એકમાત્ર અતૂટ આધાર છે.

૨. તેને સત્ય અને અહિંસામાં ધર્મભાવે આસ્થા હોવી જોઈએ. અને તેથી મનુષ્યસ્વભાવના હાડમાં વસતી ભલાઈમાં તે માનતો હોવો જોઈએ. આ ભલાઈને સત્ય તેમ જ પ્રેમને રસ્તે જાતે દુઃખ ખમીને જાગ્રત કરવાની તે હંમેશાં આશા રાખે.

૩. તે શુદ્ધ જીવન ગાળનાર હોય અને પોતાના કાર્યને અર્થે પોતાનાં જાનમાલ સર્વસ્વનું ખુશીથી બલિદાન આપવા હંમેશાં તૈયાર હોય.

૪. તે સતત ખાદીધારી તેમ જ કાંતનાર હોય. હિંદુસ્તાનને સારુ આ બાબત અગત્યની છે.

૫. એ નિર્વ્યસની હોય અને બધી જાતનાં કેફી પીણાં ઇત્યાદિથી મુક્ત રહે. તેથી તેની બુદ્ધિ હંમેશાં નિર્મળ અને તેનું મન નિશ્ચળ રહેતું હોય.

૬. વખતોવખત ઘડાતા શિસ્તના નિયમોનું તે રાજીખુશીથી અને ચીવટપૂર્વક પાલન કરે.

લાયકાતોની આ યાદીને કોઈ સંપૂર્ણ ન ગણે. ઉદાહરણરૂપે જ તે અહીં આપી છે.[૨]

## તેની ફરજો

૧. પ્રત્યેક સેવક જાતે કાંતેલા સૂતરની અથવા ચરખા સંઘની પ્રમાણિત ખાદી હંમેશાં પહેરનારો અને માદક પીણાં ન પીનારો હોવો જોઈએ. જો તે હિંદુ હોય તો પોતે તથા પોતાના કુટુંબમાંથી હરકોઈ સ્વરૂપની અસ્પૃશ્યતા તેણે દૂર કરી હોવી જોઈએ, કોમ કોમ વચ્ચેની એકતાના, સર્વ ધર્મ પ્રત્યેના સમભાવના તથા જાતિ, ધર્મ કે સ્ત્રીપુરુષના કશાયે ભેદભાવ રહિતની સૌને માટેની સમાન તક અને દરજ્જાના આદર્શમાં માનતો હોવો જોઈએ.

૨. તેના કાર્યક્ષેત્રમાંના પ્રત્યેક ગ્રામવાસીના અંગત સંસર્ગમાં તેણે રહેવું જોઈએ.

Gandhi Heritage Portal

૩. ગ્રામવાસીઓમાંથી તે કાર્યકર્તાઓ નોંધશે અને તેમને તાલીમ આપશે. એ બધાંનું તે પત્રક રાખશે.

૪. તે તેના રોજેરોજના કામની નોંધ રાખશે.

૫. પોતાની ખેતી તેમ જ ગૃહઉદ્યોગો દ્વારા ગામડાંઓ સ્વયંપૂર્ણ બને એ રીતે તે તેમને સંગઠિત કરશે.

૬. ગ્રામવાસીઓને તે સફાઈ તેમ જ આરોગ્યનું શિક્ષણ આપશે. અને તેમનાં માંદગી અને રોગો અટકાવવાના બધા ઉપાયો લેશે.

૭. હિંદુસ્તાની તાલીમી સંઘની નીતિ અનુસારની નયી તાલીમને ધોરણે તે જન્મથી મરણ પર્યંતની સઘળા ગ્રામવાસીઓની કેળવણીનો પ્રબંધ કરશે.

૮. જેમનાં નામ સરકારી મતદાર પત્રકોમાં નોંધાવાં રહી ગયાં હોય તેમનાં નામો તે તેમાં નોંધાવશે.

૯. જેમણે મતાધિકારના હકને માટેની જરૂરી યોગ્યતા હજી પ્રાપ્ત કરી ન હોય તે પ્રાપ્ત કરવા માટે તેમને તે પ્રોત્સાહન આપશે.[૩]

## ગ્રામસેવા

ગ્રામસેવકનું મધ્યબિંદુ રેંટિયો હશે. ખાદીના મૂળમાં જે કલ્પના છે તે તો એ છે કે ખાદી ખેડૂતોને સારુ અન્નપૂર્ણાનું કામ કરનારી છે. ઓછામાં ઓછા ચાર માસ ખેડૂતો નિરુદ્યમી રહે છે. તેમને ખાદી ઉદ્યમ આપે છે. આપણામાંથી ઉદ્યોગ ચાલ્યો ગયો છે, સ્વાવલંબન ચાલ્યું ગયું છે, આળસ પેસી ગયું છે. એ ઉદ્યોગ અને સ્વાવલંબન પાછાં આણ્યે જ છૂટકો છે, આળસને ખંખેર્યે જ છૂટકો છે.

ગામડાંમાં જઈ સેવક પોતે નિયમિત રીતે કાંતતો હશે. કાંતતો નહીં હોય ત્યારે વાંસલો ચલાવતો હશે, હથોડો ચલાવતો હશે કે હાથપગની ગમે તે મજૂરી કરતો હશે. ઊંઘના આઠ કલાક સિવાયના બાકીના એના સોળે કલાક કામ, કામ ને કામમાં જ જતા હશે. ભોગો ભોગવવાને, તડાકા મારવાને, પડયા રહેવાને એને ફુરસદ નહીં જ હોય. એ લોકોને બતાવતો હશે કે મારે તો યજ્ઞ કરવાનો છે; શરીરનું પોષણ શરીરના કામથી કરવાનું છે. આપણે ત્યાં જે આળસ ભર્યું છે તે જો ન જાય તો

Gandhi Heritage Portal

ગમે તે સગવડો મળતાં છતાં લોકો ભૂખે જ મરવાના છે. જે બે દાણા ખાય છે તેણે ચાર દાણા ઉત્પન્ન કરવાનો ધર્મ સ્વીકારવો જ જોઈએ. એમ થાય તો બીજા કરોડો માણસ પણ હિંદુસ્તાનમાં પોષાય એમ છે. એમ ન થાય તો ગમે તેટલી વસ્તી ઓછી થાય છતાં ભૂખે મરતો વર્ગ રહેશે જ.

માટે ગ્રામસેવક ઉદ્યોગપ્રધાન થઈને બેસે. કપાસની પહેલીથી તે છેલ્લી ક્રિયા સુધીનું બધું શાસ્ત્ર એ ઘોળીને પી જાય. એની દરેકે-દરેક ક્રિયામાં ઓતપ્રોત થાય અને એનો વિચાર કર્યા કરે તો એમાંથી એને જે સુવાસ છૂટશે તેની અત્યારે કલ્પના ન કરી શકાય.

એ રીતે જે સેવક રસ લેતો થઈ ગયો હોય તે ગામડાંમાં શિક્ષક તરીકે તો જશે પણ એ શીખનારોયે હશે. એ નિત્ય નવી શોધો અને સાધના કરતો હશે. મારી કલ્પના એવી નથી કે એ સોળે કલાક ખાદીનું જ કામ કરતો હશે. પણ એણે જેટલો સમય એ કામ માટે નીમ્યો હશે તેટલો એને આપી પછી એ ગામમાં ચાલતા ઉદ્યોગોની શોધ કરશે. એમાં એ રસ લેશે. એ લોકોના જીવનમાં ઓતપ્રોત થશે. લોકો ભલે ખાદી કે રેંટિયામાં ન માનતા હોય છતાં તેઓ એને પોતાનો માણસ ગણશે, અને એમના જીવનને ઉપયોગી વાતો એમને મળે તો સ્વીકાર કરશે. પોતાની શક્તિ બહારની વાતોમાં તે હાથ નહીં નાખે, જેવી કે લોકોના કરજની. એમાં પડવા જતાં એ પોતે એમાં ફસાઈ જવાનો ભય છે.

સફાઈ એ એનું બીજું મહત્ત્વનું કાર્ય રહેશે. એનું રહેવાનું ઘર એ એવું સાફસુથરું રાખશે કે લોકો એ જોયા જ કરે. પણ જેમ એ પોતાનું આંગણું સાફ રાખશે તેમ લોકોનાં આંગણાં પણ સાફ કરશે.

એણે ગામડાંમાં વૈદ બનવાનો ધંધો ન કરવો. એક આશ્રમ જોવા માટે હું ચાહીને ગયો, પણ ત્યાં જે જોયું તેથી તો હું ધૂંધવાયો. વ્યવસ્થાપકને અને કાર્યકર્તાઓને ખૂબ વઢ્યો. મેં કહ્યું કે, "તમે તો લોકોને ઊંધે પાટે ચઢાવ્યા છે. તમે તો અહીં મોટો મહેલ ચણીને બેઠા છો; 'ટ્રાવેલર્સ બંગલો' બનાવ્યો છે. તેમાં દવાખાનું ખોલ્યું છે. કોઈક દવાવાળાઓ પાસેથી મફત દવાઓ મેળવી એક કંપાઉન્ડર રાખી ઘેરઘેર દવા પહોંચાડવાની પ્રવૃત્તિ આદરી બેઠા છો. મને ગર્વથી કહો છો કે રોજ

Gandhi Heritage Portal

દૂરદૂરથી લોકો દવા લેવા આવે છે, અને દર માસે ૧,૨૦૦ની હાજરી થાય છે. આશ્રમમાં તમે રહ્યા, ત્યાં તમે આવું મકાન અને આવું દવાખાનું જોયાં હતાં? મારે શું આવો મહેલ ચણવો હોત કે દવાખાનું કાઢવું હોત તો મને પૈસા આપનારા ન મળ્યા હોત? આશ્રમનાં મકાન પણ મારી ઈચ્છા કરતાં વધારે ખર્ચાળ થયાં, છતાં આ મહેલની તોલે તો ન જ આવે. લોકોને આ રીતે દવા આપવાનું કામ તમારું નથી. તમારું કામ તો આરોગ્ય કેમ જળવાય એ એમને શીખવવાનું છે. એ સ્વેચ્છાચારી થાય, ગંદા રહે, ઘરગામ ગંદાં રાખે અને માંદા પડયા કરે ત્યારે મફત દવા આપો એ સેવા નથી. પણ એમને સંયમ, સ્વચ્છતા, શીખવવાં, આરોગ્યના નિયમો શીખવવા એ સેવા છે. મારી સલાહ માનો તો આ મકાનમાંથી નીકળી જાઓ. આ સામેના ઝૂંપડામાં જઈને વસો. આ મકાન લોકલ બોર્ડને ભલે આપો, અને તેને દવાખાનું ચલાવવા દો. ગામડાંના આરોગ્ય અને સફાઈનો આ આખો પ્રશ્ન ગ્રામસેવકે ઉકેલ્યે જ છૂટકો છે.

તે ઉપરાંત એણે હરિજનની સેવા કરવાની રહી. એણે ગામમાં નિવાસ કરતા હરિજનોને નોતરું આપી દેવું. આથી જો એને ગામડામાં રહેવાની જગ્યા ન મળે. ત્યાં રહી હરિજનકાર્ય પણ ન કરી શકે તો એણે હરિજનવાસમાં જઈને રહેવું જોઈએ.

હવે શિક્ષણનો પ્રશ્ન. પહેલી છોકરાંની આંખ ચાલશે, કાન ચાલશે, જીભ ચાલશે. એને શિક્ષક ઈતિહાસ, ભૂગોળ વગેરે જે આપવાનું છે તે મોઢે જ આપશે. ત્યાર બાદ એ બારાખડી વાંચશે ને પછી જ્યારે ચિત્રો કાઢવા પર હાથ ઠર્યા હશે ત્યારે બારાખડીનાં ચિત્રો કાઢશે, માખીના ટાંગા નહીં. આ અખતરો તમે કરો તો પૂરેપૂરો કરવો જોઈએ. લોકોની બુદ્ધિને પહોંચવું હોય, અને જાગ્રત કરવી હોય તો મારો રસ્તો સહેલામાં સહેલો છે એમ મને લાગે છે.

સેવક લોકોને આ જ્ઞાન વિલાસી જીવન ગાળીને નહીં આપી શકે. એની પાસે તો ઓજારો હશે, વાંસલો હશે; કોદાળી હશે; ચોપડી થોડી જ હશે. ચોપડી વાંચવામાં એ ઓછામાં ઓછો સમય ગાળતો હશે. લોકો જ્યારે એને મળવા આવે ત્યારે એને પડયો પડયો પાનાં ઉથલાવતો નહીં જુએ, પણ ઓજારો વાપરતો જોતા હશે. માણસ ખાઈ શકે તેના કરતાં

Gandhi Heritage Portal

વધારે ઉત્પન્ન કરવાની શક્તિ એને ઈશ્વરે આપેલી છે. ક્ષીણમાં ક્ષીણ માણસ પણ એટલું ઉત્પન્ન કરશે. એ માટે એ પોતાની બુદ્ધિશક્તિનો ઉપયોગ કરશે. લોકોને એ કહેશે કે હું સેવા કરવા આવ્યો છું, મને પેટપૂરતું આપજો; સંભવ છે કે લોકો એને તરછોડે. એમ છતાં એણે ટકી રહેવું જોઈશે. કોઈક ઠેકાણે સનાતનીઓ એને ખાવાનું નહીં આપે, તો હરિજનો તો આપશે જ. એણે જો સર્વાર્પણ કર્યું હોય તો હરિજનો પાસેથી લેતાં શરમાવાની જરૂર નથી.

પ્રથમના કાળમાં તો તે સામાજિક ફાળામાંથી ગામડામાં નભશે. આધ્યાત્મિક શક્તિ એક વાર ચાલતી થઈ કે પછી તેને કોઈ રોકી શકતું નથી. આ વાત હું અનેક વર્ષોના અનુભવસિદ્ધ વિશ્વાસથી કહું છું. એ પ્રત્યક્ષ નજરે જોઈ શકાય એવી વસ્તુ નથી, છતાં નજરે જોવા જેવી મને સ્પષ્ટ લાગે છે, એમ હું કહું છું.

જો તમે મને એમ કહો કે આને માટે અમે કોઈ લાયક નથી, તો હું તમને મારું કહેવું બરાબર સમજાવી નથી શકયો. જો આ વાત તમને નિ:સંશયપણે ઠસી ગઈ હોય તો તમે બધાયે લાયક છો. એટલે કે જે વસ્તુ તમે સમજ્યા છો એનો અમલ કરી નથી શકયા એ હકીકત જવામાં વિઘ્નરૂપ ન હોવી જોઈએ. કેમ કે ગામડાંમાં બેસીને અમલ કરવાનો છે. અને અમલ કરતાં કરતાં અનુભવ મળી રહેશે.[૪]

## ગ્રામસેવાના મુદ્દા

ગ્રામસેવક સૌથી પહેલાં સફાઈના પ્રશ્નોનો નિકાલ કરશે. ગ્રામસેવકોને હંફાવી રહેલી ને લોકોનાં શરીરની પાયમાલી કરીને રોગનાં ઘર ઘાલનારી અનેક વસ્તુઓમાં સૌથી વધારે ઉપેક્ષા આની થઈ છે. ગ્રામસેવક જો સ્વેચ્છાએ ભંગી બને તો તે ગામના મળ ઉઠાવી તેનું ખાતર બનાવવાના ને ગામની શેરીઓ વાળવાના કામથી આરંભ કરશે. શૌચાદિ માટે કયાં જવું અને એ ક્રિયાઓ કેવી રીતે કરવી એ તે લોકોને કહેશે, અને સફાઈની ઉપયોગિતા સમજાવી એ વિષે બેદરકારી રાખવાથી થતાં ભારે નુકસાનનો ચિતાર તેમને આપશે. ગ્રામવાસીઓ પોતાનું કહેલું સાંભળે કે ન સાંભળે તોયે ગ્રામસેવક પોતાનું કામ કર્યે જશે.[૫]

Gandhi Heritage Portal

ગ્રામોદ્ધારમાં ગ્રામસફાઈ ન આવે તો આપણાં ગામડાં ઉકરડા જેવાં જ રહેવાનાં. ગ્રામસફાઈનો સવાલ પ્રજાજીવનનું અવિભાજ્ય અંગ છે. આ પ્રશ્ન જેટલો જરૂરી છે એટલો જ મુશ્કેલ છે. અનાદિકાળથી ચાલતી આવેલી અસ્વચ્છતાની આદત કાઢવામાં મહાપરાક્રમની જરૂર છે. જે સેવક ગ્રામસફાઈનું શાસ્ત્ર નથી જાણતો, પોતે ભંગી નથી બનતો તે ગ્રામસેવાને લાયક નહીં બની શકે.

નવી કેળવણી વિના હિંદુસ્તાનનાં કરોડો બાળકોની કેળવણી લગભગ અસંભવિત છે એમ સર્વમાન્ય થયું ગણી શકાય. એટલે ગ્રામસેવકને તેનું જ્ઞાન હોવું જોઈએ. તે નવી કેળવણીનો શિક્ષક હોવો જોઈએ.

આ કેળવણીની પાછળ પ્રૌઢશિક્ષણ એની મેળે ચાલવાનું. જ્યાં નવી કેળવણીએ ઘર કર્યું હશે ત્યાંનાં બાળકો જ પોતાનાં માબાપનાં શિક્ષક બનવાનાં છે. ગમે તેમ હો, ગ્રામસેવકોમાં પ્રૌઢશિક્ષણ આપવાની ધગશ હોવી જોઈએ.

સ્ત્રીને અર્ધાંગના માનવામાં આવી છે. જ્યાં લગી કાયદામાં સ્ત્રી-પુરુષના સરખા હક નથી ગણાયા, જ્યાં સુધી બાળાનો જન્મ એટલો જ આવકારલાયક નથી ગણાયો જેટલો બાળકનો ગણાય છે, ત્યાં લગી હિંદુ-સ્તાનને લકવાનો રોગ છે એમ ગણાવું જોઈએ. સ્ત્રીની અવગણના અહિંસા-ની વિરોધી છે. એટલે ગ્રામસેવક હરેક સ્ત્રીને પોતાની મા, બહેન કે દીકરી ગણે અને તેના પ્રત્યે આદર રાખે. આવો ગ્રામસેવક જ ગ્રામ-જનોનો વિશ્વાસ હાંસલ કરશે.

રોગી પ્રજા સ્વરાજ મેળવે એ હું અસંભવિત ગણું છું. એટલે આરોગ્યશાસ્ત્રની જે અવગણના આપણે કરીએ છીએ તે દૂર થવી જોઈએ. તેથી ગ્રામસેવકને આરોગ્યશાસ્ત્રનું સામાન્ય જ્ઞાન હોવું જોઈએ.

રાષ્ટ્રભાષા વિના રાષ્ટ્ર ન બને. હિંદી હિંદુસ્તાની ઉર્દૂના ઝઘડામાં ન પડતાં ગ્રામસેવક રાષ્ટ્રભાષાનું જ્ઞાન નહીં હોય તો મેળવશે. તેની બોલી એવી હશે કે જે હિંદુ મુસલમાન બધા સમજી શકે.

આપણે અંગ્રેજીના મોહમાં તણાઈ માતૃભાષાઓનો દ્રોહ કર્યો છે. એ દ્રોહના પ્રાયશ્ચિત્ત તરીકે પણ રાષ્ટ્રસેવક માતૃભાષાનો પ્રેમ લોકોમાં ઉત્પન્ન કરશે. તેનામાં હિંદુસ્તાનની બધી ભાષાઓનો આદર હશે; ને

Gandhi Heritage Portal

પોતાની માતૃભાષા ગમે તે હશે પણ જ્યાં તે વસશે ત્યાંની માતૃભાષા પોતે શીખીં તે પ્રદેશના લોકોનો તેમની પોતાની ભાષા પ્રત્યેનો ભાવ વધારશે.

આ બધું ફોગટ ગણાય જો એની સાથે જ આર્થિક સમાનતાનો પ્રચાર ન થાય તો. આર્થિક સમાનતાનો એ અર્થ હરગિજ નથી કે બધાની પાસે એકસરખું ધન હશે. પણ એ અર્થ અવશ્ય છે કે સહુની પાસે સુખેથી રહી શકાય એવાં ઘરબાર, વસ્ત્ર ને ખાવાનું હશે. અને જે ખૂની અસમાનતા આજે પ્રવર્તે છે એ કેવળ અહિંસક ઉપાયોથી નાબૂદ થઈ હશે.[૬]

## ગ્રામસેવકોને ઉદ્દેશીને

ઉદ્યોગોમાં ખાદીને પ્રધાન સ્થાન રહેશે જ. આપણે સ્વાવલંબી ખાદી સિદ્ધ કરશું તો વ્યાપારી ખાદી ઉપર તો સહેલાઈથી પહોંચી શકશું.

આપણે ગામડાંમાં પ્રવેશ કર્યો છે તો ગામડાંના જીવનનું એક પણ અંગ અસ્પૃષ્ટ નથી રાખવા માગતા. એક પણ ક્ષેત્ર કે દુકાન ખોટથી ન ચાલે, અને દરેક ક્ષેત્ર સ્વાવલંબી ખાદી ઉપર પોતાની શક્તિ એકાગ્ર કરે. એ જ રીતે ઉદ્યોગમાં પણ આપણે એવી જ ચીજ પેદા કરીએ અને કરાવીએ કે જે આપણે વેચી શકીએ. દરેક સેવક પ્રજાનું શુદ્ધ લાભદાયક કાર્ય આઠ કલાક કરીને સ્વાશ્રયી બની શકે છે.

વળી આપણે કોઈ પણ ગામમાં એકથી વધારે માણસ નથી રાખવા માગતા. એ એટલા હેતુથી કે ગામને એકથી વધારે માણસનો બોજો ન સહન કરવો પડે, એટલું જ નહીં પણ માણસ એકલો હોઈ પોતાની શક્તિ અંતિમ હદ સુધી લઈ જઈ શકે. જો એને કોઈ સાથી જોઈએ જ તો ગામડાંમાંથી જ એ સાથી શોધી લે.

યંત્રયુગમાં ફસાવાને બદલે આપણું યંત્ર જે આપણું શરીર છે તે હમેશાં સ્વચ્છ અને સશક્ત રાખીને તેનો ઉપયોગ કરશું તો ભારતને સુવર્ણભૂમિ કરતાં બહુ મુશ્કેલી નહીં પડે.[૭]

Gandhi Heritage Portal

## મંછા ભૂત

ઘણા કાર્યકર્તાઓ ગામડાંના જીવનથી એટલા ડરે છે કે એમને બીક લાગે છે કે જો એમને કોઈ સંસ્થા પગાર નહીં આપે તો–ખાસ કરીને તેઓ પરણેલા હોય અને કુટુંબનું પોષણ કરવાનું હોય તો–તેઓ ગામડાંમાં મજૂરી કરીને પોતાની આજીવિકા નહીં મેળવી શકે. હું માનું છું કે આ માન્યતા અવનતિ કરાવનારી છે. હા, જો કોઈ માણસ શહેરી માનસ લઈને ગામડામાં જાય અને ગામડામાં શહેરી રહેણીથી રહેવા માગે તો, તે શહેરી લોકોની જેમ ગામડાના રહીશોને ચૂસે તે સિવાય પૂરતી કમાણી નહીં જ કરી શકે. પણ કોઈ માણસ ગામડામાં જઈને વસે અને ગામડાના લોકોની ઢબે જ રહેવાનો પ્રયત્ન કરે તો એને પરસેવો પાડીને આજીવિકા મેળવતાં કશી મુસીબત ન આવવી જોઈએ. તેના મનમાં એટલો વિશ્વાસ હોવો જોઈએ કે જો ગામડાના લોકો જેઓ આખું વરસ બુદ્ધિ વાપર્યા વિના જૂના જમાનાથી ચાલતી આવેલી રીતે વૈતરું કરવાને તૈયાર છે તેઓ આજીવિકા મેળવી શકે છે, તો તે પોતે પણ ઓછામાં ઓછી સામાન્ય ગ્રામવાસીઓના જેટલી કમાણી તો કરી જ શકશે. આટલું તે એક પણ ગ્રામવાસીનો રોટલો છીનવી લીધા વિના કરશે, કેમ કે ગામડામાં મફતનું ખાનાર તરીકે નહીં પણ કંઈક ઉત્પન્ન કરનાર તરીકે જશે.

કાર્યકર્તાનું કુટુંબ જો સામાન્ય કદનું હોય તો તેની સ્ત્રી અને બીજું એક માણસ આખો વખત કામ કરનાર હોવાં જોઈએ. આવા કાર્યકર્તામાં તત્કાળ ગ્રામવાસીના જેટલું શરીરબળ નહીં આવી જાય, પણ તે જો માત્ર મનમાંથી સંકોચ અને ભય કાઢી નાખશે તો શરીરબળના અભાવની ખામીને તે પોતાની બુદ્ધિથી પૂરી કાઢશે. તેનો બધો વખત ગ્રામવાસીઓની સેવામાં રોકાઈ જાય એટલે અંશે તેઓ તેનું કામ વધાવી ન લે તો તે કેવળ તૈયાર માલનો વાપરનાર જ નહીં રહે પણ કંઈક નવી નવી વસ્તુઓ પેદા કરતો હશે. તેનો બધો વખત સેવાકાર્યમાં રોકાઈ જશે ત્યારે તેના પ્રયત્નથી ગ્રામવાસીઓ જે વધારાનું ઉત્પાદન કરશે તેના પર કમિશન મેળવવા જેટલી મહેનત તેણે કરી જ હશે. પણ ગ્રામઉદ્યોગ સંઘના આશ્રય તળે જે થોડાક મહિનાથી ગ્રામસેવાનું કામ ચાલે છે તેટલામાં

Gandhi Heritage Portal

મળેલો અનુભવ બતાવે છે કે લોકો એ કામને બહુ જ ધીમે ધીમે વધાવી લેશે. અને ગ્રામસેવકે ગ્રામવાસીઓની આગળ સદ્ગુણ અને પરિશ્રમના નમૂનારૂપ બનીને રહેવું પડશે. એ તેઓને માટે સારામાં સારો પદાર્થપાઠ થઈ પડશે. અને જો ગ્રામસેવક દૂરથી પૂજવાનો આશ્રયદાતા બનીને નહીં પણ ગામડાંનો જ માણસ બનીને રહેશે તો એ પદાર્થપાઠની અસર મોડી વહેલી થયા વિના નહીં જ રહે.

તેથી સવાલ એ છે કે ગ્રામસેવક તેણે પસંદ કરેલા ગામડામાં આજીવિકા આપાવે એવું શું કામ કરી શકે? ગ્રામવાસીઓ મદદ કરે કે નહીં તોપણ તે અને તેનાં કુટુંબીઓ ગામડાની સફાઈ કરવામાં કેટલોક વખત આપશે, અને જેટલી દવા વગેરે આપવાની તેની શક્તિ હશે તેટલી તે આપશે. રેચની દવા કે ક્વિનીન આપવું, ગૂમડું કે ઘા ધોવા, અને ઘા પર ચોખ્ખો મલમ લગાડવો, એટલું તો કોઈ પણ માણસથી બની શકે એવું છે. ગામડાંમાં દરરોજ થતાં સામાન્ય દરદોમાં સાદામાં સાદા કેવા ઉપચાર કરવા એનું વર્ણન આપતી કોઈ ચોપડી હું ખોળી રહ્યો છું. ગમે તેમ હો પણ આ બે વસ્તુઓ ગ્રામસેવાના અનિવાર્ય અંગરૂપ હોવી જોઈએ. એમાં ગ્રામસેવકનો રોજના બે કલાકથી વધારે વખત ન જવો જોઈએ. ગ્રામસેવકને માટે આઠ કલાકના કામજેવી વસ્તુ જ નથી. તેને માટે ગ્રામવાસીને માટે મજૂરી કરવી એ તો પ્રેમને ખાતર કરેલું કામ છે. એટલે આજીવિકાને અર્થે તો આ બે કલાક ઉપરાંત ઓછામાં ઓછા આઠ કલાક આપશે જ. એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ચરખા સંઘ અને ગ્રામઉદ્યોગ સંઘે ઘડેલી નવી યોજના પ્રમાણે સર્વ પ્રકારની મજૂરીની ઓછામાં ઓછી અમુક સરખી કિંમત ગણાવાની છે. એટલે એક કલાક પીંજણ ચલાવીને સરેરાશ અમુક પ્રમાણમાં પોલ કાઢનાર પીંજારાને એટલી જ મજૂરી મળશે જેટલી વણકર, કાંતનાર અને કાગદીને તેમના દરેકના કલાકદીઠ ઠરાવેલા પ્રમાણમાં કરેલા કામની મળશે. એટલે ગ્રામસેવક જે કામ સહેલાઈથી કરી શકે તે પસંદ કરીને શીખવાની તેને છૂટ છે, માત્ર તેણે હમેશાં એવું કામ કરવાની કાળજી રાખવી જોઈએ કે જેમાંથી પેદા થયેલો માલ તેના ગામડાંમાં કે આસપાસના ગાળામાં ખપી જાય એવો હોય કે જેની આ સંઘોને જરૂર હોય.

Gandhi Heritage Portal

દરેક ગામડામાં એક મોટી જરૂર પ્રામાણિકપણાથી ચાલતી એક એવી દુકાનની છે કે જ્યાં મૂળ કિંમત અને માફકસરનું કમિશન ચડાવીને ભેળ વિનાની ખોરાકની અને બીજી ચીજો મળી શકે. કોઈ પણ દુકાન ગમે એટલી નાની હોય તોય તેને માટે કંઈક મૂડીની જરૂર તો પડે જ છે. એ વાત સાચી. પણ જે ગ્રામસેવક તેના કાર્યક્ષેત્રમાં જરા પણ જાણીતો થયો હોય તેણે પોતાની પ્રામાણિકતા વિષે લોકોનો એટલો વિશ્વાસ તો સંપાદન કર્યો જ હોવો જોઈએ કે થોડો થોડો જથાબંધ માલ તેને ઉધાર મળી શકે.

આ કામ વિષેની સૂચનાઓને હું બહુ નહીં લંબાવું. અવલોકન કરવાની ટેવવાળો સેવક હંમેશાં અગત્યની શોધખોળ કર્યા કરશે અને થોડા જ વખતમાં જાણી લેશે કે આજીવિકા મેળવવા માટે પોતાનાથી થઈ શકે એવી કઈ મજૂરી છે જે સાથે સાથે જે ગ્રામવાસીઓની તેને સેવા કરવાની છે તેમને પદાર્થપાઠરૂપ પણ થઈ પડે. તેથી તેણે એવી જાતની મજૂરી પસંદ કરવી પડશે જેનાથી ગામડાંના લોકોનું શોષણ ન થાય, તેમનાં આરોગ્ય કે નીતિ બગડે નહીં, પણ જેનાથી ગ્રામવાસીઓને એવું શિક્ષણ મળે કે તેઓ ફુરસદના વખતનો સદુપયોગ થાય એવા ઉદ્યોગો ઉપાડી લે અને એમની નાનકડી આવકમાં વધારો કરે. અવલોકન કરતાં કરતાં તેનું ધ્યાન ગામડામાં નકામી પડી રહેલી ચીજો — ઘાસપાલો અને ગામડામાં જમીન પર પડી રહેલી કુદરતી ચીજો — સુધ્ધાં તરફ ગયા વિના નહીં રહે. તે તરત જ જોશે કે એમાંથી ઘણી ચીજોનો સારો ઉપયોગ થઈ શકે એમ છે. તે જો ખાઈ શકે એવો પાલો ઉપાડી લે તો એ તેના ખોરાકનો અમુક ભાગ કમાઈ લીધા બરાબર ગણાશે. મીરાંબહેને મને સુંદર આરસના જેવા કાંકરાનું એક સંગ્રહાલય આપ્યું છે. એ કાંકરા જેવા છે એવા પણ અનેક કામમાં આવે છે, અને જો મારી પાસે ફુરસદ હોય અને એના વિવિધ આકારો ઘડવાને સાદાં ઓજારો ખરીદવામાં હું થોડાક પૈસા રોકું તો તેને થોડા વખતમાં બજારમાં વેચાઈ શકે એવા બનાવી દઉં. કાકાસાહેબને વાંસનો નકામો પડેલો છોલ આપવામાં આવેલો હતો. એનો ઈંધણ તરીકે જ ઉપયોગ થવાનો હતો. પણ કાકાસાહેબે તો સાદા ચપ્પુથી ઘડીઘડીને કેટલાકની કાગળ કાપવાની છરી બનાવી

Gandhi Heritage Portal

અને કેટલાકના ચમચા બનાવ્યા. આ બંને વસ્તુઓ, મર્યાદિત પ્રમાણમાં બજારમાં વેચાઈ શકે એવી છે. મગનવાડીમાં કેટલાક સેવકો ફુરસદનો વખત નકામા પણ એક બાજુ કોરા કાગળમાંથી પરબીડિયાં બનાવવામાં ગાળે છે.

ખરી વાત એ છે કે ગામડાના લોકો છેક જ હતાશ થઈ ગયેલા છે. તેમને શંકા આવે છે કે દરેક અજાણ્યા માણસ તેમનાં ગળાં રેંસવા માગે છે ને તેમને ચૂસવા સારુ જ તેમની પાસે જાય છે. બુદ્ધિ અને શરીરશ્રમનો સંબંધ તૂટી જવાને લીધે એમની વિચાર કરવાની શક્તિ બહેર મારી ગઈ છે. એમના કામના કલાકોનો તેઓ સારામાં સારો ઉપયોગ કરતા નથી. એવાં ગામડાંમાં ગ્રામસેવકે પ્રેમ અને આશા લઈને પ્રવેશ કરવો જોઈએ; અને મનમાં દૃઢ પ્રતીતિ રાખવી જોઈએ કે જ્યાં સ્ત્રી-પુરુષો બુદ્ધિ વાપર્યા વિના વૈતરું કરે છે અને અડધું વરસ બેકાર બેસી રહે છે ત્યાં પોતે આખું વરસ કામ કરતાં અને બુદ્ધિની સાથે શ્રમનો સંયોગ કરતાં ગ્રામવાસીઓનો વિશ્વાસ સંપાદન કર્યા વિના અને તેમની વચ્ચે રહીને મજૂરી કરતાં પ્રામાણિકપણે ને સારી રીતે આજીવિકા મેળવ્યા વિના નહીં રહે.

પણ ગ્રામસેવાનો ઉમેદવાર કહે છે, 'મારાં છોકરાં અને તેમની કેળવણીનું શું?' જો એ છોકરાંને આધુનિક પદ્ધતિએ શિક્ષણ આપવાનું હોય તો મારાથી કંઈ રસ્તો બતાવાય એમ નથી. એમને નીરોગી, કદાવર, પ્રામાણિક, બુદ્ધિશાળી, અને તેમનાં માતાપિતાએ સ્વીકારેલા નિવાસ-સ્થાનમાં ગમે ત્યારે આજીવિકા મેળવવાને શક્તિમાન એવાં ગ્રામવાસીઓ બનાવવાં હોય, તો તેમને માતપિતાના ઘરમાં જ સર્વાંગીણ કેળવણી મળશે. વધારામાં તેઓ સમજણાં થાય અને પદ્ધતિસર હાથપગ વાપરતાં થાય ત્યારથી કુટુંબની કમાણીમાં કંઈક ઉમેરો કરવા લાગશે. સુઘડ ઘરના જેવી કોઈ નિશાળ નથી, અને પ્રામાણિક સદ્‌ગુણી માતપિતાની બરોબરી કરી શકે એવો કોઈ શિક્ષક નથી. આજનું હાઈસ્કૂલનું શિક્ષણ ગ્રામવાસીઓ પર મોટા બોજારૂપ છે. એમનાં બાળકોને એ કદી મળી શકવાનું નથી, અને ઈશ્વરકૃપાએ જો એમને સુઘડ ઘરની તાલીમ મળી હશે તો એ શિક્ષણની ખોટ તેમને કદી સાલવાની નથી. ગ્રામસેવક કે સેવિકામાં


Gandhi Heritage Portal

સુઘડતા ન હોય, સુઘડ ઘર ચલાવવાની શક્તિ ન હોય તો તે ગ્રામસેવાનું સદ્ભાગ્ય કે માન મેળવવાનો લોભ ન રાખે એ જ સારું છે.[૮]

## ગ્રામસેવકોના પ્રશ્નો

૧

[ ગ્રામસેવકોએ કેટલાક પ્રશ્નો — સિદ્ધાંત અને નીતિના — ગાંધીજીને માટે જ રાખ્યા હતા. તે ગાંધીજીને પૂછવામાં આવ્યા. પ્રશ્નો ગ્રામસેવકના ધર્મો, તેની આજીવિકાનાં સાધનો, શરીરશ્રમ, રોજનીશી, દૂબળાઓની સેવાને લગતા હતા. ]

ગ્રામસેવકનો મોટામાં મોટો ધર્મ સેવા કરવી! પણ એ સેવા કરતાં ગ્રામસેવકે એકાદશવ્રત ધ્યાનમાં રાખીને જ કામ કરવું.

આ એકાદશવ્રત તો હવે વિનોબાએ રચેલા બે શ્લોકોમાં મુકાયેલાં છે અને ઘણાખરા કાર્યકર્તાઓ પ્રાર્થના સમયે એમનું સ્મરણ કરે છે:

अहिंसा सत्य अस्तेय ब्रह्मचर्य असंग्रह,
शरीरश्रम अस्वाद सर्वत्र भयवर्जन,
सर्व धर्मीं समानत्व स्वदेशी स्पर्शभावना
हीं एकादश सेवावीं नम्रत्वें व्रतनिश्चयें ।

'ગ્રામસેવકે આજીવિકાનું સાધન કેવી રીતે મેળવવું? એણે આજીવિકા સંસ્થા મારફતે મેળવવી કે મજૂરી કરીને મેળવવી કે ગામડાંમાંથી જ લેવી?'

ગ્રામસેવકે ગામના આશ્રિત થઈને રહેવું જોઈએ. એવી રીતે રહેવામાં શરમ નથી, ઊલટી નમ્રતા છે. હા, ગામડામાં રહીને કોઈ સ્વેચ્છાચારી બની શોખ પણ કરવા ધારે તો કરી શકે, પણ મને વિશ્વાસ છે કે એવા માણસને નભાવે એવાં આપણાં ગામડાં મૂરખ નથી. ગ્રામસેવક ગામડાંના માણસો પાસેથી પોતાના પેટપૂરતું અનાજ અને સીધું ઉઘરાવી લે, કાંઈક પરચૂરણ ખર્ચને માટે જૂજજાજ પૈસા જોઈએ તો તે માગે, જોકે એ ઉઘરાવવાપણું ન હોય એમ મારું માનવું છે. ગામડાંએ એને નોતર્યો હશે તો એનો અનાદર નથી થવાનો. હા; કોઈ વાર એવો અનાદર

Gandhi Heritage Portal

થવાનો પ્રસંગ આવે—જેમ મેં સત્યાગ્રહાશ્રમમાં અસ્પૃશ્યોને લીધા ત્યારે આવ્યો હતો—તો તે વેળા ગ્રામસેવક જાતમજૂરી કરીને નભાવી લે. સંસ્થાની મારફતે નભવાનો ધંધો લાંબો ન ચાલે. સુવર્ણ માર્ગ તો એ છે કે ગામડાના આશ્રિત થઈને રહેવું, અને તેમ ન થાય તો મજૂરી કરીને રહેવું.

'શરીરશ્રમ કરીને પોતાનો નિર્વાહ મેળવનારે પણ લોકની સેવા અર્થે એટલે યજ્ઞાર્થે કંઈક કામ તો કરવું જોઈએ કે નહીં?'

હા, કરવું ઘટે. એવું કામ ભંગીકામ છે. એ તો માત્ર દાખલો આપું છું. એમ ન સમજતા કે ભંગીકામ એ ઉત્પાદક કામ નથી. એમાં તો જેનો અપવ્યય થાય છે તે બચાવવાપણું છે જેમ ઘંટી હાથે ચલાવવામાં લોટ દળામણના પૈસા બચાવવાપણું છે. પણ બચાવવું એટલે જ ઉત્પન્ન કરવું.

'ગ્રામસેવકે રોજનીશી કેવી રાખવી?'

રોજનીશીમાં નિત્યકામ હોય. પણ એ ઉપરાંત તેના મનના કામની પણ નોંધ હોય—મનમાં કંઈ મેલ ભરાયા છે કે નહીં, કંઈ વિચારનાં પાપ થયાં છે કે નહીં એ બધું લખાય તો ચિત્તશુદ્ધિ માટે એ આવશ્યક ખરું. પણ એ સાચેસાચું લખવાની સૌની શક્તિ હોતી નથી, એટલે પછી કાં તો તેમાં દંભ કે અસત્યનું પ્રદર્શન થાય. આથી એ માનસિક પ્રવૃત્તિની રોજનીશી રાખવી કે ન રાખવી એ ગ્રામસેવકની શક્તિ અને ઈચ્છા ઉપર આધાર રાખે છે. પણ કામની નોંધ પૂરેપૂરી હોવી જોઈએ. એમાં કેવળ લખ્યું હોય કે 'કાંત્યું' એ નહીં ચાલે. કાંત્યું તો કેટલો સમય કાંત્યું, ઉતારતાં કેટલી વાર લાગી, કેટલું તૂટયું એ બધી વિગત હોય તો રોજ થતી પ્રગતિની પણ ખબર પડે. 'રસોડાનું કામ કર્યું', એ કાંઈ ખરી નોંધ ન કહેવાય. રસોડામાં બેસીને તડાકા પણ માર્યા હોય, એટલે રસોડામાં આટલું શાક મોળ્યું, રોટલી કરી, અથવા પીરસ્યું વગેરે વિગતો આવવી જોઈએ. ટૂંકામાં રોજનીશી શુષ્ક ન હોય, ખોટી ન હોય, અધૂરી ન હોય.

દૂબળાની સેવા કરવી એટલે દૂબળાના જેવા થવું, એ જે કષ્ટો

Gandhi Heritage Portal

સહન કરે છે તે સહન કરી જોવાં એટલે એ મેલામાં રહેતો હોય તો મેલામાં રહેવું કે એ એઠું ખાતો હોય તો એઠું ખાવું એમ નહીં, પણ એનાં કષ્ટોની તપાસ કરીને એને દુઃખે દુઃખી થતાં શીખવું, એના માલિકની સાથે મીઠો સંબંધ ધરાવવો અને એને ન્યાય અપાવવાનો પ્રયત્ન કરવો.

'ગ્રામસેવકે રાજકાજમાં પડવું કે નહીં?'

રાજદ્વારી કામોને છોડીને ગામડાના જેટલા પ્રશ્નો હોય તે બધા એ હાથ ધરે. એથી એ ખરો રાજપુરુષ બનશે. મહાસભાનો એ સભ્ય થાય, પણ મહાસભાના રાજકાજમાં એ માથું ન મારે. મેં ચંપારણમાં એ જ નિયમ રાખ્યો હતો. આજની વિષમ સ્થિતિમાં પડયા છીએ ત્યાં સુધી આપણે બે ઘોડે ન ચડી શકીએ. ગ્રામઉદ્યોગ સંઘ અને અ. ભા. ચરખા સંઘ પણ મહાસભાની સંસ્થા છે, છતાં બંને સંસ્થાને સ્વતંત્ર રાખી છે ને? એ નિયમને લઈને જ બંને સંસ્થા બચી ગઈ છે. એમાં જ અહિંસા રહી છે. હિંદુસ્તાનને શુદ્ધ સ્વરાજ્ય આ રીતે મળવું જ શકય છે, એ આપણે બીજી રીતે ન બતાવી શકીએ.

ગ્રામસેવક ગામડાના ઝઘડાઓમાં પણ માથું ન મારે, નહીં તો એ ઝઘડાઓમાં એ ખૂંચી જવાનો છે. એણે પોતાની કુટેવો છોડીને ગામડામાં જવું જોઈશે. સંભવ છે કે કોક દિવસ હું ગામડામાં જઈને બેસું, તો તે વેળા મારે કઈ વસ્તુ લઈને જવું અને કઈ વસ્તુ છોડવી એ વિચારી લેવું જોઈશે. ઘણી વસ્તુઓ સાવ નિર્દોષ હોય છતાં તે ગામડાના લોકોને ન પોસાઈ શકે એવી હોય તો તેનો ત્યાગ જ કરવો રહ્યો. ગ્રામસેવકે ઓછામાં ઓછી હાજતો રાખીને જ ગામડામાં જવું જોઈએ. એ યાદ રાખજો કે જગતની ઉપર ચારે બાજુથી હુમલા થઈ રહ્યા છે, અને જગત વંઠી રહ્યું છે. આ છતાં જે ન વંઠી શકે એ જ ગામડાંને બચાવશે.

બાઈબલમાં કહ્યું છે ને કે સોડમ અને ગોમારા શહેરોમાં એક માણસ સ્વચ્છ હોય ત્યાં સુધી તેનો નાશ ન થાય અને આપણે ત્યાં પણ એક વિભીષણને ખાતર લંકા બચી હતી ને?[૯]

Gandhi Heritage Portal

## ૨

'દૂધ અને ફળ જે ગ્રામવાસીઓને કદી મળતાં નથી તે ગ્રામસેવક લઈ શકે કે કેમ?'

ગ્રામસેવકે મુખ્ય વસ્તુ એ ધ્યાનમાં રાખવાની છે કે એ ગ્રામવાસીઓની સેવા કરવાને ગામડામાં ગયેલો છે, અને એ સેવા કરવા જેટલાં આરોગ્ય અને બળ ટકી રહે એને સારુ જે આહાર ને બીજી ચીજોની એને જરૂર પડે તે લેવાનો એને અધિકાર છે, એનો ધર્મ છે. આમ કરતાં ગ્રામસેવકે ગ્રામવાસીઓ કરતાં વધારે ખરચાળ રહેણી રાખવી પડશે ખરી, પણ મારો ખ્યાલ એવો છે કે ગ્રામસેવકો આવી આવશ્યક વસ્તુઓ લે એની ગ્રામવાસીઓ ફરિયાદ કરતા નથી. ગ્રામસેવકનો અંતરાત્મા જ એના આચરણની કસોટી કરે. તે સંયમથી રહે, સ્વાદને ખાતર કશું ન ખાય. મોજશોખ ન કરે, અને જાગે એટલો વખત સેવાકાર્યમાં ઓતપ્રોત રહે. આમ છતાં સંભવ છે કે કેટલાક લોકો એની રહેણીકરણીની નિંદા કરશે. એ નિંદાને આપણે ન ગણકારીએ. મેં જે આહાર સૂચવ્યો છે તે થોડીક મહેનત કરવાથી ગામડાંમાં ન મળી શકે એમ નથી. દૂધ સામાન્ય રીતે ગામડાંમાં સહેજે મળે છે. અને બોર અને કરમદાં વગેરે અનેક ફળો પણ ગામડાંમાં સહેજે મળે છે. પણ એ સહેજે મળે છે એટલે જ આપણે એને કશી વિસાતમાં ગણતા નથી. ગામડાંમાં અનેક જાતની વનસ્પતિ ઢગલાબંધ ઊગે છે, પણ આપણે કેવળ અજ્ઞાન કે આળસને લીધે એનો ઉપયોગ કરતા નથી. હું પોતે અનેક જાતની લીલોતરી હવે ખાઉં છું, જે મેં પહેલાં કદી ખાધી નહોતી, પણ હવે મને લાગે છે કે મારે એ ખાવી જોઈતા હતી. ગામડાંમાં ગાય રાખવી પોસાય ને એનું ખરચ તો એ કાઢે. મેં એ પ્રયોગ કર્યો નથી, પણ મને લાગે છે કે એ વસ્તુ શકય હોવી જોઈએ. મને એવો પણ ખ્યાલ છે કે ગ્રામસેવકોના જેવો જ આહાર મેળવવો ને ખાવો અને એ રીતે ગ્રામસેવકના જેવી જ રહેણી પોતે રાખવી, એ ગ્રામવાસીઓને સારુ અશકય નથી.[૧૦]

Gandhi Heritage Portal

### ૩

સ૦ — આપણા લગભગ એકેએક ગામમાં પક્ષો અને તડો હોય છે. એટલે ગામડાંની સેવાને અર્થે આપણે સ્થાનિક એટલે કે તે તે ગામની મદદ માગવા જઈએ છીએ ત્યારે આપણી મરજી હોય કે ન હોય તોયે આપણે ત્યાંના સત્તા માટેની ચડસાચડસીના રાજકારણમાં સંડોવાઈએ છીએ. આ મુશ્કેલી કેવી રીતે ટાળવી? બંને પક્ષોથી અળગા રહેવાની કોશિશ કરી આપણે બહારના કાર્યકર્તાઓની મદદથી કામ ચાલુ રાખવું? અમને એવો અનુભવ થયો છે કે એવી રીતે ચાલુ રાખવામાં આવતું કામ પછી બહારની મદદ મળતી રહે તો જ ચાલે છે. અને એવી મદદ મળતી બંધ થાય તેની સાથે તૂટી પડે છે. એટલે સ્થાનિક વસ્તીનો સહકાર અને આગળ પડીને કામ કરવાની તેની સૂઝ કેળવવાને અમારે શું કરવું?

જ૦ — આપણાં શહેરોમાં જેમ પક્ષો અને તડ જોવાનાં મળે છે તેવી જ રીતે આપણાં ગામડાંઓમાં પણ પક્ષાપક્ષી દેખાતી હોય તો હિંદુસ્તાનને માટે અફસોસ કરવા જેવું થાય. અને ગામડાંઓના કલ્યાણનો વિચાર ન રાખતાં સત્તાનો કબજો કરવાની ચડસાચડસીનું રાજકારણ પક્ષોની પોતાની સત્તા વધારવાના હેતુથી આપણાં ગામડાંઓમાં દાખલ થાય તો તે ગામડાંની વસ્તીની પ્રગતિમાં સહાયરૂપ ન થતાં ઊલટું તેમાં બાધા કરશે. મારો પોતાનો એવો મત છે કે ગમે તેવું પરિણામ આવે તેની પરવા કર્યા વિના આપણે આપણા કામમાં બની શકે તેટલી બધી સ્થાનિક મદદ લેવી જોઈએ. અને આપણને સત્તા કબજે કરવાનો રંગ નહીં લાગ્યો હોય તો આપણે હાથે કશું બગડવાનો ઝાઝો સંભવ રહેતો નથી. આપણે યાદ રાખીએ કે શહેરોનાં અંગ્રેજી ભણેલાં સ્ત્રીપુરુષોએ આપણા મુલકના મુખ્ય આધારસમાં આપણાં ગામડાંઓ તરફ બેદરકાર રહેવાનો ગુનો કર્યો છે. એટલે આજ સુધીની આપણી બેપરવાઈ યાદ રાખવાથી આપણામાં ધીરજ કેળવાશે. આજ સુધી જે જે ગામે મારે જવાનું થયું છે ત્યાં એકાદ પ્રામાણિક કાર્યકર્તા મને મળ્યા વિના રહ્યો નથી. પણ ગામડાંઓમાંયે કંઈક સારું સ્વીકારવા જેવું હોય છે એવું માનવા જેટલા આપણે નમ્ર થતા નથી તેથી તે આપણને જડતો નથી. બેશક, સ્થાનિક

Gandhi Heritage Portal

પક્ષાપક્ષીથી આપણે પર રહેવું જ જોઈએ. પણ બધાયે પક્ષોની અથવા કોઈ પણ પક્ષની નહીં એવી સહાય ખરેખર સારી હોય તો તે સ્વીકારવી એટલું આપણે શીખીશું તો જ પક્ષાપક્ષીથી પર રહી શકીશું. ગામડાની વસ્તીથી અળગા રહીશું અથવા તેને આપણા કામથી અળગી રાખીશું તો આપણું કામ એળે જશે એમ મને લાગે છે. આ મુશ્કેલીનું મને ભાન હતું તેથી જ એક ગામમાં એક જ કાર્યકર્તા મૂકવાના નિયમને હું કડકાઈથી વળગી રહ્યો છું ને માત્ર જ્યાં કાર્યકર્તાને બંગાળી નથી આવડતું ત્યાં જ તેની સાથે એક બંગાળી જાણનાર દુભાષિયો રાખવા પૂરતો મેં અપવાદ રાખ્યો છે. અત્યારે તો હું એટલું જ કહી શકું કે આ પદ્ધતિથી મારો હેતુ આજ લગી પાર પડ્યો છે. અહીં મારે એ પણ જણાવવું જોઈએ કે ઉતાવળે નિર્ણયો બાંધી લેવાની આપણને બૂરી આદત પડી ગઈ છે. સવાલ કરનાર ભાઈ કહે છે કે, 'એવી રીતે ચાલુ રાખવામાં આવતું કામ પછી બહારની મદદ મળે તો જ ચાલે છે અને એવી મદદ મળતી (બહારની) બંધ થાય તેની સાથે તૂટી પડે છે.' ગામડાંના લોકોનો ગર્ભિત રીતે વાંક કાઢનારું આવું તળિયાઝાટક વિધાન કરવાને બદલે હું પોતે તો એમ કહીશ કે કોઈ પણ એક ગામમાં થોડાં વરસ રહી સ્થાનિક કાર્યકર્તાઓની મદદથી કાર્ય કરવાનો અનુભવ પણ ગામડાંના સ્થાનિક કાર્યકર્તા જાતે કામ આપી શકતા નથી અથવા તેમની મારફતે કામ થઈ શકતું નથી એવો અભિપ્રાય બાંધવાને માટે પૂરતો પુરાવો ન ગણાય. એથી ઊલટી વાત સાચી છે એ ઉઘાડું છે. તેથી સવાલના છેવટના ભાગનું વિગતે પૃથક્કરણ કરવાની મારે હવે જરૂર રહેતી નથી. મુખ્ય કાર્યકર્તાને હું સાફ શબ્દોમાં જણાવું કે 'બહારની મદદ અત્યારે મળતી હોય તે લેવી બંધ કરો. જેટલી સ્થાનિક મદદ મળે તે બધી લઈને એકલા જાતે હિંમતથી ને સમજથી તમારું કામ ચલાવો. અને છતાં તમને યશ ન મળે તોયે બીજા કોઈ માણસનો કે સંજોગનો વાંક કાઢવાને બદલે તમારો પોતાનો જ વાંક કાઢતાં શીખો.'[૧૧]

## તાલીમ લેતા વિદ્યાર્થીઓ સાથે વાતચીત

સ૦—આ ગામડાના લોકો આપને મળવા આવે છે ખરા?

Gandhi Heritage Portal

જ૦ — આવે છે, પણ એમના મનમાં ડર નથી એમ નહીં; વહેમ પણ હશે. ગામડાંના લોકોમાં જે ઘણી ખામીઓ છે તેમાંની આ એક છે. એ ખામીઓ આપણે દૂર કરવી રહી.

સ૦ — કેવી રીતે?

જ૦ — તેમનો પ્રેમ સંપાદન કરીને. આપણે ત્યાં એમને કનડવા જઈએ છીએ એવો એમનો ડર આપણે કાઢી નાખવો જોઈએ, અને આપણા વર્તનથી એમને બતાવવું જોઈએ કે એમને કનડવાનો કે કંઈ પણ સ્વાર્થ સાધવાનો આપણો હેતુ નથી. પણ આ ધીરજનું કામ છે. તમારી દાનત સાફ છે એવી એમની ખાતરી તમે એકદમ નહીં કરાવી શકો.

સ૦ — આપ નથી માનતા કે જેઓ પગાર કે મહેનતાણાં વગર કામ કરે છે, એટલે કે જેઓ કોઈ પણ સંસ્થા પાસેથી કે ગામડામાંથી પૈસા લેતા નથી તેઓ જ એમનો વિશ્વાસ સંપાદન કરી શકે?

જ૦ — ના. એ લોકોને ખબર પણ નથી હોતી કે કોણ પગાર લઈને કામ કરે છે ને કોણ લીધા વિના કરે છે. એમના પર ખરી અસર તો આપણી રહેણી, આપણી ટેવો, આપણી વાતચીત, ને આપણા હાવભાવ સુધ્ધાંની પડે છે. થોડાક માણસો આપણે કમાવા ગયા છીએ એવી શંકા આણશે. એમની એ શંકા આપણે દૂર કરવી જ જોઈએ. અને એમ નહીં માનતા કે જે માણસ કોઈ સંસ્થા કે ગામડા પાસેથી પૈસા નથી લેતો તે આદર્શ સેવક છે. એનામાં ઘણી વાર અહંકાર આવી જાય છે, તે માણસનું પતન કરનાર છે.

સ૦ — આપ અમને ગામડાના ઉદ્યોગ શીખવો છો તે અમને આજીવિકાનું સાધન આપવા માટે, કે અમે એ ઉદ્યોગ ગામડાંના લોકોને શીખવી શકીએ એટલા માટે? આ બીજો ઉદ્દેશ હોય તો અમે એક વરસમાં કોઈ પણ ઉદ્યોગમાં પારંગત શી રીતે થઈ શકીશું?

જ૦ — તમને સાધારણ ઉદ્યોગો શીખવવામાં આવે છે તે એટલા માટે કે તમે એના સિદ્ધાંતો જાણતા ન હો તો લોકોને સૂચનાઓ આપીને મદદ નહીં કરી શકો. તમારામાંથી જે વધારે સાહસી હશે તે ઉદ્યોગ કરીને તેમાંથી આજીવિકા જરૂર મેળવશે. આપણે અહીં જે ચીજો શીખવીએ છીએ તે એવી છે કે ગામડાના લોકોને તે વિષેનું વધારે સારું જ્ઞાન તમે

Gandhi Heritage Portal

આપી શકો. આપણે લોટની અને ચોખા ભરડવાની ઘંટીમાં અને ઘાણીમાં સુધારા કર્યા છે. આપણે ઓજારો સુધારવાના પ્રયોગો કરીએ છીએ. એ સુધારા આપણે લોકોને બતાવવાના છે. વળી વેપારમાં સત્ય અને પ્રામાણિકતા સાચવવાનું તો આપણે તેમને શીખવવાનું છે જ. તેઓ દૂધમાં ભેગ કરે છે, તેલમાં ભેગ કરે છે, અને નજીવા લાભને માટે સત્યમાં પણ ભેગ કરે. એમાં વાંક એમનો નથી, આપણો છે. આપણે અત્યાર સુધી એમની ઉપેક્ષા કરી છે, એમને લૂંટયા છે, અને એમને કશું સારું શીખવ્યું નથી. એમની સાથે નિકટના સંસર્ગમાં આવીને આપણે સહેલાઈથી એમની રહેણી અને ટેવોમાં સુધારો કરાવી શકીશું. લાંબા વખતની ઉપેક્ષા અને અળગાપણાથી તેમની બુદ્ધિ અને નીતિ-ભાવના પણ જડ થઈ ગઈ છે. આપણે તે સતેજ કરવી જોઈએ.[૧૨]

## અંદરનો ભય

કોઈ પણ પ્રાણવાન પ્રવૃત્તિ કે સંસ્થા બહારના હુમલાથી મરતી નથી; અંદરના સડાથી જ મરે છે. ખરી જરૂર તો અણિશુદ્ધ કુંદન જેવા ચારિત્ર્યની, અવિરત પ્રયત્નની, સતત વધતી જતી કામની આવડતની, અને કડક સાદાઈવાળા જીવનની છે. જે સેવકોમાં ચારિત્ર્ય ન હોય, ગ્રામવાસીઓના સામાન્ય જીવન કરતાં જેમની રહેણી વધારે ખર્ચાળ હોય, અને જેમનામાં કામને માટે જોઈતી આવડતનો અભાવ હોય તેઓ હરિજનો કે બીજા ગ્રામવાસીઓ પર કશી છાપ ન પાડી શકે.

આ લીટીઓ લખતી વેળાએ જે સેવકોએ ચારિત્ર્ય કે સાદી રહેણીના અભાવને લીધે હિલચાલને અને તેમની જાતને નુકસાન પહોંચાડયું છે તેમના દાખલા મને યાદ આવે છે. સદ્‌ભાગ્યે સ્પષ્ટ દુર્વર્તનના દાખલા બહુ જ ઓછા છે. પણ લાયકાતવાળા સેવકો ગામડાની રહેણીના ધોરણે રહી શકતા નથી એ જ કામની પ્રગતિમાં મોટામાં મોટું વિઘ્ન છે. જો એવો દરેક સેવક ગ્રામસેવાને ન પોસાય એટલી પોતાના કામની કિંમત લેવા માગે તો આખરે આ સંસ્થાઓ સંકેલી લેવી પડે. કેમ કે કવચિત્ અને ટૂંકી મુદતને માટેના અપવાદ સિવાય શહેરી ધોરણે પગાર આપવા પડે એનો અર્થ એ થયો કે શહેરો અને ગામડાં વચ્ચેનું અંતર

Gandhi Heritage Portal

ન પૂરી શકાય એવું છે. ગામડાંની હિલચાલ એ જેટલી ગ્રામવાસીઓની તેટલી જ શહેરવાસીઓની કેળવણીને માટે છે. શહેરમાંથી આવતા સેવકો-એ ગામડાંનું માનસ કેળવવું રહ્યું છે. અને ગ્રામવાસીઓની ઢબે રહેવાની કળા શીખી લેવી રહી છે. આનો અર્થ એવો નથી કે તેમણે ગામડાના લોકોની પેઠે ભૂખે મરવું. પણ એનો અર્થ એવો તો અવશ્ય છે કે જૂની રહેણીમાં ધરમૂળથી પલટો થવો જોઈએ. ગામડાંની રહેણીનું ધોરણ ઊંચું થવું જોઈએ તેની સાથે શહેરી ધોરણમાં સારી પેઠે પરિવર્તન થવાની આવશ્યકતા છે. અને છતાં ગ્રામસેવકે એના આરોગ્યને હાનિ કરે એવી રહેણી સ્વીકારવાની જરાયે જરૂર નહીં પડે.[૧૩]

## આપણાં ગામડાં

એક જુવાન ગામડામાં રહીને આજીવિકા મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. તેણે મને એક કરુણ કાગળ લખ્યો છે. તે હું ટૂંકાવીને નીચે આપું છું:

> “ ત્રણ વરસ પર મારી ઉંમર વીસ વરસની હતી ત્યારે, હું શહેરમાં ૧૫ વરસ રહ્યા પછી આ ગામડામાં આવ્યો. મારા ઘરના સંજોગો એવા હતા કે મારાથી કૉલેજમાં ભણવા જઈ શકાય એમ હતું નહીં. આપે ગ્રામોદ્ધારનું કામ ઉપાડ્યું છે તે પરથી મને ગામડામાં રહેવાને ઉત્તેજન મળ્યું. મારે થોડીક જમીન છે. મારા ગામમાં અઢીએક હજારની વસ્તી છે. આ ગામડાના લોકોના નિકટના સહવાસ પછી મને એમાંના પોણા ભાગના લોકોમાં નીચેના અવગુણ દેખાય છે:
>
> ૧. પક્ષાપક્ષી ને કજિયા; ૨. અદેખાઈ; ૩. નિરક્ષરપણું; ૪. દુષ્ટતા; ૫. કુસંપ; ૬. બેદરકારી; ૭. સભ્યતાનો અભાવ; ૮. જૂની નિરર્થક રૂઢિઓનો વળગાડ; ૯. નિર્દયતા.
>
> આ ગામ એક ખૂણે પડેલું છે. કોઈ મોટા માણસ આવાં છેક ખૂણામાં આવેલાં ગામડાંમાં કદી આવ્યા નથી. મહાપુરુષોનો સત્સંગ મળે તો માણસની પ્રગતિ થાય. એટલે મને આ ગામમાં રહેતાં ડર લાગે છે. હું આ ગામડું છોડી દઉં? તો આપ મને શી સલાહ આપશો?

Gandhi Heritage Portal

આ જુવાન પત્રલેખકે જે ચિતાર આપ્યો છે તેમાં અતિશયોક્તિ તો જરૂર છે. છતાં એની વાત સામાન્યપણે સાચી માની શકાય. એ કરુણ સ્થિતિનું કારણ શોધવા દૂર જવું પડે એમ નથી. જે લોકોને શિક્ષણનો લાભ મળ્યો છે તેમણે દીર્ઘકાળ થયાં ગામડાં તરફ નજર સરખી નથી કરી. તેમણે શહેરી જીવન પસંદ કર્યું છે. ગામડાંની હિલચાલ એ સેવાભાવથી પ્રેરાયેલા લોકોને ગામડાંમાં વસીને ગ્રામવાસીઓની સેવા દ્વારા જ પોતાનો વિકાસ સાધવાને ને તે દ્વારા જ પોતાનું હીર પ્રગટ કરવાને સમજાવવાનો એક પ્રયાસ છે. જે દોષો આ પત્રલેખકની નજરે ચડ્યા છે તે ગ્રામજીવનમાં સ્વભાવસિદ્ધ નથી. જેઓ સેવાભાવથી ગામડામાં વસ્યા છે તેઓ તેમની સામે આવી પડતી મુસીબતોથી હારતા નથી. તેઓ ગયા તે પહેલાંથી જાણતા હતા કે તેમને ઘણી મુસીબતોનો સામનો કરવો પડશે; લોકો તેમની સામે ન જુએ, તેમના પર રીસ કરે, એ બધું સહેવું પડશે. એટલે જેમનામાં આત્મશ્રદ્ધા હશે તેમ જ પોતાના કાર્ય વિશે શ્રદ્ધા હશે તેઓ જ ગ્રામવાસીઓની સેવા કરીને તેમનાં જીવન પર પ્રભાવ પાડી શકશે. લોકોની વચ્ચે રહીને ગાળેલું સદાચારી જીવન એ જ એક પદાર્થપાઠ છે, ને એની આસપાસના વાતાવરણ પર અસર પડવી જ જોઈએ. આ જુવાનની મુશ્કેલી કદાચ એ હશે કે તે કેવળ આજીવિકાને અર્થે જ ગામડામાં ગયો હશે ને તેની પાછળ સેવાની ભાવના નહીં હોય. હું કબૂલ કરું છું કે જેઓ પૈસા મેળવવા જાય છે તેમને આકર્ષણ થાય એવું ગામડાના જીવનમાં કશું નથી. સેવાની ભાવના ન હોય તો ગ્રામજીવનની નવીનતા ઓસરી ગયા પછી એ જીવન નીરસ ને કર્કશ લાગે. કોઈ પણ જુવાન ગામડામાં ગયા પછી જરાક જેટલી મુસીબત આવી પડતાં પોતે આદરેલી પ્રવૃત્તિ છોડી ન દે. ધીરજપૂર્વક પ્રયત્ન કરવાથી દેખાઈ આવશે કે ગ્રામવાસીઓ નગરવાસીઓથી બહુ જુદી જાતના નથી હોતા ને તેમને પણ મમતા ને હેત બતાવવામાં આવે તો તેઓ તે સમજી શકે છે ને પાડ માને છે. ગામડામાં દેશના મોટા માણસોના સંબંધમાં આવવાની તક નથી મળતી એ વાત સાચી છે. જેમ જેમ ગ્રામવૃત્તિ વધતી જશે તેમ તેમ નેતાઓને ગામડામાં ફરવાની ને તેમની સાથે પ્રત્યક્ષ સંબંધમાં આવવાની જરૂર

Gandhi Heritage Portal

જણાશે. વળી ચૈતન્ય, રામકૃષ્ણ, તુલસીદાસ, કબીર, નાનક, દાદુ, તુકારામ, તિરુવલ્લુવર અને બીજા એટલા જ પ્રસિદ્ધ અને પવિત્ર અગણિત સંતોની કૃતિઓ દ્વારા દરેક માણસ મહાપુરુષો ને સંતોનો સત્સંગ સાધી શકે છે. મુશ્કેલી મનને શાશ્વત સત્યો ઝીલી શકે ને તેનું આકલન કરી શકે એવી રીતે વાળીને તૈયાર કરવાની છે. રાજકીય, સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક ક્ષેત્રોના આધુનિક વિચાર જોઈએ તો તેમાં પણ જિજ્ઞાસા તૃપ્ત કરી શકાય એટલું સાહિત્ય મળી શકે એમ છે. એટલું હું કબૂલ કરું છું ખરો કે જેટલી સહેલાઈથી ધાર્મિક સાહિત્ય મળે છે તેટલી સહેલાઈથી આ બીજા પ્રકારનું સાહિત્ય મળતું નથી. સંતો આમવર્ગને માટે લખતા ને બોલતા. આધુનિક વિચારોને આમવર્ગના લોકો સમજી શકે એવી રીતે આપણી દેશી ભાષાઓમાં ઉતારવાની પ્રથા હજુ બરાબર શરૂ થઈ નથી; પણ કાળે કરીને થવી જ જોઈશે. એટલે આ પત્રલેખક જેવા જુવાનોને મારી સલાહ એ છે કે તેઓ પોતાના પ્રયત્નમાં ખંતથી મંડ્યા રહે, અને પોતાની હાજરીથી ગામડાંને વધારે વસવાલાયક અને વધારે આકર્ષક બનાવે. એ કામ તેઓ ગ્રામવાસીઓને ભાવે એવી રીતે તેમની સેવા કરીને કરી શકશે. પોતાની મહેનતથી ગામડાંને વધારે સ્વચ્છ બનાવીને અને યથાશક્તિ નિરક્ષરપણું દૂર કરીને દરેક જણ એ સેવાકાર્યનો આરંભ કરી શકે છે. અને એમનું જીવન જો શુદ્ધ, વ્યવસ્થિત ને ઉદ્યમપરાયણ હશે તો તેઓ જે ગામડાંમાં કામ કરતા હશે તેમાં એનો ચેપ ફેલાયા વિના નહીં જ રહે.[૧૪]

## ગ્રામસેવકની યાત્રા

શ્રી સીતારામ શાસ્ત્રીએ ગ્રામસેવકોની યાત્રાઓની યોજના કરી છે. એ સેવકો આસપાસના પ્રદેશમાં ફરીને લોકોને ગ્રામસેવાનો સંદેશો પહોંચાડે છે. મારી સૂચના એ છે કે આ યાત્રીઓએ રેલ, મોટર અને ગાડાંમાં પણ પ્રવાસ કરવાનું છોડવું જોઈએ. તેઓ મારી સલાહ માને તો જોશે કે એમનું કામ પગપાળા યાત્રા કરવાથી વધારે અસરકારક થશે અને ખરચ નહીં જેવું આવશે. આવા સંઘમાં બેત્રણથી વધારે માણસો ન હોય. ગ્રામવાસીઓ આ સંઘને ઉતારો ને ભોજન આપે એવી અપેક્ષા

Gandhi Heritage Portal

હું રાખું. મોટા સંઘ ગ્રામવાસીઓની ઉપર બોજારૂપ થઈ પડવાનો સંભવ રહે ખરો; પણ નાના સંઘ જરાયે બોજારૂપ ન લાગે.

આ સંઘોનું કામ મુખ્યત્વે ગામડાંની સફાઈ કરવાનું, ગામડાની સ્થિતિ તપાસવાનું, અને ગામડાંના લોકો ઝાઝા પૈસા ખરચ્યા વિના આરોગ્ય અને આર્થિક સ્થિતિ બંને કેવી રીતે સુધારી શકે તેનું તેમને શિક્ષણ આપવાનું છે.[૧૫]

## જૂનાં ઓજારોમાં દખલ ન કરો

સેવકોએ બહોળો અનુભવ મેળવ્યા વિના જૂનાં ઓજારો, જૂની રીતો, અને જૂની ભાતોમાં દખલ ન કરવી જોઈએ. આજે હયાત છે એ જૂની ભૂમિકા ટકાવી રાખીને તેઓ સુધારા કરવાના વિચાર કરશે તો તેઓ સુરક્ષિત રહેશે. એમ કરતાં તેઓ જોશે કે એમાં જ સાચો અર્થ-લાભ છે.[૧૬]

## સમગ્ર ગ્રામસેવા

સમગ્ર ગ્રામસેવકે બધા ગામલોકોને ઓળખવા, તેમની જરૂરી સેવા કરવી, એટલે કે તે માટે સાધન મેળવી આપવું અને તેમને તે કામ શીખવી દેવું. બીજા કાર્યકર્તાઓ તૈયાર કરવા વગેરે એમાં આવી જાય છે. ગ્રામસેવક ગામલોકો પર એટલો પ્રભાવ પાડે કે તેઓ પોતે આવીને તેની સેવા માગે અને તે માટે જે સાધનો કે બીજા કાર્યકર્તાઓ જોઈએ તે મેળવવામાં તેને પૂરેપૂરી મદદ કરે. હું એક ગામડામાં ઘાણી નાખીને બેઠો હોઉં તો ઘાણીને લગતાં બધાં કામો તો કરીશ જ; પણ હું ૧૫ ૨૦ રૂપિયા કમાનારો સામાન્ય ઘાંચી નહીં રહું. હું તો મહાત્મા ઘાંચી બનીશ. 'મહાત્મા' શબ્દ મેં વિનોદમાં વાપર્યો છે. એનો અર્થ કેવળ એટલો જ છે કે મારા ઘાંચીપણામાં હું એટલી સિદ્ધિ સમાવીશ કે જેથી ગામલોકો અજબ થઈ જાય. હું ગીતા વાંચનારો, કુરાન શરીફ પઢનારો, અનેક બાળકોને શિક્ષણ આપવાની શક્તિવાળો ઘાંચી બનીશ. વખતના અભાવે હું બાળકોને શિક્ષણ ન આપી શકું એ જુદી વાત. લોકો આવીને કહેશે: "ઘાંચી મહાશય, અમારાં બાળકો માટે એક શિક્ષક તો લાવી આપો." હું કહીશ, "શિક્ષક તો હું લાવી આપું પણ તેનું ખરચ તમારે

Gandhi Heritage Portal

ઉઠાવવું પડશે.” તે લોકો એ વાત ખુશીથી સ્વીકારશે. હું તેમને કાંતતાં શીખવીશ. તેઓ વણકર મેળવવામાં મારી મદદ માગશે. ત્યારે શિક્ષક લાવી આપ્યો તેમ તેમને વણકર લાવી આપીશ. એટલે જે ઇચ્છે તે વણાટ પણ શીખી લે. તેમને ગ્રામસફાઈનું મહત્ત્વ સમજાવીશ. એટલે તેઓ સફાઈ માટે ભંગીની માગણી કરશે. હું કહી દઈશ કે, “હું પોતે ભંગી છું. આવો, તમને એ કામ પણ શીખવી દઉં.” આ મારી સમગ્ર સેવાની કલ્પના છે.[૧૭]

## ૨૮

# સરકાર અને ગામડાં

### સરકાર શું કરી શકે

હવે, હાથમાં અધિકાર આવ્યો છે ત્યારે, કૉંગ્રેસ પ્રધાનો ખાદી ને ગ્રામઉદ્યોગને ઉત્તેજન આપવા સારુ શું કરવાના છે, એવો પ્રશ્ન વાજબી ગણાય. હું તો એ પ્રશ્ન માત્ર કૉંગ્રેસી પ્રાંતને નહીં પણ બધા પ્રાંતને લાગુ કરું. ગરીબાઈ, કરોડોની ગરીબાઈ, બધા પ્રાંતોમાં સરખી છે, અને તેથી તેને દૂર કરવાના ઈલાજો, આમજનતાનો વિચાર રાખીએ તો, બધા પ્રાંતોમાં સમાન હોય. અ. ભા. ચ. સંઘ અને અ. ભા. ગ્રા. સંઘનો એ અનુભવ છે. એવી સૂચના પણ આવી છે કે, આ કાર્યને સારુ એક સ્વતંત્ર પ્રધાન નીમવો, કેમ કે, જો સારું સંગઠન કરવું હોય તો એક પ્રધાનનો આખો સમય એમાં સહેજે રોકાય. હું પોતે એવી સૂચના કરતાં ડરું છું, કારણ કે આપણે હજી અંગ્રેજ લોકોએ અહીં ચાલુ કરેલું ખર્ચનું ધોરણ છોડયું નથી. સ્વતંત્ર પ્રધાન નીમીએ કે ન નીમીએ, તોયે અલગ ખાતું ખોલવાની જરૂર તો છે જ. અન્નવસ્ત્રની તંગીના આજના દિવસોમાં આવું ખાતું ઉપયોગી નીવડે. અ. ભા. ચ. સંઘ અને અ. ભા. ગ્રા. સંઘ મારફતે પ્રધાનો ને નિષ્ણાતોની મદદ મળતી રહેશે. પ્રમાણમાં જૂજ મૂડી રોકી ટૂંક સમયમાં હિંદની આખી પ્રજાને ખાદી પહેરાવી શકાય તેમ છે. દરેક પ્રાંતિક સરકાર દેહાતી એટલે

Gandhi Heritage Portal

કે ગામડાંમાં રહેનારા લોકોને કહે કે, તમારે જોઈતી ખાદી તમે જાતે પેદા કરી લો. આથી આપોઆપ જ સ્થાનિક ઉત્પત્તિ અને વહેંચણીને વેગ મળશે. ગામડાંની જરૂરિયાત પૂરી પાડ્યા પછી થોડી ખાદી જરૂર બચશે. તે કંઈક અંશે શહેરની ગરજ પૂરી શકશે અને તેથી સ્થાનિક મિલો પરનો બોજો હળવો થશે. પછી દુનિયામાં જ્યાં જ્યાં કાપડની તંગી છે ત્યાં આપણી મિલોનું કાપડ મોકલી શકાશે.

આ બધું શી રીતે થઈ શકે?

પ્રાંતિક સરકારે ગામડાંમાં વસનારાઓને જાહેરાત કરીને જણાવવું કે, અમુક તારીખની અંદર સૌ સૌના ગામને જોઈતી ખાદી પેદા કરી લો. તે તારીખ પછી તમને બહારથી કાપડ પૂરું પાડવામાં નહીં આવે. સરકારે તેમને જોઈતા કપાસિયા કે રૂ પડતર ભાવે આપવું, તેમ જ પાંચ કે તેથી અધિક વર્ષમાં વસૂલ થઈ શકે એ રીતે પડતર ભાવે ઉત્પત્તિનાં સાધનો પણ પૂરાં પાડવાં, જ્યાં જરૂર જણાય ત્યાં શિક્ષકો મોકલવા અને પોતાની પેદાશમાંથી ગામની ગરજ પૂરી પડી રહે પછી જે બાકી રહે તે ખરીદી લેવાનું સરકારે સ્વીકારવું. આમ કરવામાં આવે તો ઝાઝી ધાંધલ કે ઝાઝા વ્યવસ્થા ખર્ચ વિના સહેલાઈથી કાપડની તંગી નાબૂદ થાય.

ગામડાંઓની તપાસ કરવી, અને ત્યાંના વપરાશ માટે અથવા બહારના વેચાણ માટે સહેજે કે ઓછી મદદે શું શું બનાવી શકાય તેની યાદી તૈયાર કરવી, જેમ કે, ઘાણીનું તેલ, ખોળ, ઘાણીમાંથી કાઢેલું બાળવાનું તેલ, હાથછડના ચોખા, તાડગોળ, મધ, રમકડાં, સાદડી, હાથ-બનાવટના કાગળ, સાબુ વગેરે.

આમ કાળજીથી કરવામાં આવે તો, આપણાં મરવા વાંકે જીવી રહેલાં ગામડાંમાં નવું ચેતન આવશે, પોતાની અને હિંદુસ્તાનનાં શહેરોની જરૂરિયાતો પૂરી પાડવાની તેમની શક્તિ ખીલશે.

આ ઉપરાંત, આપણી અક્ષમ્ય બેપરવાઈને લઈને પીડાતા હિંદની બેસુમાર ગોધન સંપત્તિનો વિચાર કરવો ઘટે. એમાં ગોસેવા-સંઘ પોતાના અધૂરા અનુભવથી પણ સારી પેઠે મદદ આપી શકશે.

બુનિયાદી તાલીમને અભાવે ગ્રામવાસીઓને આજે કેળવણી મળતી નથી. હિંદુસ્તાની તાલીમી સંઘ આ ખોટ પૂરી શકે.[૧]

Gandhi Heritage Portal

## જો હું પ્રધાન હોઉં તો

(ઉપર જણાવેલા) મારા વિચારોમાં ફેરફાર નથી થયો. પણ તેની એક બાબતે ગેરસમજ ઊભી કરી છે. કેટલાક મિત્રો તેમાં જબરજસ્તી છે, એમ સમજ્યા છે. આવી એમાં રહેલી અસ્પષ્ટતાને માટે મને દિલગીરી થાય છે. કંઈક કરવાની ઈચ્છાવાળી પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવનારી પ્રાંતિક સરકારો શું કરે, એ સવાલનો જવાબ એ નોંધમાં મેં આપ્યો હતો. મેં એમ માનેલું કે, આવી સરકારો નોટિસો કાઢે તે પણ જબરજસ્તી છે, એમ નહીં સમજવામાં આવે. અને એ માન્યતા ક્ષમાપાત્ર છે, એમ મને લાગે છે. કેમ કે, પ્રજાનું સાચું પ્રતિનિધિત્વ ધરાવનારી સરકાર માને જ કે, અમારા હરેક કામમાં, મતદારોનો અમને ટેકો છે. મતદારોમાં, નોંધાયેલા ઉપરાંત મતદારો તરીકે ન નોંધાયેલી વસ્તી પણ આવી જાય છે. આ ખ્યાલથી મેં લખ્યું હતું કે, સરકારોએ ગામડાંના રહેવાસીઓને નોટિસ આપવી કે, તમે લોકો તમારી પોતાની બનાવેલી ખાદી પહેરતા થાઓ, તેટલા ખાતર અમુક મુકરર કરેલી તારીખ પછી તમને મિલનું કાપડ પહોંચાડવામાં નહીં આવે.

મારા ઉપરના લેખનો ગમે તે અર્થ હો, મારે એટલું સ્પષ્ટ જણાવવું છે કે, જેને જેને સંબંધ છે, તે બધા લોકોના રાજીખુશીના સહકાર વગર સ્વીકારવામાં આવેલી ખાદીને લગતી કોઈ પણ યોજના, સ્વરાજના સાધન તરીકે ખાદીને ઘાતક નીવડશે. તો તો, ખાદી આપણને મધ્યયુગના અંધકારના અને ગુલામીના જમાનામાં પાછી લઈ જાય છે, એ મહેણું સાચું ઠરે. પણ મારો અભિપ્રાય એથી ઊલટો છે. પરાણે તૈયાર કરાવવામાં આવતી અથવા પહેરાવવામાં આવતી ખાદી ગુલામીનો પોશાક હશે, પણ સમજપૂર્વક અને રાજીખુશીથી પોતાના વપરાશને માટે જાતે તૈયાર કરેલી ખાદી સહેજે સ્વતંત્રતાનો પોશાક બને. બધી બાજુનું સ્વાવલંબન ન કેળવે તો સ્વતંત્રતામાં કશો માલ નથી. મારે માટે તો હું કહું છું કે, જો ખાદી સ્વતંત્ર માણસનો હક અને ફરજ ન હોય, તો મારે તેની સાથે કશી લેવાદેવા નહીં હોય.

એક ટીકાકારે મિત્રભાવે સવાલ કર્યો છે કે, આ યોજના મુજબ ખાદી તૈયાર કરનાર લોકો તે ખાદી જાતે વાપરે તેની સાથે સાથે વેચીયે

Gandhi Heritage Portal

શકે ખરા કે નહીં? વેચી શકે, પણ વેચાણ યોજનાનો ગૌણ હેતુ હોય; અને આ યોજના મુજબ, વેચાણ જો ખાદી તૈયાર કરવાનો એકમાત્ર તો શું, પ્રધાન હેતુ હોય, તો તે નહીં વેચી શકે. શરૂઆત આપણે વેચાણને સારુ ખાદી બનાવવાથી કરી, તે આપણી કામચલાઉ જરૂરિયાત અને આપણી દૃષ્ટિની મર્યાદા બતાવે છે. અનુભવ મોટો ગુરુ છે. એ ગુરુએ આપણને ઘણું શીખવ્યું છે. તેણે શીખવેલા પાઠોમાં ખાદીનો આ મૂળ ઉપયોગ નજીવો નથી. પણ એ જ એનો એકમાત્ર અથવા છેવટનો ઉપયોગ નથી. પણ ખાદીની શકયતાઓની કલ્પનાઓના આકર્ષક પ્રદેશને છોડી આ લેખના મથાળામાં મૂકેલા સવાલનો ચોક્કસ જવાબ જ આપું.

રાજ્યવહીવટની બધી પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે ગામડાંઓને સ્થાપવાના આશયથી તેમનો પુનરુદ્ધાર કરવાનું ખાતું પ્રધાન તરીકે મારે હસ્તક હોય, તો સૌથી પહેલાં હું કાયમની નોકરીઓમાંથી આ કામ પાર પાડવાની શક્તિવાળા ચોખ્ખા માણસોને ખોળી કાઢું. તેમાંથી સૌથી વધારે લાયક અમલદારનો હું કૉંગ્રેસે ઊભા કરેલા અખિલ ભારત ચરખા સંઘ અને અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની સાથે સંબંધ જોડી આપું, અને પછી ગામડાંના હાથ ઉદ્યોગોને વધારેમાં વધારે પ્રોત્સાહન આપે તેવી યોજના લઈ આવું. યોજનામાં હું પહેલેથી જણાવું કે, આમાં ગામડાંના લોકો પર કોઈ જાતની જબરજસ્તી નથી; તેમને કોઈ બીજાને ખાતર વૈતરું કરવાનું નથી; તેમને પોતાની જાતે પોતાનું કામ પાર પાડવાનું, અને પોતાને જોઈતા ખોરાકના પદાર્થો, કાપડ અને બીજી જરૂરિયાતોને માટે ખુદ પોતાની મજૂરી અને આવડત પર આધાર રાખવાનું શીખવવામાં આવશે. આ રીતે આ યોજનામાં ગામડાંની બધી જરૂરિયાતોને સમાવી લેવામાં આવશે. તેથી મારા પહેલા મદદનીશ અમલદારને હું હિન્દુસ્તાની તાલીમી સંઘને મળી, તે શું કહે છે, તે જાણી લેવાને સૂચના આપું.

હવે આપણે એમ પણ માનીને ચાલીએ કે, આ રીતે તૈયાર કરવામાં આવેલી યોજનામાં નીચે પ્રમાણેની કલમ રાખવામાં આવી હશે: ગામડાંના લોકો જાતે થઈને જાહેરાત કરે કે, અમુક એક મુકરર કરેલી તારીખ બાદ એકાદેક વરસ રહીને અમારે મિલનું કાપડ નથી જોઈવાનું, અને અમારે બક્ષિસ લેખે નહીં પણ હળવા દરથી કિંમત ચૂકવી આપવાની


Gandhi Heritage Portal

શરતે કપાસ, ઊન તેમ જ જરૂરી સાધનો તથા ઓજારો અને કાંતણ વણાટનું શિક્ષણ જોઈશે. ખુદ યોજનામાં એવી જોગવાઈ પણ રાખવામાં આવે કે, તેનો અમલ એક આખા પ્રાંતમાં ન કરતાં શરૂઆત પૂરતો એકાદ વિભાગમાં ચાલુ કરવામાં આવશે. વળી, યોજનામાં એમ પણ જણાવેલું હોય કે, યોજનાના અમલના કામમાં અખિલ ભારત ચરખા સંઘ રસ્તો બતાવશે અને મદદ કરશે.

આ યોજનાના સંગીનપણાની ખાતરી કરી લીધા બાદ કાયદાના ખાતાની સાથે મસલત કરીને હું તેને કાયદાનું રૂપ આપું અને એક સરકારી જાહેરાત કરું, જેમાં યોજના મૂળ ક્યાંથી ને કેમ નીકળી, તેનું પૂરેપૂરું વર્ણન હોય. ગામડાંના રહેનારા ને મિલવાળાઓ તેમ જ બીજા સૌ તેમાં ભાગ લેશે. જાહેરાત સ્પષ્ટપણે બતાવશે કે, આ યોજના પર સરકારી છાપ હોવા છતાં, તે પ્રજાએ પોતે લીધેલું પગલું છે. સરકારનાં નાણાં ગરીબમાં ગરીબ ગામડિયાઓના લાભને અર્થે વપરાશે અને લાગતા-વળગતા સૌ લોકોને વધારેમાં વધારે વળતર મળશે. તેથી, આ યોજના સૌથી વધારે નફો આપનારું નાણાંનું રોકાણ હશે, જેમાં કામમાં પાવરધા નિષ્ણાતોની મદદ સ્વેચ્છાએ મળેલી હશે અને વ્યવસ્થાખર્ચ ઓછામાં ઓછો હશે. જાહેરાતમાં દેશને આ યોજનાનું કુલ કેટલું ખર્ચ આવશે અને લોકોને કેટલું વળતર મળશે, તેની બધી વિગત આપવામાં આવશે.

પ્રધાન તરીકે મારે નક્કી કરવાનો સવાલ તો એક જ રહે છે: ખાદીની યોજના તૈયાર કરી, તેના સફળ અમલને માટે દોરવણી આપવાની જવાબદારી ઉઠાવવાની અખિલ ભારત ચરખા સંઘની શ્રદ્ધા ને શક્તિ છે કે નથી? એ શક્તિ ને શ્રદ્ધા તેનામાં હોય, તો પૂરા ભરોસાથી મારી યોજનાની હોડી હું ભરદરિયે છોડી મૂકું.[૨]

Gandhi Heritage Portal

## ૨૯

# હિંદ અને દુનિયા

હિંદ જ્યારે સ્વાવલંબી અને સ્વાશ્રયી બનશે અને કોઈ દેશ એઠી નજર ન નાખી શકે કે શોષણ ન કરી શકે એવી સ્થિતિ ઊભી કરશે ત્યારે તે પશ્ચિમ કે પૂર્વની કોઈ પણ સત્તાના લાલચુ આકર્ષણનો વિષય નહીં રહે. અને પછી તે ખર્ચાળ શસ્ત્રસરંજામનો બોજો વહ્યા સિવાય પોતાની સલામતી વિષે નિશ્ચિત બનશે. તેની આંતરિક વ્યવસ્થા જ પરદેશી હુમલા સામે તેનો મજબૂત કિલ્લો બની રહેશે.[૧]

મારી કલ્પનાનું પૂર્ણ સ્વરાજ એકલવાયું સ્વાતંત્ર્ય નથી પણ નીરોગી અને પ્રતિષ્ઠિત સ્વાતંત્ર્ય છે. મારો રાષ્ટ્રવાદ ઉગ્ર છે છતાં એકલપેટો નથી, કોઈ પણ પ્રજા કે વ્યક્તિને હાનિ કરવાનો તેનો ઉદ્દેશ નથી. કાયદાનાં સૂત્રો જેટલાં કાયદાનાં નથી તેટલાં સદાચારનાં સૂત્રો છે. 'તારા પડોશીની મિલકતને હાનિ ન પહોંચે એવી રીતે તારી મિલકત ભોગવ,' એ સૂત્રના સનાતન સત્ય પર મારો વિશ્વાસ છે.[૨]

સ્વતંત્ર ને લોકશાસનવાળું હિંદુસ્તાન બીજી સ્વતંત્ર પ્રજાઓ સાથે પરસ્પર બચાવ ને આર્થિક સહકાર માટે ખુશીથી જોડાશે. સ્વતંત્રતાને લોકશાસન પર રચાયેલી સાચી જગતવ્યવસ્થાની સ્થાપના માટે, અને માનવજાતિની પ્રગતિ ને આગેકૂચ માટે જગતનાં જ્ઞાન અને સાધન-સામગ્રીના ઉપયોગ માટે અમે કામ કરીશું.[૩]

પશ્ચિમની પ્રજાઓએ પોતાની કુશળતાનો ઉપયોગ બીજાને આપવો રહ્યો. અમેરિકાએ જો પોતાની કુશળતાનો ઉપયોગ પરદેશોમાં પરમાર્થ-બુદ્ધિથી કરવો હોય તો તે કહેશે, 'જુઓ, અમને પુલ બનાવતાં આવડે છે. એ કળા અમે છાની નહીં રાખીએ. પણ આખી દુનિયાને અમે



Gandhi Heritage Portal

કહીએ છીએ કે અમે તમને પુલ બાંધતાં મફત શીખવીશું.' અમેરિકા કહે છે, 'જ્યાં બીજી પ્રજાઓ ઘઉંનું એક કણસલું પેદા કરી શકે છે ત્યાં અમે બે હજાર પેદા કરી શકીએ છીએ.' તો અમેરિકાએ એ કળા જે શીખવા માગે તેને મફત શીખવવી જોઈએ; પણ આખા જગતને માટે ઘઉં પેદા કરવાનો વિચાર ન કરવો જોઈએ. નહીં તો દુનિયાના બાર વાગી જાય.[૪]

[હિંદ તેમને શું શું આપી શકે, અને હમણાં તેમનું જે ભયંકર શોષણ ચાલે છે તેમાંથી ઊગરવાને સહકારના પાયા પર તેમના મુલકનું ઉદ્યોગીકરણ કઈ રીતે ખીલવવું, એ વિષે આફ્રિકાવાસીઓ જાણવા ઇચ્છતા હતા.]

હિંદ તમને સારા વિચારો જરૂર આપી શકે. તે તમને આખી દુનિયાને ઉપયોગી થાય તેવા ગ્રંથો આપી શકશે. તમારા પશ્ચિમના શોષકો તમારા કાચા માલના બદલામાં તૈયાર માલ તમારે ગળે બાંધીને જે જાતનો વેપાર તમારી સાથે ચલાવે છે તેવો હિંદનો વેપાર નહીં હોય; હિંદ અને તમારી વચ્ચેના વહેવારમાં વિચારની ને સેવાની આપલે હશે. ઉપરાંત સૌથી વિશેષ તો હિંદ તમને રેંટિયાની ભેટ આપી શકે. હું આફ્રિકામાં હતો તે દરમિયાન મને રેંટિયો મળ્યો હોત તો ફિનિક્સમાંના મારા આફ્રિકાવાસી પડોશીઓમાં જરૂર દાખલ કરત. તમે લોકો કપાસની ખેતી કરી શકો, તમારી પાસે ફાજલ વખતની ખોટ નથી અને હાથકારીગરીનાં કામોમાં તમારી આવડત ઓછી નથી. અમે ગામડાંના હાથકારીગરીના હુન્નરોને પાછા સજીવન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તમારે તેમનો અભ્યાસ કરી તે અપનાવી લેવા. તમારી મુક્તિની ચાવી મને તેમાં દેખાય છે.[૫]

'અમેરિકાની પ્રજાને માટે રેંટિયાનો કોઈ સંદેશ છે ખરો? આણુબૉમ્બની સામે તેના ઇલાજ રૂપે રેંટિયાનું હથિયાર ચાલે ખરું?'

એકલા અમેરિકા માટે નહીં; બલકે આખી દુનિયાને માટે રેંટિયાનો સંદેશો છે.'... મને રજભાર શંકા નથી કે હિંદુસ્તાનનો, બલકે આખી દુનિયાનો ઉદ્ધાર અને તેમની સલામતી રેંટિયામાં રહેલી છે. હિંદુસ્તાન

Gandhi Heritage Portal

યંત્રનું ગુલામ બન્યું, તો પછી દુનિયાને માટે બચવાનો આરો નથી, એક ઈશ્વર જ તેને બચાવી શકશે.[૬]

મને મારા અંતરમાં ઊંડે ઊંડે એવી પ્રતીતિ થાય છે કે . . . જગત યુદ્ધથી અતિશય ત્રાસી ગયું છે અને તેમાંથી નીકળવાનો માર્ગ શોધી રહ્યું છે. મને લાગે છે કે શાંતિના ભૂખ્યા જગતને માર્ગ બતાવવાનું માન કદાચ હિંદ જેવા પ્રાચીન દેશને ફાળે જશે.[૭]

હિંદ નિષ્ફળ નીવડશે તો એશિયાનો અંત આવશે. બહુ જ યથાર્થ રીતે હિંદને અનેક ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓના સમન્વયની ભૂમિ તરીકે ઓળખાવવામાં આવ્યું છે. એશિયા, આફ્રિકા અગર બીજા કોઈ પણ ખંડમાં હસ્તી ધરાવતી સૌ કોઈ શોષિત તેમ જ કચડાયેલી પ્રજાને માટે હિંદ આશારૂપ થાઓ અને હમેશ તેવું રહો.[૮]

અમે આખા જગતથી વિખૂટા નથી પડી જવા માગતા. અમે સર્વે પ્રજાઓની સાથે સ્વેચ્છાએ લેવડદેવડ કરીશું, પણ આજે જે પરાણે લેવડદેવડ થાય છે તે તો જવી જ જોઈએ. અમે નથી કોઈને હાથે ચુસાવા માગતા, કે નથી કોઈને ચૂસવા માગતા. (પાયાની કેળવણીની) યોજના દ્વારા અમે સર્વે બાળકોને કંઈક ઉત્પાદન કરતાં બનાવવાની, ને એમ કરીને આખા રાષ્ટ્રની મુખમુદ્રા બદલવાની આશા સેવીએ છીએ, કેમ કે એ વસ્તુ અમારા આખા સમાજજીવનની રગેરગમાં ઊતરી જશે. પણ એનો અર્થ એ નથી કે અમે આખા જગત જોડેનો સંબંધ તોડી નાખીશું. એવી પ્રજાઓ તો રહેશે કે જે પોતે અમુક માલ પેદા ન કરી શકે એટલા માટે બીજી પ્રજાઓની પાસેથી માલની લેવડદેવડ કરવા ઈચ્છશે. એવા માલ માટે તેઓ બીજી પ્રજાઓ પર જરૂર આધાર રાખશે, પણ એ માલ પૂરો પાડનાર પ્રજાઓએ એમને ચૂસવી ન ઘટે.

'પણ તમને બીજા દેશો પાસેથી કશાની જરૂર જ ન પડે એટલું સાદું તમારું જીવન તમે બનાવી દો તો તમે એમનાથી અળગા પડી જ જવાના, જ્યાં હું તો ઈચ્છું કે તમે અમેરિકાને માટે પણ જવાબદાર બનો.'

ચૂસવાનું કે ચુસાવાનું બંધ કરીને અમે અમેરિકા માટે જવાબદાર બની શકીએ, કેમ કે અમે એ પ્રમાણે કરીએ તો અમેરિકા અમારા

Gandhi Heritage Portal

દૃષ્ટાંતનું અનુકરણ કરશે, અને પછી આપણી વચ્ચે છૂટથી લેવડદેવડ થવામાં મુશ્કેલી નહીં આવે.[૯]

હું જાણું છું કે એ (આદર્શ ગામ બનાવવાનું) કામ એટલું જ મુશ્કેલ છે જેટલું આખા હિંદુસ્તાનને આદર્શ બનાવવાનું હોય. . . . પણ જો એક જ દેહાતને કોઈ એક માણસ આદર્શ બનાવી શકે તો તેણે આખા હિંદુસ્તાનને સારુ જ નહીં પણ કદાચ આખા જગતને સારુ માર્ગ શોધી આપ્યો ગણાય. સાધક આથી આગળ જવાનો લોભ ન સેવે.[૧૦]

'સ્વતંત્ર હિંદમાં કોનું હિત સર્વોપરી ગણાશે? પડોશનું રાજ્ય તંગીમાં આવી પડે તો સ્વતંત્ર હિંદ, મારી પોતાની જરૂરિયાતો પ્રથમ પૂરી પાડવી જોઈએ, એમ કહીને, અલગપણાનું વલણ અખત્યાર કરશે?'

સાચા અર્થમાં સ્વતંત્ર હિંદુસ્તાન આફતમાં આવી પડેલા પોતાના પડોશીની મદદે દોડી જશે. જે માણસની સ્વાર્થત્યાગ કરવાની ભાવના પોતાની કોમના વાડાથી આગળ વધતી નથી તે પોતાની જાતને સ્વાર્થી બનાવી દે છે અને આખરે પોતાની કોમને પણ સ્વાર્થી બનાવે છે. મારી મતિ પ્રમાણે, પોતાના સ્વાર્થનો ત્યાગ કરવાની ભાવનામાંથી એવું પરિણામ આવવું જોઈએ કે, વ્યક્તિ પોતાની કોમની સેવાને અર્થે સ્વાર્થ-ત્યાગ કરે, કોમ જિલ્લાના હિતને અર્થે પોતાનો સ્વાર્થ છોડે, જિલ્લો પ્રાંતની સેવાને અર્થે પોતાનો સ્વાર્થ જતો કરે, અને પ્રાંત રાષ્ટ્રને અર્થે તથા રાષ્ટ્ર દુનિયાને માટે સ્વાર્થત્યાગ કરે. મહાસાગરમાંના પાણીનું એક ટીપું કશું શુભ કર્યા વિના નાશ પામે છે. પણ તે જ પાણીનું ટીપું, મહાસાગરના એક અંગ તરીકે, વિરાટકાય જહાજોના મોટા કાફલાને પોતાની સપાટી પર વહી લઈ જવાના મહાસાગરના ગૌરવનું ભાગીદાર બને છે.[૧૧]

રામરાજ્ય એટલે હિંદુઓનું રાજ્ય એમ વિચારવાની ભૂલ કોઈએ કરવી જોઈએ નહીં. મારો રામ એ ખુદા અથવા 'ગૉડ'નું બીજું નામ છે. મારે તો ખુદાઈ રાજ્ય જોઈએ છે અને એનો અર્થ પૃથ્વી પરનું ઈશ્વરનું રાજ્ય છે. આવા રાજ્યની સ્થાપનાનો અર્થ સમગ્ર હિંદના લોકોનું જ નહીં પણ આખી દુનિયાના લોકોનું કલ્યાણ છે.[૧૨]

Gandhi Heritage Portal

હિંદુસ્તાનને સ્વતંત્ર અને સુદૃઢ જોવા ઈચ્છું છું કે તે જગતના હિતને ખાતર પોતાનું સ્વેચ્છાપૂર્વક અને શુદ્ધ બલિદાન આપે. શુદ્ધ વ્યક્તિ કુટુંબને માટે પોતાનું બલિદાન આપશે, કુટુંબ ગામને માટે, ગામ જિલ્લાને માટે, જિલ્લો પ્રાંતને માટે, પ્રાંત રાષ્ટ્રને માટે અને રાષ્ટ્ર માનવ-સમસ્તને માટે.[૧૩]

સ્વરાજ દ્વારા પણ આપણે તો જગતનું હિત સાધવું છે.[૧૪]

રાજ્યે નિર્માણ કરેલી સરહદોની પેલે પારના આપણા પડોશીઓને આપણી સેવા આપવાને કશી સીમા નથી. ઈશ્વરે કદી પણ એવી સરહદો સરજી નથી.[૧૫]

Gandhi Heritage Portal

# સંદર્ભ

[ નવ. – નવજીવન; હ. બં. – હરિજનબંધુ; હ. – હરિજન; યં. ઈ. – યંગ ઇન્ડિયા ].


### પ્રકરણ ૧ લું

૧ નવ. ૨૨·૩·'૩૧, પૃ. ૬૯
૨ નવ. ૧૮·૧૦·'૩૧, પૃ. ૫૩
૩ નવ. ૧·૨·'૨૫, પૃ. ૧૭૨–૩
૪ હ. બં. ૩·૧·'૩૭, પૃ. ૩૪૦
૫ નવ. ૪·૧૨·'૨૭, પૃ. ૧૨૬
૬ યં. ઈ. ૬·૮·'૨૫, પૃ. ૨૭૬
૭ નવ.નો વધારો, ૨૬·૬·'૨૪, પૃ. ૨
૮ નવ. ૨૪·૭·'૨૧, પૃ. ૩૭૧
૯ યં. ઈ. ૧·૫·'૩૦, પૃ. ૧૪૯
૧૦ નવ. ૧૨·૪·'૩૧, પૃ. ૯૨
૧૧ નવ. ૧૯·૧·'૩૦, પૃ. ૧૬૨
૧૨ યં. ઈ. ૫·૩·'૩૧, પૃ. ૪૨
૧૩ યં. ઈ. ૫·૩·'૩૧, પૃ. ૪૨
૧૪ યં. ઈ. ૨૬·૩·'૩૧, પૃ. ૪૬–૭
૧૫ નવ. ૨૯·૩·'૩૧, પૃ. ૮૧
૧૬ રચનાત્મક કાર્યક્રમ (૧૯૫૯), પૃ. ૭
૧૭ યં. ઈ. ૧૮·૬·'૩૧, પૃ. ૧૪૭
૧૮ હ. બં. ૩·૧·'૩૭, પૃ. ૩૪૦–૧
૧૯. હ. બં. ૨૧·૫·'૩૯, પૃ. ૯૦
૨૦ હ. બં. ૧૯·૩·'૩૯, પૃ. ૧૧
૨૧ હ. બં. ૧૯·૩·'૩૯, પૃ. ૧૨

### પ્રકરણ ૨ જું

૧ મહાત્મા ગાંધી. ધી લાસ્ટ ફેઝ, ભા. ૧ (૧૯૫૬), પૃ. ૫૩૯–૪૦
૨ ભાવિ સમાજરચનાની દિશામાં, (૧૯૬૩), પૃ. ૨૨૯–૩૦
૩ દિલ્હી ડાયરી (૧૯૪૮) પૃ. ૪૦૩–૪

### પ્રકરણ ૩ જું

૧ નવ. ૧૫·૧૧·'૩૧, પૃ. ૯૮–૯
૨ નવ. ૨૫·૧૦·'૩૧, પૃ. ૭૦–૧
૩ નવ. ૧૦·૧૦·'૨૬, પૃ. ૪૬
૪ યં. ઈ. ૨૫·૭·'૨૯, પૃ. ૨૪૪
૫ નવ. ૧૦·૧૦·'૨૬, પૃ. ૪૬
૬ નવ. ૨૦·૩·'૨૭, પૃ. ૨૨૮
૭ હ. બં. ૩૦·૮·'૩૬, પૃ. ૧૯૪
૮ હ. બં. ૧·૯·'૪૬, પૃ. ૨૮૯
૯ નવ. ૩·૫·'૩૧, પૃ. ૧૨૦–૧
૧૦ સ્પિચિઝ ઍન્ડ રાઇટિંગ્ઝ ઑફ મહાત્મા ગાંધી, પૃ. ૩૫૩–૪
૧૧ હ. બં. ૫-૧૦-'૪૦, પૃ. ૨૪૨
૧૨ હ. બં. ૨૬-૨-'૩૯, પૃ. ૪૧૬
૧૩ નવ. ૨૩-૧૨-'૨૮, પૃ. ૧૩૦
૧૪ નવ. ૧૦-૧૦-'૨૬, પૃ. ૪૬
૧૫ નવ. ૨·૧૧·'૨૪, પૃ. ૭૨
૧૬ યં. ઈ. ૫·૧૧·'૨૫, પૃ. ૩૭૭




Gandhi Heritage Portal

૧૭ યં. ઇ. ૧૫.૪.'૨૬, પૃ. ૧૪૨
૧૮ યં. ઇ. ૩.૧૧.'૨૧, પૃ. ૩૫૦
૧૯ નવ. ૨૦.૬.'૨૬, પૃ. ૩૩૨
૨૦ નવ. ૨.૧૧.'૨૪, પૃ. ૭૧
૨૧ હ. બં. ૨૮.૨.'૩૭, પૃ. ૪૦૫
૨૨ હ. બં. ૧૧.૧૧.'૩૪, પૃ. ૨૭૭-૮ અને ૨૫.૧૧.'૩૪, પૃ. ૨૯૦
૨૩ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પૃ. ૬૧-૨

## પ્રકરણ ૪ થું

૧ હિંદુસ્તાન સ્ટેન્ડર્ડ, ૬.૧૨.'૪૪
૨ અમૃતબજાર પત્રિકા, ૩૦.૬.'૪૪
૩ હિંદ સ્વરાજ (૧૯૫૪), પૃ. ૯૬.૯૭
૪ હ. બં. ૩૧.૩.'૪૬, પૃ. ૬૩
૫ નવ. ૨૦.૩.'૨૭, પૃ. ૨૨૯
૬ ગ્લિનિંગ્ઝ (૧૯૪૯), પૃ. ૧૭
૭ હ. બં. ૭.૭.'૪૬, પૃ. ૨૧૭
૮ હ. બં. ૧.૯.'૪૬, પૃ. ૨૯૪
૯ હ. બં. ૫.૪.'૩૬, પૃ. ૨૮
૧૦ હ. બં. ૫.૪.'૩૬, પૃ. ૨૮
૧૧ સ્પિચિઝ ઍન્ડ રાઇટિંગ્ઝ ઑફ મહાત્મા ગાંધી, પૃ. ૩૨૩
૧૨ યં. ઇ. ૩૦.૩.'૩૧, પૃ. ૯૪
૧૩ હ. બં. ૩.૩.'૩૫, પૃ. ૪૦૫-૬
૧૪ યં. ઇ. ૧૧.૯.'૨૪, પૃ. ૩૦૦
૧૫ હ. બં. ૩.૩.'૩૫, પૃ. ૪૦૬
૧૬ હ. બં. ૩.૩.'૩૫, પૃ. ૪૦૬
૧૭ હ. બં. ૮.૩.'૩૬, પૃ. ૪૧૨
૧૮ હ. બં. ૧૨.૪.'૩૬, પૃ. ૩૬
૧૯ હ. બં. ૨૪.૫.'૩૬, પૃ. ૮૩
૨૦ હ. બં. ૨૮.૨.'૩૭, પૃ. ૪૦૫
૨૧ હ. બં. ૨૭.૯.'૩૭, પૃ. ૨૨૮
૨૨ નવ. ૧૦.૧૧.'૨૯, પૃ. ૮૬

## પ્રકરણ ૫ મું

૧ યં. ઇ. ૨૬.૧૨.'૨૯, પૃ. ૪૨૦
૨ હ. બં. ૩૦.૮.'૩૬, પૃ. ૧૯૪
૩ હ. બં. ૨૧.૧.'૪૦, પૃ. ૩૭૦
૪ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પૃ. ૫
૫ હ. બં. ૨.૮.'૪૨, પૃ. ૨૩૬-૭
૬ હ. બં. ૩૧.૧.'૩૭, પૃ. ૩૭૫
૭ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પૃ. ૫

## પ્રકરણ ૬ ઠું

૧ યં. ઇ. ૧૩.૧૧.'૨૪, પૃ. ૩૭૮
૨ હ. બં. ૧૮.૧.'૪૨, પૃ. ૨
૩ નવ. ૨૮.૧૦.'૨૮, પૃ. ૭૦
૪ નવ.નો વધારો, ૨૬.૧૨.'૨૪, પૃ. ૨
૫ સ્પિચિઝ ઍન્ડ રાઇટિંગ્ઝ ઑફ મહાત્મા ગાંધી, પૃ. ૩૫૦
૬ સ્પિચીઝ ઍન્ડ રાઇટિંગ્ઝ ઑફ મહાત્મા ગાંધી, પૃ. ૩૫૦
૭ હ. બં. ૨૩.૩.'૪૭, પૃ. ૭૧
૮ યં. ઇ. ૬.૧૦.'૨૧, પૃ. ૩૧૪
૯ નવ. ૨૯.૩.'૩૧, પૃ. ૮૦
૧૦ મંગળપ્રભાત (૧૯૬૦), પૃ. ૨૭
૧૧ હ. ૨૯.૬.'૩૫, પૃ. ૧૫૬
૧૨ નવ.નો વધારો, ૨૦.૧૦.'૨૧, પૃ. ૫
૧૩ હ. ૨૯.૬.'૩૫, પૃ. ૧૫૬
૧૪ હ. બં. ૨૩.૨.'૪૭, પૃ. ૨૮
૧૫ નવ.નો વધારો, ૨૦.૧૦.'૨૧, પૃ. ૪



Gandhi Heritage Portal

૧૬ હ. ૯.૧૦.'૩૭, પૃ. ૨૯૨
૧૭ હ. બં. ૬.૨.'૩૮, પૃ. ૩૮૮
૧૮ નવ. ૨૦.૩.'૨૭, પૃ. ૨૨૯
૧૯ રચનાત્મક કાર્યક્રમ (૧૯૫૯), પૃ. ૨૮
૨૦ હ. બં. ૨૪.૮.'૪૦, પૃ. ૧૮૮
૨૧ હ. બં. ૨૪.૮.'૪૦, પૃ. ૧૮૮
૨૨ હ. બં. ૩૧.૧૨.'૩૯, પૃ. ૩૪૬
૨૩ હ. બં. ૫.૧૧.'૩૯, પૃ. ૨૮૨
૨૪ વ્યાપક ધર્મભાવના (૧૯૬૧), પૃ. ૩૨૩, ૩૨૮–૯
૨૫ મંગળપ્રભાત (૧૯૫૪), પૃ. ૪૦
૨૬ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પૃ. ૯
૨૭ હ. બં. ૨.૮.'૪૨, પૃ. ૨૩૬
૨૮ નવ. ૨૭.૭.'૨૪, પૃ. ૩૭૯
૨૯ હ. બં. ૨૮.૭.'૩૫, પૃ. ૧૫૭
૩૦ હ. બં. ૨૮.૭.'૪૬, પૃ. ૨૪૫
૩૧ હ. બં. ૨.૮.'૪૨, પૃ. ૨૩૭
૩૨ હ. બં. ૯.૩.'૪૭, પૃ. ૪૭
૩૩ હ. બં. ૨.૮.'૪૨, પૃ. ૨૩૭
૩૪ હ. બં. ૨૮.૭.'૪૬, પૃ. ૨૪૫
૩૫ હ. બં. ૨.૮.'૪૨, પૃ. ૨૩૭
૩૬ હ. બં. ૨.૮.'૪૨, પૃ. ૨૩૭
૩૭ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પરિશિષ્ટ 'બ'
૩૮ હ. બં. ૧.૮.'૩૭, પૃ. ૧૬૫

### પ્રકરણ ૭ મું

૧ યં. ઇ. ૧૧.૪.'૨૯, પૃ. ૧૧૪–૫
૨ મંગળપ્રભાત (૧૯૬૦), પૃ. ૨૬–૮
૩ યં. ઇ. ૮.૨.'૨૫, પૃ. ૧૫–૬
૪ નવ. ૨૯.૩.'૩૧, પૃ. ૮૦
૫ હ. ૨૯.૬.'૩૫, પૃ. ૧૫૬
૬ હ. બં. ૨.૬.'૩૫, પૃ. ૯૨
૭ હ. ૨૯.૬.'૩૫, પૃ. ૧૫૬
૮ યં. ઇ. ૧૮.૮.'૨૫ પૃ. ૨૮૨
૯ હ. બં. ૧૨.૫.'૩૫, પૃ. ૬૬

### પ્રકરણ ૮ મું

૧ નવ. ૨૯.૧૧.'૩૧, પૃ. ૧૧૧
૨ હ. બં. ૨૪.૮.૪૦, પૃ. ૧૮૮
૩ નવ. ૮.૧૧.'૩૧, પૃ. ૮૯
૪ હ. બં. ૨૭.૭.'૪૦, પૃ. ૧૫૩
૫ હ. બં. ૨૩.૩.'૪૭, પૃ. ૬૮

### પ્રકરણ ૯ મું

૧ હ. બં. ૪.૬.'૩૯, પૃ. ૧૦૩
૨ ધી મૉડર્ન રિવ્યુ (૧૯૩૫), પૃ. ૪૧૨
૩ હ. ૩.૧૨.'૩૮, પૃ. ૩૫૮
૪ હ. બં. ૧૫.૧.'૩૯, પૃ. ૩૫૯
૫ હ. બં. ૧૭.૧૨.'૩૯, પૃ. ૩૨૪
૬ હ. બં ૧.૩.'૪૨, પૃ. ૫૫

### પ્રકરણ ૧૦ મું

૧ વ્યાપક ધર્મભાવના (૧૯૬૧), પૃ. ૩૨૩–૩૨
૨ વ્યાપક ધર્મભાવના, (૧૯૬૧), પૃ. ૩૩૪

### પ્રકરણ ૧૧ મું

૧ ધી આઇડિયોલૉજી ઑફ ધી ચરખા, પૃ. ૮૬–૮
૨ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૨૩
૩ હ. બં. ૧૫.૧૨.'૩૫, પૃ. ૩૧૬
૪ હ. બં. ૧૯.૧૦.'૪૭, પૃ. ૩૩૫–૬

Gandhi Heritage Portal

૫ હ. બં. ૫.૪.'૪૨, પૃ. ૯૨–૯૩
૬ હ. બં. ૨૮.૭.'૩૫, પૃ. ૧૫૭
૭ હ. બં. ૨૩.૮.'૩૬, પૃ. ૧૮૫
૮ ખાદી શા માટે? (૧૯૬૨) પૃ. ૨૧૮
૯ હ. બં. ૨૧.૪.'૩૫, પૃ. ૪૧
૧૦ યં. ઈ. ૨૫.૪.'૨૯, પૃ. ૧૩૫
૧૧ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૧૪-૫
૧૨ હ. બં. ૬.૧૦.'૪૬, પૃ. ૩૪૧


### પ્રકરણ ૧૨ મું


૧ યં. ઈ. ૨૮.૫.'૩૧, પૃ. ૧૨૩
૨ હ. બં. ૨૮.૭.'૪૬, પૃ. ૨૪૫
૩ હ. બં. ૧૮.૧.'૪૮, પૃ. ૪૭૬
૪ હ. બં. ૪.૧.'૪૮, પૃ. ૪૫૫
૫ હ. બં. ૪.૧.'૪૮, પૃ. ૪૫૫–૬


### પ્રકરણ ૧૩ મું


૧ હ. બં. ૨૧.૧૨.'૪૭, પૃ. ૪૩૫
૨ હ. બં. ૧૧.૪.'૩૭, પૃ. ૩૬
૩ હ. બં. ૬.૬.'૩૭, પૃ. ૧૦૧–૨
૪ હ. બં. ૬.૬.'૩૭, પૃ. ૧૦૨
૫ હ. બં. ૨૯.૮.'૩૭, પૃ. ૧૯૪
૬ હ. બં. ૩.૧૦.'૩૭, પૃ. ૨૩૫
૭ હ. બં. ૧.૮.'૩૭, પૃ. ૧૬૫–૬
૮ હ. બં. ૧૨.૯.'૩૭, પૃ. ૨૦૯
૯ હ. બં. ૧૯.૯.'૩૭, પૃ. ૨૨૩
૧૦ હ. બં. ૩.૧૦.'૩૭, પૃ. ૨૩૪
૧૧ હ. બં. ૨૬.૯.'૩૭, પૃ. ૨૨૮
૧૨ હ. બં. ૨૬.૯.'૩૭, પૃ. ૨૨૯
૧૩ હ. બં. ૧૨.૬.'૩૮, પૃ. ૧૧૨
૧૪ હ. બં. ૨.૧૧.'૪૭, પૃ. ૩૪૮
૧૫ હ. બં. ૨૬.૨.'૩૯, પૃ. ૪૦૫–૭
૧૬ રચનાત્મક કાર્યક્રમ, (૧૯૫૯), પૃ. ૨૦


### પ્રકરણ ૧૪ મું


૧ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ.૨૧૭
૨ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ.૨૩૨
૩ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ.૨૪૦–૧
૪ મંગળપ્રભાત (૧૯૬૦), પૃ. ૨૮
૫ હ. બં. ૧.૯.'૪૬, પૃ. ૨૯૪
૬ હ. બં. ૨૬.૨.'૩૯, પૃ. ૪૧૬
૭ હ. બં. ૨૬.૨.'૩૯, પૃ. ૪૧૬
૮ હ. બં. ૩.૩.'૩૫, પૃ. ૪૦૬
૯ હ. બં. ૨૪.૫.'૩૬, પૃ. ૮૩
૧૦ હ. બં. ૭.૩.'૩૭, પૃ. ૪૧૯
૧૧ હ. બં. ૭.૩.'૩૭, પૃ. ૪૧૯
૧૨ ધી બૉમ્બે ક્રૉનિકલ, ૨૮.૧૦.'૪૪
૧૩ હ. બં. ૮.૨.'૪૮, પૃ. ૨૩


### પ્રકરણ ૧૫ મું


૧ ધી બૉમ્બે ક્રૉનિકલ, ૨૮.૧૦.'૪૪
૨ હ. ૨.૧.'૩૭, પૃ. ૩૭૫
૩ હ. બં. ૨૧.૫.'૩૯, પૃ. ૮૯
૪ હ. બં. ૨૧.૪.'૪૦, પૃ. ૪૬
૫ અમૃતબજાર પત્રિકા, ૨.૮.'૩૪
૬ અમૃતબજાર પત્રિકા, ૩.૮.'૩૪
૭ અમૃતબજાર પત્રિકા, ૨.૮.'૩૪
૮ અમૃતબજાર પત્રિકા, ૨.૮.'૩૪
૯ હ. બં. ૬.૧૨.'૩૬, પૃ. ૩૧૦–૧
૧૦ યં. ઈ. ૫.૧૨.'૨૯, પૃ. ૩૯૬
૧૧ નવ. ૩૧.૫.'૩૧, પૃ. ૧૫૫
૧૨ હ. બં. ૪.૫.'૪૭, પૃ. ૧૧૯–૨૦
૧૩ હ. બં. ૧.૬.'૪૭, પૃ. ૧૫૨


Gandhi Heritage Portal

૧૪ હ. ૨.૧.'૩૭, પૃ. ૩૭૫
૧૫ હ. બં. ૯.૩.'૪૭, પૃ. ૪૬–૭

### પ્રકરણ ૧૬ મું

૧ હ. બં. ૧૫.૨.'૪૨, પૃ. ૩૬–૭
૨ હ. બં. ૯.૩.'૪૭, પૃ. ૪૭
૩ હ. બં. ૯.૩.'૪૭, પૃ. ૪૭

### પ્રકરણ ૧૭ મું

૧ હ. બં. ૨૮.૧૨.'૪૭, પૃ. ૪૩૭
૨ હ. બં. ૨૮.૧૨.'૪૭, પૃ. ૪૪૨
૩ હ. બં. ૨૪.૨.'૩૫, પૃ. ૩૯૪
૪ હ. બં. ૧૭.૩.'૩૫, પૃ. ૪
૫ હ. ૧૭.૮.'૩૫, પૃ. ૨૧૩–૫
૬ હ. ૨૪.૮.'૩૫, પૃ. ૨૧૮–૯, ૨૨૪
૭ હ. બં. ૨.૮.'૪૨, પૃ. ૨૩૬

### પ્રકરણ ૧૮ મું

૧ હ. બં. ૧૯.૧૦.'૪૭, પૃ. ૩૩૨–૩
૨ હ. બં. ૨૫.૧.'૪૨, પૃ. ૧૨
૩ હ. બં. ૨૪.૨.'૪૬, પૃ. ૨૩
૪ નવ. ૧૨.૪.'૨૫, પૃ. ૨૫૫
૫ હ. બં. ૧૫.૯.'૩૫, પૃ. ૨૧૨

### પ્રકરણ ૧૯ મું

૧ રચનાત્મક કાર્યક્રમ, (૧૯૫૯), પૃ. ૧૩–૮
૨ નવ. ૨૦.૯.'૨૫, પૃ. ૨૧
૩ હ. બં. ૧૭.૧૧.'૪૬, પૃ. ૪૦૧
૪ યં. ઈ. ૨૦.૧૦.'૨૧, પૃ. ૩૨૯
૫ યં. ઈ. ૨૧.૭.'૨૦, પૃ. ૪
૬ યં. ઈ. ૩.૧૧.'૨૧, પૃ. ૩૫૦
૭ નવ. ૧૮.૧૨.'૨૧, પૃ. ૧૨૬–૭
૮ યં. ઈ. ૨૧.૮.'૨૪, પૃ. ૨૭૭
૯ યં. ઈ. ૧૮.૬.'૨૫, પૃ. ૨૧૧
૧૦ યં. ઈ. ૨૭.૮.'૨૫, પૃ. ૨૯૯
૧૧ નવ. ૨૦.૨.'૨૭, પૃ. ૧૯૬
૧૨ હ. બં. ૨૯.૪.'૩૪, પૃ. ૫૨
૧૩ નવ. ૧૬.૫.'૨૬, પૃ. ૨૯૨
૧૪ નવ. ૧૬.૫.'૨૬, પૃ. ૨૯૩
૧૫ નવ. ૩.૧૦.'૨૬, પૃ. ૩૮
૧૬ હ. બં. ૧૪.૪.'૪૦, પૃ. ૩૮
૧૭ નવ. ૧૮.૧૨.'૨૧, પૃ. ૧૨૭
૧૮ યં. ઈ. ૨૯.૬.'૨૧, પૃ. ૨૦૬
૧૯ યં. ઈ. ૨૧.૫.'૨૫, પૃ. ૧૭૭
૨૦ સ્વરાજ થ્રુ ચરખા (૧૯૪૫), પૃ. ૮
૨૧ સ્વરાજ થ્રુ ચરખા (૧૯૪૫), પૃ. ૫
૨૨ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૦૬–૧૧
૨૩ ધી આઇડિયોલૉજી ઑફ ધી ચરખા (૧૯૪૭), પૃ. ૭૪
૨૪ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૦૦
૨૫ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૦૨
૨૬ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૦૨
૨૭ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૦૬
૨૮ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૪૧
૨૯ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૪૫
૩૦ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૪૬
૩૧ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૫૨
૩૨ હ. બં. ૨૨.૯.'૪૬, પૃ. ૩૨૪
૩૩ હ. બં. ૨૨.૯.'૪૬, પૃ. ૩૩૨
૩૪ હ. બં. ૨૨.૯.'૪૬, પૃ. ૩૩૨

### પ્રકરણ ૨૦ મું

૧ સો ટકા સ્વદેશી (૧૯૪૧), પૃ. ૫–૬
૨ સો ટકા સ્વદેશી (૧૯૪૧), પૃ. ૬–૭

Gandhi Heritage Portal

૩ હ. બં. ૧૨-૮-'૩૪, પૃ. ૧૭૬
૪ હ. બં. ૩૦-૯-'૩૪, પૃ. ૨૩૦
૫ હ. બં. ૨૫-૧૧-'૩૪, પૃ. ૨૯૧–૨
૬ હ. બં. ૧૮-૧૧-'૩૪, પૃ. ૨૮૪
૭ હ. બં. ૧૮-૧૧-'૩૪, પૃ. ૨૮૪
૮ હ. બં. ૧૮-૧૧-'૩૪, પૃ. ૨૮૪
૯ હ. બં. ૧૮-૧૧-'૩૪, પૃ. ૨૮૪
૧૦ હ. બં. ૧૮-૧૧-'૩૪, પૃ. ૨૮૪
૧૧ હ. બં. ૧૮-૧૧-'૩૪, પૃ. ૨૮૫
૧૨ હ. બં. ૧૮-૧૧-'૩૪, પૃ. ૨૮૫
૧૩ હ. બં. ૯-૧૨-'૩૪, પૃ. ૩૦૮
૧૪ હ. બં. ૯-૧૨-'૩૪, પૃ. ૩૦૯
૧૫ હ. બં. ૯-૧૨-'૩૪, પૃ. ૩૦૯
૧૬ રચનાત્મક કાર્યક્રમ (૧૯૫૯), પૃ. ૧૮–૯
૧૭ હ. બં. ૬-૧-'૩૫, પૃ. ૩૪૦
૧૮ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૦૨
૧૯ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૦૨
૨૦ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૧૩
૨૧ ખાદી શા માટે ? (૧૯૬૨), પૃ. ૨૧૬–૭
૨૨ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૧૯
૨૩ ખાદી શા માટે ? (૧૯૬૨), પૃ. ૨૩૫–૬
૨૪ ખાદી શા માટે ? (૧૯૬૨), પૃ. ૨૪૦–૧
૨૫ હ. બં. ૨૭-૧-'૩૫, પૃ. ૩૬૪
૨૬ નવ. ૯-૧૦-'૨૧, પૃ. ૪૬
૨૭ યં. ઇ. ૨૨-૧૦-'૨૫, પૃ. ૩૬૧
૨૮ નવ. ૨૯-૫-'૨૭, પૃ. ૩૦૯
૨૯ હ. બં. ૨૧-૧૦-'૩૪, પૃ. ૨૫૨
૩૦ હ. બં. ૧૦-૩-'૪૬, પૃ. ૪૦
૩૧ હ. બં. ૩-૯-'૩૯, પૃ. ૨૧૦
૩૨ સો ટકા સ્વદેશી (૧૯૪૧), પૃ. ૬
૩૩ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૨૬–૭
૩૪ હ. બં. ૩-૨-'૩૫, પૃ. ૩૭૪
૩૫ હ. બં. ૯-૯-'૩૪, પૃ. ૨૦૧–૨
૩૬ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૪૬
૩૭ હ. ૧૪-૯-'૩૪, પૃ. ૨૪૧
૩૮ હ. બં. ૨૬-૮-'૩૪ પૃ. ૧૮૮
૩૯ ગ્રામોદ્યોગ પત્રિકા (અંગ્રેજી), જુલાઈ ૧૯૪૬


### પ્રકરણ ૨૧ મું


૧ હ. બં. ૪-૭-'૩૭, પૃ. ૧૩૩
૨ હ. ૧૬-૯-'૩૯, પૃ. ૨૭૬
૩. હ. બં. ૧૪-૯-'૪૦, પૃ. ૨૧૪


### પ્રકરણ ૨૨ મું


૧ હ. બં. ૨૫-૧૧-'૩૪, પૃ. ૨૯૦
૨ વ્યાપક ધર્મભાવના (૧૯૬૧), પૃ. ૩૨૯
૩ સ્વરાજ શું ચરખા (૧૯૪૫), પૃ. ૫
૪ હ. બં. ૨૫-૨-'૩૪, પૃ. ૪૦૩
૫ ખાદી શા માટે? (૧૯૬૨), પૃ. ૨૨૩
૬ હ. બં. ૭-૭-'૪૬, પૃ. ૨૧૭
૭ હ. બં. ૧૮-૧-૪૨, પૃ. ૨
૮ હ. બં. ૧૯.૩-'૩૯, પૃ. ૧૨


### પ્રકરણ ૨૩ મું


૧ રચનાત્મક કાર્યક્રમ (૧૯૫૯), પૃ. ૧૯–૨૦
૨ હ. બં. ૧૦-૨-'૩૫, પૃ. ૩૮૦


Gandhi Heritage Portal

## પ્રકરણ ૨૪ મું

૧ રચનાત્મક કાર્યક્રમ (૧૯૫૯), પૃ. ૨૪–૫
૨ આરોગ્યની ચાવી, (૧૯૬૧) પૃ. ૩
૩ રચનાત્મક કાર્યક્રમ, (૧૯૫૯), પૃ. ૨૫–૬
૪ હ. બં. ૭.૪.’૪૬, પૃ. ૬૯
૫ હ. બં. ૨૬.૫.’૪૬, પૃ. ૧૫૭
૬ હ. બં. ૨.૬.’૪૬, પૃ. ૧૬૧
૭ હ. બં. ૧૧.૮.’૪૬, પૃ. ૨૬૧
૮ હ. બં. ૧૮.૮.’૪૬, પૃ. ૨૭૮
૯ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૫
૧૦ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૬
૧૧ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૬
૧૨ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૬–૭
૧૩ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૬–૭
૧૪ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૭
૧૫ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૮
૧૬ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૯
૧૭ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૪૯–૫૧
૧૮ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૫૨–૩
૧૯ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૫૫–૬
૨૦ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૫૬–૮
૨૧ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૫૮
૨૨ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૫૮–૯
૨૩ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૫૯–૬૦
૨૪ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૬૦
૨૫ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૬૧–૨
૨૬ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૬૩
૨૭ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૬૩
૨૮ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૬૪
૨૯ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૬૪
૩૦ હ. બં. ૨૬.૫.’૩૫, પૃ. ૮૮
૩૧ હ. બં. ૧૨.૫.’૩૫, પૃ. ૬૮
૩૨ હ. ૯.૧૧.’૩૫, પૃ. ૩૦૮

## પ્રકરણ ૨૫ મું

૧ આરોગ્યની ચાવી (૧૯૬૧), પૃ. ૧૧–૨૧

## પ્રકરણ ૨૬ મું

૧ હ. બં. ૧૯.૬.’૩૮, પૃ. ૧૧૬
૨ હ. બં. ૩૧.૮.’૪૦, પૃ. ૧૯૬
૩ હ. બં. ૫.૫.’૪૬, પૃ. ૧૧૩

## પ્રકરણ ૨૭ મું

૧ હ. બં. ૨૪.૫.’૩૬, પૃ. ૮૬
૨ હ. બં. ૨૬.૩.’૩૯, પૃ. ૨૨
૩ હ. બં. ૫.૨.’૪૮, પૃ. ૨૯
૪ હ. બં. ૨.૯.’૩૪, પૃ. ૧૯૩–૫
૫ હ. બં. ૩૧.૧.’૩૭, પૃ. ૩૭૫–૬
૬ હ. બં. ૧૭.૮.’૪૦, પૃ. ૧૮૦
૭ હ. બં. ૩.૧૧.’૩૫, પૃ. ૨૭૦
૮ હ. બં. ૨૪.૧૧.’૩૫, પૃ. ૨૯૨–૩
૯ હ. બં. ૧.૩.’૩૬, પૃ. ૪૦૬
૧૦ હ. બં. ૨૫.૮.’૩૫, પૃ. ૧૯૧

Gandhi Heritage Portal

૧૧ હ. બં. ૨.૩.'૪૭, પૃ. ૩૭
૧૨ હ. બં. ૨૬.૭.'૩૬, પૃ. ૧૫૮
૧૩ હ. બં. ૧૨.૪.'૩૬, પૃ. ૩૬
૧૪ હ. બં. ૨૧.૨.'૩૭, પૃ. ૩૯૭
૧૫ હ. બં. ૨૪.૩.'૨૫, પૃ. ૧૩
૧૬ હ. બં. ૧૭.૩.'૩૫, પૃ. ૪
૧૭ હ. બં. ૧૭.૩.'૪૬, પૃ. ૪૬

### પ્રકરણ ૨૮ સું

૧ હ. બં. ૨૮.૪.'૪૬, પૃ. ૧૦૪
૨ હ. બં. ૧.૯.'૪૬, પૃ. ૨૯૨

### પ્રકરણ ૨૯ સું

૧ યં ઈ. ૨.૭.'૩૧, પૃ. ૧૬૧
૨ નવ. ૧૯.૩.'૩૧, પૃ. ૮૧
૩ હ. બં. ૧૭.૯.'૩૯, પૃ. ૨૨૫
૪ હ. બં. ૧૧.૧૧.'૩૪, પૃ. ૨૭૮
૫ હ. બં. ૨૪.૨.'૪૬, પૃ ૧૯
૬ હ. બં. ૧૭.૧૧.૪૬, પૃ. ૪૦૦
૭ ઇન્ડિયાઝ કેસ ફૉર સ્વરાજ, પૃ. ૨૦૯
૮ હ. બં. ૫.૧૦.'૪૭, પૃ. ૩૧૦
૯ હ. બં. ૨૦.૨.'૩૮, પૃ. ૩૯૯
૧૦ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પૃ. ૧૩૨
૧૧ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પૃ. ૨૩૫
૧૨ ભાવિ સમાજરચનાની દિશામાં (૧૯૬૩), પૃ. ૨૩૬
૧૩ નવ. ૨૦.૯.'૨૫, પૃ. ૨૧
૧૪ નવ. ૧૨.૪.'૩૧, પૃ. ૯૩
૧૫ યં. ઈ. ૩૧.૧૨.'૨૧, પૃ. ૪૨૭

Gandhi Heritage Portal

## સૂચિ

અક્ષરજ્ઞાન ૪૪, ૮૨
અખાડા ૨૧૨
અણુબૉમ્બ ૨૪૪
અનાજ ૨૫; —ની અછત સમયે શું ૧૨૭; —ની તંગી ૧૨૩;—ની તંગી અને અતિ વસ્તી ૧૩૧
અનાજ દળવાની મિલ ૧૫૯
અમદાવાદ ૧૭૧
અમીન, ઈશ્વરભાઈ ૧૭૪, ૧૭૬
અમેરિકા ૧૪, ૨૪, ૧૨૬, ૨૪૪, ૨૪૫; —ના લોકો ૧૨૬
અર્થશાસ્ત્ર ૩૦, ૩૬, ૩૮, ૭૯, ૮૫, ૯૦; ૦ઊંચામાં ઊંચા નૈતિક ધોરણને વિરોધી ન હોય ૩૮; ૦સામાજિક ન્યાયને માટે ખડું છે અને સૌનું ભલું કરવાનો પ્રયત્ન કરે છે ૩૮
અર્થશાસ્ત્રી ૧૦૫
અહિંસક શાસન ૨૧૧
અહિંસક સેવાદળ ૨૧૧
અહિંસા ૭, ૨૩, ૩૩, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૫, ૪૯, ૫૩, ૫૫, ૬૩, ૬૬, ૭૨, ૯૮, ૧૦૮, ૧૪૩, ૧૪૯, ૨૦૯
અંગકસરત ૪૬
અંગમહેનત ૩
અંગ્રેજ ૨૬
અંગ્રેજી દવાઓ ૧૯૬
અંગ્રેજી પાર્લમેન્ટ ૩
આકાશ ૧૯૩–૫
આચાર્ય, ડૉ. ૧૦૯
આદર્શ સમાજનું ચિત્ર ૯
આફ્રિકા ૨૪૫; ૦દક્ષિણ ૧૨
આફ્રિકાવાસીઓ ૨૪૪
આરોગ્ય ૨૮
આર્થિક સમાનતા ૩૯, ૪૦, ૨૨૧
આહાર ૨૫, ૧૫૫, ૨૨૯; ૦પૂરતા પોષણવાળો ૨૫
આંધ્ર ૧૭૨
ઇટાલી ૩
ઇન્ડિપેન્ડન્સ, સંપૂર્ણ સ્વતંત્રતા, ૩, ૬, ૩૯, ૭૧
ઇસ્લામ ૭
ઇંગ્લંડ ૧૨, ૧૪, ૧૭, ૨૪, ૫૯, ૧૩૪
ઇંદોર પદ્ધતિ ૧૧૪–૨૨
ઈસ્ટ ઇન્ડિયા કંપની ૯૦, ૧૪૪
ઉદ્યોગ ૮૭; ૦કાગળ બનાવવાનો ૧૫૭; ૦ચામડાં કમાવવાનો ૧૫૭; ૦તેલની ઘાણીનો ૧૫૭; ૦દીવાસળી બનાવવાનો ૧૫૭; ૦સાબુ બનાવવાનો ૧૫૭; ૦હાથે છડવાનો ૧૫૭



Gandhi Heritage Portal

ઉદ્યોગવાદ ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૨૧, ૨૨, ૮૭, ૯૪; ૦એક ભારે રોગ છે કારણ કે એ અનિષ્ટમય છે ૧૩;૦ખીલવવાની કોઈ પણ દેશને કોઈ પણ પ્રસંગે જરૂર નથી ૧૫; ૦ગરીબીનો નાશ કરવાનો ઉપાય નથી ૧૪; –નું ભાવિ પશ્ચિમમાં કાળું હોય તો હિંદને માટે એથીય કાળું નીવડે ૧૩; ૦માનવજાતિને શાપરૂપ નીવડવાનો છે ૧૨

ઉદ્યોગો, શહેરી ૦હિન્દુસ્તાનનાં સાત લાખ ગામડાંમાં વસનારી ૯૦ ટકા વસ્તીને નભાવી નહીં શકે ૧૭૦

ઉરુળીકાંચન ૧૮૭

ઉર્દૂ ૨૨૦

એશિયા ૨૪૫

ઓન્તરો ૨૩૭

કક્કો, બારાખડી ૭૯, ૮૩, ૨૧૮

કટીસ્નાન ૧૯૯, ૧૯૦

'કપાસ – મનુષ્યનો ઇતિહાસ' ૮૯

કબીર ૨૩૫

કર ૧૮૧

કર્ટિસ, લાયોનલ ૨૮, ૯૬

કર્ણાટક ૨૪

કલકત્તા ૧૪૮

કાકાસાહેબ ૨૨૪

કારખાનાં ૧૬, ૨૦, ૪૧, ૧૫૩, ૧૫૪, ૧૬૧, ૧૬૩, ૧૬૫, ૧૭૧

કાર્પેન્ટર, એડવર્ડ ૨૬

કિસાન ૯૩, ૧૦૩

કુદરતી ઉપચાર ૧૮૫, ૧૮૭; ૦ આકાશ ૧૯૩; ૦ ૦તેજ ૧૯૫; –ને દાક્તરી મદદ ૧૯૬; ૦પાણી ૧૮૯; ૦માટી ૧૮૮; ૦વાયુ ૧૯૬

કુંભમેળો ૫૮

કૃત્રિમ ઉપાયોથી જન્મપ્રમાણ પર અંકુશ ૧૩૧

કેન્દ્રીકરણ ૪૧

કેન્દ્રીકરણ, સત્તાનું; –નો સમાજની આંતરિક રચના સાથે મેળ ખાય એમ નથી ૩૫

કેરિયર ૨૧૩

કેળવણી ૩૨, ૪૪, ૫૮, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૮, ૯૨, ૯૯, ૧૧૧, ૧૭૨, ૨૩૯; ૦ફરજિયાત અને મફત હોવી જોઈએ ૮૫; ૦કોલેજ લગીનીમાં બુદ્ધિના વિલાસને વિકાસને નામે ઓળખાવવામાં આવે છે ૭૮; –નો દેશની જરૂરિયાત સાથે મેળ સાધવો જોઈએ ૮૩

કેળવણી, નવી ૨૨૦

કેળવણી, પાયાની ૪૪, ૭૭; –ના પાયા ૮૭; ૦બાળકોના મન તેમ જ શરીર બંનેનો વિકાસ કરે ૯૨

કોંકણ ૯૩

ક્યુને ૧૮૯, ૧૯૧

ક્વિનીન ૧૯૭

ક્ષ કિરણ –ને કુદરતી ઉપચારોમાં સ્થાન નથી ૧૮૭

ખલીફ ઉમર ૧૦૩

ખાતર ૧૦૯–૧૧૪; –ના ખાડા ૧૧૦, ૧૧૫, ૧૧૭


Gandhi Heritage Portal

ખાતર, કોમ્પોસ્ટ ૧૦૮, ૧૧૩, ૧૧૮–૨૦; ૦બનાવવાની પદ્ધતિ ૧૧૧
ખાદી ૩૩, ૬૫, ૧૩૨, ૧૩૩, ૧૪૧, ૧૪૯, ૧૫૧, ૧૫૩, ૧૫૬, ૨૧૬, ૨૩૮, ૨૪૦, ૨૪૨; ૦અને હાથ-કાંતણ ૧૩૨; ૦એટલે દેશના બધા વતનીઓની આર્થિક સ્વતંત્રતા તેમ જ સમાનતાની શરૂઆત ૧૩૨; ૦એટલે પૂરેપૂરી સ્વદેશીવૃત્તિ ૧૩૨; ૦એ બે રીતે રંકની જીવા-દોરી છે ૧૩૯; –નું અર્થશાસ્ત્ર ૧૪૯; –નો આદર્શ: ગામડાના ઉત્થાનનાં સૌથી સમર્થ સાધનોનો અને તે મારફત જનતામાં સાચી શક્તિ નિર્માણ કરવાનો ૧૪૨; ૦ માનસનો અર્થ જીવનની જરૂરિયાતોની પેદાશ તેમ જ વહેંચણીનું વિકેન્દ્રીકરણ ૧૩૩; ૦સાર્વત્રિક કરવા માટે સૂતરના બદલામાં તે મળવી જોઈએ ૧૪૨; ૦ હિંદની આખી વસ્તીની એકતાનું, તેમની આર્થિક સ્વતંત્ર-તાનું ને સમાનતાનું પ્રતીક છે ૧૩૩; ૦ હિંદની આઝાદીનો પોશાક ૧૩૩
ખેડૂત ૨૭, ૪૬, ૯૪, ૯૫, ૯૬, ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૧૩, ૧૩૪
ખેતરનો કચરો ૧૧૬
ખેતી ૬૬, ૭૮, ૮૩, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૧૫૫; ૦ અને પશુપાલન, ૯૩, ૯૮, ૧૦૫, ૧૦૯, ૧૨૩
ખોરાક ૬૧, ૬૫, ૯૫, ૧૨૪, ૧૨૫, ૧૨૭, ૧૨૯, ૧૭૩, ૧૮૫, ૧૯૭–૨૦૧; –ની તંગીનો સવાલ, ૧૨૩
ખ્રિસ્તી ધર્મ ૭, ૫૭
**ગાડું** ૧૭૪
ગામ, ગામડાં, ગ્રામ ૧૫, ૧૭, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૭, ૪૯, ૬૬, ૭૧, ૭૩, ૭૬, ૮૫, ૮૬, ૯૨, ૯૪, ૯૬, ૯૭, ૧૦૯, ૧૪૮, ૧૫૦, ૧૬૩, ૧૬૪ ૧૬૭, ૧૭૨, ૧૭૬, ૧૮૦, ૧૮૨, ૨૩૪, ૨૩૫, ૨૩૯; ૦આદર્શ ૩૪; ૦આપણા મુખ્ય આધાર સમાં છે ૨૩૦; ૦તરફ શિક્ષણનો લાભ મળ્યો છે તેમણે દીર્ઘકાળ થયાં નજર સરખી નાખી નથી ૨૩૪, ૨૩૫; –ના ઉદ્યોગ ૮૦; –ના પાકો ૧૨૨; –ની અર્થરચના ૧૫૭, ૧૭૯; –ની અર્થ-વ્યવસ્થા ૪૧, ૯૫; –ની સેવા કરવી એટલે સ્વરાજની સ્થાપના કરવી ૩૧; –નું આરોગ્ય ૧૮૪; –નું માનસ ૨૯, ૨૩૫; –નું સ્થાન ૩૧; –ને સુંદરતાનો નમૂનો બનાવવો છે ૯૬; –નો નાશ થશે તો હિંદુસ્તાનનો નાશ થશે ૩૧; –નો વાહનવહેવાર ૧૭૪; –માં પાછા જાઓ એટલે રોટી મજૂરી અને તેમાં સમાયેલાં બધા અર્થોનો સ્પષ્ટ અને સ્વેચ્છા-પૂર્વકનો સ્વીકાર ૩૮; ૦શાહેરો સારુ નભે છે ૮૫
ગાય ૯૩, ૧૦૫, ૧૬૯, ૧૭૯
ગિરિડિહ ૧૬૨
ગોદરેજ ૧૭૧
ગોધનસંપત્તિ ૨૩૯

Gandhi Heritage Portal

ગોપાલન ૧૦૪, ૧૦૫, ૧૦૬
ગોળ અને ખાંડસારી ૧૬૫
ગોળમેજી પરિષદ ૫૪
ગૌશાળા ૧૬૨, ૧૬૩
ગ્રામઉદ્યોગ ૧૪૧, ૧૪૮, ૧૫૧–૭૪, ૧૭૯, ૨૧૭
ગ્રામ કાર્યકર્તા ૧૫૮, ૧૫૯, ૨૧૫, ૨૨૨
ગ્રામ પ્રદર્શનો ૧૭૨
ગ્રામવાસી ૨૭, ૯૨, ૯૬, ૯૭, ૧૨૫, ૧૫૬, ૧૭૬, ૨૨૨
ગ્રામસફાઈ ૧૮૨
ગ્રામ સભ્યતા ૩૦; –ને સ્થાને શહેરી સભ્યતા સ્થાપવી એ હિંદ માટે અશકય છે ૩૦
ગ્રામ સંરક્ષણ ૨૦૯
ગ્રામ સંસ્કૃતિ ૨૩
ગ્રામસેવક ૨૧૩, ૨૧૬, ૨૨૦, ૨૨૧, ૨૨૩, ૨૩૬; ૦ એ એકાદશ વ્રત ધ્યાનમાં રાખીને કામ કરવું ૨૨૬; –એ ગામડાના બધા પ્રશ્નો વિષેનું જ્ઞાન મેળવવું પડશે ૧૫૯; –એ રોજનીશી રાખવી જોઈએ ૧૨૭; ૦ગામના કારીગરોને આપસમાં સહકાર કરવાની તેમની વચ્ચે મેળ કરાવવો ૧૫૯; ૦જ્યાં વસશે ત્યાંની માતૃભાષા પોતે શીખી તે પ્રદેશના લોકોનો તેમની પોતાની ભાષા પ્રત્યેનો ભાવ વધારશે ૨૨૧; ૦ દૂરથી પૂજવાનો આશ્રયદાતા બનીને નહીં પણ ગામડાનો જ માણસ બનીને રહેશે ૨૨૩; –ના પ્રશ્નો ૨૨૬; –ની આવશ્યક લાયકાત ૨૧૪; –ની ફરજો ૨૧૫; ૦રાજકારી કામોને છોડીને ગામડાંના પ્રશ્નો હોય તે બધા હાથ ધરે ૨૨૮
ગ્રામસેવક, આદર્શ ૨૧૩; ૦ ઉદ્યોગ-પ્રધાન થઈને બેસે ૨૧૭
ગ્રામસેવા ૨૧૬; –ના મુદ્દા ૨૧૯; ૦સમગ્ર ૨૩૭
ગ્રામ સ્વરાજ ૩૧, ૩૨; –ના પાયાના સિદ્ધાંતો ૩૫; –માં માનવનું અધિક મહત્ત્વ–પૂરી રોજગારી ૩૫

ઘર્ષણ સ્નાન ૧૮૯, ૧૯૦
ઘાણી ૧૬૪
ઘાંચી ૨૩૭

ચર્માલય ૧૬૩, ૧૬૫, ૧૬૬, ૧૬૭
ચીન ૭૫
ચૂસણનીતિ ૧૩, ૧૪૧
ચૈતન્ય ૨૩૫

છાણ ૧૧૬

જનક ૧૦૩
જનનમર્યાદા ૧૩૧
જમીન ૬૭, ૯૮, ૯૯, ૧૦૬, ૧૨૫; –ની માલિકી ૯૮; –નો સવાલ ૯૮
જમીનદાર ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪; ૦અને ખેડૂત ૯૯
જર્મની ૧૨, ૧૦૮
જાતમહેનત ૩૭, ૩૮, ૪૫, ૪૬, ૪૭, ૯૪; ૦અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યના

Gandhi Heritage Portal

સાધકને માટે આશીર્વાદ ૩૫
૪૬, ૪૮; -ના નિયમનું પાલન કરવાથી સમાજના બંધારણમાં મૂક ક્રાંતિ થશે ૪૯; ૦યજ્ઞ-નિયમના આદર્શની નજીક પહોંચવું ૪૮

જાપાન ૧૨, ૧૦૧, ૧૩૪

ઝવેરભાઈ ૧૬૪, ૧૬૫

ટાટા ૧૭૧
ટૉલ્સ્ટૉય ૪૫
ટ્રસ્ટીપણું ૩૯, ૪૦
ટ્રૂમેન, પ્રેસિડેન્ટ ૧૨૬

ડેન્માર્ક ૧૬૨

ઢોર ૩૨, ૩૪, ૧૦૬, ૧૧૫, ૧૬૯, ૧૭૦

તકલી ૯૦
તંદુરસ્તી ૧૮૫
તિરુવલ્લુવર ૨૩૫
તુકારામ ૨૩૫
તુલસીદાસ ૨૩૫
તેનાલી ૧૭
ત્રાક ૨૦, ૨૧

થાપણ ૧૬૩

દાતારસિંહ, સરદાર ૧૦૯
દાદુ ૨૩૫
દાસ, મધુસૂદન ૧૭૦
દુગ્ધાલય ૧૬૧-૬૩
દુનિયા ૩૧, ૩૬, ૪૩, ૪૬, ૭૨, ૨૪૪
દેશ ૩, ૮૪

નઈ તાલીમ ૭૭, ૧૪૮
નગર સંસ્કૃતિ ૨૩
નવી દિલ્હી, ૩૯, ૭૬, ૧૦૯, ૧૧૧
નાટકઘર ૩૨
નાણું ૧૮૦, ૧૮૧
નાતાલ ૬૧
નાનક ૨૩૫
ન્યાયાધીશી ૩૩, ૪૪

પશુધન ૯૩, ૧૦૬
પશ્ચિમ ૧૩, ૧૭, ૧૫૮
પંચાયત ૩૩, ૩૪, ૪૩, ૪૪, ૫૯, ૬૯, ૭૦, ૭૧, ૭૫, ૧૬૫; ૦આઝાદી પહેલાંની, ૬૯; -ની ફરજ ૭૫; ૦સ્વતંત્ર હિંદુસ્તાનમાં ૭૧
પંચાયત રાજ ૪૩, ૬૯, ૭૪, ૧૦૪
પાકો ૧૧૩
પાણી ૧૧૭
પાંજરાપોળ ૧૬૧
પેરેફિન ૧૮૦
પોલીસ ૨૦૯; -ની મર્યાદા ૨૧૧
પ્રાંત ૨૪૬
પ્રૌઢશિક્ષણ ૧૪૦, ૨૨૦

ફાઉલર, ડૉક્ટર ૧૧૧
ફાઝલભાઈ ૧૫૧
ફિનિક્સ ૨૪૪

બહિષ્કાર ૧૨, ૭૧
બળદ ૯૫, ૧૦૫, ૧૧૪, ૧૧૫, ૧૮૯

Gandhi Heritage Portal

બળદગાડું ૧૭૫
'બંગાલી' ૨૩૧
બંગાળ ૨૪
બાઇબલ ૧૩, ૩૭, ૪૫, ૨૨૮
બોઝ, જગદીશચંદ્ર ૫૯
બૉન્ડારેફ ૪૫
બૌદ્ધ ધર્મ ૫૭
બુલટીની, પ્રોફેસર ૧૧૧
બ્રેડ લેબર ૪૮

ભગવદ્ગીતા ૪૫, ૬૧, ૨૩૭
ભારતવર્ષ ૨૧૦
ભિક્ષાવૃત્તિ ૪૯
ભિખારી ૧૧
ભૂખમરો ૩૬, ૧૩૬, ૧૪૨, ૧૫૫, ૧૫૮,
ભેળસેળ વિરોધી કાયદો ૧૬૫
ભૌતિકવાદી ૧૪૧

મગનલાલભાઈ ૧૪૦
મજૂરી ૩૭, ૩૯, ૧૦૭, ૧૩૫, ૧૩૮, ૧૮૦; ૦એ પૈસો છે ૧૩૮; ૦એ ધાતુના સિક્કા જેટલું જ દ્રવ્ય છે ૧૮૦
મતાધિકાર ૨૧૬
મધમાખીનો ઉછેર ૧૬૭
મરાઠા ૯૦
મહાત્મા ઘાંચી ૨૩૭
મહાભારત ૫૯
મહેસૂલ ૩૨
માટી અને ઢોરનું મૂતર ૧૧૫
માતૃભૂમિ ૧૫૦
માનવજાતિ ૧૩૫
મિલ ૨૪, ૮૫, ૧૦૦, ૧૪૨, ૧૫૨ ૧૬૧
મિલનું તેલ ૧૬૫; ૦અને ઘાણીનું તેલ ૧૬૪
મિશનરી ૯૬
મીરાંબહેન ૭૬, ૧૯૦, ૨૦૦, ૨૨૪
મુસલમાન ૪૨, ૬૧, ૭૪, ૧૪૦, ૨૨૦
મુસોલિની ૧૪૩
મુંબઈ ૨૪, ૧૪૮
મૂડી ૩૯, ૧૩૭, ૧૬૫
મૂડીવાદ ૫૪
મોગલ ૯૦
મોટરલૉરી ૧૭૫, ૧૭૬, ૧૭૭; ૦વિ૦ ગાડું ૧૭૬
મોરિશિયસ ૬૧
યંત્ર ૧૩, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૬૪
યુક્તાહાર ૯૮, ૧૮૬
યુરોપ ૧૨૬
રશિયા ૩, ૧૭
રાજેન્દ્રપ્રસાદ, ડૉક્ટર ૧૦૯
રામ ૧૦૩
રામકૃષ્ણ ૨૩૫
રામનામ ૧૮૬–૧૮૭
રામરાજ્ય ૨૪૬
રામાયણ ૫૯
રાય, પ્રફુલ્લચંદ્ર ૫૯
રેલવે ૩૫
રેંટિયાજયંતી ૪૯
રેંટિયો ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૫, ૧૪૭; ૦ અહિંસક આર્થિક સ્વાવલંબનનું

Gandhi Heritage Portal

પ્રતીક ૧૪૭; ૦એ શૂન્યમાંથી સારવસ્તુ ઉપજાવનારી ચીજ છે ૧૩૮; ૦કરોડો માટે નિરાશાના અંધકારને સ્થાને આશાનો પ્રકાશ લાવી શકશે ૧૩૮; ૦ગામડાંઓને તેના યથાયોગ્ય સ્થાને પાછાં સ્થાપશે અને ઊંચનીચના ભેદોને ભૂંસશે ૧૪૧; ૦ દુનિયાને દ્વેષનો નહીં પણ પ્રીતિનો અને અને સ્વાશ્રયનો સંદેશ સંભળાવે છે ૧૪૧; ૦ દેશની બરકતનું અને દેશની મુક્તિનું ચિહ્ન છે ૧૪૧; ૦દ્વારા દુનિયાની દોલતની વધુ ન્યાયી વહેંચણી થાય છે ૧૩૬; –ને આંટે આંટે શાંતિનો પ્રીતિનો ને બંધુતાનો તાર કંતાય છે ૧૪૧; –ને પાયાનો ઉદ્યોગ બનાવી તેના ઉપર શુદ્ધ ગ્રામજીવનની રચના થઈ શકે ૧૪૨; ૦નો સંદેશો તેના પરિઘ કરતાં વધુ વિશાળ છે ૧૩૫; ૦ બ્રહ્મચર્ય પાળવાને ઇચ્છે તેમને માટે ઉપયોગી છે ૧૩૯; ૦ સ્વાવલંબન છે ૧૪૫

રૉકફેલ ૨૪

**લ**ક્ષ્મીપૂજન, ધનપૂજા ૧૫, ૩૮

લશ્કરી તાલીમ ૧૪૨, ૨૦૯,

લંકા ૨૨૮

લીલોતરી ૨૦૫

લુહાર ૪૬, ૧૭૬

લૅંકેશાયર ૫૯, ૬૦

લોકશાહી ૩૨

**વ**નસ્પતિ ૧૮૮

વરાળ ૧૩, ૯૪, ૧૯૨

વર્ગવિગ્રહ ૧૦૦

વર્ધા ૨૦૦

વસ્તી ૩૭, ૪૭, ૧૩૧

વાલીપણાનો સિદ્ધાંત ૫૩

વિકેન્દ્રીકરણ ૪૧, ૧૩૪

વિઠ્ઠલદાસભાઈ ૧૪૨

વિનિમય ૧૮૦, ૮૨

વિભીષણ ૨૨૮

વીજળી ૧૩, ૬૫, ૯૪, ૧૮૭

**શ**રીરશ્રમ ૩૫, ૪૭, ૪૮, ૮૪, ૧૮૦, ૨૨૭

શહેર ૨૧, ૧૦૯, ૧૯૬, –ના માણસો યુદ્ધને માટે જવાબદાર ૨૫

શહેરીઓ ૨૫, ૭૯, ૧૫૭, ૧૮૪, ૨૩૫

શહેરો ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૦, ૭૯, ૮૬, ૯૫, ૧૪૨, ૧૫૬, ૧૭૨, ૧૮૦, ૨૦૮; – આપણી પ્રજાશરીર પર બાઝેલા મેલનો પોપડો છે અને આપણાં ગામડાંનો જીવનરસ ચૂસવાનું પાપકાર્ય કરી રહ્યાં છે ૨૫; –એ હિંદનાં ગામડાંની સેવાના વાહનરૂપ બનવું જોઈએ ૩૧; ૦ગામડાંની પ્રજાનાં જીવન અને સ્વાતંત્ર્યને રાતદિવસ ભયરૂપ છે ૨૫; ૦વધ્યાં એ માનવજાતની અને દુનિયાની કમનસીબી છે ૨૫; ૦સમાજશરીર પરનાં ગૂમડાં કે ફોલ્લા છે ૨૬

Gandhi Heritage Portal

શાહી ૧૫૪, ૧૭૨
શાંતિ ૨૧૦; ૦ સેના ૨૦૯, ૨૧૦
શાંતિનિકેતન ૧૬૮
શિક્ષણ ૮૪; ૦ પ્રાથમિક, અત્યારના મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ તેટલું હોવું જોઈએ ૮૩
શીખ ૭૪, ૭૬
શોષણ ૪૧
શ્રમ ૦ચલણી નાણું છે ૧૮૦
શ્રમયજ્ઞ ૧૩૬

સતીશબાબુ ૧૯૭
સત્યાગ્રહ ૪૩
સત્યાગ્રહાશ્રમ ૨૨૬
સફાઈ, સ્વચ્છતા ૨૭, ૩૩, ૯૬, ૧૦૧, ૧૮૨, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૨૧૨
સબી ભોમ ગોપાલકી ૧૦૪
સભ્યતા ૧૭૯
સમાજવાદ ૧૦૪
સમાજવાદી ૫૩, ૧૦૦
સમાનતા ૩૮, ૫૧
સરકાર ૦અને ગામડાં, ૨૩૮; ૦ શું કરી શકે ૨૩૮
સહકાર ૪૩, ૯૭, ૧૦૦, ૧૦૫, ૧૪૦
સહકારી, સામુદાયિક પદ્ધતિ ૪૩, ૬૪, ૯૭, ૧૦૭, ૧૦૮; ૦ખેડૂતો માટે વધુ જરૂરી છે ૪૩; ૦ચુસ્ત અહિંસાના પાયા પર રચાશે ૪૩
સહકારી ખેતી ૬૭
સહકારી મંડળી ૬૮, ૬૯, ૧૬૫
સંચો ૧૬૫
સંસ્કારિતા ૯૬, ૯૭
સંસ્કૃતિ ૧૩, ૧૪, ૧૫, ૨૮, ૪૧
સાટું ૧૮૦
સાદાઈ ૩૧, ૧૩૫, ૧૮૫
સાબરમતી ૧૬૮
સાબુ ૧૭૧
સિમલા ૧૭૯
સિંગર મશીન ૨૦, ૭૪
સિંદ્રી ૨૦૦
સીતારામ શાસ્ત્રી ૨૩૬
સુતાર ૪૬, ૧૭૬
સૂતરનું ચલણ ૧૪૨, ૧૮૦
સૂતર ભંડાર ૧૮૧
સૂર્યસ્નાન ૧૯૫
સેમુરાઈ ૧૦૧
સ્વદેશી ૧૦, ૧૨, ૪૧, ૫૬, ૫૭, ૫૯, ૬૨, ૬૩, ૭૪, ૧૫૧, ૧૫૩, ૧૬૩, ૧૭૦, ૧૭૨; –નાં ત્રણ ક્ષેત્રો ૫૭
સ્વદેશીભાવના ૫૬; ૦અહિંસામાંથી ઉત્પન્ન થયેલો ધર્મ ૬૩
સ્વરાજ ૩, ૪, ૫, ૭, ૮, ૩૧, ૩૨, ૩૩, ૩૫, ૧૪૦, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૫૬, ૨૨૦, ૨૨૭; ૦અહિંસાની ભૂમિકા ઉપર રચવા માટે ગામડાંઓને તેમનું યોગ્ય સ્થાન પાછું આપ્યે જ છૂટકો છે ૩૧; ૦એકલવાયું સ્વાતંત્ર્ય નથી, પણ નીરોગી અને પ્રતિષ્ઠિત સ્વાતંત્ર્ય છે ૬; ૦એટલે આપણા પર કોઈ પરદેશી સલ્તનત રાજ ન કરે ૭; ૦એટલે પોતાનું નિયમન, પોતાનો અંકુશ ૯૫; ૦એટલે હિંદની સંમતિથી થતું

Gandhi Heritage Portal

શાસન ૩, ૦દ્વારા પણ આપણે તો જગતનું હિત સાધવું છે ૨૪૭; –માં કોઈ કોઈનો દુશ્મન નહીં હોય, તેમાં જુગાર, મદ્યપાન, વર્ગવિગ્રહ વગેરે નહીં હોય ૮; –માં જાતિ કે ધર્મના ભેદભાવને સ્થાન નથી ૫; ૦સત્ય અને અહિંસાથી જ મેળવાય, ચલાવાય ને નભાવાય ૭; ૦ સામાન્ય વર્ગને રાજ્યાધિકારીઓને મર્યાદામાં રાખવાની તથા તેમના ઉપર પોતાનો અંકુશ રાખવાની શક્તિનું પૂરેપૂરું ભાન કરાવવાથી મળી શકે ૩

સ્વાવલંબન, ૨૩, ૨૪, ૪૨, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૮૨, ૮૪, ૮૬, ૧૮૧; ૦એક પ્રકારની સેવા ૬૪; –નો અર્થ કૂપમંડૂકતા નથી ૧૮૧; ૦પાયાની આવશ્યકતા ૬૫

હક, અધિકાર ૭, ૩૬

હરદ્વાર ૫૮

હાથઉદ્યોગ ૪૪, ૭૭, ૮૨, ૮૪, ૮૬

હાથકાગળ ૧૫૪, ૧૫૯, ૧૭૧, ૨૩૯

હાથઘંટી ૧૬૩

હાર્વર્ડ, આલબર્ટ ૧૧૩

હિટલર ૧૦૮

હિસાબનીસ ૫૨

હિંદ, હિંદુસ્તાન ૯, ૧૨, ૧૭, ૨૬, ૨૭, ૨૯, ૩૨, ૩૯, ૪૧, ૪૨, ૫૨, ૫૭, ૫૯, ૬૦, ૬૧, ૬૩, ૬૫, ૭૫, ૮૦, ૮૭, ૯૦, ૯૨, ૯૫, ૧૦૮, ૧૧૨, ૧૨૪, ૧૨૬, ૧૩૬, ૧૪૧, ૧૪૨, ૧૫૦, ૧૫૫, ૧૬૨, ૧૮૬, ૨૩૦, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૬; ૦ગૃહઉદ્યોગ અને સાદું પણ ઉમદા જીવન અપનાવીને તથા દુનિયા જોડે સુલેહશાંતિથી રહીને જ સ્વતંત્ર હિંદ ત્રાહિ ત્રાહિ પોકારી રહેલી દુનિયા પ્રત્યે પોતાની ફરજ અદા કરી શકશે ૧૬; –નું ભાવિ પશ્ચિમના રક્તમલિન પંથ નથી, પણ સાદા અને પવિત્ર જીવનથી મળતી શાંતિવાળા રક્તરહિત પંથે છે ૧૭; –ને ગ્રામરચનાને ધોરણે સંગઠિત થતાં વિદેશી હુમલાનું જોખમ ઓછું નડશે, ૪૧; –ને યંત્રયુગથી અને સંસારને યંત્રમય હિંદુસ્તાનથી ઈશ્વર બચાવો ૧૭; –માં મોટા ઉદ્યોગો દાખલ કરાશે તો તે બીજી પ્રજાઓને લૂંટવા માંડશે અને જગતને શાપરૂપ તેમ જ ત્રાસરૂપ થઈ પડશે ૧૨; ૦સાત લાખ ગામડામાં ને તેમાં વસનારા કરોડો ગામડિયાઓમાં છવાયું છે ૮૭, ૯૫, ૧૮૬

હિંદી હિંદુસ્તાની ૨૨૦

હિંદુ ૪૨, ૫૭, ૬૧, ૭૫, ૧૨૫, ૧૪૦, ૧૪૮, ૧૬૨, ૨૧૦, ૨૨૦

હિંદુધર્મ ૭, ૫૭, ૧૬૨

હિંદુસ્તાની તાલીમી સંઘ ૨૧૬

હ્યુએનસંગ ૯૭

Gandhi Heritage Portal

| | |
|---|---|
| યરવડાના અનુભવ | ૧.૦૦ |
| રચનાત્મક કાર્યક્રમ | ૦.૩૧ |
| રામનામ | ૦.૬૫ |
| વર્ણવ્યવસ્થા | ૧.૦૦ |
| વ્યાપક ધર્મભાવના | ૨.૫૦ |
| શિક્ષણનું માધ્યમ | ૦.૧૯ |
| સત્ય એ જ ઈશ્વર છે | ૦.૬૨ |
| સત્યાગ્રહાશ્રમનો ઇતિહાસ | ૧.૦૦ |
| સર્વોદય | ૦.૧૯ |
| સંયમ અને સંતતિનિયમન | ૨.૦૦ |
| સૉક્રેટીસનો બચાવ | ૦.૧૫ |
| હરિજનસેવકો માટે | ૦.૨૫ |
| હિંદ સ્વરાજ | ૦.૩૭ |

## ગાંધીવિચારમાળા

| | |
|---|---|
| પંચાયતરાજ | ૦.૩૦ |
| સંતતિનિયમન : સાચો માર્ગ અને ખોટો માર્ગ | ૦.૪૦ |
| શાકાહારનો નૈતિક આધાર | ૦.૨૫ |
| ગીતાનો સંદેશ | ૦.૨૫ |
| વિશ્વશાંતિનો અહિંસક માર્ગ | ૦.૩૫ |
| સામ્યવાદ અને સામ્યવાદીઓ | ૦.૨૫ |
| મારો સમાજવાદ | ૦.૩૫ |
| ઈશુ — મારી નજરે | ૦.૩૦ |
| સહકારી ખેતી | ૦.૨૦ |
| જાતમહેનત | ૦.૨૫ |
| ગ્રામોદ્યોગ | ૦.૨૫ |
| વાલીપણાનો સિદ્ધાંત | ૦.૩૦ |
| આપણો ખોરાકનો પ્રશ્ન | ૦.૪૦ |
| દારૂબંધી — કોઈ પણ ભોગે | ૦.૨૫ |
| ભારતનાં નવાં રાજ્યો | ૦.૩૫ |
| કૉંગ્રેસનું ભાવિ | ૦.૩૫ |
| હડતાળો | ૦.૩૦ |
| હિંદી વિદ્યાર્થીઓને | ૦.૬૦ |
| મરજિયાત ગરીબી | ૦.૩૦ |
| ત્યાગનો સંદેશ | ૦.૩૦ |

નવજીવન ટ્રસ્ટ અમદાવાદ-૧૪

Gandhi Heritage Portal

## ગામડું અને જગત

ભવિષ્યની વ્યવસ્થામાં આપણે બે જ વસ્તુઓ જોઈશું: ગામડું અને જગત. સગવડ ખાતર નકશામાં દેશોનાં નામ હશે, પણ વહેવારમાં, જગત અને ગામડાની વચ્ચે કોઈ તંત્ર નહીં હોય. જીવનની ભૌતિક બાજુને લગતી સઘળી સત્તા ગામડું પોતે ધરાવશે. પોતાની જીવનવ્યવસ્થા ગોઠવવાની સત્તા ગામડા પાસે હશે. સમગ્ર જગતનો નૈતિક વિકાસ કરવાની સત્તા વિશ્વ-કેન્દ્રની પાસે હશે. જિલ્લા કે રાજ્યો ગ્રામજનતાનાં પ્રતિનિધિ માત્ર હશે. પાયામાં ગામડાં હશે અને કેન્દ્રોમાં વિશ્વસત્તા હશે. બે કે ત્રણ હજારની વસ્તી-વાળાં નાનાં નાનાં ગામડાંના ધોરણ ઉપર માનવસમાજનું આયોજન થશે. ગામડાના લોકસમૂહમાં બંધુતા અને સહકારી ભાવનાનું દર્શન થશે. તેમાં ખાનગી માલિકીનું નામનિશાન નહીં હોય. ગામડું આદર્શ સમૂહ જીવનનું પ્રત્યક્ષ ઉદાહરણ હશે. આ પ્રાથમિક લોકસમૂહોને પરસ્પર સાંધનારી અંતિમ કડીનું કામ વિશ્વ-કેન્દ્ર કરશે.

ભૂદાન (અંગ્રેજી) ૮-૯-૧૯૬૨ —વિનોબા

Gandhi Heritage Portal